


# આગમોદ્ધારકની
## શ્રુતઉપાસના

: પ્રકાશક :

રમણલાલ જયચંદ શાહ

કપડવંજ

## આગમોદ્ધારક એટલે ?

આગમોનું સંપાદન કરનાર.
આગમોને શીલામાં કોતરાવનાર
આગમોને તામ્રપત્રમાં કોતરાવનાર
આગમ પુરૂષને ફેલાવનાર
આગમ વાચનાઓના આપનાર
આગમોમાં આપેલી અરિહંત ભગવાનને
મહાગોપાદિ ઉપમાઓને તાદૃશ્ય
દેખાડનાર
તે

## આગમોદ્ધારકની શ્રુતઉપાસના

માટે
જુવો આ પુસ્તિકા

પ્રાપ્તિસ્થાન :
શેઠ મીઠાભાઇ કલ્યાણચંદ
કપડવંજ

શ્રીઆગમોદ્ધારકગ્રન્થમાલા રત્ન ૧૩

નમો વીતરાગાય

ગીતાર્થપુઙ્ગવ

પૂ. મુનિશ્રીઝવેરસાગરજી મહારાજ

ચરણપંકજ

શ્રીઆગમોદ્ધારકશ્રીની

# શ્રુત ઉપાસના

યાને

# સાહિત્ય સેવા

(સચિત્ર)

卐

વીર સં. ૨૪૮૬ આગમોદ્ધારક સં. ૧૦ વિ. સં. ૨૦૧૬

પ્રથમાવૃત્તિ ૧૦૦૦ મુલ્ય રૂા. ૨-૫૦

પ્રકાશકઃ—
રમણલાલ જયચંદ શાહ
શેઠ મીઠાભાઇ કલ્યાણચંદ જૈન પેઢી
કપડવંજ

## વિષયસૂચી



| | | |
|---|---|---|
| ૧ | આમુખ ... ... | ૫–૬ |
| ૨ | આગમધરના ચરણે ... | ૭–૮ |
| ૩ | શ્રુત ઉપાસના ... ... | ૧–૧૨૮ |
| ૪ | આગમોદ્ધારક સ્તવ ... | ૧–૩૨ |
| ૫ | જીવનદશ્યો ... ... | ૧–૨૮ |
| ૬ | જીવનદશ્યોનો પરિચય ... | ૨૯–૪૦ |
| ૭ | જીવન ઝાંખી વિગેરે ... | ૪૧–૭૬ |



મુદ્રકઃ-
જીવણલાલ પુરૂષોત્તમદાસ પટેલ
ઉત્કૃષ્ટ મુદ્રણાલય
ગાંધીરોડ, પુલ નીચે, અમદાવાદ.

# गुरुवर्यस्तवः

[1] येषां प्रतापसवितुः करसंभरेण,
नाशं परैति कुमतेर्निविडान्धकारः ।
तेषां पदौ सुभगताकलितौ च वन्दे,
नैपुण्यभाक्जवरसागरसद्गुरूणाम् ॥१॥

जवरसागरगौतमसागरा,
भवसमुद्रतरीसदृशाश्च ये ।
भविकतामरसप्रतिबोधने,
उपमया सततं रविसंनिभाः ॥२॥

तरन्ति पूरुषा यथा, सुनावयोदधिं लघु ।
भवार्णवे सदैव तु, तथा जवेरसागरैः ॥१॥

श्रीविक्रमस्य नृपतेस्तु जवेरवार्धि-
र्योगाङ्गवेदनिधिचन्द्रमितं हि वर्षे ।
मार्गस्य शुक्लवरपक्षनिवर्त्तमाने,
एकादशीसुदिवसे त्रिदिवं जगाम ॥४॥

स्व० आगमोद्धारकः ।

---

१ बाल्यकाले आगमोद्धारककृतोऽयं प्रारम्भिकस्तवः ।

# પ્રકાશકીય

**આગમોદ્ધારકશ્રીના જીવનચરિત્ર**માં અનેક પ્રકારના વિષયો અને અનેક પ્રકારના પ્રસંગો લખવાના હોય છે. તેમાં મુનિશ્રીકંચનવિજયજીએ આગમોદ્ધારકશ્રીની **શ્રુતઉપાસના યાને સાહિત્ય સેવા** તૈયાર કરી સંપાદન કરી બહાર પાડવાનો પ્રયત્ન કર્યો છે અને તેનું પ્રકાશન જે મને મલ્યું છે, તે મારું અહોભાગ્ય છે. વળી તેના પ્રકાશન અંગે જે મદદ મેળવી આપી છે તે અંગે મદદ આપનાર ભાગ્યશાળીઓનો ઉપકાર માનું છું. તે મુરબ્બીઓની શુભ નામાવલી અત્રે આપેલી છે. સંપાદન અંગે વિસ્મૃતિથી, દૃષ્ટિદોષથી, કે પ્રેસદોષથી કંઇ ભુલ રહેવા પામી હોય તો વાંચકોને સુધારી લેવા અમારી નમ્ર વિનંતિ છે. વિદ્વદ્‌વૃંદને આમાંથી આગમોદ્ધારકશ્રીની શ્રુતઉપાસના અંગે ઘણું જ જાણવા મળે તેમ છે. વાચકો આ પુસ્તિકાનો સદુપયોગ કરી અમારા ઉદ્યમને સફળ કરશે એજ અભિલાષા.

આમુખ લખી આપનાર પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયાનો હું આભાર માનું છું.

વિજયાદશમી કપડવંજ
૨૦૧૫

**રમણલાલ જયચંદ શાહ**

# આ મુ ખ

(પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.)

'આગમોદ્ધારક' શ્રીઆનન્દસાગરસૂરિજીનાં જીવન અને કવનને અંગે અત્યાર સુધીમાં કેટલાક છૂટાછવાયા પ્રયાસો થયા છે. જેમકે શ્રીજીવણચંદ સાકરચંદે ગુજરાતીમાં આગમોદ્ધારક નામનું પુસ્તક લખ્યું છે. આમાં મુખ્યત્વે કરીને એમની સં. ૧૯૮૯ સુધીની જીવનઝરમર રજૂ કરાઈ છે. 'આગમોદ્ધારક'ના સ્વર્ગવાસ પર્યંતનું જીવનચરિત્ર મારી પુત્રી ચિ. મનોરમા M. A., B. T. એ તૈયાર કરી આપ્યું છે, પરંતુ તે હજી સુધી તો છપાવાયું નથી. મેં સંસ્કૃતમાં એમની જીવનરેખા વિ. સં. ૧૯૮૪માં આલેખી હતી અને વિ. સં. ૨૦૧૪-માં એમના સ્વર્ગવાસ સુધીની વિગતો સંક્ષેપમાં દર્શાવી હતી. એમની સાહિત્યસેવા વિષે મને લખવાનું સૂચવાતાં મેં કેટલીક નોંધો તૈયાર કરી હતી પણ એ અત્યારે તો અપ્રકાશિત છે. વિશેષમાં મેં એમની કેટલીક કૃતિઓની પ્રસ્તાવનાઓ લખી એના ઉપર યથાશક્ય પ્રકાશ પાડ્યો છે. પંડિત રૂકદેવજી ત્રિપાઠી તથા મુનિ શ્રીઅભયસાગરજીએ મળી સંસ્કૃતમાં પદ્યમાં એમનું જીવન ગૂંથ્યું છે અને એ લખાણ આ પ્રસ્તુત પુસ્તકમાં ઉદ્ધૃત કરાયું છે.

આ પ્રમાણેના વિવિધ પ્રયાસોમાં મુનિશ્રીકંચનવિજયજીનું આ પુસ્તક જુદી ભાત પાડે છે. એમાં આગમોદ્ધારકના જીવન પરત્વે કોઈ કોઈ નવીન બાબત અપાયેલી છે. વિશેષમાં એમની સાહિત્ય-સેવાનો સંક્ષેપમાં પરંતુ લગભગ પરિપૂર્ણ પરિચય અપાયો છે અને મારે મન એ જ વિશેષ મહત્ત્વની વસ્તુ છે. એ દ્વારા આપણે સૂરિજીએ સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અને હિન્દીમાં કયા કયા વિષયની કઈ કઈ કૃતિ રચી તે જાણી શકીએ છીએ. આ સૂરિજીએ સંસ્કૃતમાં ગદ્યમાં

તેમજ પદ્યમાં રચનાઓ કરી છે. એમાં એમણે જે સૂત્રાત્મક કૃતિઓ રચી છે તે નોંધપાત્ર છે.

સૂરિજીએ આગમોના અભ્યાસરૂપે જે વાનગી પીરસી છે તે અનેક સ્થળેથી પ્રશંસાને પાત્ર બની છે. એમણે આગમિક સાહિત્યના દોહનરૂપે લગભગ બાવન વિષયોની આપણને ઝાંખી કરાવી છે. એ ઉપરથી આ જૈન આગમિક સાહિત્ય કેટલું બધું મૂલ્યશાળી અને મહત્ત્વનું છે તેનો ઝટ ખ્યાલ આવી શકે તેમ છે.

મુનિશ્રીકંચનવિજયજીએ પુષ્કળ પરિશ્રમ સેવીને આપણને માહિતીપૂર્ણ પુસ્તક પૂરું પાડયું છે, એ બદલ આપણે એમના ઋણી છીએ. આ પુસ્તકમાં જે મુદ્રણદોષો જોવાય છે અને એમાં ભાષાની-ખાસ કરીને જોડણીઓની જે અશુદ્ધિઓ નજરે પડે છે તે જો ન હોત તો આ પુસ્તકનું મહત્ત્વ આજે છે તેથી ઘણું વધારે હોત.

અંતમાં આ પુસ્તકના લેખકમહાશયને આ કાર્ય બદલ હું અભિનંદન આપું છું અને આશા રાખું છું કે પોતાની ગુરુભક્તિને પરિપૂર્ણ સ્વરૂપે કૃતાર્થ કરવા માટે એઓ આગમોદ્ધારકની જે જે મહત્ત્વની કૃતિઓ અદ્યાપિ અપ્રકાશિત રહી છે તેને પ્રસિદ્ધ કરાવવા પોતાથી બનતું કરશે.

સાંકડી શેરી, ગોપીપુરા,
સુરત
તા. ૩-૧૧-'૫૯

હીરાલાલ ર. કાપડિયા

# આગમધરના ચરણે !

**आगमोद्धारकर्त्तारं, शैलाणेशप्रबोधकम् ।**
**ध्यानस्थस्वर्गतं नौमि, सूरिमानन्दसागरम् ॥१॥**

**જૈ**નશાસનમાં ધર્મની આરાધનાના મુખ્ય અંગ રૂપે વર્ણવાયેલ **સ**મ્યગ્દર્શન ગુણની વિશિષ્ટ નિર્મલતા માટે શ્રુતધર મહાપુરૂષો "અવ્યુચ્છિત્તિ" (અવિચ્છિન્ન પ્રવાહ રૂપે તીર્થંકર ભગવંતોએ નિર્દેશેલ માર્ગને બાલજીવોના માન**સ** સુધી સતત વહેતો રાખવો) ગુણને પોતાના જીવનનું ધ્યેય બનાવી અવર્ણનીય ઉપકાર જગત ઉપર કરતા હોય છે.

આવા મહાપુરૂષો ભૂતકાલમાં પૂ, આ. શ્રી**ભદ્ર**બાહુસ્વામી, પૂ. આ. શ્રી**સ્થૂલભદ્ર**જી, પૂ. આ. શ્રી**સિદ્ધ**સેનદિવાકરજી. પૂ. આ શ્રીઉમાસ્વાતિજી મ., પૂ. આ. આર્ય**ર**ક્ષિતસૂરિ મ., પૂ. આ. શ્રી**સ્કં**દિલસૂરિજી મ., પૂ. આ. શ્રી**દે**વર્દ્ધિગણી ક્ષમાશ્રમણ, પૂ. આ. શ્રી**જિ**નદાસગણી મ., પૂ. આ. શ્રી**જિન**-ભદ્રગણી મ. આદિ આદિ અનેક થઇ ગયા છે.

આ બધા મહાપુરૂષોની **ઉ**જ્જવલ કારકીર્દીને યાદ કરાવનાર પૂ. આ. શ્રી**હ**રિભદ્રસૂરીશ્વરજી મ., પૂ. કાલિકાલસર્વજ્ઞ આ. શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મ., પૂ. આ. **મ**લયગિરિજી મ., પૂ. આ. શ્રી**અ**ભયદેવસૂરીશ્વરજી મ., પૂ. ઉપાધ્યાય ન્યાયવિશારદ શ્રી**ય**શોવિજયજી મ. આદિ સમર્થ શાસ્ત્રપારંગત, શ્રુતધરોના ગહન-વિશાલ અર્થગંભીર સર્વતોમુખીપ્રતિભાને સૂચવતા સેંકડો હજારો ગ્રંથોથી આજે પણ **જૈનશાસન** જયવંત છે.

વર્તમાનકાલે શાસ્ત્રોના નિગૂઢ રહસ્યોને પૂર્વભવની વિશિષ્ટ શ્રુતજ્ઞાનની આરાધનાના બલે જાણી, સમજી, અવગાહી અને તાત્પર્ય-રહસ્યની ભૂમિકા સુધી પ્રજ્ઞાને પહોંચાડી, શ્રુતાનુસારી પ્રતિભા-તર્કશક્તિવડે અનેક આગમિક પદાર્થોને નવ-નવીનરૂપે મેળવી, અધિકારી જીવોને યોગ્યતાનુરૂપ શ્રુતજ્ઞાનના અપૂર્વ રસાસ્વાદની લ્હાણી—

સમસ્ત આગમોના મુદ્રણ, પ્રકાશન, સામૂહિક વાચનાઓના વિશાલ ભવ્ય સાત આયોજનો, શિલા અને તામ્રપત્રો પર કોતરાવીને ચિરંજીવ બનાવવાની અમૂઢ લક્ષ્ય પ્રવૃત્તિ, આગમોની તાત્ત્વિક વિચારણાઓથી ભરપૂર અનેક નવીન ગ્રંથોની સંકલના, આગમિક પદાર્થોથી ભરપૂર હજારો પ્રવચનો-વ્યાખ્યાનો આદિ વિવિધ સાધનો દ્વારા—

ઓગણસાઠ વર્ષના શ્રમણપર્યાયમાં એકલે હાથે સાધન-સામગ્રી તથાવિધ અનુકૂલ ન છતાં અવિરત-ભગીરથ શૈલિએ એકધારી જીવનની છેલ્લી ઘડીઓ સુધી કરવા રૂપે—

ભૂતકાલીન મહાન્ જ્યોતિર્ધર-આગમધર મહાપુરૂષોની પરંપરામાં નિજ પુરૂષાર્થ બલે સ્વતઃ યોગ્યતા સંપાદિત કરવાના કારણે—

ગુણાનુરાગી તાત્ત્વિક દૃષ્ટિવાળા વિદ્વાનો દ્વારા જેમનું પુનિત નામ બહુ જ શ્રદ્ધા અને અંતરંગ ઉમળકા સાથે મુકવામાં આવે છે

તે

સુગૃહિતનામધેય, પ્રાતઃસ્મરણીય, બહુશ્રુત, આગમસમ્રાટ્, આગમધર મહાપુરૂષ, આગમોદ્ધારક ધ્યાનસ્થસ્વર્ગત

**પૂ. આ. શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજના**

**ચરણકમલોમાં**

કોટિ કોટિ વંદનાપૂર્વક

તેઓશ્રીના અદ્ભુત ગુણોના સ્મરણ સાથે

વિનય, ભક્તિ અંતરંગવીર્યોલ્લાસભરી

શ્રદ્ધાંજલિ સમર્પું છું.

લી.

આગમોદ્ધારકશ્રી હસ્તદીક્ષિત તેઓશ્રીના વિરહે તડફતો લઘુ બાલ

**અભય**

**વીર**નિ. સં. ૨૪૮૯, વિ. સં. ૨૦૧૯ કાર્તિક શુકલ ૩

**અ**જિતનાથ જૈનધર્મશાળા, **માલ**દાસ સ્ટ્રીટ, ઉદયપુર (રાજસ્થાન)

---

પ્રાકૃત-ગુજરાતી-મરાઠી-સંસ્કૃત-હિંદી ઈંગ્લિશ ભાષા નિબદ્ધ

**શ્રીઆગમોદ્ધારકસ્તુતિ :**

**सिद्धाद्रौ भाणुदङ्गे वरसुयभवणा શૈલતાગ્રાગમોના,**

**સ્થાપ્યા जैनागमाचा निरवधि प्रसरां साठीं केले सुयत्ना ।**

**पक्षं पद्मं श्रिता ये हिततनुममताः आखरीकालमें भी,**

**ऐसे श्रीसागरानंदमुनिपति जिन्हें**

MOST GAIN ACCLOMATION ||||

## શ્રીશાંતિનાથજી જૈનમંદિર, ગોધરા.
( જેનો જીર્ણોદ્ધાર અત્યારે ચાલુ છે. )



શ્રીપાર્શ્વનાથજી ભગવાન



ગાદિપતિ
શ્રીશાંતિનાથજી ભગવાન



શ્રીઅજીતનાથજી ભગવાન

આ છબી શાહ રમણલાલ મગનલાલ દલસુખભાઇના સૌજન્યથી

આગમોદ્ધારકશ્રીના
સ્થવિર શિષ્ય મુનિશ્રીશ્રુતસાગરજી



જન્મ સં. ૧૯૩૦ કપડવંજ

દીક્ષા સં. ૧૯૯૧ સ્વર્ગવાસ સં. ૧૯૯૮
જેઠ સુદ ૫ કારતક વદ ૧

(સંપાદકના સ્વ. પિતા)

# સંપાદકીય યત્કિંચિદ્

ભવ્યજીવોને કલ્યાણ કરવાનો ઉપદેશ દેવાનું સાધન ખરેખર શ્રુતજ્ઞાન છે અને શ્રુતનો અનંતમો ભાગ સર્વજીવોને સર્વકાલને માટે ઉઘાડો છે. આનું આવરણ થયું નથી, થતું નથી અને થશે નહિ. આથીજ જીવ અજીવ થતોજ નથી. એ ગુણ એટલે જ્ઞાન ગુણ જીવનો છે. આ જ્ઞાનગુણ ક્ષયોપશમના વધવા વડે કરીને વધતો જાય છે તે ક્ષયોપશમ થવા માટે જ્ઞાન–ઉદ્યમ જરૂરી છે. આથીજ આગમોદ્ધારકશ્રીએ પોતાનો ક્ષયોપશમ ખીલવવા માટે શ્રુતોદ્યમ કર્યો અને ક્ષયોપશમને ખીલવ્યો. તે ખીલેલા ક્ષયોપશમથી જગતનો ક્ષયોપશમ વધે તે માટે જે ઉદ્યમ કર્યો છે, તે શ્રુતઉપાસના યાને સાહિત્યસેવા નામની આ પુસ્તિકામાં જણાવાયો છે.

શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધારક ફંડની સિલ્વર જ્યુબીલી ઉજવવા અંગે તૈયારીઓ થઈ રહી છે. તેમાં એક દળદાર પુસ્તક જુદા જુદા લેખો ચરિત્રોવાળુ બહાર પાડવાનું રાખ્યું છે. તેમાં મને પણ એક લેખ લખવા આમંત્રણ મલ્યું. આથી મેં **આગમોદ્ધારકની સાહિત્ય સેવાનો** લેખ લખવાનું સ્વીકાર્યું. તે અંગે ઉદ્યમ શરૂ કર્યો. **તેમાં પ્રથમપ્રકરણ આગમોદ્ધારકની સંસ્કૃત પ્રાકૃત કૃતિઓ** સારપૂર્વક નામ નિર્દેશવાળુ શરૂ કર્યું. (અત્રે એટલી વાત જણાવવી જરૂરી છે કે આગમોદ્ધારકશ્રીના હસ્તાક્ષરોની મૂલ નકલો ગુણસાગરજી મહારાજ વિગેરે અમો બધાએ મલીને ગોઠવણી કરવાપૂર્વક એકત્રિત કરી હતી અને મારા સહાધ્યાયી સ્વ૦ મુનિશ્રીક્ષેમંકર–સાગરજીએ તે બધા ઉપરથી પ્રતો ઉતારી હતી. તે આ બધી કૃતિઓ છે.) તે કૃતિઓ મેલવવા માટે અનેક ઉદ્યમો કરીને ઘણી મહેનતે મેલવી અને સાર લખ્યો અને બીજા પ્રકરણો લખી મેં તે લેખ તે ફંડને મોકલી આપ્યો, પણ લાંબો લેખ થવાથી તેમને લેવાની અશક્તિ જણાવી એટલે કૃતિઓનો સાર કાઢી નાખીને બાકીનો લેખ મેં લખી

આપ્યો, પણ જે સાર લખવાની મહેનત કરી હતી તે ડંખતી હતી. આથી આ પુસ્તિકા સમગ્ર લેખ સહિતની કંઇક વિસ્તારવાલી છપાવવાનો વિચાર થયો અને ઉદ્યમ કર્યો. તેના ફળરૂપે આ પુસ્તિકાનું સંપાદન કરી શક્યો છું.

ખરેખર આ યશનો ફાળો શેઠ **દેવચંદ લાલભાઈ** જૈન પુસ્તકોદ્ધારક ફંડના એક કાર્યવાહક ઝવેરી કેસરીચંદ **હી**રાચંદના ભાગે જાય છે.

**આગમોદ્ધારકશ્રીની શ્રુતોપાસનાની** આ પુસ્તિકા હોવાથી તેઓશ્રીનું જીવન વૃતાન્ત હોય તો કંઇક રમણીયતા ભાસે. આથી સંસ્કૃતમાં **આગમોદ્ધાકસ્તવ** (આ સ્તવના કર્તા મારા જ્ઞાનમિત્ર મુનિશ્રી**અ**ભયસાગરજી તથા સાહિત્યાચાર્ય, સંસ્કૃત વિદ્યાલય ઉજ્જૈનના પ્રોફેસર પંડિત રૂકદેવજી ત્રિપાઠી શીઘ્રકવી છે.) અને ગુજરાતીમાં **આગમોદ્ધારકની જીવનઝાંખી** આમાં આપવામાં આવી છે. આગમોદ્ધારકનો પુણ્યદેહ જુદી જુદી વયે કેવા કેવા પ્રકારનો હતો તે જણાવવા માટે એમના **જીવન દશ્યો** જુદી જુદી વયનાં તેમજ આગમોદ્ધારકનો અક્ષરદેહ કેવો હતો તે જણાવવા માટે જુદા જુદા સમયના **અક્ષરોના દશ્યો** આમાં અપાયાં છે. વળી તે દશ્યોનો પરિચય પણ આપવામાં આવ્યો છે. આગમોદ્ધારકશ્રીનાં જીવનના **વિશિષ્ટ પ્રસંગો અને ચાતુર્માસો**, તેમજ **સ્થપાયેલ સંસ્થાઓની** સાલવારી પૂર્વક નામાવલી આપી આ પુસ્તિકા શ્રૃંગારાયેલ છે.

હસ્તાક્ષરના કાગલોના ભાગોના જે ૪૨-૪૩-૪૪ નંબરના બ્લોકો છાપ્યા છે તે કાગલોના આખા ઉતારા પણ આ પુસ્તિકામાં આપવામાં આવેલ છે. તે કાગલો કોને, કયાંથી અને કઈ રીતે મલ્યા તે જણાવનારો પત્ર પણ અન્તે આપવામાં આવેલ છે.

દશ્યો અંગે બ્લોકો તથા ફોટાઓ જુદા જુદા સ્થળેથી મેલવી સમગ્ર બ્લોકો કરી અત્રે આપવામાં આવ્યા છે, તેવીજ રીતે હસ્તાક્ષરો માટે પણ બન્યું છે.

પૂ. ગણિવર્ય શ્રી**ચિ**દાનંદસાગરજી મહારાજ, ગણિવર્ય શ્રી**લ**બ્ધિ-

સાગરજી મહારાજ, મુનિશ્રી**સૂર્યોદય**સાગરજી, મુનિશ્રી**પ્રબોધ**સાગરજી, જ્ઞાનમિત્ર મુનિશ્રી**અભય**સાગરજી, મુનિશ્રી**રામચંદ્ર**વિજયજી, મુનિશ્રી **પ્રમોદસાગરજી** તથા સુશ્રાવક શાન્તિલાલ વાડીલાલ વિગેરેએ આ છપાવવામાં ઉપદેશઆદિથી દ્રવ્ય સહાય મેળવી આપી છે.

આ પુસ્તિકામાં જેણે જેણે જે જે રુપે મને સહાય કરી છે તે બધાને અત્રે હું યાદ કરૂં છું. વળી ફોટા, બ્લોકો આપનારને પણ અત્રે યાદ કરુ છું.

આ પુસ્તિકાના સંપાદનમાં મારા સહાધ્યાયી સ્વ૦ મુનિશ્રી-**ક્ષેમં**કરસાગરજીના અભાવને લીધે અને મારી ભાષાની શુદ્ધિની કંઇક ન્યૂનતાને લીધે, અગર પ્રેસદોષથી કે દૃષ્ટિદોષથી જે કંઇ ક્ષતિ રહેવા પામી હોય તે સુજ્ઞ પુરુષો સુધારશે અને આ પુસ્તિકાનો સૂપયોગ કરશે, એજ અભ્યર્થના.

લિ૦

**અમદાવાદ સરસપુર**
૨૦૧૬ મા. સુદ ૪

**આગમોદ્ધારક ઉપસંપાદા પ્રાપ્ત**
ચરણપંકજ ભ્રમર
કંચનવિજય

# શુદ્ધિ વૃદ્ધિ

**આ. શ્રુ.** ઉ. પૃ. ૧૨, પં. ૧૩ વિગેરે શબ્દ પછી '**આગમોદ્ધારક પુસ્તિકા, સુર્યપૂરનું સાગર સ્વાગત, તાત્ત્વિક પ્રશ્નોત્તર** (સં.)માં તથા' । પૃ. ૨૦ પં. ૧૫ '**આગમહિમા**'ના બદલે '**આગમમહિમા**' । પૃ. ૨૧, પં. ૧૭ '**આગમસુગમાસ્તવ**'ના બદલે '**આગમસુગમતાસ્તવ**' । પૃ. ૫૩, પં. ૧૬ '**પંચસૂત્ર**ના બોધને' ના બદલે '**પંચસૂત્ર**ના પ્રથમ સૂત્રના બોધને' । પૃ. ૧૧૮ પં. ૮ માં 'પહેલી **અમદાવાદ**' ના બદલે 'પહેલી **પાટણ**' । **આ. જીવનઝાંખી** પૃ. ૫૬, પં. ૫ માં 'શ્રી**મતિસાગરજી**'ના બદલે 'શ્રીકુમુદવિજયજી' । પં. ૭-૮ 'અને શ્રીમનોહરવિજયજી મહારાજને ભગવતીજીના' ના બદલે 'ભગવતીજીના' એમ સુધારી વાંચવું.

# વૃદ્ધિ

(શ્રુતઉપાસના પ્રથમ પ્રકરણની વૃદ્ધિ)

## પરિહાર્ય મીમાંસા

સં., લેખ, ગ્ર૦, સં. ૧૯૫૫

મિસ્ટર હુર્બન જેકોબીએ જે માંસ ખાવાનો આરોપ મુકયો હતો તેનો આગમોદ્ધારકશ્રીએ અને આ૦ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજે શાસ્ત્રોના સચોટ પાઠો અને રદીયા આપવા પૂર્વક દેવનાગરી ભાષામાં તે મહાશયને જે જવાબ લખી મોકલ્યો હતો તે આ લેખ છે. આને પુસ્તિકારૂપે "અમર જૈન શાળા" ખંભાત તરફથી સં. ૧૯૫૫માં છપાઈ બહાર પાડવામાં આવ્યો છે. વળી આચારાંગસૂત્રના સૂત્રાર્થવાળા ભાષાંતરમાં પણ આ લેખ ભાષાંતર પૂર્વક ઘણા વર્ષો પહેલાં બહાર પડેલ છે. (અમરજૈનશાળાવાળી આ પુસ્તિકા મારા જ્ઞાનમિત્ર તરફથી મળી તેથી અત્રે એનો ઉલ્લેખ કરી શકયો છું.)

## તત્ત્વાર્થસંક્ષિપ્તટીપ્પણ (અપૂર્ણ)

સં૦, ટી૦, ગ્ર૦ ૩૪, સં. ૨૦૦૫

**શ્રીતત્ત્વાર્થ** ઉપર સંસ્કૃત ભાષામાં લઘુ ટીપ્પણ રૂપે આ રચના શરુ કરાઈ છે, પણ તે અપૂર્ણ રહી છે.

## તાત્ત્વિક વિમર્શ (સં.)

જે **તાત્ત્વિકપ્રશ્નોત્તર** નામનો મૂળ ગ્રંથ આગમોદ્ધારકશ્રીનો છે. તેમાંથી અમુક રહસ્યવાળા અમુક લખાણો જુદા તારવાયાં છે. તેને "**તાત્ત્વિક વિમર્શ**" નામ આપ્યું છે. તે આ ગ્રન્થ છે.

## કલ્પપ્રભા (સં., પદ્ય, અપૂર્ણ)

**કલ્પસૂત્ર** ઉપર **કલ્પપ્રભા** નામની ટીકા રચવા માંડેલ, તે અધૂરી રહી છે.

## દેવાયભંજકશિક્ષા (સં.)

દેવદ્રવ્યની વૃદ્ધિનો (બોલીનો) કાશીવાળા ધર્મસૂરિએ નિષેધ કર્યો હતો તે અંગે તેમને શિખામણ દેતો આ ગ્રન્થ છે.

## પ્રવ્રજ્યાવિધાનકુલક

સં. પદ્ય, શ્લોક ૯, સં. ૧૯૮૯

બાલદીક્ષા માટે શાસ્ત્રમાં કઈ કઈ મર્યાદા બતાવવામાં આવી છે તેને લઈને આ રચના કરવામાં આવી છે. (અમારી સંપાદિત પર્વદેશના પૃ. ૧૦૩ માં આ શ્લોકો છપાવવામાં આવ્યા છે.)

## વીતરાગસ્તોત્રાનુવાદ (ગુ.)

**વીતરાગસ્તોત્ર**ના વીશ પ્રકાશો પૈકી પ્રથમના ૭ પ્રકાશનો પદ્યરૂપે ગુજરાતીમાં અનુવાદ કરાયો છે. (જે અમારા સંપાદિત **આરાધના માર્ગ ભાગ ૧** માં છપાવવામાં આવ્યો છે.)

## ભવવિરહસૂરિ

યાકિનીમહત્તરસૂનુ આચાર્યપુંગવ શ્રીહરિભદ્રસૂરિમહારાજે પોતાની કૃતિઓમાં 'ભવવિરહ' શબ્દનો પ્રયોગ કયાં કયાં કર્યો છે તે તેઓશ્રીની કૃતિઓમાંથી તે પદ્યો તારવીને આમાં જણાવાયું છે. તેઓશ્રીના ગ્રન્થો ઉપર ટીકાકારોએ તેઓશ્રીને 'ભવવિરહ' શબ્દથી સંબોધ્યા હોય તે પણ આમાં જણાવાયું છે. ૪૨ પદ્યોમાંથી ૨૦ પદ્યામાં 'ભવવિરહ' શબ્દ આવેલ છે. ૧૫ પદ્યોમાં 'વિરહ' શબ્દ આવેલ છે. આ રીતે 'ભવવિરહ-સૂરિ'ને અંગે આમાં તારવણી કરાઈ છે.

## બીજા પણ ગ્રન્થો

આ સિવાયના પણ પાંચ ગ્રન્થો મારા સહાધ્યાયી સ્વ૦ મુનિ **ક્ષેમંકરસાગરજીએ** પત્રાકારે ઉતાર્યા છે પણ અત્યારે તેનાં નામ પડેલ નહી હોવાથી અત્રે નિર્દેશ કરી શકયો નથી. હજૂ પણ આશા છે કે બીજા ગ્રન્થો છુટા પાનાઓમાંથી વિપુલ પ્રયાસે પ્રાપ્ત કરી શકાય. બીજા પણ ચર્ચાનાં સંસ્કૃત–ગુજરાતી-હિન્દી હેન્ડબીલો મલ્યાં છે. વળી રતલામથી બહાર પડેલ વિધિસહિત **પંચપ્રતિક્રમણ** હિન્દીમાં પ્રશ્નોત્તરો અને હિન્દીમાં ગોઠવણી આગમોદ્ધારકશ્રીની છે. **શ્રીકેસરીઆજીના** ધ્વજદંડ પ્રસંગની હિન્દીમાં પુસ્તિકા પણ મલી છે.

★

# આગમોદ્ધારકશ્રીની
# શ્રુતઉપાસના યાને સાહિત્ય સેવામાં
# મદદ આપનારની શુભ નામાવલી

રૂ. ૫૦૦) મુનિશ્રીસુર્યોદયસાગરજી તથા મુનિશ્રીઅભયસાગરજીના શુભઉપદેશથી શ્રીજૈનસંઘ, ચાણસ્મા

રૂ. ૨૫૦) શા કેશવલાલ સોમાભાઇ કપડવંજ

રૂ. ૧૫૦) મુનિશ્રી પ્રબોધસાગરજીના શુભઉપદેશથી શેઠ મીઠાભાઈ કલ્યાણચંદ જૈનપેઢી, કપડવંજ

રૂ. ૧૦૦) ધી જયંત મેટલ, હ. ગુણવંતલાલ, કપડવંજ

રૂ. ૭૫) મુનિશ્રીપ્રમોદસાગરજીના શુભઉપદેશથી દોસી લલ્લુભાઈ માણેકચંદ, કપડવંજ

રૂ. ૫૦) મુનિશ્રીપ્રબોધસાગરજીના શુભઉપદેશથી શાહ મુકુન્દલાલ વાડીલાલ જીનવાલા, કપડવંજ

રૂ. ૫૦) દોસી સોમાભાઇ પુનમચંદ, કપડવંજ

રૂ. ૨૫) શાહ પુનમચંદ પાનાચંદ કપડવંજ

રૂ. ૧૨૫) મુનિશ્રીરામચંદ્રવિજયજીના શુભઉપદેશથી શ્રીજૈન સંઘ, વેજલપુર (પંચમહાલ)

રૂ. ૧૦૦) ચંચળબેન ચુનીલાલ લક્ષ્મીચંદ વ્હોરા, જામનગર

રૂ. ૧૦૦) ગણિવર્ય શ્રીલબ્ધિસાગરજી મ. ના શુભઉપદેશથી, શ્રીજૈન સંઘ, ટીંટોઈ

રૂ. ૫૦) ગણિવર્ય શ્રીચિદાનંદસાગરજી મ.ના શુભઉપદેશથી શ્રીસંવેગી-જૈનઉપાશ્રય, વઢવાણ શહેર

રૂ. ૫૦) શેઠાણીસાબ પ્રભાવતીકુવર લોઢા, અજમેર

-:ગોધરા:-

રૂ. ૧૦૦) પરીખ રમણલાલ છોટાલાલ,

રૂ. ૧૦૦) શાહ રતીલાલ સામળદાસ

નકલ ૧૫) શ્રી રમણલાલ છગનલાલ હિરાચંદ
૧૦) ,, બાબુભાઈ અમૃતલાલ મીલવાલા
૧૦) ,, સમરતબહેન શરાફ વાડીલાલનાં માતુશ્રી
૧૦) ,, વાડીલાલ છગનલાલ શરાફ
૧૦) ,, વાડીલાલ દલસુખભાઈ કુડાઘરાવાલા
૧૦) ,, જેઠાલાલ વસનજી
૧૦) ,, છગનલાલ દલસુખભાઇ કુડાઘરાવાલા
૧૦) દોશી મણીલાલ લલ્લુભાઈ
૧૦) મોદી મગનલાલ નરસિંહભાઇ
૫) શાહ મહાસુખલાલ વીરચંદ
૫) અ. સૌ કમલાબહેન વાડીલાલ મગનલાલ
૫) દોશી મંગળદાસ લલ્લુભાઈ
૫) શાહ મણીલાલ ચુનીલાલ બાંડીબારવાલા
૫) શાહ વાડીલાલ લલ્લુભાઇ હવજીવનદાસ
૫) દોશી મંગળદાસ ગીરધરલાલ
૫) શાહ નગીનદાસ વાડીલાલની કું.
૫) શાહ રમણલાલ મગનલાલ મનસુખભાઈ
૩) ગાંધી શાંતિલાલ મગનલાલ
૩) ,, છગનલાલ હિરાચંદ
૩) શ્રી રતીલાલ મંગળદાસ અમીચંદ
૩) ,, ચીનુભાઈ મંગળદાસ શીવરાજપુરવાળા
૩) શાહ નટવરલાલ વાડીલાલ બારીયાવાલા
૩) ગાંધી મણીલાલ ગીરધરલાલ ,,
૩) ચોકસી મણીલાલ મગનલાલ
૩) શાહ પાનાચંદ શીવલાલ
૩) ગાંધી ચીમનલાલ પાનાચંદ
૩) શાહ મણીલાલ અમીચંદ
૩) ગાંધી વાડીલાલ મગનલાલ
૩) ગાંધી પાનાચંદ મગનલાલ
૩) દોશી મણીલાલ પાનાચંદ

૩) શાહ વાડીલાલ મગનલાલ મનસુખ
૩) શાહ કાંતિલાલ ફુલચંદ નાથજીભાઈ
૩) શાહ જયંતિલાલ ફુલચંદ
૩) ચોકસી સતેન્દ્ર શાંતિલાલ
૩) શાહ ભીખુભાઇ ઉજમસી
૩) શાહ શાંતિલાલ કોદરલાલ દવાવાલા
૩) શાહ પોપટલાલ બેચરદાસ
૩) શાહ નગીનદાસ ચુનીલાલ
૩) ડૉકટર કાંતિલાલ માણેકલાલ
૩) શાહ ચીનુભાઈ માણેકલાલ
૩) શાહ રમણલાલ મગનલાલ બાપુજી
૩) શાહ બાબુભાઇ માણેકલાલ છગનલાલ
૩) શાહ કાંતિલાલ મંગળદાસ
૩) શાહ વાડીલાલ મગનલાલ કાળીદાસ
૩) શાહ પાનાચંદ મગનલાલ મુલજીભાઇ
૨) શાહ શાંતિલાલ મગનલાલ મહાસુખ
૨) અ. સૌ. ચંપાબેન નગીનદાસ સામળદાસ
૧) દીનેશ કાંતિલાલ છગનલાલ કડાઘરાવાલા
૧) રાજેન્દ્ર કાંતિલાલ છગનલાલ કડઘરાવાલા
૧) ચંદ્રવદન બાબુભાઈ વાડીલાલ ગાંધી
૧) પ્રકાશ બાબુભાઈ વાડીલાલ ગાંધી
૩) શાહ મણીલાલ મોતિલાલાલ સેવાલીયા

☆

આગમોદ્ધારકની

# શ્રુત-ઉપાસના

યાને

# સાહિત્ય સેવા

લે. ઉપસંપદાપ્રાપ્ત શિશુ

દેવસુરતપાગચ્છસંરક્ષક, શૈલાનાનરેશપ્રતિબોધક,
આગમમંદિરોના સ્થાપક, શ્રુતવાહક,
આગમદિવાકર, ધ્યાનસ્થસ્વર્ગત,
આગમોદ્ધારક
આચાર્ય શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજની

# શ્રુત ઉપાસના

યાને

# સાહિત્ય સેવા

## ભૂમિકા

અનાદિના આ સંસારની અંદર આ જીવ અનાદિ કાળનો કર્મની અંદર ગોથાં ખાતો વિશિષ્ટ શ્રુતજ્ઞાનના અભાવથી રખડતો હતો, એવો આ જીવ અકામ નિર્જરાનુ પુણ્ય વધે તોજ આગળ વધી શકે. અકામ નિર્જરાના યોગે પુણ્યને વધારતો વધારતો આ જીવ આગળ વધે છે. યાવત્ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત સુધી આવે, છતાં જો સમ્યક્ શ્રુત ન મળે તો આવેલો પણ સંસારના ચક્રાવાની અંદર ભટકયા જ કરે જ. પણ આગળ સમ્યક્ત્વની પ્રાપ્તિ વિગેરે ન કરી શકે.

પરમોપકારી તીર્થંકર પરમાત્મા પૂર્વભવોની અંદર આરાધના કરીને ભવ્ય જીવોને ઉદ્ધારવાની કેડ બાંધે છે. તે અનુસારે છેલ્લા ભવની અંદર તીર્થંકર થાય છે. તે તીર્થંકર પરમાત્માઓ સંયમ અંગીકાર કરીને ઉપસર્ગોને સહન કરીને, ઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે. અને સમોસરણની અંદર પાંત્રીસ ગુણવાળી વાણી પ્રકાશે છે. આ વાણીને ગણધર ભગવંતો સૂત્ર રૂપે ગુંથે છે. અને તે ગુંથેલું સૂત્ર શ્રુત કહેવાય છે. આ શ્રુત ભવ્યોને ઉપકાર કરનારૂં થાય છે. શાસનની અંદર તે શ્રુતજ્ઞાન આવેલું છે. તેને આશ્રીને જૈનશાનમાં ચાલવાનું હોય છે.

વળી તીર્થંકર પરમાત્માએ ભવ્ય જીવોને ઉપકાર કરવા દ્વારા એ વાત જાહેર કરેલી છે કે જગતના કલ્યાણની અંદર તમારૂં કલ્યાણ જ છે. માટે સ્વ અને પરના ઉપકારની ઇચ્છાવાળાએ ભવ્યના ઉપકારની અંદર ઉદ્યમ કરવો જ જોઈએ.

તે ઉદ્યમની અંદર શ્રુત એ જરૂરી છે. એને માટે જે પોતાનો ક્ષયોપશમ હોય અને જે રીતે શ્રુત મેળવ્યું હોય, તે અનુસારે ભવ્યને ઉપદેશ દેવાનો છે. ઉપદેશ એ જુદી ચીજ છે. કારણ કે નવ પૂર્વથી કંઇક અધિક ભણેલા જિનકલ્પ વિગેરે કરી શકે છે, પણ દશ પૂર્વ સંપૂર્ણ ભણ્યાં પછીથી જિનકલ્પ વિગેરે કરી શકતા નથી. કારણ કે જિનકલ્પ વિગેરે સ્વ ઉપકારને માટે છે, જયારે ઉપદેશ એ સ્વ અને પર બન્નેના ઉપકાર માટે છે. દશ પૂર્વથી ઉપદેશ દેવાની કોઈ અપૂર્વ શક્તિ પ્રાપ્ત થાય છે. આથી દશ પૂર્વીએ જીનકલ્પ લેવાનો નથી પણ ઉપદેશ દેવા માટે તૈયાર રહેવાનું છે. આવી રીતે શ્રુતજ્ઞાન એ ભવ્યને ઉપકાર કરનારૂં છે. આથી ભવ્યોએ પોતે ક્ષયોપશમના આધારે ગમે તે પ્રકારે શ્રુત મેળવ્યું હોય તેને પરોપકારની અંદર વાપરવું જોઈએ.

ધ્યાનસ્થસ્વર્ગત **આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજે** જે શ્રુતજ્ઞાન મેળવ્યું હતું, તે શ્રુતજ્ઞાન ભવ્યોને ઉપકાર કરનાર થાય, એ મુદ્દાએ પોતે મેળવેલા શ્રુતને અક્ષરની ગોઠવણી આત્મક ગ્રંથરૂપે સંકલનાઓ કરી, ઉપદેશો આપ્યા અને શાસ્ત્રો છપાવ્યાં. એમ ભવ્યોને ઉપકાર કર્યો. આવા **શ્રુતજ્ઞાનના ઉપાસકની શ્રુતઉપાસના** યાને **સાહિત્યસેવા** આ પુસ્તિકાથી જણાવું છું.

આ પુસ્તકની આદિમાં **આગમોદ્ધારકનું** ચરિત્ર અપાયું નથી કારણ કે ચરિતાનુવાદ આગળ આપવાનો છે. અત્રે તો **આગમોદ્ધારકે** શ્રુત કયા પ્રકારે મેળવ્યું અને કઈ રીતે શ્રુતની ઉપાસના કરી તે વાત જણાવવાની છે.

## આગમોદ્ધારકની શ્રુત જીવન ઝરમર

**શ્રુતઉપાસનાને** ઉદ્દેશીને આગમોદ્ધારકના જીવન અંગે.

મૂર્તિના લોપક ઢુંઢક મતની સામા સિંહના જેવા નિડર વાદી **શ્રીઝવરસાગરજી** મહારાજના **આગમોદ્ધારકશ્રી** શિષ્ય હતા.

ગરવિ **ગુજરાતના** ખેડા જીલ્લાના કપડવંજ ગામના ગાંધી મગનભાઇના ચિરંજીવી આ **શ્રુતઉપાસક** હેમચંદ ભાઈએ સંવત ૧૯૪૭ ના મહા સુદી ૫ ના દિવસે લિંબડી મુકામે **શ્રીઝવરસાગરજી** મહારાજ પાસે સંયમ અંગીકાર કર્યો અને **શ્રીઆનંદસાગરજી** એવું શુભ નામ રાખવામાં આવ્યું. અત્રે તેઓશ્રીને **આગમોદ્ધારક** તરીકે સંબોધવામાં આવે છે.

ગુરૂ મહારાજ પાસે વિનય અને વૈયાવચ્ચ દ્વારા તેઓ જ્ઞાન મેળવતા હતા. ગુરૂ મહારાજે હિતશિક્ષા આપવા પૂર્વક અભ્યાસ કરાવ્યો હતો. બીજેજ વર્ષે એટલે દીક્ષાપર્યાયના બાર માસ પહેલાં જ ગુરૂ મહારાજનો સ્વર્ગવાસ થયો એટલે "જાત મહેનત જીન્દાબાદ"નો કોરડો એમને લાગુ પડયો.

આથી સ્વબુદ્ધિ વડે શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ વધારવો પડયો. ઉદ્યમી મનુષ્ય કયું ફળ નથી મેળવતો ?

વ્યાકરણના બોધ સિવાય વાણીની કુશળતા આવતી નથી, એટલે તે તે ભાષાના બોધ માટે તેના તેના વ્યાકરણનો અભ્યાસ કરવો જ પડે. તેથી તેઓશ્રીએ સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ શરૂ કર્યો. પંડિતજી ભણાવવા આવે તો ખરા પણ સર્વ પ્રથમ દ્રવ્યની આવશ્યકતા પડે. એવા સમયમાં સંસારીપણાના માતુશ્રી સાતા પૂછવા આવ્યાં. તેમને જ્ઞાન પૂજન કર્યું તેમાંથી ગૃહસ્થો પાસેથી પગાર ચૂકવાયો.

બધો જ અભ્યાસ પંડિતજી પાસે કરતા હતા તેમ નહિ. પણ પોતે અભ્યાસ કરતા અને જે જે પૂછવા જેવું હોય તે પંડિતજીને પૂછીને નિર્ણય કરતા. આટલા જ પૂરતો પંડિતજીના પગારનો ખર્ચ થતો હતો.

તેઓશ્રીએ બોધની લાઇન થયા પછીથી અભ્યાસની એવી એક પદ્ધતિ સ્વીકાર કરી કેઃ—ઓછામાં ઓછા પાંચસો શ્લોક તો સવારે વાંચવા જ, વ્યાખ્યાન વિગેરે હોય તો તે સંપૂર્ણ થયા પછીથી જ દર્શન કરવા જવું, પાણી લાવવું, ગોચરી લાવવી અને વાપરવું. ત્યાર પછીથી ચાર્ચિક વિષયો વાંચવા અને બપોરનો આરામ કરવો. ઉઠ્યા પછીથી પાછો અભ્યાસ ચાલુ કરવો. પાક્ષિકપ્રતિક્રમણમાં શ્રાદ્ધના અતિચાર વખતે પણ એટલા સમયને સ્વાધ્યાયમાં ગાળવો. અર્થાત્ શ્રુતનીઉપાસના સિવાયનો સમય જવા દેવો એ એમને પાલવે તેવું ન હતું. આવી રીતે અભ્યાસ કરતા શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ વધતો જ ગયો.

દિક્ષાના ચોથા વર્ષમાં મારવાડમાં પાલી શહેરમાં ચાતુર્માસ કરવાનો અવસર આવ્યો. ચાતુર્માસ માટે પ્રવેશ કરતાં શ્રાવકોના મન ઉદાસ થયાં. કારણ કે આવા નિચી ઘડીના મહારાજ અને

નાની ઉંમર. જ્યારે આપણી આવડી મોટી વસ્તિ અને ઢુંઢકના સામા રહેવું. એ શી રીતે જળવાશે ? પણ જ્યાં મંગળાચરણ કરીને મંગળ પ્રવચન શરૂ કર્યું ત્યાં સૌને આનંદ થઈ ગયો. જગતના પદાર્થોની ખતવણી રૂપ **શ્રીસ્થાનાંગ** નામના ત્રીજા અંગનું ચોમાસામાં પ્રવચન કરવાનું રાખ્યું. એવી રીતે ક્ષયોપશમ એટલો વધાર્યો હતો કે હસ્ત લેખીત પ્રતો વાંચવી કે કઠીણ ગ્રંથ બેસાડવો તે તેમને મન રમત હતી. આ તો ૧૯૫૦ ની સાલનો પ્રસંગ છે.

**સ્વર્ગસ્થ આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજી** મહારાજ તથા **સ્વ. પં. શ્રીમણિવિજયજી મહારાજ** અને આ **શ્રુતઉપાસક આગમોદ્ધારક.** આ ત્રણનો એવો શુભમેળ બન્યો હતો કે તેમના ત્રણની ત્રિપુટી કહેવાવા લાગી હતી.

તેઓ કોઇ અવસરે **છાણીમાં** પધાર્યા. ત્યારે **વડોદરા** સરકારના **હાથીભાઈ** નામના શાસ્ત્રીજી રાજમાંથી છુટા થયા. આથી વિચાર થાય કે આવો હાથી કોણ બાંધશે, પણ છાણીના સંઘે તેમને રાખ્યા અને ત્રિપુટીએ એ પંડિતજીના જ્ઞાનનો સારો લાભ ઉઠાવ્યો. આતો લગભગ ૧૯૫૩ ની વાત છે. આ રીતે શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ વધતો જ ચાલ્યો.

અભ્યાસ વધવાથી અને પોતાની આત્મ શક્તિથી ગમે તેવા પ્રકારનો પ્રશ્ન કરનારો આવ્યો હોય તો પણ શાંતિથી તેને નિડરપણે જવાબ દેવાને તૈયાર રહેતા હતા. આથી તેઓ વાયદાની હુંડી'વાળા ન હતા પણ 'ખડા ઉત્તરની હુંડી'વાળા જ હતા.

ક્રમે ગમે તેવા કઠણ ગ્રન્થો વાંચવા અને તેનો ઐદંપર્યાય કાઢવો, તે એમને મન રમત થઇ ગઇ હતી. **શ્રીનિશીથ** જેવો કઠીણ ગ્રંથ પણ સારી રીતે બેસાડી શકયા હતા. આવી રીતે

હસ્ત લેખીત ઉપરથી આગમો મૂળ, નિર્યુક્તિ, ભાષ્ય ચૂર્ણિ અને ટીકા સારી રીતે બેસાડી શકતા હતા.

આટલી બધી શ્રુતજ્ઞાનના ક્ષયોપશમની લબ્ધિ મેળવીને ટીકાઓ રચવાનું પણ શરૂ કર્યું. **વિંશવિંશિકા** જે પદ્યરૂપે અતિ ગૂઢાર્થ ગ્રંથ છે. તેની ઉપર પણ **ટીકા** રચવાની શરૂ કરી. તેની બીજી **વિંશિકાના** અમુક પદ્યો સુધી **ટીકા** રચી છે. **ન્યાયાવતાર** ઉપર પણ મનોહર **ટીકા** રચી છે. બીજા ગ્રંથો ઉપર પણ **ટીકા** રચવાનો ઉદ્યમ ચાલુ હતો. સંસ્કૃતમાં ભિન્ન ભિન્ન છંદોમાં પદ્યો રચવાં એ તો તેમને મન રમત વાત હતી.

આવી રીતે શ્રુતજ્ઞાનની ઉપાસના કરતા હતા, પરંતુ પણ "ખાનેકા સ્વાદ તો દુસરેકુ ખીલાઇએ" એ ન્યાયે જો જૈન શાસ્ત્રોનું મુદ્રાણુ કાર્ય થાય તો વર્તમાન કાળનો સંઘ, સારો લાભ લઈ શકે. એથી **આગમોદ્ધારકને** સંપાદન કાર્યમાં પોતાની શક્તિ આપવાનો અવસર આવ્યો. તેથી સૌ પ્રથમ શ્રીજૈનધર્મ-પ્રચારકસભાના સંપાદન કાર્યમાં ફાળો આપ્યો. વળી તે જ મુદ્દાએ **આગમોદ્ધારકે** ઉપદેશ આપીને સંવત ૧૯૬૪માં–શ્રેષ્ઠિ-દેવચંદ્રલાલભાઇજૈનપુસ્તકોદ્ધારકફંડની સ્થાપના કરાવી. અને તેમાં ગ્રંથ પ્રકાશન કરવાનું ચાલુ કર્યું. તેના સંપાદનની જવાબ-દારી પણ આવી. એમ સંપાદનની જવાબદારી વધતી ચાલી.

ગ્રંથોના સંપાદનના અંગે હસ્તલિખિત પ્રતો એકઠી કરવી, પ્રેસ કોપીઓ કરાવવી, તેને શુદ્ધ કરવી, પ્રેસમાં આપવી અને પ્રુફ આવે તે તપાસવાં. આમ સમયનો વ્યય થતાં રચનાનું કાર્ય ઢીલું પડ્યું.

લહીઆઓ બેસાડીને નવા ગ્રન્થો જુની હસ્ત લેખીત પ્રતો ઉપરથી લખાવતા હતા. જેનો સંગ્રહ અત્યારે શ્રીજૈનાનંદપુસ્તકા-લય(સુરત)માં છે. સંપાદન કાર્યમાં જોડાતાં, ધીરે ધીરે નવા

ગ્રંથો લખાવવાનું પણ બંધ પડયું. એઓશ્રીનું હસ્તલિખિત સાહિત્ય, મુદ્રિત પ્રતો અને પુસ્તકો સારી સંખ્યામાં તેજ પુસ્તકાલયમાં છે. તેનો ઉપયોગ હરહંમેશ બધા કરી શકે છે. આ રીતે એમના અક્ષર દેહ આત્મક ખજાનાનું મૂર્તિમંત સ્થાન તે પુસ્તકાલય છે.

સંવત ૧૯૭૧ના મહા સુદી ૧૦ તા. ૨૫-૧-૧૯૧૫ સોમવારે **શ્રીભોયણીતીર્થ**માં **શ્રીઆગમોદયસમિતિની** સ્થાપના થઈ. તેમાં આગમો છપાવવા અને વાચના આપવી, એવું નક્કી થયું. એ રીતે આગમોને છપાવવાની અને વાચના આપવાની જબરજસ્ત જવાબદારી ઉઠાવી, **પાટણ** વિગેરે શહેરોમાં થઇને સાત આગમ વાચનાઓ આપી. વાચનાની અંદર ૨૩૩૨૦૦ શ્લોક વંચાવાયા. એ કાર્ય પણ **શ્રુતઉપાસનાનું** અજોડ બન્યું.

**માળવાના રતલામ** શહેરમાં ચાતુર્માસ કરતાં શેઠ**ઋ**ષભદેવજીકેશરીમલજીની પેઢીની સ્થાપના કરી અને તે દ્વારા પણ ઘણા ગ્રંથોનું સંપાદન કર્યું.

આ રીતે સંપાદનનો ઉદ્યમ સંવત ૧૯૬૪ પહેલાંથી ૧૯૯૪ સુધી ધમધોકાર ચાલ્યો. તે અવસરમાં **જામનગરથી** સંઘ લઈ **શ્રીસિદ્ધગિરિરાજને** ભેટવા આવતાં, **આગમમંદિરની** સ્થાપાનાથી ગ્રંથ રચવાનું કાર્ય રોકાઇ જ ગયું. જો કે નાની મોટી **ટીકા**વાળી, પદ્યવાળી, સૂત્રસ્વરૂપે, કે લેખરૂપે તો કૃતિઓ અવસરે અવસરે થતી જ હતી.

સંવત ૧૯૯૪માં શ્રીવર્ધમાનજૈનાગમમંદિર (**સિદ્ધક્ષેત્ર, પાલીતાણા**)ની સ્થાપના થતાં, તેમાં આગમો શિલામાં કોરાવીને સ્થાપન કરવાના હતા. આનો મુદ્દો એ હતો કે આગમો તાડપત્ર કે કાગળ ઉપર છે, પરંતુ જો શિલામાં હોય તો કોઈ પણ નાશના કારણમાં આગમો તાડપત્રના કે કાગળના નાશ થાય પણ શિલાઓ

તુંટેલી ફુટેલી પણ કાળાંતરે જમીનમાંથી મળી આવે અને તે જવાબ દેતી થાય. વળી શિલામાં કોરેલા અક્ષરો એટલે તો જયારે પૂછો ત્યારે સરખોજ જવાબ દેનાર. આથી શિલાઓમાં મૂળ આગમો કોરાવવાનું નિર્ણિત કરાયું. તેનું સ્થાન એટલે આ આગમમંદીર.

એક વાત લક્ષમાં લેવા જેવી એ છે કે આગમોનું સંપાદન કાર્ય કર્યું અને સંઘને આગમો વિગેરેની વાચનાઓ આપી. આથી તેઓશ્રીનું **આગમોદ્ધારક** એવું ઉપનામ રૂઢ થઇ ગયું. નામની જ જાણે સાર્થકતા ન કરતા હોય તેમ તેઓશ્રીએ આ કાર્ય પણ ઉપાડયું.

**શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ** મહારાજે આગમોને પુસ્તકારૂઢ કર્યાં તો શ્રીસંઘના ભાગ્યોદયે તે સચવાઇ રહ્યાં. તેવી રીતે શિલાઓમાં સ્થાપન કરવાથી ભાવીને માટે એક અપૂર્વ ખજાનો રહે. તે પણ એક મુખ્ય વાત કહેવાય જ.

શિલોત્કીર્ણ આગમોનો ક્રમ એવા પ્રકારે થયો કે પૂર્વમાં પ્રેસમાં કંપોઝ કરાવવું, કાગળમાં છપાવવું અને ટ્રાન્સફર પ્રદ્ધતિએ શિલામાં લેવું. એ રીતે પણ તે સંપાદન કાર્ય થયુ. એટલે પ્રથમ અખતરા રૂપે નિર્યુક્તિઓ છપાઇ અને તે શિલામાં લેવાઇ. પછી ૪૫ આગમો અને **પંચાશક** વિગેરે શાસ્ત્રો (મૂળ) મોટા અક્ષરોમાં છપાવાયાં અને શિલામાં લેવાયાં. એ રીતે એ કાર્ય સં. ૧૯૯૪ થી ૧૯૯૯ સુધી ચાલ્યું.

તે પછીથી એટલે કે લગભગ ૯૬, ૯૭ માં શિલાનું કાર્ય ચાલતું હતું. તે ગાળામાં જ એક નવું કાર્ય **શ્રુત-ઉપાસનાનું** વિચારાયું, એટલે કે આગમોને જો સ્થળાંતર કરવાં હોય તો તામ્રપત્રથી કરી શકાય. આથી તે કરવાને માટે પણ ઉદ્યમ ચાલુ થયો. તે કાર્ય એટલે આગમોને તામ્રપત્રમાં આરૂઢ કરવાનું કાર્ય સં. ૨૦૦૪માં સંપૂર્ણ યયું. આ રીતે ૪૫સે આગમો

તામ્રપત્રમાં આરૂઢ થયાં. તે આગમો શ્રીવર્ધમાનજૈનતામ્રપત્ર-આગમમંદીર(સુરત)માં સ્થાપન કરવામાં આવ્યાં છે. તેમજ સચિત્ર **શ્રીકલ્પસૂત્ર** પણ તામ્રપત્રારૂઢ કરાવાયું છે. તે અત્યારે **શ્રીજૈ**નાનંદપુસ્તકાલય(સુરત)માં છે.

આવી રીતે **શ્રુત-ઉપાસના**નો કાર્યક્રમ ચાલું જ હતો. પરંતુ ભસ્મીભૂત થનારો એવો આ દેહ સંવત ૨૦૦૩થી વિઘ્ન ભૂત થતાં શરીરનું સ્વાસ્થ્ય બગડતું ગયું. છતાં એ રંગ ગયો ન હતો.

**સં**. ૨૦૦૪, ૨૦૦૫ માં સુરતમાં સંથારાની સ્થિતિમાં, અનુકુલ પરિસ્થિતિએ, જુની જુની હસ્ત લેખીત પોથીઓ, તપાસવાનું કાર્ય કરતા હતા. ત્યાં અપરતટ સહિત **ઉપદેશ-રત્નાકર** મળ્યો અને તેનું ભાષાંતર કરાવીને બહાર પડાવવાનો ઉદ્યમ કર્યો. **પંચસૂત્ર** ઉપર **વાર્તિક** અને **તર્કાવતાર** નામની બે ટીકાઓ રચી. **જૈનગીતા** અધૂરી રહેલી ૩૬ અધ્યાય કરી સંપૂર્ણ કરી. અંતે આરાધના એજ ધ્યેય ગણીને **આરાધનામાર્ગ** નામની કૃતિને **ધ્યાનસ્થસ્વર્ગત આગમોદ્ધારક આચાર્યશ્રી-આનંદસાગરસૂરિશ્વરજી** મહારાજે **શ્રુતઉપાસના** તરીકે છેલ્લી સંપૂર્ણ કરી.

## આગમોદ્ધારકની સંપાદન સંસ્થાની ઝાંખી

શ્રીજૈનધર્મપ્રચારકસભા (ભાવનગર), શ્રેષ્ઠીદેવચંદલાલ-ભાઈજૈનપુસ્તકોદ્ધારક ફંડ, (સુરત) શ્રીઆગમોદયસમિતિ, શેઠ-શ્રીઋષભદેવજીકેશરીમલજીની પેઢી (રતલામ), શ્રીસિદ્ધચક્રસાહિત્ય સમિતિ (મુંબઇ), શ્રીજૈનાનંદપુસ્તકાલય સુરત વગેરે **સંસ્થા**દ્વારા થતા પ્રકાશનમાં આગમોદ્ધારકનો સંપાદનનો મોટો ફાળો હતો.

શ્રીજૈનાનંદપુસ્તકાલય(સુરત)દ્વારા બીજા પણ સત્તાવીશથી વધારે સ્થળો ઉપર નાના મોટા પુસ્તક ભંડારો, **આગમોદ્ધારક**શ્રીના સ્થપાયા છે. સાધુઓને પુસ્તક મુકવાની સગવડ પડે અને પુસ્તકો સુરક્ષીત રહે, તે હેતુએ પાલીતાણા શ્રીઆગમમંદીરમાં **શ્રીશ્રમણસંઘપુસ્તકાલય** નામનું મકાન બંધાવવામાં આવ્યું છે. તેમાં સાધુ ભગવંતોના જુદા જુદા ભંડારો અત્યારે મોજુદ છે. એ પણ **શ્રુત–ઉપાસના.**

આ રીતે **આગમોદ્ધારકની શ્રુતઉપાસનાને** અમે **આગમોદ્ધારકની સાહિત્ય સેવાના** નામે અમારા સંપાદિત નીચેના ગ્રન્થોમાં આપી છે. તે આ પ્રમાણે–**પ્રશમરતિ** અને સંબંધકારિકા (વ્યા.) **ઉપદેશ–રત્નાકર** (ભાષાંતર), **શ્રીઆચારાંગ** (વ્યાખ્યાન સંગ્રહ) (ભા.–૧), **આનંદસુધાસિન્ધુ** ભા–૨, **આરાધના માર્ગ** ભા–૧, **અલ્પ. પરિ. સૈ. શ. કો. ભા. ૧** વિગેરે. બીજા મુનિ ભગવંતોએ પણ યથાસંજોગ અને યથાસ્થળે પણ આપી છે. તેમજ **સિદ્ધચક્ર** વર્ષ ૧૬, અંક ૮, ૯ નો **આગમોદ્ધારક અંક**, **સિદ્ધચક્ર** વ. અં, ૫–૬ **ગુરૂમંદિર પ્રતિષ્ઠામહોત્સવ, આચાર્યપદવી મહોત્સવ.**

આમ **આગમોદ્ધારકની શ્રુતઉપાસના** યાને **સાહિત્ય સેવાની 'ભૂમિકા'** સંપૂર્ણ થઈ.

આમાં પ્રકરણો નીચે પ્રમાણે પડે છે. એથી તે પ્રમાણે આ લેખમાં (**શ્રુતઉપાસના**ના લેખમાં) તે પ્રકરણો આપીએ છીએ.

## પ્રકરણોનાં નામ અને વિષય

### ૧ આગમોદ્ધારકની સંસ્કૃત, પ્રાકૃત કૃતિઓ

(ભાષા, પદ્યાદિ, ગ્રંથાગ્ર, રચ્યા સંવત્ **અને સાર આ** પ્રકરણમાં અપાયાં છે.)

**૨ આગમોદ્ધારકની મુદ્રિત કૃતિઓ**

(સં. પ્રા. કૃતિઓમાંથી જે મુદ્રિત થઇ છે તેનાં નામ નિર્દેશ આમાં જણાવવામાં આવ્યાં છે.)

**૩ આગમોદ્ધારકની સંકલનાઓ**

(આગમોમાંથી વિષયાનુક્રમ વિગેરે ૫૩ બાબતો અને અલ્પ પરિચયવાળા એવા શબ્દો અને ચૂર્ણિ વિગેરેમાંથી કરેલી સંકલનાઓનો સમાવેશ આમાં થાય છે.)

**૪ આગમોદ્ધારકની મુદ્રિત સંકલનાઓ**

(નં. ૩ માં જણાવેલી સંકલનાઓમાંથી જે છપાઇ છે તેનાં નામ નિર્દેશ આમાં કરાયો છે.)

**૫ આગમોદ્ધારકના સંપાદિત ગ્રંથો**

(આગમો વિગેરે જે ગ્રંથોનું સંપાદન કર્યું છે તેના નામો, કર્તાના નામો, પ્રસ્તાવના છે કે નહિ, પ્રકાશક સંસ્થા અને પ્રકાશન સંવત્ આ પ્રકરણમાં આપવામાં આવ્યો છે.)

**૬ આગમોદ્ધારકની પ્રસ્તાવનાવાળા ગ્રંથો.**

(જે ગ્રંથો પર પ્રસ્તાવના લખી છે તેની નોંધ આમાં છે.)

**૭ આગમ-રત્નમંજૂષા, શિલોત્કીર્ણ આગમો અને તામ્રપત્રાગમો.**

(પેટીરૂપે કાગળમાં છપાવેલા, શિલારૂપે કોરાવેલા અને તામ્રપત્રમાં કોરાવેલાની નોંધ આમાં અપાઇ છે.)

**૮ આગમોદ્ધારકની આગમ વાંચનાઓ.**

(જે સાત વાચનાઓ અપાઇ છે તેની નોંધ-સંવત, ગામ, અને આગમ વિગેરેની આમાં અપાઇ છે.)

### ૯ આગમોદ્ધારકનુ મુદ્રિત ગુજરાતિ સાહિત્ય.

(વ્યાખ્યાન વિગેરે જે ગુજરાતિ સાહિત્ય છપાયું છે તેની નોંધ આ પ્રકરણમાં છે.)

### ૧૦ આગમોદ્ધારકનું અમુદ્રિત ગુજરાતિ સાહિત્ય.

(વ્યાખ્યાનો જે અત્યાર સુધી નથી છપાયાં, તેના મોટા ભાગની નોંધ આમાં અપાઈ છે. વળી અન્ય સ્થળો એ વ્યાખ્યાનોનુ સાહિત્ય હશે પણ ખરુ કે જેની નોંધ હું મેળવી શકયો નથી.)

# પ્રકરણ ૧

# શ્રીઆગમોદ્ધારકની

## સંસ્કૃત પ્રાકૃત કૃતિઓ

## (સંક્ષિપ્ત સાર સાથે)

### (૧) અચિત્તાહારદ્વાત્રિંશિકા

* સં., પ. ૩૨, ગ્રં. ૩૭, ર.સં. ૧૯૮૩.[1]

સાધુને અચિત્ત આહાર શા માટે કલ્પે? તે વાત આ પ્રકરણમાં પ્રતિપાદિત કરી છે.

### (૨) અધિગમસમ્યક્ત્વૈકાદશી

સં., પ. ૧૧, ગ્ર. ૧૧, ર.સં. ૨૦૦૫.

ગુરૂના ઉપદેશની અપેક્ષા રાખ્યા વિના રથયાત્રા વગેરે જોઇને કે સ્નાત્ર મહોત્સવ વગેરે જોઇને જે સમ્યક્ત્વ થાય છે તે અધિગમસમ્યક્ત્વ કહેવાય છે. તેનું સમર્થન આ પ્રકરણ કરે છે.

---

* સં.=સંસ્કૃત, પ્રા.=પ્રાકૃત, પ.=પદ્ય, ગ્રં.=ગ્રન્થાગ્ર, ર.સં.=રચ્યાસંવત્.

૧ ૧૯૮૩ કે ૧૯૮૪ જ્યાં રચ્યા સંવત જણાવવામાં આવ્યો છે ત્યાં મોટે ભાગે તે પૂર્વેનો તે ગ્રંથ છે. કારણ કે તેનો રચ્યાસંવત્ હું બરોબર નિર્ણિત કરી શક્યો નથી.

## (૩) અધ્યક્ષોપયોગિતાષોડશિકા

સં., પ. ૧૬, ગ્રં. ૧૬, ર.સં. ૨૦૦૬.

કાળ સ્વભાવ વગેરે જીવને જ અનુભવમાં છે. સુખ દુઃખ વગેરે જીવને પ્રત્યક્ષ છે. દાન વગેરે પણ સુખનાં સાધનો આત્માને છે. હિંસા વગેરે દુઃખનાં સાધનો છે અને કર્મનાં સાધનોનો ત્યાગ કરવાથી આત્મા મોક્ષ મેળવે છે. એ પ્રકારે આત્માનુભવ ગમ્ય એવા સિદ્ધ વિગેરે પદાર્થનું વર્ણન કરવાથી અધ્યક્ષ પદાર્થ જણાવનાર જૈનદર્શન જ છે, તેમ આ પ્રકરણમાં પ્રતિપાદન કરાયું છે.

## (૪) અનન્તાર્થાષ્ટક

સં., પ. ૮, ગ્રં. ૮, ર.સં. ૨૦૦૫.

સૂત્રનાં જે જે વાક્યો છે, તે તે વાક્યો અનન્ત અર્થમય છે. તેની આ અષ્ટકની અંદર સંગતિ કરવામાં આવેલી છે.

## (૫) અનાનુગામિકાવધિવિચાર

સં., પ. ૩૧, ગ્રં. ૩૧, ર.સં. ૧૯૮૪.

અવધિજ્ઞાનના ભેદોની અંદર અનાનુગામિક જે અવધિજ્ઞાનનો ભેદ કહેવાયો છે, તેનું આ પ્રકરણમાં વર્ણન કરાયું છે.

## (૬) અનુકરણસંચય યાને સદનુકરણ

સં., પ. ૧૩, ગ્રં. ૧૩, ર.સં. ૨૦૦૬.

રાત્રિકપ્રતિક્રમણમાં **મહાવીર** ભગવાને છ માસ તપ કર્યું હતું તેમ વિચારાય છે. ભગવાને દેશના દીધી હતી.

તેથી સાધુઓ દેશના દે છે. ભગવાનની વાણીને પામીને ભિક્ષા લેવા જવાય છે. સાધુઓને અનુકરણ કરવાને માટે ભગવાને વસ્ત્ર રાખ્યું હતું વિગેરે જે જે વાત અનુકરણીય હોય તે તે વાતનો આ પ્રકરણમાં વિચાર કરાયો છે.

## (૭) અનુક્રમપંચદશિકા

સં., પં. ૧૫, ગ્રં. ૧૫, ર.સં. ૨૦૦૫.

ત્રિપદી પામીને ચૌદ પૂર્વોની રચના કર્યા પછી ગણધર ભગવંતો અગીયાર અંગની રચના કરે છે, પરંતુ સ્થાપનામાં **આચારાંગ** વગેરે અગીયાર અંગોને અનુક્રમે સ્થાપન કરીને, જે બારમા અંગની સ્થાપના કરે છે તે અનુક્રમ વ્યાજબી છે. તેમનું આ ગ્રંથમાં પ્રતિપાદન કરાયું છે.

## (૮) અનેકાંતવાદવિચાર

સં., પ. ૪૨, ગ્રં. ૪૪, ર.સં. ૧૯૮૪.

સત્પણું અને અસત્પણું જો અનેકાંતવાદ સ્વીકારવામાં ન આવે તો ઘટે તેમ નથી. એમ જુદા જુદા રૂપે અનેકાંતવાદ આ પ્રકરણમાં વિચારાયો છે. એક રૂપે છે તે બીજા રૂપે નથી, તેથી સ્યાદ્ શબ્દ વડે કરીને લાંછિત એટલે સ્યાદસ્તિ, સ્યાન્નાસ્તિ એમ જણાવનારો જે વાદ તે અનેકાંતવાદ કહેવાય છે. તેમજ સ્યાદ્વાદ કેવી રીતે પદાર્થોની સાચી માહીતી આપે છે. તેનો વિચાર આ પ્રકરણમાં કરાયો છે.

## (૯) અપૂર્વચતુર્વિંશિકા યાને જિનવરનુતિ

સં., પ. ૩૪, ગ્રં. ૩૪, ર. સં. ૨૦૦૬.

જીનેશ્વર ભગવાનનું જે અપૂર્વપણું છે તે અપૂર્વપણું જુદી જુદી વાતો લઈને આમાં વિચારાયું છે. એ રીતે તીર્થંકર પરમાત્માનું લોકોત્તરપણું વર્ણવાયું છે.

**(૧૦) અભવ્યનવક** યાને **ભવ્યાભવ્યપ્રશ્ન**

'સં., પ. ૯, ગ્રં. ૯, ર.સં. ૨૦૦૬.

'હું ભવ્ય છું કે અભવ્ય છું ?' એ **અજાત**કુમાર વગેરેએ પ્રશ્ન કર્યો. તેથી ભવ્ય અને અભવ્ય એમ બે રાશી છે એમ સિદ્ધ થાય છે. તેવી રીતે શાસ્ત્રોમાં 'ભવસિદ્ધિકા' એવો પ્રયોગ આવે છે, એટલે ભવ્ય અને અભવ્ય એમ સિદ્ધ થાય છે. તેથી ભવ્ય જેમ છે તેમ અભવ્ય પણ છે. એમ અભવ્યજીવો જગતમાં હોઈ શકે છે, તેનું પ્રતિપાદન આ પ્રકરણમાં કરાએલ છે.

**(૧૧) અમૃતસાગરચરિત્ર**

સં., પ. ૧૨૭, ગ્રં. ૨૫૦, ર.સં. ૧૯૮૪.

સ્વ. આગમોદ્ધારકશ્રીએ **અ**મૃતસાગરજી મ. ના ગુણોથી ખેંચાઈને એમના ચારિત્રનું વર્ણન આ ગ્રંથમાં કર્યું છે. આમાં કાવ્યોનું ચોથું ચરણ એકજ રુપનું છે.

**(૧૨) અમૃતસાગરતીર્થયાત્રા**

સં., પ. ૨૦, ગ્રં. ૨૦, ર.સં. ૧૯૮૪.

પૂ. આચાર્ય શ્રી**મા**ણિક્યસાગરસૂરીશ્વરજી મ. ના શિષ્ય મુનિ શ્રી**અ**મૃતસાગરજી મ.જે જે જે સ્થળોની યાત્રા કરી હતી તે તે સ્થળોના નામોનું આમાં વર્ણન કરવામાં આવ્યું છે.

**(૧૩) અમૃતસાગરસ્તવ**

સં., પ. ૬, ગ્રં. ૧૦, ર.સં. ૧૯૮૪.

**શ્રીઅમૃતસાગરજી** મહારાજે વ્રત ક્યારે લીધું ? અને કાળધર્મ ક્યારે પામ્યા તે વાત જણાવી, તેમનામાં ગુરૂભક્તિ કેવી હતી, તે આ પ્રકરણમાં જણાવ્યું છે.

**(૧૪) અમૃતસાગરસ્તુતિ**

સં., પ. ૮, ગ્રં. ૧૬, ર.સં. ૧૯૮૪.

પૂ. આચાર્ય **શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી**ના શિષ્ય મુનિ **શ્રીઅમૃતસાગરજી** કેવા ગુણવંતા હતા, તે ગુણોનું અહીં યથાર્થ વર્ણન કરાયું છે.

**(૧૫) અર્હચ્છતક**

સં., પ. ૧૦૦, ગ્રં. ૧૦૧, ર.સં. ૨૦૦૫.

નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એમ ચારે નિક્ષેપોવડે કરીને અરિહંત પરમાત્માના અરિહંતપણાની સાબિતી આ પ્રકરણમાં કરવામાં આવી છે.

**(૧૬) અષ્ટકબિન્દુ**

સં., પ. ૩૨, ગ્રં. ૩૫, ર.સં. ૧૯૮૪.

યાકિનીમહત્તરસુનુ શ્રીહરિભદ્રસૂરિજી મહારાજે જે **અષ્ટક** પ્રકરણ રચ્યું છે, તેનું જે પહેલું **સર્વજ્ઞ–અષ્ટક** છે, તેને અનુલક્ષીને આ પ્રકરણ રચાયું છે.

**(૧૭) અંગપુરુષપંચવિંશતિકા**

સં., પ. ૨૫, ગ્રં. ૪૦, ર.સં. ૨૦૦૫.

**નંદી**સૂત્રની અંદર 'पुरीसो बारस अंगो'' એમ જે વાત આવે છે, અને **દ્વાદશાંગી** એમ જે કહેવાય છે. વળી અંગ જેને હોય તે અંગી કહેવાય, આથી **દ્વાદશાંગીને** પુરુષના બાર અંગની અંદર સ્થાપન કરાય, તો તે પુરુષ ગણાય. તે વાતનું આ પ્રકરણમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એ રીતે **આગમપુરુષ–પ્રવચનપુરુષ–શ્રુતપુરુષ–પરમપુરુષ–દ્વાદશાંગ**ની સિદ્ધિ કરાઈ છે.

### (૧૮) આગમમંદિરચતુર્વિંશતિકા

સં., પ. ૨૬, ગ્રં. ૪૭, ર.સં. ૨૦૦૫.

**સુરત** અને **પાલીતાણા** જે બે **આગમમંદિરો** થયાં છે, તેમાં **પાલીતાણાના આગમમંદિર**માં એટલે **શત્રુંજય**-ગિરિરાજની તળેટીમાં આવેલા **આગમમંદિરનો** આમાં અધિકાર છે. ત્યાંના તમામ પદાર્થો સચોટ રીતે આમાં હેતુપૂર્વક જણાવ્યા છે.

### (૧૯) આગમમહિમા

સં., પ. ૨૪૫, ગ્રં. ૫૧૬, ર.સં. ૨૦૦૩.

તીર્થંકર ભગવાનનાં આગમો કેવાં છે, તેનો આમાં ચિતાર આપવામાં આવ્યો છે. એમ શ્રુતજ્ઞાનની લોકોપકારીતા કઇ રીતે છે, તે વાત આમાં સિદ્ધ કરાઇ છે.

### (૨૦) આગમમહિમાસ્તવ

સં., પ. ૧૧, ગ્રં. ૨૩, ર.સં. ૧૯૭૧.

ભવ્ય પ્રાણીઓના હિતને માટે સ્યાદ્વાદ પદથી

લાંછિત એવા આગમો ગણધર ભગવંતોએ રચ્યાં, તેમ જણાવીને આગમનો મહિમા જણાવી, જીનેશ્વર ભગવાનનું શાસન છે ત્યાં સુધી આગમ સાંભળવાં જ જાઇએ અને તેની ઉપાસના કરવી જોઇએ. એમ આ પ્રકરણ પ્રતિપાદન કરે છે.

## (૨૧) આગમસમિતિસ્થાપનાસ્તવ

સં., પ. ૧૧, ગ્રં. ૨૬, ર.સં. ૧૯૭૧.

**શ્રીવીર** ભગવાનના મુખથી નીકળેલી વાણીને ગણધર ભગવંતોએ સૂત્રમાં રચી અને તેને સ્થવિરોએ દુષ્કાળમાં પણ સાચવી રાખી. તે વાણી–આગમો પ્રાચીન પ્રતોની અંદર સચવાયેલા હતા, પણ પ્રત મેળવવી, તેને વાંચવી અને શુદ્ધ કરવી. આ બધી મુશ્કેલીમાં તેનો બોધ બંધ થતો જાય. આથી (ધ્યાનસ્થસ્વર્ગત આગમોદ્ધારક **શ્રી-આનંદસાગરસૂરીશ્વરજીએ**) પ્રતો રૂપે છપાવવી અને ગચ્છ વિગેરેના ભેદ વગર વાચના આપવી. તે જણાવનાર આ પ્રકરણ છે.

## (૨૨) આગમસુગમાસ્તવ

સં., પ. ૧૧, ગ્રં. ૨૩, ર.સં. ૧૯૭૧.

જીનેશ્વર ભગવાનના મુખથી નીકળેલી વાણીને ગણધરોએ સૂત્રમાં રચી. તે સૂત્રો અનંત અર્થમય છે. દશ પૂર્વધર સુધીના સ્થવિરો આગમો રચી શકે છે. તેવી રીતે **આગમો** ઉપર **નિર્યુક્ત, ભાષ્ય, ચૂર્ણી** અને **ટીકાઓની** રચના પણ કરાઈ છે. તેમજ ટીકાકારો પણ જુદા જુદા

થયા છે અને તેમણે આગમો ઉપર ટીકાઓ રચી છે. આથી નિર્યુક્તિ આદિ વડે કરીને પણ આગમો સુગમ થયા છે, એમ આ ગ્રંથમાં જણાવ્યું છે.

## (૨૩) આગમાધિકારષટ્ત્રિંશિકા

સં., પ. ૩૧, ગ્રં. ૪૦, ૨.સં. ૧૯૮૩.

આગમો ભણવાનો અધિકાર કોનો છે, તે વાત આ પ્રકરણમાં ચર્ચાઈ છે. બાળ સ્ત્રી મંદ અલ્પબુદ્ધિ આદિ સૂત્ર ભણવાની ઈચ્છાવાળા સાધુ સાધ્વીના હિતને માટે આગમો **પ્રા**કૃતમાં રચ્યાં છે. આગમ ભણવાવાળા સાધુએ ગુરૂગમથી આગમો ધારવા જોઇએ. યોગ્યતાવાળા એવા સાધુ સાધ્વીઓને સૂત્રોનો ઉદ્દેશ આદિ યોગ વિગેરેની વિધિ કરીને, આગમો ભણાવાય. તેમ આગમ ભણવાનો અધિકાર વિગેરે વસ્તુઓ પણ આમાં જણાવાઈ છે.

## (૨૪) આગમાર્થપ્રાધાન્યસ્તવ

સં., પ. ૧૧, ગ્રં. ૨૦, ૨.સં. ૧૯૭૧.

આગમના અર્થનું પ્રધાનપણું બીજા કરતાં કઈ રીતે છે, તે વાત આ પ્રકરણમાં પ્રતિપાદન કરાઈ છે. એને ભણનારો જીવાદિ પદાર્થોના બોધવાળો થાય, ભવથી વૈરાગી થાય અને મોક્ષ ઉપર એક લક્ષ્યવાળો થાય.

## (૨૫) આચેલક્ય

સં., લેખ, ગ્રં. ૨૨૩, ૨.સં. ૨૦૦૩.

અચેલકપણું કયારે હોય તે વાત જણાવતાં, તે વાતને

સિદ્ધ કરતાં **સુબોધિકા**કારે ઉ. **ધર્મ**સાગરજીએ તીર્થંકરોનું અચેલકપણું જે જણાવ્યું છે તેનું જે ખંડન કર્યું છે, તે ખંડનનું આમાં યુક્તિપુરસર ખંડન કરવામાં આવ્યું છે.

## (૨૬) આભિગ્રહિકાનાભોગમિથ્યાત્વ યાને મિથ્યાત્વવિચાર

સં., લેખ, ગ્રં. ૧૪૪, ર.સં. ૨૦૦૩.

મિથ્યાત્વના પાંચ ભેદોમાંથી સામાન્યપણે સર્વ ધર્મના તત્ત્વો પ્રતિ આદર રૂપ આભિગ્રહિક અને ઓઘ=અવ્યક્ત સમજણ રૂપ અનાભોગ મિથ્યાત્વ કેવી રીતે ઘટે? તેનો વિચાર આ લેખમાં કરવામાં આવેલ છે.

## (૨૭) આપ્તસ્તુતિવૃત્તિ (અપૂર્ણ)

સં., વૃત્તિ, ગ્રં. ૨૨૦, ર.સં. ૧૯૮૪.

**અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા**ના બત્રીસ પદ્યો પૈકી, અગીયારમા પદ્ય સુધી આ **વૃત્તિ** રચાઈ છે. તેમાં બીજાઓમાં વીતરાગતાનો યોગ નથી. આથી તીર્થંકરો સિવાય બીજા દેવોની વીતરાગતા ઘટી ન શકે. તે વાત આમાં જણાવી છે.

## (૨૮) આરાધનામાર્ગ

સં., વાક્યો ૧૭૩૩, ગ્રં. ૧૧૦૦, ર.સં. ૨૦૦૬.

આગમોદ્ધારકની છેલ્લામાં છેલ્લી જો કોઈ રચના હોય તો તે આ રચના છે. સંવત ૨૦૦૬ પોષ સુદ ૭ એ આની છેલ્લી તિથિ છે. સંથારાને આધીન થયા પછીથી

એમને ઉઠવાની મનાઈ હતી પણ બેસવાની તો છુટ જ હતી. તેથી જ્યારે જ્યારે કલમ ચાલી શકે તેવું હોય ત્યારે ત્યારે, અંતિમ આરાધના કરવાને માટે, એમને આ ગ્રંથની રચના કરી છે. આરાધના અને તેના મર્મને સમજાવનાર આ તાત્ત્વિક રચના છે. આરાધના કરનારે ખાસ આ ગ્રંથને લક્ષમાં લેવો જોઇએ. આમાં કેટલાંક વાક્યો છે, કેટલાંક અર્ધ શ્લોક પ્રમાણ છે અને કેટલાંક શ્લોક પ્રમાણ છે.

**(૨૯) આર્યત્રિભેદીવિચાર** યાને **આર્યાનાર્યવિચાર**

સં., ૫. ૨૫, ગ્રં. ૨૬, ૨.સં. ૧૯૮૬.

આર્ય અને અનાર્ય વ્યવસ્થા જેવી રીતે **ભરત**માં તેવી રીતે **ઐ**રવત અને **મ**હાવિદેહમાં પણ છે. **સૌ**રાષ્ટ્રને અનાર્ય કહેવો તે વ્યાજબી નથી. કારણ કે જે મર્યાદા બાંધી છે તે **કૌ**શંબી દેશથી બાંધેલી છે, પણ નગરીથી નહિ અને **સં**પ્રતિ મહારાજે **આંધ્ર**, **દ્રા**વિડ વિગેરે દેશોમાં સાધુના વેશને ધારણ કરનારા મોકલીને તે દેશોને સાધુના વિહારને યોગ્ય ક્ષેત્રો કર્યાં છે, પણ **સૌ**રાષ્ટ્ર નહિ. **શ્રીવીર** ભગવાન નથી પધાર્યા તે વાત મનાય તેવી નથી, કારણ કે **ચં**ડપ્રદ્યોતને દીક્ષા દેવાના કારણે માળવામાં પધાર્યા છે. એ વાત **જ્ઞાતાસૂત્ર**માં છે અને **શ્રીનેમનાથ** ભગવાનને છોડીને ત્રેવીશે તીર્થંકરો **સિદ્ધગરીએ** પધાર્યા છે. એ રીતે ક્ષેત્ર વિગેરે આર્ય ત્રિભેદીનો વિચાર આ ગ્રંથમાં કરાયો છે.

**(૩૦) આર્યરક્ષિત** યાને **અનુયોગપૃથક્ત્વ**

સં., લેખ, ગ્રં. ૧૪૪, ૨.સં. ૨૦૦૩.

આ રચના શંકા ઉઠાવીને કરવામાં આવેલી છે, **આર્યરક્ષને આર્યરક્ષિત** એવો જે ભેદ છે, તેનું નિરસન કરવા માટે **આર્યરક્ષિતજી** કયા તે વાત પણ બીજા બીજા પુરાવાઓથી આમાં સિદ્ધ કરાઈ છે.

### (૩૧) ઇડિરનગશાન્તિનાથસ્તવ

સં., પ. ૧૫, ગ્રં. ૩૨, ર.સં. ૧૯૮૪.

ઇડરમાં આવેલા પર્વત ઉપર **શ્રીશાન્તિનાથ**ભગવાનનું જે બાવન જીનાલય છે, ત્યાં બિરાજમાન મૂળ નાયક **શ્રીશાંતિનાથ** ભગવાનની આ પ્રકરણમાં સ્તવના કરવામાં આવેલી છે.

### (૩૨) ઇર્યાદ્વાપંચાશિકા

સં., પ. ૫૨, ગ્રં. ૬૨, ર.સં. ૧૯૮૨.

ખરતર જયસોમે **ઇરિયાવહિયા** સંબંધમાં ઉપા૦ **ધર્મ**સાગરજી મ૦ ના લખાણનું ખંડન કર્યું છે, તેનો આમાં રદીયો આપેલ છે. અર્થાત્ જયસોમે જે **ઇરિયાવહિયા** ઉઠાવી છે, તે વ્યાજબી નથી. એમ આ પ્રકરણમાં હેતુ યુક્તિ પૂર્વક સાબિત કરવામાં આવ્યું છે.

### (૩૩) ઇર્યાપથપરિશિષ્ટ

સં., લેખ, ગ્રં. ૪૮, ર.સં. ૧૯૮૪.

સામાયિક વિગેરે કરવામાં **ઇરિયાવહિયાની** પ્રથમ જરૂર છે. તે વાત આ પ્રકરણમાં શાસ્ત્રના પાઠો આપી પ્રશ્નોત્તર રૂપે સાબિત કરાઈ છે.

### (૩૪) ઇર્યાપથિકાનિર્ણય

સં., લેખ, ગ્રં. ૯૦, ૨.સં, ૧૯૮૪.

આવશ્યક વિગેરેની શરૂઆતમાં **ઇરિવહિયા** કરવી જોઇએ, તે વાત આ પ્રકરણમાં શાસ્ત્રના પ્રમાણો આપીને સાબિત કરાઈ છે.

### (૩૫) ઉત્સર્પણાર્થવિચાર

સં., ૫. ૧૧, ગ્રં. ૧૫, ૨.સં. ૧૯૮૩.

**કાશીવાળા ધર્મ**વિજયજી વિગેરે મુનિઓએ જીનેશ્વર ભગવાનની પૂજા વિગેરેમાં બોલાતી બોલી એ શાસ્ત્ર સંમત નથી એમ જે વાત જણાવી છે, તે વાત શાસ્ત્ર વિરૂદ્ધ છે. શાસ્ત્ર સંમત તો ઊત્સર્પણ એટલે બોલી બોલવું તે છે, એમ આ ગ્રંથમાં જણાવ્યું છે.

### (૩૬) ઉત્સૂત્રભાષણફલ યાને ઉત્સૂત્રભાષણવિમર્શ

સં., લેખ, ગ્રં. ૧૧૭, ૨.સં. ૨૦૦૩.

સૂત્રના પદ કે અક્ષરને નહિ અંગીકાર કરનાર ઉત્સૂત્રભાષક કહેવાય, એમ જણાવી ઉત્સૂત્રપ્રરૂપકોને કેટલો સંસાર તે વાત આ પ્રકરણથી સાબિત કરાઈ છે.

### (૩૭) ઉદ્યમપંચદશિકા

સં., ૫. ૧૫, ગ્રં. ૧૫, ૨.સં. ૧૯૮૩.

કાળ સ્વભાવ વિગેરે પાંચે કારણો જીનેશ્વર ભગવાનના શાસનમાં માનેલાં છે, છતાં પણ કલ્યાણ માટે ઉદ્યમ કરવાની જરૂર છે, તે વાત આ ગ્રંથમાં પ્રતિપાદન કરાઇ છે.

(૩૮) ઉદ્યાપનવિચાર

સં., પ. ૧૧, ગ્રં. ૧૧, ૨.સં. ૧૯૮૨.

ભિન્ન ભિન્ન પ્રકારે કરેલા તપોની પૂર્ણાહુતિએ જે ઉદ્યાપન કરવું તે ચૈત્યની ઉપર કળશ આરોપણ કરવા જેવું છે, તેમ આ પ્રકરણમાં જણાવાયું છે. એટલે તપની પૂર્ણાહુતિએ ઉદ્યાપન કરવું જ જોઈએ, તેમ આ પ્રકરણમાં સાબિત કરાયું છે,

(૩૯) ઉપદેશ

સં., પ. ૧૭, ગ્રં. ૨૧, ૨.સં. ૧૯૮૪.

તપ, દાન, વગેરેનો તીર્થંકર પરમાત્માએ ઉપદેશ આપ્યો છે, છતાં જીવો સુખનું ધ્યેય છતાં અજ્ઞાનથી દુઃખનાં જ સાધનો એકઠાં કરે છે. તે વાત લઈ આમાં ધર્મનો ઉપદેશ આપ્યો છે.

(૪૦) ઉપકારદ્વાદશિકા યાને ઉપકારવિચાર:

સં., પ. ૧૨, ગ્રં. ૧૨, ૨.સં. ૨૦૦૫.

સાધુઓ જગતને શો લાભ આપે છે? એ વાત આમાં જણાવવામાં આવી છે. એટલે સાધુઓ જગતમાં પરમ ઉપકાર કરનારા છે, એમ આ પ્રકરણમાં સિદ્ધ કરાયું છે.

(૪૧) ઉપદેશનવશતિ યાને યતિધર્મોપદેશ

સં., પ. ૯૧૦, ગ્રં. ૯૧૦, ૨.સં. ૨૦૦૫.

ભવ્ય પ્રાણીને મોક્ષને માટે ઉપદેશ દેતાં જણાવ્યું કે મોક્ષે જવાને માટે યતિપણું જોઇએ છે. તેથી ક્ષાંત્યાદિ જે દશ

પ્રકારનો યતિ ધર્મ છે તે અહીંયાં પ્રતિપાદન કરાયો છે. અર્થાત્ યતિ ધર્મનો આ ગ્રંથમાં ઉપદેશ અપાયો છે.

**(૪૨) કર્મગ્રન્થસૂત્રાણિ**

સં., સૂત્રો, ગ્રં. ૧૨૫, ૨. સં. ૧૯૬૮.

જેમ **તત્ત્વાર્થ**ની રચના સૂત્રોમાં છે, તેવી રીતે **નવ્યપંચકર્મગ્રંથ**ની રચના આ પ્રકરણમાં સૂત્રોરૂપે કરવામાં આવી છે.

**(૪૩) કર્મફળવિચાર**

સં., પ. ૭૨, ગ્રં. ૭૨, ૨. સં. ૧૯૮૪.

કરેલા કર્મનું ફળ આપનાર ઈશ્વર કે બીજું કોઈ નથી પણ કર્મ જ છે. તેનું વિસ્તારથી હેતુ યુક્તિ પૂર્વક આમાં વર્ણન કરવામાં આવ્યું છે.

**(૪૪) કલ્પસૂત્રવિવેચન (સામાનિક સુધી)**

સં., પ. ૪૦, ગ્રં. ૪૦, ૨.સં. ૧૯૮૪.

**શ્રીકલ્પસૂત્ર**ની ઉપર પદ્ય રૂપે વિવેચન કરવા માંડેલું છે. તેમાં ઇંદ્રના વર્ણનમાં સામાનિક દેવતાઓના અધિકાર સુધી જ વર્ણવાયું છે. ત્યાંથી આગળ આ વિવેચન અધુરૂં રહ્યું છે.

**(૪૫) કેવલીભુક્તિ (અપૂર્ણ)**

સં., લેખ, ગ્રં. ૩૮, ૨.સં. ૧૯૮૩.

કેવલી ભગવંતને આહાર નથી, એમ જે **શુભચંદ્રે** યુક્તિ ઘટાવી છે, તે યુક્તિનું યુક્તિ પુરસ્સર આ પ્રકરણમાં

ખંડન કરવામાં આવેલું છે. અર્થાત્ કેવલી ભગવંતને પણ ઔદારિક શરીર હોવાથી આહાર છે, એમ સાબિત કરાયું છે.

### (૪૬) કેશરીઆજીવર્ણન

સં., પ. ૧૯, ગ્રં. ૨૦, ૨.સં. ૧૯૮૪.

**શ્રીઆદીશ્વર** ભગવાનની સ્તુતિ કરીને **મેવાડમાં** આવેલા **શ્રીધુલેવા** નગરમાં **શ્રીકેશરીયાજી**ના ધ્વજદંડને સ્થાપન કરવાનો ઇતિહાસ જોડી, આ તીર્થ શ્વેતામ્બરોનું છે. એમ સાબિત કરી, જે પોતે ધ્વજદંડ ચડાવ્યો તેનો ઇતિહાસ આ પ્રકરણમાં આપ્યો છે.

### (૪૭) (ધૂલેવામંડન) કેશરીઆજીવર્ણન

સં., પ. ૧૯, ગ્રં. ૨૩, ૨.સં. ૧૯૮૪.

**કેશરીયાજીવર્ણન**ની માફક આમાં પણ સંવત્સર દર્શાવવા પૂર્વક સાબિતિ સાથે શ્વેતામ્બરોનું આ તીર્થ છે એમ સિદ્ધ કરીને, રાજાની સહાય વડે **શ્રીકેશરીયાજી**ના મંદિર ઉપર પોતે ધ્વજદંડ ચડાવ્યો એ વાત આ પ્રકરણમાં જણાવાઈ છે અને રાજા આ તીર્થને દર્શને આવે છે તેમ પણ જણાવ્યું છે.

### (૪૮) કેશરીયાજીસ્તુતિપંચદશિકા

સં., પ. ૧૫, ગ્રં. ૨૧, ૨.સં. ૧૯૮૪.

આનાં બધાંય પદોનું ચોથું ચરણ સરખું છે અને સ્તુતિ રૂપે **શ્રીકેશરીયાજી**નો મહિમા આમાં ગવાયો છે. એમાં **શ્રીકેશરીયાજી**ની ઉત્પત્તિથી ઇતિહાસ અપાયો છે.

## (૪૯) ક્રિયાદ્વાત્રિંશિકા

સં., પ. ૩૨, ગ્રં. ૩૨, ૨.સં. ૧૯૮૩.

ક્રિયાની જરૂર છે કે નહિ, તે વાત આમાં જણાવી છે. તે જણાવી ધર્મક્રિયા કરવા દ્વારાએજ આગળ વધાય છે, એમ આ પ્રકરણમાં સિદ્ધ કરાયું છે.

## (૫૦) ક્રિયાસ્થાનવર્ણન

સં., પ. ૨૧, ગ્રં. ૨૫, ૨.સં. ૧૯૮૪.

કર્મ બંધમાં પ્રધાન કારણ ભૂત ક્રિયાનાં જે તેર સ્થાનો છે તેનું આમાં વર્ણન કરવામાં આવ્યું છે.

## (૫૧) ક્ષમાવિંશતિકા

સં., પ. ૨૦, ગ્રં. ૨૦, ૨.સં. ૨૦૦૫.

ક્રોધ કરનારાઓ પોતાના આત્માને બાળે છે. જેમ અગ્નિ જેમાં ઉત્પન્ન થયો હોય તેને બાળે છે, તેમ ક્રોધ પણ જેનામાં ઉત્પન્ન થયો હોય તેને બાળે છે. એવું સમજીને આત્માએ ક્ષમા કરવી જોઇએ. તે વાત આમાં સમજાવાઈ છે.

## (૫૨) ક્ષાયિકભવસંખ્યાવિચાર

સં., પ. ૨૬, ગ્રં. ૨૭, ૨.સં. ૧૯૮૪.

ભવાંતરનું અસંખ્યાત વર્ષનું મનુષ્ય કે તિર્યંચનું આયુષ્ય બાંધ્યું છે જેને એવો ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિનો આરંભ કરે તો ચાર ભવ, દેવ નારકમાં જનાર હોય તો ત્રણ ભવ, એમ ભવ ગણાય છે. પરંતુ**શ્રી**પ્રભગણિને

દુષ્માકાળના મધ્ય ભાગમાં ક્ષાયિકસમ્યક્ત્વ માન્યું છે. આથી પાંચ ભવનો હિસાબ થાય છે. તેથી શુદ્ધ એવા ક્ષાયોપક્ષમિક સમ્યક્ત્વને ક્ષાયિકની સંજ્ઞા આપી હોય, તો એ વાત ઘટાવી શકાય તેમ છે. તેનું આ ગ્રંથમાં પ્રતિપાદન કરાયું છે.

### (૫૩) ક્ષાયોપશમિકભાવવિચાર યાને ક્ષાયોપશમિકભાવ

સં., પ. ૩૧, ગ્રં. ૩૩, ર.સં. ૧૯૮૩.

આ પ્રકરણની અંદર ક્ષાયોપશમભાવની સિદ્ધિ કરવામાં આવી છે.

### (૫૪) ગણધરસાર્ધશતકદર્પણ

સં., પ. ૫૧, ગ્રં. ૫૧, ર.સં. ૧૯૮૪.

**ખરતર શ્રીચારીત્રસિંહનો** જે **ગણધરસાર્ધશતક** નામનો ગ્રંથ છે, એમાં જે વસ્તુઓ પ્રતિપાદન કરેલી છે, તે વસ્તુઓમાં રહેલી જે અશાસ્ત્રીયતા છે, તે આ પ્રકરણમાં સાબિત કરવામાં આવી છે.

### (૫૫) ગર્ભાપહારસિદ્ધિષોડશિકા

સં, પ. ૧૬, ગ્રં. ૪૧, ર. સં. ૧૯૮૪.

દિગંબરો **શ્રમણ ભગવાન મહાવીર** મહારાજને બીજા ઉદરે મૂકવું તે માનતા નથી. પરંતુ વ્યવહારથી વિચાર કરવા બેસીએ તો દેવાનંદાની કુક્ષિમાં ભગવાન અવતર્યા અને ત્રિશલા રાણીએ જન્મ આપ્યો. એ વાત

કઈ રીતે ઘટે ? તેની સાથે તીર્થંકરના જન્મ માટે "રાજ્ય ઋદ્ધિને ભોગવતા એવાને ત્યાં જન્મ થાય" એમ જે વાત છે, તેનો વિરોધ આવે. આથી ગર્ભનો અપહાર કરવો એ માનવું જ પડે. તે વાત આ પ્રકરણમાં સાબીત કરાઇ છે.

## (૫૬) ગર્હ્યકૃત્યવિચાર

સં., પ. ૫૩, ગ્રં. ૬૫, ૨.સં. ૧૯૬૮.

ગર્હ્યકૃત્ય એટલે નિંદનીય કામો કોને કહેવાય ? તે વાત આ પ્રકરણમાં વિચારાઇ છે. તેમજ કઇ કઇ વસ્તુઓ ગર્હ્યકૃત ગણાય તે પણ આ પ્રકરણમાં પ્રતિપાદન કરાયું છે.

## (૫૭) ગુણગ્રહણશતક

સં., પ. ૧૦૨, ગ્રં. ૧૨૦, ૨.સં. ૧૯૬૮.

ગુણ અને ગુણીઓની શ્લાઘા-પ્રશંસા કરવી જોઇએ. ગુણનો અનુરાગ કરવાવાળા જીવો પાપનો ક્ષય કરી ગુણોને મેળવે છે. દુષ્ટની નિંદા કરનારા એ કર્મના ભાગી થાય છે. અવગુણ જણાવવા જેવો છે, પણ અવગુણીની નિંદા કરવા જેવી નથી. ગુણીની પ્રશંસા કરવાવાળો સંસારના છેડાને પામી શકે છે, પણ અવગુણની નિંદા કરનારો રખડપટ્ટીએ ચડે છે. ઉપર જણાવેલો આ પ્રકરણનો વિષય છે.

## (૫૮) ગુરુમાહાત્મ્ય

સં., પ. ૩૭, ગ્રં. ૩૭, ૨.સં. ૧૯૮૪.

ગુરૂઓ ભવ્ય પ્રાણીઓ ઉપર કેવી રીતે ઉપકાર કરે છે, અને ભવ્ય પ્રાણી કેવી રીતે ગુરૂથી લાભ મેળવે છે, તે વાત આ પ્રકરણમાં ચર્ચાઈ છે.

## (૫૯) ચાન્દનિકીષોડશિકા

સં., પ. ૧૬, ગ્રં. ૧૬, ર.સં. ૧૯૮૩.

કેશર ચંદન વડે પૂજા કરવી કે કંકું વડે પૂજા કરવી. તે વિષય આમાં ચર્ચાયો છે. તેમજ **પંચવસ્તુ** વિગેરે ગ્રંથો વડે સાબીતિ કરાઈ છે. અશુદ્ધિના નામે કેશર–ચંદનને જેઓ ઉડાડવા માગે છે, તેઓ પોતાને ધર્મ નથી ગમતો તેમ જાહેર કરે છે. તેઓ પોતાનુ ધર્મ નહિ કરવાપણું આગળ કરે છે.

## (૬૦) ચૈત્યદ્રવ્યોત્સર્પણ (અપૂર્ણ)

સં., લેખ, ગ્રં. ૨૧૫, ર.સં. ૧૯૮૩.

દેવ દ્રવ્ય વૃદ્ધિ માટે બોલી બોલાવવી એ જે રીતિ છે તે વ્યાજબી છે કે નહિં અને તેની જરૂરીઆત છે કે નહીં? તે શાસ્ત્રીય રીતિએ પ્રતિપાદન કરવા આ ગ્રંથ રચવાની શરૂઆત થઇ છે. લગભગ ૩૦૦ શ્લોકના આશરે રચાયા પછી આ ગ્રંથ અપૂર્ણ રહ્યો છે.

## (૬૧) જમાલિતમખંડન

સં., પ. ૧૭, ગ્રં. ૧૬, ર.સં. ૨૦૦૫.

કરવા માંડયું ત્યાંથી કરાયું એમ માનવું જોઇએ, નહિ તો બંધ અને મોક્ષની વ્યવસ્થા સંગત ન થાય. કષાય કરાય ક્યારે અને કર્મ ક્યારે બંધાય, ધ્યાન કરાય ક્યારે અને નિર્જરા થાય ક્યારે, એ રીતે વાંધો આવે. આથી જ સૂત્રની અંદર નૈશ્ચયિક અર્થાવગ્રહ એક સમયનો માન્યો

છે અને આટલા જ માટે સૂત્રોમાં "समयं गोयम ! मा पमायए ! (હે ગૌતમ, સમય માત્ર પણ પ્રમાદ કરીશ નહિ) તે વાત જણાવાઈ છે. આથી કર્યા પછી કર્યું કહેવું એ જમાલીનો મત ખોટો છે અને નિશ્ચય અને વ્યવહાર બન્ને નયે કરવા માંડયું ત્યારથી કર્યું એમ સાબીત કરાયું છે.

**(૬૨) જયસોમસિક્ખા (અપૂર્ણ)**

સં., પ. ૬૯, ગ્રં. ૬૯, ર.સં. ૧૯૯૨.

જયસોમ એટલે જીનચંદ્ર જે ખરતરગચ્છના આચાર્ય છે, એમને ચાર તિથિ સિવાય જો પૌષધ કરે તો અવિધિ-દોષ લાગે, એમ પ્રતિપાદન કર્યું છે. આથી આ પ્રકરણ-વડે તેમને શિખામણ આપવામાં આવી છે.

**(૬૩) જિનમહિમા**

સં., પ. ૯૧, ગ્રં. ૧૬૮, ર.સં. ૨૦૦૩.

જિનેશ્વર ભગવાનની કેવી સ્થિતિ હોય છે, તે પદ્યો-દ્વારા સ્તુતિ કરવા વડે કરીને આમાં સ્તવાઈ છે. તીર્થંકર ભગવાનની પ્રતિમા ન હોય તો ભવ્યનું શું થાય ? એ વાત પણ આમાં જણાવાઈ છે.

**(૬૪) જિનસ્તુતિ** (त्वं नमरुपेण)

સં., પ. ૫૭, ગ્રં. ૫૭, ર.સં. ૧૯૮૪.

તીર્થંકર પરમાત્માની આમાં સ્તવના છે. તેના પદ્યની શરૂઆત " त्वं नमरुपेण "થી કરાઇ છે. પચાશ શ્લોક સુધી

છેલ્લુ ચરણ એક રૂપનું રાખ્યું છે. એ રીતે આમાં તીર્થંકર પરમાત્માની સ્તુતિ કરાઇ છે.

**(૬૫) જીનસ્તુતિ** (वंदे नम्रसुरा०)

સં., પ. ૧૬, ગ્રં. ૨૪, ર.સં. ૧૯૮૪.

તીર્થંકર પરમાત્માની આમાં સ્તવના કરી છે અને ' **वंदे नम्रसूरा०** ' ત્યાંથી આનું પહેલું પદ્ય શરૂ થાય છે.

**(૬૬) જિનસ્તુતિ** (यो योगीनामप्य०)

સં., પ. ૧૭, ગ્રં. ૨૨, ર.સં. ૧૯૮૪.

અરિહંત પરમાત્માની દ્રવ્ય ગુણ પર્યાય એ વાત લઇને સ્તવના કરવામાં આવી છે. એનું પહેલું પદ્ય **यो योगीनामप्य०**'થી શરૂ થાય છે.

**(૬૭) જીવસિદ્ધિ** યાને **પાપભીતિ**

સં., પ. ૮૬, ગ્રં. ૯૫, ર.સં. ૧૯૬૮.

જીવ શાશ્વતો છે, પરંતુ તેવા આશ્રવોના સ્થાનોમાં ફસાવાથી જુદા જુદા રૂપે પરિણમે છે. એટલું જ નહિ પણ જીવ શાશ્વતો છે, તોજ ભવાંતર જઈ શકે છે, તોજ જીવને દાન વિગેરેથી પુણ્ય થાય છે, તપ વગેરેથી નિર્જરા થાય છે અને સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ પણ થાય છે. આ બધું શાશ્વતો જીવ છે તેથી જ ઘટી શકે છે. એ રીતે હેતુઓ આપવા પૂર્વક આ પ્રકરણમાં જીવની સિદ્ધિ કરાઈ છે. આથી જ પાપનો ભય રાખવો જોઇએ અને જીવને સર્વકર્મથી મુક્તિ કરવો જ જોઇએ.

### (૬૮) જૈનગીતા

સં., ૫. ૧૩૮૧, ગ્રં. ૨૨૦૦, ૨.સં. ૨૦૦૪.

**ગીતા** જેમ શ્રીકૃષ્ણના વાક્ય તરીકે મનાય છે, પરંતુ તત્ત્વરીતે જો જોવામાં આવે તો તેની અંદર આત્માના હિતનું કંઈ વળે તેવું નથી. પરંતુ જૈનોને તો આત્મા મુખ્ય રાખીને જ ચાલવું છે, તેથી આત્માનું હિત કઈ રીતે કરાય તે વાત હરહંમેશ વિચારવાની છે. તે હીત સ્વાધ્યાયદ્વારા કરી શકાય. આવો સ્વાધ્યાય કરવા માટે આ **જૈનગીતા** છે, કે જેની અંદર છત્રીસ અધ્યયનો છે. તેમાં પહેલાં નવ અરિહંતાદિક ૯ પદનાં, બીજાં નવ જીવાદિક નવ તત્ત્વનાં, દેવગુરૂધર્મરૂપી તત્ત્વત્રયીનાં ત્રણ, જિનચૈત્યાદિ સાત ક્ષેત્રનાં સાત, અહિંસાદિ મહાવ્રતોનાં પાંચ અને જ્ઞાન-દર્શન ચારિત્રનાં ત્રણ, એમ છત્રીસ અધ્યયનો છે. ક્રમે-૧ શ્લોક૧૬, ૨ શ્લો. ૧૬, ૩ શ્લો. ૧૬, ૪ શ્લો. ૧૬, ૫ શ્લો. ૧૮, ૬ શ્લો. ૧૭, ૭ શ્લો. ૧૬, ૮ શ્લો. ૧૭, ૯ શ્લો. ૨૪, ૧૦ શ્લો. ૧૯, ૧૧ શ્લો. ૨૦, ૧૨ શ્લો. ૩૦, ૧૩ શ્લો. ૩૨, ૧૪ શ્લો. ૨૨, ૧૫ શ્લો. ૩૦, ૧૬ શ્લો. ૩૧, ૧૭ શ્લો. ૩૫, ૧૮ શ્લો. ૩૮ ૧૯ શ્લો. ૪૦, ૨૦ ૩૬, ૨૧ શ્લો. ૩૮, ૨૨ શ્લો. ૩૭, ૨૩ શ્લો. ૩૭, ૨૪ શ્લો. ૫૦, ૨૫ શ્લો. ૫૧, ૨૬ શ્લો. ૬૭, ૨૭ શ્લો. ૭૨, ૨૮ શ્લો. ૭૨, ૨૯ શ્લો. ૮૦ ૩૦ શ્લો. ૭૫, ૩૧ શ્લો. ૩૬, ૩૨ શ્લો. ૩૬, ૩૩ શ્લો. ૩૬, ૩૪ શ્લો. ૩૮, ૩૫ શ્લો. ૫૭, અને ૩૬ શ્લો. ૧૦૯, એમ તેરસો ઇગન્યાશી ૧૩૭૯ શ્લોકો થાય છે. અને બે પદ્યો ઉપસંહારનાં છે.

એ રીતે ૧૩૮૧ શ્લોકો છે. જૈનત્વ માટે આ ખાસ નિત્ય પાઠ જેવી અપૂર્વ ચીજ છે.

### (૬૯) જૈનપુસ્તકભાંડાગારસ્તવ

સં., પ. ૫, ગ્રં. ૭, ર.સં. ૧૯૮૪.

જૈન સિદ્ધાંતના પુસ્તકભંડારો જરૂરી છે. એ વાત આ પ્રકરણમાં પ્રતિપાદન કરેલી છે.

### (૭૦) જૈનપૂર્ણત્વાષ્ટાદશિકા

સં., પ. ૧૮, ગ્રં. ૧૮, ર.સં. ૨૦૦૫.

જૈનદર્શન સિવાય સંપૂર્ણ પ્રકારનું કોઇપણ દર્શન નથી, તેવી રીતે જ્ઞાનથી, નામ વિગેરે વડે કરીને, સંહિતા વિગેરે વ્યાખ્યા વડે કરીને અને ઉપક્રમ, નિક્ષેપ, નય, દ્રવ્ય, પર્યાય, ઉત્પન્ન વિગેરે વડે કરીને જૈનદર્શનનીજ પૂર્ણતા છે. એમ આ ગ્રંથમાં જણાવવામાં આવ્યું છે.

### (૭૧) જૈનેન્દ્રસ્તુતિ

સં., પ. ૨૬, ગ્રં. ૩૩, ર.સં. ૧૯૮૪.

છુટાં છુટાં પદ્યોમાં અને થોડાં ભેગાં પદ્યોમાં તીર્થંકર પરમાત્માની આમાં સ્તુતિ કરાઈ છે.

### (૭૨) જ્ઞાતપર્યુષણા

સં., લેખ, ગ્રં. ૨૯૧, ર.સં. ૨૦૦૩.

પર્યુષણા ક્યારે કરવી ? અધિક માસ આવ્યો હોય ત્યારે ખરતરો જે પ્રથમ ભાદરવો લે છે, તે વાત વ્યાજબી

નથી. તેવીજ રીતે ભાદરવા સુદી ૫ (પાંચમ)ના ક્ષયે જોડી આ પર્વ તરીકે ત્રીજનો ક્ષય યા વૃદ્ધિ થાય, તે વાત આમાં સાબીત કરાઈ છે.

### (૭૩) જ્ઞાનપદ્યાવલિ

સં., પ. ૫, ગ્રં. ૫, ર.સં. ૨૦૦૩.

આત્માનો ગુણ જ્ઞાન છે, તે વાત આમાં જણાવવામાં આવી છે અને જ્ઞાનના પાંચ ભેદો પણ જણાવવામાં આવ્યાં છે.

### (૭૪) જ્ઞાનપંચવિંશતિકા

સં., પ. ૨૬, ગ્રં. ૨૮, ર.સં. ૨૦૦૫.

આત્માનો ગુણ લઈને જ્ઞાનનું વર્ણન કરતાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન વિગેરે જ્ઞાનના સમૂહરૂપ જ્ઞાન એમ આ પ્રકરણમાં જણાવ્યું છે.

### (૭૫) જ્ઞાનભેદષોડશિકા

સં., પ. ૧૭, ગ્રં. ૧૮, ર.સં. ૨૦૦૫.

મતિજ્ઞાન વિગેરે જ્ઞાનના પાંચ ભેદ છે. તેમાં મતિજ્ઞાનની ચર્ચા કરીને શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનનું સ્વરૂપ ટુંકામાં સમજાવ્યું છે.

### (૭૬) તત્ત્વાર્થપરિશિષ્ટ

સં., સૂત્રો, ગ્રં. ૧૦૦, ર.સં. ૧૯૭૬.

પૂ. ઉમાસ્વાતિવાચકજી મહારાજે **તત્ત્વાર્થસૂત્ર** દશ અધ્યાયમય જે રચ્યું છે, તેમાં (તેનાં સૂત્રોમાં) જે વિષય

નથી આવ્યો, તે વિષયને સૂત્રરૂપે સમજાવવા માટે આ ગ્રંથની રચના કરાઇ છે. (આ ગ્રંથ ગુજરાતી સવિસ્તર ભાષાંતર સાથે બે ત્રણ વખત છપાઈ ગયો છે.)

### (૭૭) તાત્ત્વિકપ્રશ્નોતરાણિ

સં., પ્રશ્નોત્તરો, ગ્રં. ૧૦૦૦૦, ર.સં. ૧૯૮૮–૨૦૦૫.

જેમ **જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણે **વિશેષણવતી** પ્રશ્નોતરરૂપે રચી છે, તેવી રીતે આ ગ્રંથ પ્રશ્નોત્તરરૂપે રચાયો છે. ૧૫૯૫ પ્રશ્નોત્તરમાંથી અતિગહન પ્રશ્નોત્તરો અને તાત્ત્વિકવિમર્ષને છોડીને ૧૪૪૬ પ્રશ્નોત્તરોનો મહાકાય ગ્રંથ છપાયો છે. અહિયાં જે પ્રશ્નો ઉત્પન્ન કરીને સમાધાન કરાયાં છે, તે કલ્પનાના વિષયમાં પણ ન આવે તેવાં છે. આની વાનગી રૂપે આગમોદ્ધારકે સ્વમુખે સમજાવેલ અવતરણ તેમજ શબ્દાર્થ પૂર્વક સીતોતેર (૭૭) પ્રશ્નોત્તરો પુસ્તિકારૂપે સં. ૨૦૦૫માં છપાયા હતા (અને ૧૫૯૫ પ્રશ્નોત્તરોમાંથી અતિગૂઢાર્થ અને તાત્ત્વિક વિમર્ષને છોડીને ૧૪૪૬ પ્રશ્નોત્તરનો સંસ્કૃત મૂળ ગ્રંથ સં. ૨૦૧૪ માં છપાઇ ગયો છે.) કેટલાક છુટા છવાયા પણ પડેલા પ્રશ્નોત્તરો છે. આમાંથી ભિન્ન પાડેલ **તાત્ત્વિકવિમર્ષ** આગમોદ્ધારકૃતિસંદોહમાં છપાયો છે.

### (૭૮) તારંગાજિતનાથસ્તવ

સં., પ. ૮, ગ્રં. ૮, ર.સં. ૧૯૮૪.

કુમારપાળ મહારાજે **તારંગા** ઉપર જે **અજીતનાથ** ભગવાન સ્થાપિત કર્યા છે, તેની આમાં સ્તવના કરાઇ છે.

(તારાગાજીમાં બગીચામાં પાદુકા પણ તે સાલમાં આગમો-દ્ધારક હસ્તે સ્થાપન કરવામાં આવી છે.)

## (૭૯) તિથિદર્પણ

સં., લેખ, ગ્રં. ૭૦૦, ર.સં. ૨૦૦૪.

ક્ષય વૃદ્ધિના પ્રસંગે કઇ તિથિ પ્રમાણ કરવી, તે વાત આ ગ્રંથમાં વિસ્તારથી શાસ્ત્રોના પાઠો આપવા પૂર્વક સમજાવાઇ છે.

## (૮૦) તિથિપટ્ટક

સં., લેખ, ગ્રં. ૧૨, ર.સં. ૨૦૦૪.

શ્રમણ ભગવાન **શ્રીમહાવીર** મહારાજાથી ચોવીસોને ચુમોતેર(વી. ૨૪૭૪)ના કાર્તિક વદી ૨ ના દિવસે પર્વ તિથિની ક્ષય વૃદ્ધિમાં કઈ તિથિની ક્ષય વૃદ્ધિ કરવી અને કિયી તિથિને પર્વ સંજ્ઞા આપવી તે આ પટ્ટકમાં નિર્દેષ કરાયો છે.

## (૮૧) તીર્થમાળા (અપૂર્ણ)

સં., પ. ૧૫૦, ગ્રં. ૧૭૪, ર.સં. ૨૦૦૫.

હિંદુસ્તાનમાં આપેલાં તીર્થોની સ્તવના કરવાની પ્રતિજ્ઞા કરવા પૂર્વક તીર્થમાળા રચવાનો પ્રારંભ કર્યો છે. આમાં પ્રથમ તીર્થનું પચાશ શ્લોકથી વર્ણન કર્યું છે. પછી શ્રી-**સિદ્ધગિરી**રાજનું પચીશ શ્લોકથી વર્ણન કર્યું છે. પછી 'આગમમંદિર'નું છત્રીશ શ્લોકથી વર્ણન કર્યું છે. 'સિદ્ધચક્ર-ગણધરમંદિર'નું તેત્રીશ શ્લોકથી વર્ણન કર્યું છે. 'સિદ્ધચક્ર-

ગણધરમંદિરમાં આવેલા 'ગણધરપટો'નું બત્રીસ શ્લોકથી વર્ણન કર્યું છે અને તેથી આગળ **ઉજ્જયંત ગીરનાર** તીર્થનું વર્ણનશરૂ કર્યું. ત્યાં ૧૫ પંદર શ્લોક આવતાં આ તીર્થમાળા અધુરી રહી છે.

## (૮૨) ત્રયીતત્ત્વદ્વાદશિકા

સં., પ. ૧૨, ગ્રં. ૧૪, ર.સં. ૨૦૦૫.

ઉત્પાદ વ્યય અને ધ્રુવ સ્વરૂપ જે માતૃકાપદ છે, તે મય તમામ વસ્તુ જગતમાં છે, તેમ આ પ્રકરણમાં જણાવ્યું છે.

## (૮૩) ત્રિપદીપંચષષ્ટિકા

સં., પ. ૬૫, ગ્રં. ૭૫, ર.સં. ૨૦૦૫.

ઉત્પાદ વ્યય અને ધ્રુવ એ ત્રણે વસ્તુને 'ત્રિપદી' કહેવામાં આવે છે અને ગણધર ભગવંતો દીક્ષા લેતાં ભગવંતના મુખથી એ ત્રિપદીને પામીને 'દ્વાદશાંગી'ની રચના કરે છે. એ ત્રિપદીનું આ ગ્રંથમાં વર્ણન કરાયું છે. ઉત્પન્ન થવું એટલે શું? નાશ થવું એટલે શું? અને સ્થિર રહેવું એટલે શું? એનું સવિસ્તર વર્ણન આ ગ્રંથમાં કરાયું છે.

## (૮૪) દયાવિમર્ષ

સં., પ. ૨૧, ગ્રં. ૨૧, ર.સં. ૧૯૮૪.

આ પ્રકરણની અંદર દયાનો વિચાર કરાયો છે. જીવદયા જો કોઇ સ્થળે હોય તો તે શ્રીતીર્થંકર પરમાત્માના શાસનમાં જ છે, બીજે નથી. તેમ હિંસામાં ધર્મ નથી, તે વાત આ પ્રકરણમાં જણાવાઈ છે.

### (૮૫) દાનાદિધર્મવિચાર યાને દાનધર્મ

સં., પ. ૫૪, ગ્રં. ૬૦, ર.સં. ૧૯૮૪.

સાધુ અને શ્રાવકના ધર્મનો ભેદ જણાવી, ધર્મના દાન વગેરે ચાર ભેદો જણાવી, ગૃહસ્થને દાન મુખ્ય છે એમ જણાવી, દાન વિગેરે ધર્મોનું આમાં વર્ણન કરાયું છે. પણ વિશેષ પ્રકારે દાન ધર્મને આમાં ચર્ચાઓ છે.

### (૮૬) દિગંબરમતનિરાશ

સં., પ. ૧૯, ગ્રં. ૨૮, ર.સં. ૧૯૮૩.

દિગંબરોએ જે આચરણ કર્યું છે, તે જીનકલ્પ નથી પણ નગ્નપણું છે. સચેલકપણું એ મોક્ષમાં બાધક જ છે, એ વાત વ્યાજબી નથી. કારણ કે સ્વલિંગ, ગ્રહીલિંગ વિગેરેથી મોક્ષપણું તો કહેલું જ છે. 'નગ્નપણાના અભાવને લીધે સ્રીને મુક્તિનો અભાવ છે,' એ જે તારે કહેવું પડ્યું છે તે ઉચિત નથી. એમ આ ગ્રંથમાં જણાવાયું છે.

### (૮૭) દુષ્પ્રતિકારવિચાર

સં., પ. ૩૭, ગ્રં. ૪૨, ર.સં. ૧૯૬૮.

માત પિતા એ દુષ્પ્રતિકાર છે. તે વાત આ પ્રકરણમાં વિચારાઇ છે. શ્રમણ ભગવાન **મહાવીર** મહારાજાએ પણ માતા પિતા જીવતાં છતાં દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કર્યો હતો. માતા પિતાને ત્રણે સંધ્યાએ નમન કરવું જોઇએ. પિતા પુત્રે સાથે દીક્ષા લીધી હોય તો પિતાને વડીલ કરવા તે પણ એજ હેતુ માટે છે. એ રીતે દુષ્પ્રતિકારપણું આ પ્રકરણમાં સાબીત કરાયું છે.

## (૮૮) દુઃખવર્જનષોડશિકા યાને ભિક્ષાષોડશિકા

સં., ૫. ૧૭, ગ્રં. ૧૯, ર.સં. ૧૯૮૩.

દરેક પ્રાણીને દુઃખ અપ્રિય છે અને સુખ પ્રિય છે. તેથી જીનેશ્વર ભગવંતોએ હિંસાથી દુઃખ જણાવ્યું છે. અને પ્રાણીઓને પણ હિંસાથી દુઃખ થાય છે, આથી સાધુઓને અહિંસા વિગેરે મહાવ્રતો ઉચ્ચરાવવા વડે કરીને છએ છ જીવનિકાયના વધનું વિરમણ કરવાનું છે જેથી છએ જીવનિકાયના જીવને દુઃખ ન થાય, યાવત્ સાધુના આહાર પાણી વિગેરે પણ ઉદ્દેશિક વિગેરે વડે કરીને પણ હિંસાના દોષ વાળો ન હોય, કે જેથી બીજા પ્રાણીઓને દુઃખ થાય. આ રીતે દુઃખના વર્જનના જ મુદ્દાએ ભિક્ષાનું પર્યટન આ ગ્રંથમાં જણાવ્યું છે.

## (૮૯) દૃષ્ટાંતતત્ત્વચતુર્વિંશતિકા યાને સમ્યક્ત્વજ્ઞાતાનિ

સં., ૫. ૨૫, ગ્રં. ૨૫, ર.સં. ૨૦૦૬

**આવશ્યકનિર્યુક્તિ**માં પ્રથમ સમ્યક્ત્વ પામવા વખતની સ્થિતિ સમજાવતાં "પલ્યાદિ" જે દૃષ્ટાંતો અપાયાં છે તેનું શું રહસ્ય છે, તે આ પ્રકરણમાં વિચારાયું છે.

## (૯૦) દેવદ્રવ્યવિચાર યાને દેવદ્રવ્યદ્વાત્રિંશિકા

સં., ૫. ૩૩, ગ્રં. ૪૦, ર.સં. ૧૯૭૭.

જિનાલયના બનાવવામાં પૃથ્વી વગેરેની હિંસા એ ભવની વૃદ્ધિ માટે થતી નથી, કારણ કે ભાવનું વિશુદ્ધપણું

છે. એવી રીતે જિનેશ્વર ભગવાનની પૂજા એ પણ સંસારના નાશને માટે છે. તેવી રીતે ચૈત્યદ્રવ્યનું જે રક્ષણ કરવું તે પણ સંસારના નાશને માટે છે. કેટલાક આગમના નામે આગમને નહિ સમજનારા, ચૈત્યદ્રવ્યને નહિ સમજનારા બીજાના નામે બોલે છે તે ખોટું છે. તેથી તીર્થંકર પરમાત્માની પૂજા તે ઉચિત જ છે. અને ચૈત્યદ્રવ્યની જરૂર જ છે, એમ જણાવી તે દ્રવ્ય ચૈત્યમાં જ વપરાય તેમ આ પ્રકરણમાં પ્રતિપાદન કર્યું છે.

### (૯૧) દેવસ્તુતિનિર્ણય યાને દેવતાસ્તુતિનિર્ણય

સં., પ. ૩૨, ગ્રં. ૩૩, ર.સં. ૧૯૮૩.

દેવતાઓ એ સ્તવવા યોગ્ય નથી એવું જે જણાવે છે, તે શાસ્ત્ર સંમત નથી. કારણ કે વિધિ વિધાનો અને શાસ્ત્રોમાં દેવોનું સ્મરણ છે. પ્રતિષ્ઠા વિગેરેની અંદર પણ દેવતાઓને સ્તુતિ વિગેરેથી આમંત્રણ છે. અવિરતિ એવા દેવતાઓમાં પણ સમ્યક્ત્વ વાળા છે અને તેઓ શાસનનું હિત ચાહનાર હોઈ, શાસનની સેવા અંગે તૈયાર રહે છે. આથી અવિરતિ એવા પણ સમ્યક્ત્વિ દેવતાઓની સ્તુતિ શાસ્ત્રમાં કહેવાઈ છે.

### (૯૨) દ્રવ્યબોધત્રયોદશી

સં., પ. ૧૩, ગ્રં. ૧૩, ર.સં. ૨૦૦૫.

આ પ્રકરણની અંદર ષટ્દ્રવ્યની સિદ્ધિ કરતાં, જે એકલા મૂર્તિમાન્ દ્રવ્યને જ બોલનારા છે, અમૂર્ત–એટલે અરૂપી દ્રવ્યને બોલનારા નથી, તેઓને તો સ્પર્શાદિના

વિષયોમાં આવે તે જ દ્રવ્ય લેવું છે. પરંતુ સર્વજ્ઞ સિવાય સંપૂર્ણ દ્રવ્ય જાણી શકાય નહિ. એકલા પર્યાયના જ્ઞાનથી દ્રવ્યનું સંપૂર્ણ જ્ઞાન થતું નથી. આ રીતે ઉપર જણાવેલો વિષય આ પ્રકરણમાં વિચારાયો છે.

### (૯૩) દૃષ્ટિસંમોહવિચાર

સં., પ. ૧૩, ગ્રં. ૧૨, ર.સં. ૨૦૦૫.

અન્ય દર્શનોથી મુંઝાએલી એવી આત્મદૃષ્ટિનો અહીં વિચાર કરવામાં આવેલો છે. જેને લઇને આ આત્મા શુદ્ધ માર્ગને પામી શકતો નથી, આવી જે દૃષ્ટિ તેને દૃષ્ટિ-સંમોહ કહેવાય છે. દૃષ્ટિ એટલે શ્રદ્ધા તેમાં મુંઝાવનાર તે દૃષ્ટિસંમોહ.

### (૯૪) દ્વેષજયદ્વાદશિકા

સં., પ. ૧૨, ગ્રં. ૧૪, ર.સં. ૨૦૦૫.

ક્ષમા વગેરે ચાર પ્રકારના ધર્મના ભેદમાં ક્ષમાને આગળ કેમ કરાય છે ? તેનું કારણ એ છે કે ક્રોધ એ જેમ માર્ગમાં આવવા દેતો નથી, તેમ દ્વેષ પણ માર્ગમાં આવવા દેતો નથી. તેથી દ્વેષને જીતવાની જરૂર છે. તે વાત આ પ્રકરણમાં જણાવી છે.

### (૯૫) ધનાર્જનષોડશિકા

સં., પ. ૧૭, ગ્રં. ૧૭, ર.સં. ૨૦૦૫.

'ધર્મને માટે ધન ઉપાર્જન કરવું' એવું જે બોલવું તે ઉચિત નથી. કારણ કે લોભ સિવાય ધન ઉપાર્જન થતું નથી. લાભ એ પાપનો બાપ છે. અને જે ધન ઉપાર્જન

કરાય છે, તેનો તો થોડો જ ભાગ ધર્મમાં વપરાય છે. માટે ધર્મને માટે ધન ઉપાર્જન કરવું યોગ્ય નથી.

**(૯૬) ધર્મતત્ત્વવિચાર**

સં., પ. ૧૧, ગ્રં. ૧૨, ર.સં. ૧૯૮૩.

દાન વગેરે ધર્મ છે, ક્ષાન્તિ વિગેરે ધર્મ છે અને દર્શન વગેરે પણ ધર્મ છે. એ ત્રણે પ્રકારના ધર્મોનું કયું તત્ત્વ છે, તે આ પ્રકરણમાં વિચારાયું છે.

**(૯૭) ધર્મદેશના (અપૂર્ણ)**

સં., પ. ૨૦, ગ્રં. ૨૦, ર.સં. ૨૦૦૫.

અશરણ એવા ભવની અંદર ઉદ્ધાર કરનાર એવો ધર્મ જ છે. ધર્મને આરાધન કરનારો અવ્યય પદને મેળવે છે. તેમ જણાવી અહીયાં ધર્મનું સ્વરૂપ જણાવ્યું છે. માર્ગાનુંસારીના પાંત્રીશગુણ, એકવીશ ગુણ એ વિગેરેમાં પણ ધર્મજ છે. તેમ આ પ્રકરણમાં જણાવ્યું છે.

**(૯૮) ધર્માસ્તિકાયાદિવિચાર**

સં., પ. ૧૩, ગ્ર. ૧૩, ર.સં. ૧૯૮૩.

ધર્માસ્તિકાય વગેરેનો આ પ્રકરણમાં વિચાર કરવામાં આવ્યો છે અને સિદ્ધ કરાઇ છે.

**(૯૯) ધર્મોપદેશ**

સં., પ. ૬, ગ્રં. ૬, ર.સં. ૧૯૮૪.

નરભવ વગેરેની દુર્લભતા જણાવી, મળેલા નરભવની સાર્થકતા કરી લેવી તેજ શ્રેય છે, એમ આ પ્રકરણમાં જણાવ્યું છે.

## (૧૦૦) નક્ષત્રભોગાદિ

સં., લેખ, ગ્રં. ૧૪૭, ર.સં, ૨૦૦૩.

**ભ**રત, **ઐ**રવત અને **મ**હાવિદેહમાં વર્ષનો આરંભ, મહિનાનો આરંભ અને અધિકમાસ વિગેરેની ચર્ચા કરતાં ચંદ્રમાસ, કર્મમાસ વિગેરેની ચર્ચા આમાં કરાઈ છે.

## (૧૦૧) નગ્નાટશિક્ષાશતક

સં., પ. ૧૦૧, ગ્રં. ૭૪, ર.સં. ૨૦૦૫.

પ્રાતિહાર્ય વગેરેની ભગવાનને શોભા હોવા છતાં દિગંબરો નગ્નપણું માને છે, તેથી દિગંબરોને હિતશિક્ષા રૂપે આ ગ્રંથ રચાયો છે. તેમજ **સ**હસ્રમલ ઉર્ફે **શિવ**કુમાર જે મતના આદ્ય છે. તે વાતનુ પ્રતિપાદન કરીને આ પ્રકરણનો આરંભ કરવામાં આવ્યો છે.

## (૧૦૨) નયવિચાર

સં., પ. ૬૨, ગ્રં. ૬૪, ર.સં. ૧૯૮૩.

સમવાય કારણ, ઉપાદાન કારણ, નિશ્ચય, વ્યવહાર એ બધાની વાત જણાવીને નિશ્ચય અને વ્યવહાર નય મોક્ષે જવામાં શું માને છે, તે વાત આ પ્રકરણમાં પ્રતિપાદન કરાઈ છે.

## (૧૦૩) નયવિચારદ્વાત્રિંશિકા

સં., પ. ૩૩, ગ્રં. ૩૩, ર.સં. ૧૯૮૩.

વ્યવહારનય અને નિશ્ચયનયના મતે 'ક્રિયમાણં કૃતમ્' એ જે છે તે કઈ રીતે સમજવું ? તેની સમજાવટ આ પ્રકરણ

કરે છે. તેમજ જમાલીનો મત ખંડિત કરીને આમાં નિરૂતર કરાયો છે.

**(૧૦૪) નયષોડશિકા**

સં., પ. ૧૬, ગ્રં. ૪૧, ૨. સં. ૨૦૦૫.

આની અંદર જ્ઞાન અને ક્રિયા બન્નેનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે. તેથી જ્ઞાનનય કઇ રીતે મોક્ષ વર્ણવે અને ક્રિયાનય કઇ રીતે મોક્ષ વર્ણવે? તે વર્ણન કરી જ્ઞાન અને ક્રિયારૂપ બન્ને નયો ભેગા જૈનશાસનમાં માન્ય છે, તેમ વર્ણવાયું છે. જગતની અંદર પણ દ્રવ્યાદિની અપેક્ષાએ તેના પદાર્થનો બોધ થાય છે. એમ વર્ણવી નયોનો ઉપસંહાર કરાયો છે.

**(૧૦૫) નયાનુયોગાષ્ટક**

સં., પ. ૮, ગ્રં. ૮, ૨.સં. ૨૦૦૫.

જેમ વ્યાકરણને જાણનારા જુદા જુદા પ્રકારે શબ્દોને ભેદીને વ્યાખ્યા કરે છે; તેવી રીતે સૂત્રની ઉપર નયોનાં દ્વારો વિચારાયાં છે. અને આથી જ શાસ્ત્રકારોએ ભિન્ન માર્ગે ન જવાય તે લક્ષમાં રાખીને નયોની વ્યાખ્યા કરી છે.

**(૧૦૬) નરતત્ત્વવ્યાખ્યાન (અપૂર્ણ)**

સં., લેખ. ગ્રં. ૧૧૨, ૨.સં. ૧૯૮૩.

યાકીનીમહત્તરસુનુ ભવવિરહ પૂ૦ હરિભદ્રસૂરિ મહારાજે **નૃતત્ત્વ** નામનું જે પ્રકરણ રચ્યું છે, તે પ્રકરણની **વૃત્તિ** રચવાનો આમાં આરંભ કર્યો છે. અને ત્રીજા શ્લોકની વ્યાખ્યા ચાલુ કરેલી છે. તે પછીથી આ પ્રકરણ અધુરૂં રહેલું છે.

## (૧૦૭) નિક્ષેપશતક

સં., પ. ૧૦૧, ગ્રં. ૧૧૫, ર.સં. ૧૯૮૩.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ જે ચાર નિક્ષેપાઓ છે, તે અરિહંત પરમાત્મામાં કઈ રીતે આરાધવા જોઇએ એમ જણાવી; નામ વિગેરે નિક્ષેપાનું આમાં સ્વરુપ વર્ણવાચુ છે.

## (૧૦૮) નિર્જરાદિ

સં., સૂત્ર. ગ્રં. ૪૦, ર.સં. ૨૦૦૨.

શરૂઆતમાં વાદિનું સ્વરૂપ પ્રતિપાદન કરી જૈન માર્ગની ક્રિયા એ જ મોક્ષને અનુસરનારી છે, આથી જ જૈનમાર્ગથી અનુક્રમે કર્મની નિર્જરા થઇને મોક્ષ થાય છે. એ વાત આ પ્રકરણમાં જણાવી છે. આમાં ૧૦૬ સૂત્રો છે.

## (૧૦૯) નિર્યાણ યાને નિર્યાણવિચાર

સં., પ. લેખ, ગ્રં. ૧૬૩, ર.સં. ૨૦૦૩.

દેવતાઓને જંબુદ્વીપ વિગેરેમાં આવવાને માટે માર્ગ છે. તે ક્યાં અને કઇ રીતે છે, તે વાતની આ પ્રકરણમાં ચર્ચા કરાઇ છે.

## (૧૧૦) નિષદ્યૈકાદશિકા યાને નિષદ્યાવિચાર

સં., પ. ૧૧, ગ્રં. ૧૧, ર.સં. ૨૦૦૫.

'નિષદ્યા' શબ્દનો અર્થ શું થાય ? તે વાત આ ગ્રંથમાં પ્રતિપાદન કરાઈ છે. રચનાની અપેક્ષાએ 'નિષદ્યા' એટલે 'ત્રિપદી' અને ક્રિયાની અપેક્ષાએ 'નિષદ્યા' એટલે 'આસન' એમ જણાવાયું છે.

## (૧૧૧) નિસર્ગદર્શી

સં., પ. ૧૦, ગ્રં. ૧૦, ર.સં. ૨૦૦૫.

**મરૂ**દેવા માતા જે સમ્યક્ત્વ પામ્યાં છે, તે સ્વાભાવિક–નૈસર્ગિક સમ્યક્ત્વ છે. તે વાત આ પ્રકરણમાં વર્ણવાઈ છે.

## (૧૧૨) ન્યાયપદ્ધતિ

સં., પ. ૮૬, ગ્રં. ૮૬, ર.સં. ૧૯૮૫.

ન્યાયઉપાર્જિતદ્રવ્ય એ જે માર્ગાનુસારીના ગુણમાં જણાવાય છે, તેનું કારણ શું છે, તે આ પ્રકરણમાં વિસ્તારથી જણાવવામાં આવ્યું છે.

## (૧૧૩) ન્યાયાવતારદીપિકા

સં., દીપિકા. ગ્રં. ૩૨૧૫, ર.સં. ૧૯૬૬.

**સિદ્ધ**સેનદિવાકરજી મ.ની જે **ન્યાયાવતાર** પદ્યબંધ મૂળ કૃતિ છે, તેની ઉપર સંસ્કૃતમાં ૧૯૬૬માં ૩૨૧૫ શ્લોક પ્રમાણ **દીપિકા** રચી છે. ટીકા કે ટિપ્પણિકા જે વર્તમાનમાં કહેવાય છે, તેના કરતાં આ મોટી દીપીકા છે. એની પ્રતિપાદન શૈલી ઘણી મનોહર છે. એની પૂર્ણાહુતિના પદ્યોમાં આરમા પદ્યમાં પોતાના ગુરૂજીનું નામ જણાવ્યું છે.

## (૧૧૪) પદ્મનાભસ્તવ

સં., પ. ૮, ગ્રં. ૧૪, ર.સં. ૧૯૮૪.

જેમણે **શ્રીમહાવીર** ભગવાનના શાસનમાં તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું છે, એવા **શ્રીપદ્મનાભ** ભગવા-

નની આમાં સ્તવના કરાઇ છે. આ સ્તવના દ્રવ્યોને આશરીને દ્રવ્ય કર્મ વિગેરે વડે કરીને કરાઇ છે.

**(૧૧૫) પરમાણુપંચવિંશતિકા**

સં., પ. ૨૮, ગ્રં. ૩૨, ર.સં. ૨૦૦૫.

પૂ. ઉમાસ્વાતિવાચકજી મહારાજે પરમાણુની સિદ્ધિને માટે જે **કારિકા** મૂકી છે. તે **કારિકા**ના ભાવાર્થને પદ્યો વડે કરીને આમાં પ્રતિપાદન કરાયો છે. આ રીતે પરમાણુંનું સ્વરુપ આ ગ્રંથમાં વિચારાયું છે.

**(૧૧૬) પર્યુષણાચત્વારિંશિકા**
યાને **પર્યુષણારુપમ્**

સં., પ. ૪૦, ગ્રં. ૪૦, ર.સં. ૨૦૦૫.

**શ્રીસ્થાનાંગ** અને **શ્રીદશાશ્રુતસ્કંધ**ની વાત જણાવીને વર્ષાકાળની અંદર અવસ્થાનની વાત જણાવી છે. તેમજ કલ્પના ભેદ જણાવી, ક્રમે **કાલકાચાર્ય** મહારાજથી **ભાદરવા** સુદ ચોથની પર્યુષણા થઈ એમ જણાવતાં, ક્રમે આ પ્રકરણ પુરૂ કરતાં **કલ્પાધ્યાય** શ્રમણો ભગવાન **મહાવીરે** પર્ષદામાં વર્ણવ્યો, એમ જણાવ્યું છે.

**(૧૧૭) પર્યુષણાપરાવૃત્તિ**

સં., લેખ, ગ્રં. ૧૦૦, ર.સં. ૨૦૦૩.

પંચક પંચકની વૃદ્ધિ વડે કરીને જે વ્યવહાર હતો તે આર્યસ્કંદિલાચાર્યની પહેલાં વિચ્છેદ થયો હતો, એમ જણાવી પર્યુષણની પરાવૃત્તિ કઇ રીતે થઇ, તે વાત આ ગ્રંથમાં જણાવાઈ છે.

## (૧૧૮) પર્યુષણાપ્રભા (અપૂર્ણ)

સં., લેખ. ગ્રં. ૧૨૦, ૨.સં. ૧૯૮૩.

**શ્રીકલ્પસૂત્ર**ને અનુલક્ષીને **પર્યુષણાપ્રભા** નામની અરિહંતના મહિમાથી ઉપચિત એવી આ **ટીકા** રચવા માંડી છે. "उत्तराहिं चूए" તે સૂત્રની વ્યાખ્યા કરતાં આ અપૂર્ણ રહી છે.

## (૧૧૯) પર્વતિથિ પ્રકરણ

સં., લેખ, ગ્રં. ૨૫, ૨.સં. ૨૦૦૩.

પર્વતિથિની ક્ષય વૃદ્ધિમાં જેને પર્વતિથિ કરાય તેને જ પર્વતિથિનો વ્યપદેશ થાય તે વાત આ પ્રકરણમાં જણાવાઈ છે.

## (૧૨૦) પર્વતિથિસૂત્રાણિ

સં., સૂત્ર, ગ્રં. ૭૦, ૨.સં. ૧૯૯૮.

પર્વતિથિનું પ્રતિપાદન કરવાને માટે ક્ષય વૃદ્ધિ કઈ રીતે થાય છે, તે વાત જણાવી, કઈ રીતે પર્વ તિથિ કરવી, તે વાત આ સૂત્રોમાં જણાવવામાં આવી છે. ૯૦ સૂત્રોનો આ ગ્રંથ છે.

## (૧૨૧) પર્વતિથિસૂત્રાણિ

સં., સૂત્ર, ગ્રં. ૧૩૬, ૨.સં. ૨૦૦૨.

પર્વતિથિનું પ્રતિપાદન કરનારાં અને પર્વતિથિનાં વ્રતનિયમો ક્ષયવૃદ્ધિમાં કઈ રીતે કરવાં, તે વાત આ પ્રકરણમાં વિસ્તારથી સમજાવાઈ છે. આમાં સૂત્રો ૩૨૭ છે.

**(૧૨૨) પર્વવિધાન**

સં., ૫. ૩૯, ગ્રં. ૪૦, ર.સં. ૧૯૮૪.

કર્મ વર્ષને આશરીને સંવત્સરનો વ્યવહાર છે. તેથી અષ્ટમી પક્ષને મધ્યે, પક્ષને અંતે પંચદશી અને ચતુર્દશીએ પાક્ષિક. એમ કર્મ વર્ષને આ શરીને પર્વો છે. એ રીતે પર્વને સાબીત કરવા પૂર્વક આ ગ્રંથમાં પર્વનુ વિધાન કરવામાં આવ્યું છે.

**(૧૨૩) પર્ષદિ કલ્પવાંચન યાને પર્ષત્કલ્પવાંચન**

સં., લેખ, ગ્રં. ૨૦૨, ર.સં. ૨૦૦૩.

પર્ષદાની અંદર **કલ્પસૂત્ર** કયારથી (કયા દિવસથી) વંચાયું, કોના સમયે વંચાયું અને કોને વાંચ્યું, તે વાત આ પ્રકરણમાં સમજાવવામાં આવી છે.

**(૧૨૪) પંચસૂત્રતર્કાવતાર**

સં., ટીકા, ગ્રં. ૧૦૦૧, ર.સં. ૨૦૦૫.

**પંચસૂત્ર**ની ઉપર જેમ **વાર્તિક** રચ્યું છે તેમ **વાર્તિક**ના ત્રીજા ભાગ જેટલી **પંચસૂત્ર**ના બોધને કરતી આ **તર્કાવતાર** નામની લઘુ ટીકા રચી છે.

**(૧૨૫) પંચસૂત્રવાર્તિક**

સં., વાર્તિક ગ્રં. ૨૯૦૦, ર.સં. ૨૦૦૫.

**પંચસૂત્ર**ની ઉપર બાળજીવોને બોધ થાય એવા પ્રકારનું ટીપ્પણુ રચવાને પ્રતિજ્ઞા કરીને આ ગ્રંથનો પ્રારંભ કર્યો છે. પરંતુ પૂર્ણ કરતી વખતે વાર્તિક પૂર્ણ કરૂં છું

એ પ્રકારે જણાવ્યું છે. એટલે આ ટીપ્પણ નથી પણ વાર્તિક છે. **ટીકા તરીકેની છેલ્લામાં છેલ્લી રચના આગમોદ્ધારકની જો કોઈ હોય તો તે આ વાર્તિક જ છે.**

**(૧૨૬) પંચસૂત્રી**

સં., પ. ૨૦૨, ગ્રં. ૨૦૨, ર. સં. ૧૯૮૩.

આની અંદર આત્માએ મોક્ષ મેળવવા માટે કઈ રીતે ઉદ્યમ કરવો જોઈએ, તે વિસ્તારપૂર્વક વર્ણવાયું છે. આથી એમાં પાંચ વાતો વર્ણવાઇ છે. ૧–પાપને છોડવું, ૨–ગુણોને ધારણ કરવા, ૩–સાધુપણું અંગીકાર કરવું, ૪–તેનું પાલન કરવું, અને ૫–તેના ફળ રૂપ મોક્ષને મેળવવું. એ પાંચ વસ્તુઓ આમાં વર્ણવી હોવાથી આનું નામ **પંચસૂત્રી** છે. આથી **પંચસૂત્ર**ના જેવો આરાધના કરવા માટે ઉપયોગી એવો આ ગ્રંથ છે.

**(૧૨૭) પંચાસરાપાર્શ્વનાથસ્તવ**

સં., પ. ૧૨, ગ્રં. ૨૦, ર.સં. ૧૯૮૪.

**પાટણ**ની અંદર '**પં**ચાસરા'ના નામથી પ્રસિદ્ધ એવા **શ્રીપાર્શ્વનાથ** ભગવાનની આમાં સ્તવના કરી છે. **શીલાં**કસૂરિના ચરણ કમળ વડે કરીને પવિત્ર થએલા એવા **પાટણ**માં **વનરાજ** ચાવડાથી જે **શ્રીપાર્શ્વનાથ** ભગવાનનો મહિમા ગવાયો છે, તે વાત આ પ્રકરણમાં જણાવેલી છે.

**(૧૨૮) પુરુષાર્થજિજ્ઞાસા**

સં., સૂત્રો, ૧૧૦૯, ગ્રં. ૩૦૦, ર.સં. ૧૯૮૩.

આ રચના સૂત્ર રૂપે છે. આની અંદર અહ્નિકા

રૂપે ભાગ પડાવ્યા છે, અને ચાર અહ્નિકાઓ છે. એક એક અહ્નિકામાં બબ્બે અધ્યયનો છે. અને એક એક અધ્યયનમાં જુદાં જુદાં સૂત્રો છે. તેનાં સૂત્રોનો ક્રમે આ પ્રમાણે છે–૫૭, ૬૯, ૬૦, ૯૯, ૨૧૧, ૧૮૮, ૪૦૪ અને ૨૧ એમ કુલ ૧૧૦૯ છે. ધર્મ અર્થ, મોક્ષ અને કામ એ ચાર પુરુષાર્થને પકડીને આગળ વધાર્યું છે. **ધર્મબિંદુમાં** જેવી સૂત્રો છે તેવી રીતે આ ગ્રંથ સૂત્રરૂપે રચાયો છે.

### (૧૨૯) પોસીનાપાર્શ્વનાથસ્તવ

સં., પ. ૮, ગ્રં. ૮, ર.સં. ૧૯૮૪.

**પોસીના** ગમામાં આવેલા **શ્રીપાર્શ્વનાથ** ભગવાનની આમાં સ્તુતિ કરાઈ છે.

### (૧૩૦) પૌષધકર્ત્તવ્યતાનિર્ણય યાને પૌષધપરામર્શ

સં., લેખ, ગ્રં. ૭૦, ર.સં. ૧૯૮૪.

પૌષધ એ આખો દિવસ આચરવાનો છે, પણ સામાયિક વગેરેની જેમ દિવસમાં ફરી ફરીથી ઉચ્ચરવાનો નથી. તેથી આખો દિવસ પૌષધને માટે છે. પણ તે અર્થ નહિ સમજનારા પર્વમાં જ પૌષધને કર્તવ્યતા માને છે, એ **ખરતરોની** જે માન્યતા છે તે ખોટી છે. એમ જણાવી પૌષધનું ગમે તે દિવસ કર્તવ્યપણું આ ગ્રંથમાં સાબીત કરાયું છે.

### (૧૩૧) પ્રકીર્ણકપદ્યાવલી

સં., પ. ૨૭, ગ્રં. ૩૯, ર.સં. ૧૯૮૩.

આની અંદર જુદાં જુદાં પદ્યો છે, તેમાં એક પંદર પદ્યો સલંગ છે. પાંચ પદ્ય અને પરચુરણ પદ્યો પણ છે. વળી આવાં છુટાં છુટાં પદ્યો હજુ પણ ઘણાંએ પરચુરણ કાગળો પર પડેલાં છે.

## (૧૩૨) પ્રજ્ઞપ્તપદદ્વાત્રિંશિકા

સં., પ. ૩૨, ગ્રં. ૩૪, ર.સં. ૨૦૦૫.

સૂત્રોની અંદર "**पन्नत्तं**" એવો પ્રયોગ આવે છે. આથી "पन्नत्त" એ શબ્દના અર્થની આ પ્રકરણમાં ચર્ચા કરવામાં આવેલી છે.

## (૧૩૩) પ્રતિદિવસપ્રતિનિયતાર્થવિચારણાદિ યાને પૌષધવિમર્શ

સં., લેખ, ગ્રં. ૩૧૫, ર.સં. ૨૦૦૩.

**ખ**રતરો પર્વના દિવસ સિવાય પૌષધ કરવો નહિ એમ **પંચાશક**ના આધારે પ્રતિપાદન કરે છે. તેથી **પંચાશક**ની ટીકમાં આવતા "પ્રતિદિવસ" અને "પ્રતિનિયતદિવસ" એનો અર્થ શું થાય? તે અહીયાં વિચારાયું છે. પર્વના દિવસે અવશ્ય કર્તવ્યતા જે હતી, તેના બદલે પર્વના દિવસોએ જ કરવો એવું જે **ખ**રતરોનું વિધાન છે, તે નિર્મૂળ છે, તેમ આ પ્રકરણમાં સાબીત કરાયું છે.

## (૧૩૪) પ્રતિમાપૂજાદ્વાત્રિંશિકા

સં., પ. ૩૩, ગ્રં, ૩૪, ર.સં. ૧૯૮૪.

જીનેશ્વર ભગવાનની પૂજાની આ પ્રકરણમાં સિદ્ધિ

કરવામાં આવી છે. પૂજામાં બંધને કહેનારાને બંધના હેતુમાં આ બંધનો હેતુ ગણાવ્યો છે, કે નહિ તે પ્રશ્ન કરીને નિરૂત્તર કર્યો છે. તેથી દ્રવ્ય પૂજા સાધુઓ નથી કરતા (દ્રવ્ય પૂજા કરવાનો આચાર સાધુઓનો નથી પણ શ્રાવકનો આચાર છે) તેથી બહુ નિર્જરાવાળી દ્રવ્ય પૂજા શ્રાવકે કરવી જોઇએ. આ વિષય આ ગ્રંથનો છે.

## (૧૩૫) પ્રતિમાશતકટિપ્પણ (અપૂર્ણ)

સં., ટિપ્પણ, ગ્રં. ૪૦, ર.સં. ૧૯૮૩.

ઉપાધ્યાય **શ્રીયશોવિજયજી** મહારાજે જે **પ્રતિમાશતક** નામનો ગ્રંથ બનાવ્યો છે, કે જેની અંદર પ્રતિમાની સિદ્ધિ કરવામાં આવી છે, તેનું ટિપ્પણ કરવાની શરૂઆત આ ગ્રંથમાં કરાઈ છે. પણ તે અધૂરો રહ્યો છે.

## (૧૩૬) પ્રમાણપ્રમેયવિચાર

સં., પ. ૨૯, ગ્રં. ૩૧, ર. સં.૧૯૮૩.

પ્રમાણ કોને કહેવું અને પ્રમેય શું? તે વાતનો આમાં જૈનદૃષ્ટિએ વિચાર કરાયો છે.

## (૧૩૭) ફલપ્રાપ્તિરીતિ

સં., પ. ૨૮, ગ્રં. ૨૮, ર.સં. ૨૦૦૬.

જીવને કર્મ ફળ કેમ આપે છે? સુખ દુઃખ વગેરેનું જે વિચિત્રપણું છે, તેમજ જે કર્મનું ફળ મળે છે, તે જીવના પોતાના કરેલા પૂર્વના કર્મના યોગે તે તે ફળ મેળવે છે. તેનું આ પ્રકરણમાં સમર્થન કરાયું છે.

### (૧૩૮) બુદ્ધિગુણસમુચ્ચઓ

પ્રા., પ. ૧૬૧, ગ્રં. ૧૮૦, ૨.સં. ૧૯૮૪.

બુદ્ધિનો ગુણ શું છે, તે વાત આ પ્રકરણમાં વિચારાઈ છે. પ્રાકૃત ભાષામાં આ રમ્ય પ્રકરણ છે.

### (૧૩૯) મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ

સં., વ્યાકરણ, ગ્રં. ૧૦૦૦, ૨.સં. ૧૯૬૪.

સિદ્ધપ્રભા અને લઘુસિદ્ધપ્રભાના વચગાળાનું પ્રક્રિયા ક્રમવાળું લગભગ હજાર શ્લોક પ્રમાણનું આ વ્યાકરણ છે.

### (૧૪૦) મહાનિશીથલઘુઅવચૂરિ (અપૂર્ણ)

સં., અવચૂરિ, ગ્રં. ૩૦૦, ૨.સં. ૧૯૮૩.

**શ્રીમહાનિશીથસૂત્ર** ઉપર અવચૂરિ કરવાનો પ્રારંભ કરાયો છે. તેના પહેલા અધ્યાયના ૧૯૭મા પદ્ય સુધી આવીને આ અવચૂરિ અધૂરી રહી છે.

### (૧૪૧) મહાવ્રતવિચાર

સં., પ. ૭૦, ગ્રં. ૭૦, ૨.સં. ૧૯૬૮.

મહાવ્રતોનો આમાં વિચાર કરવામાં આવ્યો છે. એકના ભંગની અંદર સર્વે મહાવ્રતોનો ભંગ થાય, તે વગેરે ચર્ચા આ પ્રકરણમાં કરી મહાવ્રતોની સિદ્ધિ કરી છે.

### (૧૪૨) મંગળપ્રકરણ

સં., પ. ૩૭, ગ્રં. ૩૧, ૨.સં. ૧૯૬૮

વિઘ્નનો નાશ કરવા માટે આદિ, અંત અને મધ્ય

જે ત્રણ મંગળ કરાય છે, તેની વાતની આમાં ચર્ચા કરવામાં આવી છે.

### (૧૪૩) મંગળવિચાર

સં., પ. ૯, ગ્રં. ૯, ર.સં. ૧૯૮૩.

અરિહંત પરમાત્માને કરેલો નમસ્કાર મંગળ કરનાર છે અને અન્યદેવોને કરેલો નમસ્કાર એ મંગળ–કલ્યાણ કરનાર નથી. આથી શાસ્ત્રની આદિમાં મંગળ કરાય છે કે જેથી શાસ્ત્રમાં વિઘ્ન ન આવે અને શાસ્ત્રનો પાર પમાય એટલે કે વિઘ્નની શાંતિ માટે મંગળ કહેલું છે.

### (૧૪૪) મંગલાદિવિચાર

સં., પ. ૫૩, ગ્રં. ૬૦, ર.સં. ૧૯૮૩.

મંગળ એ વિઘ્નનો નાશ કરનાર છે, એમ જે કહેવાય છે તે મંગળપણાની બુદ્ધિ વડે કરીને ઉત્પન્ન થએલો જે પ્રશસ્ત ભાવ છે, તે વિઘ્નનો નાશ કરે છે. એમ આ પ્રકરણમાં જણાવ્યું છે.

### (૧૪૫) માસકલ્પસિદ્ધિ

સં., ૬. ૨૮, ગ્રં. ૨૯, ર.સં. ૧૯૮૪.

સાધુઓને જે દશ પ્રકારનો કલ્પ કહ્યો છે. તે કરાતો ત્રીજા ઔષધની માફક ગુણ કરનારો છે. તેમ જણાવી જે અચેલક વગેરે દશ પ્રકારના કલ્પો જણાવ્યા છે, તેની અંદરનો જે માસકલ્પ તેની વ્યવસ્થા આમાં જણાવાઇ છે.

## (૧૪૬) મૂર્તિમિમાંસા

સં., પ. ૧૫૩, ગ્રં. ૧૮૫, ૨.સં. ૧૯૮૪.

આ પ્રકરણની મૂળ કોપી છે. પરંતુ પેન્સીલનું લખાણ હોવાથી પરસ્પર મૂળ કોપી ઘસાયેલી હોવાથી તેના આદિનાં ૪૩ પદ્યો વાંચી શકાતાં નથી. 'આકૃતિ'ની=મૂર્તિની જરૂર છે કે નહિ તે વાતની ચર્ચા કરી છે. આકૃતિ જો માનવી તો જેનામાં ગુણો છે તે ગુણોના અંગે પૂજ્ય થાય. આથી ગુણવાનની પૂજા કરવી જોઇએ; અને ગુણવાન એટલે ઉપકાર કરનાર એવા અરિહંત પરમાત્મા જ છે. આથી અરિહંત પરમાતમા જો ન હોય તો તેમની આકૃતિ પણ જોઇએ જ. એટલે આકૃતિની–મૂર્તિની તો જરૂર છે જ અને મૂર્તિ જે છે તે દર્શનશુદ્ધિનું કારણ છે. એવી રીતે આ પ્રકરણમાં ચર્ચા કરી મૂર્તિની સિદ્ધિ કરી છે.

## (૧૪૭) મૂર્તિસ્થાપના

સં., પ. ૯, ગ્રં. ૧૨, ૨.સં. ૧૯૮૪.

**પંચમઅંગ**ની અંદર શ્રુતના અક્ષર રૂપ જે લિપિ તેને ગણધર ભગવંતોએ નમસ્કાર કર્યો છે. લિપિ તે જેમ આકાર છે, તેમ મૂર્તિ એ પણ તીર્થંકરનો આકાર છે. તેથી લિપિને માનનારાએ તીર્થંકરના આકાર રૂપ પ્રતિમાને=મૂર્તિને પણ માનવી જ જોઇએ, એમ આ પ્રકરણ સાબીત કરે છે.

## (૧૪૮) મોક્ષપંચવિંશતિકા

સં., પ. ૨૫, ગ્રં. ૨૫, ૨.સં. ૨૦૦૫.

સંપૂર્ણ કર્મના ક્ષયથી મોક્ષ થાય છે, એ જે વાત છે, તે વાતને આ પ્રકરણમાં સિદ્ધ કરી બતાવી છે.

## (૧૪૯) મૌનષટ્ત્રિંશિકા

સં., પ. ૩૭, ગ્રં. ૩૭, ર.સં. ૧૯૮૩.

મૌન એટલે મુનિપણું. મુનિપણું એ અંતરાયનું ફળ છે એમ બોલનારાને હેતુ યુક્તિ પૂર્વક આમાં જણાવાયું છે કે એ ભોગોપભોગનો અંતરાય નથી પણ પ્રત્યાખ્યાન છે. એમ મુનિપણું શું છે વાત આ ગ્રંથમાં જણાવાઈ છે.

## (૧૫૦) યજ્ઞે હિંસાવિચાર

સં., પ. ૧૬, ગ્રં. ૧૬, ર.સં. ૧૯૮૩.

કર્મથી બોકડાપણું વિગેરે મળે છે અને તે કર્મ પોતાનું કરેલું છે. કર્મથી જન્મ છે અને જન્મથી કર્મ છે, એ બીજાંકુરન્યાયે સિદ્ધ થયેલી જ વાત છે. છતાં યજ્ઞની અંદર હોમવાવડે કરીને અમે સ્વર્ગ અપાવીએ છીએ એ જ માન્યતા છે તે **વેદ**ની હિંસાને જણાવનારી છે. **ગીતા** અને **મનુસ્મૃતિ** પવિત્ર માન્યાં છતાં, તેમાં **માંસ**નું વિધાન કર્યું એટલે હિંસા આવી જ ગઇ. આવી-રીતે યજ્ઞમાં બોકડા વિગેરે હોમવાના હોય છે તેથી યજ્ઞમાં હિંસા છે જ, એમ સાબીત થાય છે.

## (૧૫૧) યથાભદ્રકધર્મસિદ્ધિ

સં., પ. ૨૬, ગ્રં. ૨૮, ર.સં. ૧૯૮૩.

દેવ પૂજા વિગેરે શ્રાવકોની જે ક્રિયા છે, તે સમ્યક્ત્વ

પૂર્વકની જ ફળ વાળી છે. પરંતુ માર્ગની અંદર પ્રવેશ કરવાને માટે જેમ સ્કંધકને આપેલું ચારિત્ર ફળવાળું થયું, તેવી રીતે દાન વગેરે ધર્મની સિદ્ધિ માટે થાય છે. ત્યાં જે કોઈ કારણ છે તે 'યથાભદ્રકપણું' છે. તેથી જે 'યથાભદ્રકને ધર્મ પ્રાપ્ત થાય છે' એમ કહેવાય છે, તે વાતને આની અંદર પ્રતિપાદન કરી યથાભદ્રકને ધર્મ પ્રાપ્તિ થાય છે એમ સાબીત કરાયું છે.

### (૧૫૨) રાત્રિભોજનપરિહાર

સં., પ. ૯, શ્ર. ૯, ૨.સં. ૧૯૮૪.

રાત્રિભોજન ત્યાગ કરનારે કઈ રીતે રાત્રિભોજન ત્યાગ કરવું જોઈએ, તે સમજાવીને રાત્રિભોજન દુર્ગતિનું કારણ છે એમ આમાં જણાવવામાં આવ્યું છે.

### (૧૫૩) રાત્રૌ ચૈત્યગમન

સં., પ. લેખ, ગ્રં. ૬૬, ૨.સં. ૨૦૦૩.

રાત્રિના સમયે ચૈત્યમાં જવાય કે નહિ, તે વાત આમાં પ્રતિપાદન કરવામાં આવી છે. શાસ્ત્રના પૂરાવાઓથી તે વાત સિદ્ધ થાય છે કે રાત્રિએ પણ જીનેશ્વર ભગવાનના મંદિરે જઈ શકાય. ખરતરો એમ નથી માનતા તે શાસ્ત્રસંમત નથી.

### (૧૫૪) લઘુતમનામકોષ

સં., પ. ૧૮૯, ગ્રં. ૧૯૦, ૨.સં. ૨૦૦૫.

શબ્દનો બોધ કરવાને માટે જેમ **ધનંજયનામમાળા**

નામનો નાનો પદ્યમય કોષ છે, તેમ આ પણ નાનો સરખો પદ્યમય શબ્દકોષ છે. તે અને **લઘુસિદ્ધપ્રભાવ્યાકરણ** બન્ને ભેગાં છપાયેલાં છે. તેમ જ છુટા શબ્દોના અર્થરૂપે **પ્રાકૃતલઘુમતકોષ** બનાવ્યો છે.

### (૧૫૫) લઘુસિદ્ધપ્રભાવ્યાકરણ

સં., વ્યાકરણ, ગ્રં. ૫૦૦, ર.સં. ૧૯૬૪.

હેમચંદ્રાચાર્ય મહારાજે **સિદ્ધહેમવ્યાકરણ**નાં જે સૂત્રો રચ્યાં છે તે સૂત્રોમાંથી બહુ થોડાં સૂત્રો લઈને બે **માર્ગોપદેશિકા**ના જેટલો અભ્યાસ થાય, તેના માટે આ નાનામાં નાનું વ્યાકરણ રચાયું છે.

### (૧૫૬) લુંપકકૌટિલ્ય

સં., લેખ, ગ્રં. ૨૭, ર.સં, ૨૦૦૩.

દ્રવ્યસ્તવ ને ભાવસ્તવ એ બન્ને જરૂરી છે. તે વાત આ પ્રકરણમાં સાબીત કરી દ્રવ્ય સ્તવ લોપનારાની કુટીલતા આમાં સાબીત કરાઈ છે.

### (૧૫૭) લોકવાર્તાસમુચ્ચય

સં., પ. ૧૩, ગ્રં. ૧૨, ર.સં. ૨૦૦૫.

રાજા, વણિક વગેરે રાજ્ય વગેરેની, કુટુંબ પરિવાર વિગેરેની વાર્તા વાળા હોય છે; પણ મોક્ષની વાર્તાવાળા હોતા નથી. તેથી શાશ્વત વસ્તુ રાગ દ્વેષમાં રગદોળાવાને લીધે જાણી શકતા નથી. આથી લોકની વાર્તા સર્વ સુખને નાશ કરનારી છે. એ વિષય આ પ્રકરણનો છે.

### (૧૫૮) લોકાચાર

સં., પ. ૫૨, ગ્રં. ૫૧, ર.સં. ૧૯૬૮.

જુગુપ્સનીય પિંડનો જે સાધુઓને નિષેધ કર્યો છે, તે લોકાચારને આશ્રીને કર્યો છે. કાલિકાચાર્યે ચોથની સંવત્સરી કરી, તે રાજાને અને લોકોને અનુવર્તીને કરી. હરીભદ્રસૂરીએ સાધુપણાનો વેષ અંગીકાર કર્યો, તે લોકાચારને આશ્રીને. એવી રીતે લોકાપવાદ ત્યાગ કરવો જોઇએ, તેમ આ પ્રકરણમાં જણાવાયું છે. લોકમાં જે પ્રસિદ્ધ આચાર તે લોકાચાર કહેવાય.

### (૧૫૯) લોકોત્તરતત્ત્વદ્વાત્રિંશિકા

સં., પ. ૩૩, ગ્રં. ૩૩, ર.સં. ૨૦૦૬.

જિનેશ્વર ભગવાનના શાસનની અંદર જે જણાવ્યું છે, તેવું અન્ય કોઈપણ દર્શનમાં જણાવ્યું નથી. આથી લોકોત્તર શાસન જો કોઈ હોય તો તે તીર્થંકર પરમાત્માનું જ શાસન છે. તેમ આમાં સાબીત કરાયું છે.

### (૧૬૦) લોપકપાટિશિક્ષા

સં., પ. ૧૯, ગ્રં. ૧૯, ર.સં. ૨૦૦૫.

મૂર્તિનો અપલાપ કરનારા જગતમાં છે તેથી મૂર્તિની જરૂર છે કે નહિ તે વાત સાબીત કરીને, મૂર્તિનો અપલાપ કરનારાઓને શીખામણ આપી છે કે 'સૂત્ર અને અર્થને મનથી બરોબર વિચારીને માર્ગે આવી જાવ.'

### (૧૬૧) વર્તમાનતીર્થસ્તવ

સં., પ. ૯, ગ્રં. ૧૮, ર.સં. ૧૯૮૧..

**શ્રીસંમેતશિખરજી**થી લઈને આમાં જુદાં જુદાં તીર્થોનાં નામો જણાવાયાં છે. આના પાંચ શ્લોકનું ચોથું ચરણ એક જ રૂપનું છે.

**(૧૬૨) વર્ધાપનિકા**

**(વર્ધાપનાનિ કુર્વાણ્યહમાયતીનામ્)**

સં., પ. ૮, ગ્રં. ૧૦, ર.સં. ૨૦૦૬.

આ આત્મા નિગોદમાંથી નીકળ્યો અને મોક્ષમાં જશે. એ અનાદિથી રખડપટ્ટી કરતા એવા આત્માને મહાલાભ થયો છે. એમ આમાં વધામણી રૂપે વર્ણવાયું છે.

**(૧૬૩) વિધિવિચાર**

સં., પ. ૧૧ ગ્રં. ૧૨, ર.સં. ૧૯૮૩.

"અવિધિથી કરવા કરતાં ન કરવું સારુ" એવું જે જણાવે છે, તેનું સમાધાન કરીને ધર્મ કરનારાએ વિધિ કરવી જોઈએ, પણ અવિધિના નામે ધર્મ છોડવો જોઈએ નહીં. એ રીતે જણાવી વિધિ કરનાર શાશ્વત સુખને ભજે છે એમ જણાવાયું છે.

**(૧૬૪) વિવાહચર્યા** યાને **વિવાહવિચાર**

સં., પ. ૫૩, ગ્રં. ૫૩, ર.સં. ૧૯૬૮.

વિવાહ કરવાનું શાસ્ત્ર સંમત છે કે નહીં ? એ વાત આ પ્રકરણમાં વિચારાઈ છે.

**(૧૬૫) વિંશવિંશિકા દીપિકા ભા. ૧**

**(પ્રસ્તાવનીવિંશિકા)**

સં., દીપિકા, ગ્રં. ૨૪૬૦, ર.સં. ૧૯૬૧.

**વિંશવિંશિકા**ની પહેલી જે **પ્રસ્તાવનાવિંશિકા** છે, તેની ઉપર આ **દીપિકા** છે. **વિંશવિંશિકા**નો અભ્યાસ કરવો ઘણો જ કઠણ છે. તેથી આ ઘણી જ ઉપયોગી છે. આનાં અંતમાં **દીપિકા**કારે (આગમોદ્ધારકશ્રીએ) પોતાનો ઇતિહાસ કેટલાક પદ્યોમાં જણાવ્યો છે. તેની અંદર પણ પોતાના ગુરૂજીનું નામ વિગેરે પણ આપ્યાં છે.

### (૧૬૬) વિંશવિંશિકા દીપિકા ભા. ૨

સં., દીપિકા, ગ્રં. ૪૨૦૦, ર.સં. ૧૯૬૧.

પ્રથમ **વિંશિકા**ની જે રીતે **દીપિકા** કરી છે, તે રીતે આ બીજી **વિંશિકા**ના પહેલા શ્લોક ઉપર ઘણા જ વિસ્તારથી **દીપિકા** કરી છે. આમાં લોકનું સ્વરૂપ ઘણું સુંદર રીતે વર્ણવાયું છે.

### (૧૬૭) વિંશવિંશિકા દીપિકા ભાગ. ૩

(દ્વિતીયવિંશિકા પદ્ય ૨ થી ૭)

સં., દીપિકા, ગ્રં. ૨૫૦૦, ર.સં. ૧૯૬૧.

બીજી **વિંશિકા**ના બીજા પદ્યથી આ ત્રીજો ભાગ શરૂ થાય છે. તેની દીપિકા કરતાં કરતાં સાતમા પદ્ય સુધી એ **દીપિકા** ચાલી છે. પછીથી અપૂર્ણ રહી છે, પણ જેટલી રચાઇ છે તેટલી તો અત્યંત મનોહર અને અતિ ઉપયોગી છે.

### (૧૬૮) વીતરાગત્વવિરોધસમાધાન

સં., પ. ૧૮, ગ્રં. ૨૨, ર. સ. ૨૦૦૬.

અરિહંત પરમાત્મામાં વીતરાગતા છે કે નહીં ? તેનો આમાં વિરોધ આપીને સમાધાન કરવામાં આવ્યું છે.

**(૧૬૯) વીરદેશના**

સં., પ. લેખ, ગ્રં. ૬૦, ર.સં. ૨૦૦૫.

**શ્રીઔપપાતિક**સૂત્રની અંદર જે લોક વિગેરે સિત્તેર વાતો જણાવી છે, તે વાતો લઇને આ પ્રકરણમાં શ્રમણ ભગવાન **મહાવીર**ની દેશના જણાવાઇ છે.

**(૧૭૦) વીરવિવાહવિચાર**

સં., પ. લેખ, ગ્રં. ૨૩, ર.સં. ૧૯૮૪.

દિગંબરો શ્રમણ ભગવાન **મહાવીર** નથી પરણ્યા એમ માને છે, પરંતુ ભગવાન **મહાવીર** સ્વામી પરણ્યા હતા તે વાત શાસ્ત્રના પાઠો આપીને સાબિત કરાઇ છે.

**(૧૭૧) વેસમાહપ્પ**

પ્રા. પ. ૪૧, ગ્રં. ૪૧, ર.સં. ૧૯૮૪.

જગતની અંદર બાલ મધ્યમ અને પંડિત ત્રણ પ્રકારના જીવો હોય છે અને તે જીવો સાધુપણાના વેષને એટલે સાધુપણાના ચિહ્નને જુવે છે. આથી વેષની જરૂર છે. તેમજ કેવળજ્ઞાન થયું હોય તો પણ વેષ આવશ્યક છે. આ રીતે વેષનો મહિમા આમાં વર્ણવાયો છે.

**(૧૭૨) વ્યવહારપંચક**

સં., પ. ૧૯, ગ્રં. ૨૦, ર.સં. ૧૯૮૪.

આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત, એ જે

પાંચ વ્યવહારો છે, તે પાંચેનું આ પ્રકરણની અંદર પ્રતિપાદન કરાયું છે.

### (૧૭૩) વ્યવહારસિદ્ધિષટ્ત્રિંશિકા

સં., પ. ૩૭, ગ્રં. ૩૯, ૨.સં. ૧૯૮૩.

વ્યવહાર જરૂરી છે કે નહીં ? તેમજ દ્રવ્યથી સંયમ વગેરે જે લેવું એટલે વેષ અંગીકાર કરવો, એ જે વ્યવહાર છે તે વ્યવહારની આમાં સિદ્ધિ કરવામાં આવી છે.

### (૧૭૪) વ્યવહારાવ્યવહારરાશિ યાને વ્યવહારરાશિ

સં., લેખ, ગ્રં. ૯૩, ૨. સં. ૨૦૦૩.

બધા જીવોની અનંતકાયિકની કાયસ્થિતિ જો અંગીકાર કરાય તો બધાયનું ઉત્કૃષ્ટ અંતર વનસ્પતિકાય આવે. પરંતુ અવ્યવહારરાશિજ જો અનાદિની માનવામાં આવે તો વ્યવહારરાશિ તે આદિની થઇ જાય. તેથી સૂક્ષ્મ સિવાયના જીવો આદિવાળા થાય એટલે એકેન્દ્રિય સિવાયના જીવો ન હતા એવું ધ્વનિત થાય. પરંતું એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી જે પાંચ ઇન્દ્રિયનો જાતિભેદ છે તે અનાદિનો માનવાને માટે વ્યવહારરાશિ પણ અનાદિની છે એમ માનવું પડે. એમ જો ન માનવામાં આવે તો કોઈ કાળ બે ઇન્દ્રિય આદિ જીવ વગરનો હોતો તેમ માનવું પડે. તે વાત આ ગ્રંથની અંદર પ્રશ્નોત્તરરૂપે શાસ્ત્રના પૂરાવાઓથી વિચારવામાં આવી છે.

### (૧૭૫) શમસ્વરૂપપંચાશિકા યાને શમનિર્ણય

સં., પ. ૫૦, ગ્રં. ૫૧, ૨.સં. ૧૯૮૪.

આ ગ્રંથની અંદર સમ્યક્ત્વને જણાવનારા શમ, સંવેગ, નિર્વેદ, અસ્તિક્ય અને અનુકંપા એ જે લક્ષણો જણાવ્યાં છે, તેમાં શમ એટલે શું અને શમની જરૂરીયાત શી ? તે આ ગ્રંથમાં સાબીત કરવામાં આવ્યું છે.

## (૧૭૬) શરણચતુષ્ક

સં., પ. ૧૨, ગ્રં. ૧૨, ર.સં. ૧૯૮૪.

અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી ભગવંતનો જણાવેલો ધર્મ. રૂપ જે શરણચતુષ્ક (ચારશરણ) તેનુ આમાં વર્ણન કરાયું છે.

## (૧૭૭) શાસ્ત્રવાર્તાપરિશિષ્ટ

સં., સૂત્ર, ગ્રં. ૮૦, ર.સં. ૨૦૦૫.

**શાસ્ત્રવર્તા** નામનો જે ગ્રંથ છે અને તે ગ્રંથમાં જે વાત જણાવેલી છે. તે વસ્તુમાં ઉમેરો કરતો આ ગ્રંથ છે. આથી એને પરિશિષ્ટ કહેવાય છે. જો કે સૂત્ર રૂપે આ ગ્રંથ છે છતાં કોઈ કોઈ પદ્યો પણ છે. એવી રીતે પંચાવન નંબરો એમાં આપેલા છે.

## (૧૭૮) શિક્ષાક્રમ

સં., પ. ૭૫, ગ્રં. ૭૫, ર. સં. ૧૯૮૩.

શિક્ષા એ જરૂરી છે. આથી શિક્ષા જેણે ગ્રહણ નથી કરી અને જેણે ગ્રહણ કરી છે, તેમાં રાત્રિ અને દિવસ જેટલું અંતર બતાવ્યું છે. સંયમ અંગીકાર કર્યા પછીથી નવ દીક્ષિતને મુનિચર્યામાં તૈયાર થવામાટે સ્થવિરોને સોંપાય

છે. કારણ કે તે શિક્ષાને પામે. સ્થવિરોને ભળાવેલો નવ દીક્ષિત કયા ક્રમે શિક્ષા લઈ શકે અને કયા ક્રમે શિક્ષા આપવી જોઇએ, તેનું આ ગ્રંથમાં વર્ણન કરાયેલું છે.

### (૧૭૯) શિષ્ટક્રિયા યાને શિષ્ટવિચાર

સં., પ. ૪૧, ગ્ર. ૪૪, ર.સં. ૧૯૬૮.

શિષ્ટ પુરુષોએ જે આચરણ કર્યું છે, તે શિષ્ટક્રિયા કહેવાય છે. એ વાત આ પ્રકરણમાં પ્રતિપાદન કરાઇ છે.

### (૧૮૦) શિષ્યનિષ્ફેટિકાસ્વરુપ યાને શિષ્યનિષ્ફેટિકા

સાધુને નદી ઊતરવાની જેમ શિષ્યનિસ્ફેટિકાનું=શિષ્ય-ચોરિનું સ્વરૂપ આમાં વિચારાયું છે.

### (૧૮૧) શિષ્યશતકાદિ યાને શ્રુતસ્તુતિ

સં. પ. ૪૬, ગ્રં. ૬૦, ર.સં. ૨૦૦૩.

આની અંદર શ્રોતૃગુણ પ્રકરણના સો ગુણો અગીયાર શ્લોકથી વર્ણવ્યા છે. વ્યાખ્યાદિ ગુણ પ્રકરણ દશ શ્લોકથી વર્ણવાયું છે અને શ્રુતાવલી જે કહેવાય છે, તેનું ૨૫ શ્લોકથી આમાં વર્ણન કરાયું છે. એમ ૧૧+૧૦+૨૫=૪૬ શ્લોકનું આ પ્રકરણ છે.

### (૧૮૨) શ્રમણધર્મસહસ્રી

સં., પ. ૧૦૦૩, ગ્રં. ૧૦૩૬, ર. સં. ૨૦૦૪.

આર્ય શય્યંભવસૂરિએ શ્રીદશવૈકાલિકમાં ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે, એ જે વાત જણાવી છે, તે વાત આ

ગ્રંથમાં વિચરાઈ છે. ધર્મનું ઉત્કૃષ્ટ મંગળપણું અને ધર્મ-અહિંસા, સંજમ, અને તપ એ રૂપ છે તેનું, તેવી જ રીતે ક્રોધ વિગેરેનો અભાવ વર્ણન કરીને મોક્ષનો માર્ગ કર્યો છે તે જણાવાયું છે તેવી રીતે ક્રમે શ્રવણ ધર્મનું મુખ્ય સ્વરૂપ જે અહિંસા, સંજમ અને તપ તેને ઓળખાયું છે અને તેજ સાધુપણું છે એમ જણાવ્યું છે. ઉપર જણાવેલા વિષયનું સવિસ્તર વર્ણન આ ગ્રંથમાં કરાયેલું છે.

## (૧૮૩) શ્રમણશ્રાદ્ધદિનચર્યા (અપૂર્ણ)

સં., પ. ૪૦૫, ગ્રં. ૪૯૦, ર.સં. ૧૯૮૪.

સાધુઓનું દિવસનું કર્તવ્ય, તેમ જ સાધુ અને શ્રાવકના છ આવશ્યકોનું વર્ણન શરૂ કરવામાં આવ્યું છે. પાછલી રાત્રિએ ઊઠતી વખતે સાત નવકાર ગણી, પછી ઇરિયાવહીનો કાઉસગ્ગ કરવો. એવી રીતે આખીયે સાધુની દીનચર્યા જણાવેલી છે. ગોચરી કેવી રીતે લાવવી, કેવી રીતે વાપરવી, તે વિગેરે જણાવ્યું છે. તેમ બેતાલીશ દોષોનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. સ્થંડીલ શુદ્ધિનાં પણ ભાંગાઓ વર્ણન કર્યા છે. વિહારનું કૃત્ય પણ તેજ રીતે સાધુનું વર્ણન કરાયુ છે. એમ વર્ણન કરતાં કરતાં યાવત્ વર્ષાકલ્પ એટલે વર્ષા ઋતુ જુદા જુદા તપો વડે કરીને વ્યતિત કરવી જોઇએ. એમ પંચક પંચક વૃદ્ધિનો વિષય શરૂ કરતાં આ ગ્રંથ અધૂરો રહ્યો છે એટલે શ્રાદ્ધ દિનચર્યા રચી શકાઇ નથી.

## (૧૮૪) શ્રમણો ભગવાન્ મહાવીર

સં., લેખ, ગ્રં. ૬૬૫, ર.સં. ૨૦૦૪.

" समणे भगवं महावीरे " એવું જે દેવતાઓએ નામ આપ્યું છે, તે અંગે તે નામની શું સાર્થકતા છે; અને એ નામ શાથી દેવતાઓને આપવું પડ્યું છે, તે વાત આ ગ્રંથમાં પ્રતિપાદન કરાઈ છે.

**(૧૮૫) શ્રાવકષટ્કૃત્યવર્ણન**

સં., પ. ૨૦, ગ્રં. ૪૨, ર.સં. ૧૯૮૪.

શ્રાવકે જે છ કર્તવ્યો કરવાનાં છે તે કયાં કયાં? તે વાત આ પ્રકરણમાં વર્ણવાઇ છે.

**(૧૮૬) શ્રુતશીલચતુર્ભંગી**

સં., પ. ૧૩૫, ગ્રં. ૧૮૫, ર.સં. ૧૯૮૮.

**શ્રીભગવતી** સૂત્રની અંદર 'દેશઆરાધક અને દેશવિરાધક', 'સર્વઆરાધક' અને 'સર્વવિરાધક' એ જે વાત જણાવી છે, તેને અનુસરીને શ્રુતશીલ ચતુર્ભંગીનું ઉત્થાન કરાયું છે અને તે શ્રુતશીલ ચતુર્ભંગીનું આમાં વર્ણન કરાયું છે.

**(૧૮૭) ષોડશકાલોક** (બે ષોડશક સુધી)

સં., પ. ૫૯+૮૩=૧૪૨ ગ્રં. ૧૫૦, ર.સં. ૧૯૮૪.

પૂ. હરિભદ્રસૂરિજી મહારાજે **ષોડશક** પ્રકરણ જે રચ્યું, તેના આદિના બે ષોડશક ઉપર પદ્ય રૂપે વ્યાખ્યાના રૂપમાં આ પ્રકરણમાં રચના કરવામાં આવી છે.

**(૧૮૮) સચૂલધર્માષ્ટક** યાને **ચારિત્રધર્માષ્ટક**

સં., પ. ૮, ગ્રં. ૮, ર.સં. ૨૦૦૬.

મોક્ષને આપનાર એવો સંપૂર્ણ ધર્મ જો કોઇમાં હોય તો તે પ્રાણીદયા વિગેરે વાળો અરિહંત પરમાત્માનોજ ધર્મ છે. તે ધર્મ ચારિત્ર ધર્મજ છે, તેમ આ પ્રકરણમાં જણાવવામાં આવ્યું છે.

### (૧૮૯) સત્સંગવર્ણન

સં., પ. ૪૨, ગ્રં, ૪૫, ર.સં. ૧૯૬૮.

સારા આચારવાળાની સાથે સંગ કરવાથી શા શા ફાયદા થાય અને કુસંગતથી શું શું નુકશાન થાય, તે સવિસ્તર આ પ્રકરણમાં જણાવાયું છે. પરંતુ મુખ્ય ઉદ્દેશ તો સત્સંગનોજ છે.

### (૧૯૦) સદ્ધર્માષ્ટક

સં., પ. ૮, ગ્રં. ૮, ર.સં. ૨૦૦૬.

" અતિચારવાળાં વ્રતો કલ્યાણને માટે નથી " એમ જે વાત છે તે લાગતા અતિચાર છોડાવવાને માટે છે, નહિ કે વ્રતો નહિ આદરવા માટે છે. તે વાત આ પ્રકરણમાં પ્રતિપાદન કરાઇ છે.

### (૧૯૧) સમવસરણયંત્રક

સં., યંત્ર, ગ્રં. ૭, ર.સં. ૨૦૦૫.

૨૪ તીર્થંકર પરમાત્માના આદ્ય ગણધર અને આદ્ય પ્રવર્તનીનાં નામ આપવા પૂર્વક ગણ વિગેરે ૧૧ દ્વારો આ યંત્રમાં આપવામાં આવેલાં છે.

### (૧૯૨) સમીનાપાર્શ્વનાથસ્તવ

સં., પ. ૮, ગ્રં. ૧૬, ર.સં. ૧૯૮૪.

**સમી**ગામમાં આવેલા **શ્રીપાર્શ્વનાથ** ભગવાનની આમાં સ્તવના કરવામાં આવી છે.

**(૧૯૩) સમ્યક્ત્વભેદતત્ત્વાષ્ટત્રિંશિકા**
યાને **સમ્યક્ત્વભેદવિચાર**

સં., પ. ૩૮, ગ્રં. ૩૮, ર.સં. ૨૦૦૬.

શાસ્ત્રની અંદર સમ્યક્ત્વના રૂચિ વિગેરે શબ્દ વડે કરીને જે દશ ભેદો વર્ણવાયા છે, તે દશ ભેદોનું આમાં પ્રતિપાદન કરાયું છે. તેવી રીતે કારક વિગેરે ભેદો, તેમજ ક્ષાયિક વિગેરે ભેદો પણ સમ્યક્ત્વના માન્યા છે. એમ આ ગ્રંથમાં પ્રતિપાદન કર્યું છે.

**(૧૯૪) સમ્યક્ત્વભેદનિર્ણય** યાને **સમ્યક્ત્વભેદાઃ**

સં., પ. ૩૦, ગ્રં. ૩૧, ર.સં. ૧૯૮૪.

સમ્યક્ત્વના સડસઠ ભેદો છે તેમ જણાવી, સમ્યક્ત્વ કઈ રીતે આત્મામાં ઉત્પન્ન થાય તે વાત જણાવી, સમ્યક્ત્વના સડસઠ ભેદોનું આમાં વર્ણન કરાયું છે.

**(૧૯૫) સમ્યક્ત્વષોડશિકા**

સં., પ. ૧૬, ગ્રં. ૨૨, ર.સં. ૧૯૬૮

**શ્રીઉવવાઇ, શ્રીઉત્તરાધ્યયન** અને **યોગશાસ્ત્ર**માં શ્રદ્ધાનું લક્ષણ જે ભિન્ન પડે છે એમ દેખાય છે, તેની આ પ્રકરણમાં સુસંગતતા કરવામાં આવી છે.

**(૧૯૬) સલ્લક્ષણાનિ**

સં., પ. ૧૩, ગ્રં. ૧૩, ર.સં. ૧૯૮૪.

સજ્જન પુરુષ કેવો હોય, તેના છોત્તેર ગુણો આમાં જણાવ્યા છે.

### (૧૯૭) સંઘાચાર

સં., પ. ૯૫, ગ્રં. ૯૫, ર.સં. ૧૯૮૩.

સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકા, રૂપ જે સંઘ, તેનો આચાર આ પ્રકરણમાં વર્ણવાયો છે.

### (૧૯૮) સંહનનાનિ

સં., લેખ, ગ્રં. ૭૭, ર.સં. ૨૦૦૩.

સંઘયણો છ છે, છતાં પ્રથમ સંઘયણમાં મુક્તિ કેમ? તે ચર્ચા કરી, કયું કયું સંઘયણ કયારે કયારે વિચ્છેદ પામ્યું અને વર્તમાનમાં કયું સંઘયણ છે, તે વાત આ પ્રકરણમાં જણાવાઇ છે.

### (૧૯૯) સામાયિકેર્યાસ્થાનનિર્ણય

સં., લેખ. ગ્રં. ૩૧૨, ર.સં. ૨૦૦૩.

ખરતરો સામાયિક ઉચ્ચાર્યા પછી ઈરિયાવહી કરવાનું જે કહે છે તે પ્રતિપાદન શાસ્ત્ર સંમત નથી. પરંતુ સામાયિક લેતાં પહેલાં ઇરિયાવહી કરવી જોઇએ, તે વાત આ પ્રકરણમાં શાસ્ત્રના પાઠોથી ને વિધિથી સાબીત કરાઈ છે.

### (૨૦૦) સાંવત્સરિકનિર્ણય

સં., પ. ૯૬, ગ્રં. ૯૬, ર. સં. ૧૯૮૩.

સંવત્સરીના મત ભેદના અંગે પાંચમની ક્ષયવૃદ્ધિએ સંવત્સરી ક્યારે કરવી? તે વાત આ ગ્રંથમાં પદ્યરુપે પ્રતિપાદન કરાઈ છે.

### (૨૦૧) સિદ્ધગિરિમહિમા

સં., પ. ૮, ગ્રં. ૮, ૨.સં. ૧૯૮૪.

**સિદ્ધિગિરિ** રાજનો મહિમા આમાં આઠ પદ્યોથી વર્ણવાયો છે.

### (૨૦૨) સિદ્ધગિરિરાજાષ્ટક

સં., પ. ૮, ગ્રં. ૮, ૨.સં. ૧૯૮૩.

સંસાર સમુદ્રથી તારનાર આ ગિરિરાજ છે. આ ગિરિનો મહિમા અચિંત્ય છે. એવા ગિરિરાજને તમો નમસ્કાર કરો. એવી રીતે ગિરિરાજના મહિમાને જણાવનાર આ અષ્ટક છે.

### (૨૦૩) સિદ્ધગિરિસ્તવ

સં., પ. ૨૫, ગ્રં. ૨૫, ૨.સં. ૧૯૮૪.

'દુર્ભવ્યો અને અભવ્યો સિદ્ધગિરિરાજને જોતા નથી' એ વાત જે છે તે વાતનું સમર્થન કરવા પૂર્વક, આમાં **સિદ્ધિગિરિરાજ**નો મહિમા ગવાયો છે.

### (૨૦૪) સિદ્ધપ્રભાવ્યાકરણ

સં., વ્યાકરણ, ગ્રં. ૩૫૦૦, ૨.સં. ૧૯૮૩.

કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ **શ્રીહે**મચંદ્રાચાર્ય મહારાજે **સિદ્ધહેમવ્યાકરણ** જે રચ્યું છે, તેનાં સૂત્રો લઇને પ્રક્રિયાક્રમવડે કરીને આ વ્યાકરણ રચાયું છે. એમાં ન્યાયોને, મતાન્તરોને પણ સ્થાન અપાયું છે. ઉણાદિ તથા ધાતુઓ પણ સંપૂર્ણ અપાયા છે અને થોડું કાવ્યોનું પણ આપવામાં

આવ્યું છે. એ રીતે સાંગોપાંગ આ વ્યાકરણ ૩૫૦૦ શ્લોક પ્રમાણ રચાયું છે.

### (૨૦૫) સિદ્ધપ્રાભૃતવ્યાખ્યા (અપૂર્ણ)

સં., વ્યાખ્યા, ગ્રં. ૮૦, ર.સં. ૧૯૮૩.

**સિદ્ધપ્રાભૃત** જેમાં સિદ્ધોનો અધિકાર વર્ણવાયો છે, તેની વ્યાખ્યા કરવાને માટે આ ગ્રંથનો આરંભ થયો છે. પરંતુ ગ્રંથ એંશી શ્લોક જેટલો રચાયા પછીથી અધૂરો રહ્યો છે.

### (૨૦૬) સિદ્ધષટ્ત્રિંશિકા

સં., પ. ૩૬, ગ્રં. ૫૩, ર. સં. ૨૦૦૩.

જીવનો જ્ઞાન ગુણ છે. એ ગુણ ન હોય તો જીવ ચેતન મટી અચેતન–અજીવ થાય. પણ તેતો બનતું નથી, તેથી જ્ઞાન ગુણવાળો જીવ આરાધના કરતો મોક્ષ મેળવી શકે અને જીનેશ્વર ભગવંત સિવાય તે બીજે નથી. એવા ભાવથી વર્ણન કરતાં જીનેશ્વર ભગવાનની સ્તવના કરી છે. ભગવાન મોક્ષમાં જાય છે ત્યાં જ્ઞાનમય થયેલા છે. અરિહંત ભગવાનને ભજનાર પ્રાણીઓ મોક્ષમાં જાય છે, સિદ્ધ થાય છે. આથી તેમને અમે ભજીયે છીએ, એમ આ પ્રકરણમાં જણાવાયું છે.

### (૨૦૭) સિયવાઓ (અપૂર્ણ)

પ્રા., પ. ૪૭, ગ્રં. ૪૭, ર.સં. ૧૯૮૩.

**પ્રાકૃત** ભાષાથી સ્યાદ્‌વાદનું સાધુને ઉદ્દેશીને ઘટાવવું,

તીર્થંકર પરમાત્માની પૂજાને ઉદ્દેશીને ઘટાવવું, તેવી રીતે આગળ વર્ણન કરવા માટે આ ગ્રંથની શરૂઆત થઈ છે, પરંતુ અડતાલીશમું પદ્ય આવતાં એ અધૂરો રહ્યો છે.

### (૨૦૮) સુખદુઃખવેદન

સં., પ. ૪૨, ગ્રં. ૯૯, ર.સં. ૧૯૮૩.

આસ્તિકમતવાળાઓ ધર્મથી સુખ થાય એમ માને છે, પણ ધર્મના ફળને આપનાર તો ઇશ્વરનેજ જણાવે છે. પરંતુ એમ જે માનવું તે હેતુ યુક્તિથી ઘટતુ નથી, એટલે સુખ ને દુઃખનો કર્તા જીવજ છે અને તેને અનુભવવાનું પણ જીવનેજ છે. એમ આમાં સાબીત કરાયું છે.

### (૨૦૯) સૂતકનિર્ણયપંચવિંશતિકા

સં., પ. ૨૬, ગ્રં. ૨૭, ર.સં. ૧૯૮૪.

દેવની પૂજા પવિત્ર થઇને કરવી જોઇએ, કારણકે દ્રવ્ય-શુદ્ધિ વગર ગૃહસ્થને ભાવશુદ્ધિ નથી. તેવીજ રીતે સ્વાધ્યાય વિગેરેમાં પણ અશુચિ એ અસ્વાધ્યાયનું કારણ છે અને લોહ વિગેરે પુદ્ગલો એ અશુચિનું કારણ છે એમ જણાવી, સૂતક થાય કે નહિ તે વાત આ પ્રકરણમાં જણાવી છે.

### (૨૧૦) સૂર્યોદયસિદ્ધાન્ત યાને સૂર્યોદયવિચાર

સં., લેખ, ગ્રં. ૭૦, ર.સં. ૨૦૦૪.

જીનેશ્વર ભગવાનના દર્શનમાં સૂર્યોદયથી લઈને તિથિ શા માટે માનવી પડે છે? તે વાત આ ગ્રંથમાં શાસ્ત્રના પ્રમાણોથી વિચારાઈ છે. અન્યદર્શનીઓ અપરાહ્ન, મધ્યાહ્ન

વિગેરે વ્યાપિ જે તિથિઓ માને છે, તેવું જૈન દર્શન માનતું નથી. પણ જૈનદર્શન સૂર્યોદયથી આરંભીને તિથિને ગણે છે. કારણ કે જૈનોને તિથિમાં તપ વિગેરે કરવાનું હોય છે અને તેથીજ ૨૪ કલાક તેને લેવાના છે, માટે સૂર્યોદયથી આરંભીને તિથી લેવી તેમ જણાવ્યું છે.

### (૨૧૧) સૌખ્યષોડશિકા

સં., ૫. ૧૬, ગ્રં. ૧૭, ૨.સં. ૨૦૦૫.

જીવ સુખનો જ અભિલાષી છે, આથી તે સુખના હેતુઓને જ ખોળે છે. સુખ મેળવવાનું સાધન ધર્મજ છે. પણ અજ્ઞાની એવો જીવ સુખ મેળવવાના માટે દુઃખ મેળવવાનાં સાધનો એકઠાં કરે છે. ખરેખર જગતનું સુખ તે તો પૌદગલિક સુખ છે. સાચુ અને અવ્યાબાધ સુખ તો મોક્ષનું જ છે. તે આ ગ્રંથનો વિષય છે.

### (૨૧૨) સ્તવનાદિગુર્જરાદિ પદ્યસાહિત્ય

સં. પ્રા, હિ. ગ., પદ્ય, સંખ્યા ૧૪૫, ૨.સં. ૧૯૮૩.

**સંસ્કૃત** ચૈત્યવંદન ૩૩, સ્તવન ૫૧=૮૪, **પ્રાકૃત**-સ્તવન ૧=૧, હિન્દિસ્તવન ૫, સજ્ઝાય ૧, પદ ૧=૭ અને ગુજરાતિ-સ્તવન ૪૦, સજ્ઝય ૯, પદ ૪, અને અનુવાદ ૧=૫૪ એમ (૮૪+૧+૭+૫૪) ૧૪૬ની ચૈત્યવંદન વિગેરેની સંખ્યા છે. આ ગુંથણી પણ મનોહર છે.

### (૨૧૩) સ્ત્રીપૂજાનિર્ણય

સં., ૫. લેખ. ગ્રં. ૫૯. ૨.સં. ૨૦૦૩.

ખરતરો સ્ત્રીને જિનપૂજાનો નિષેધ કરે છે, તે વ્યાજબી નથી. દ્રૌપદી અને સૂર્યાભ દેવતાના દૃષ્ટાંતથી અને શાસ્ત્રના પ્રમાણોથી સાબીત કરાઈ છે કે સ્ત્રી પણ જિનપૂજા કરી શકે છે.

## (૨૧૪) સ્થાપનાર્ચોદ્વાત્રિંશિકા યાને પ્રતિમાપૂજા

સં., પ. ૩૩, ગ્ર. ૩૪, ર.સં. ૨૦૦૫.

તીર્થંકર ભગવાનની પૂજા દ્રવ્ય જીવની વિરાધના હોવા છતાં સમ્યક્ત્વને કેવી રીતે ઉત્પન્ન કરે છે, તે વાત આ ગ્રંથમાં પ્રતિપાદન કરાઈ છે.

## (૨૧૫) સ્થાપનાવિચાર યાને પ્રતિમાષ્ટક

સં., પ્ર. ૮, ગ્રં. ૧૭, ર.સં. ૧૯૮૩.

જેવી રીતે સ્ત્રીના ચિત્રથી વિકારનો સંભવ છે, જેવી રીતે નારકીની આકૃતિઓથી ભય ઉત્પન્ન થાય છે, તેવી રીતે જિનેશ્વરની આકૃતિથી ધર્મની પ્રાપ્તિ કેમ ન થાય? પરંતુ જેઓ સ્થાપના નથી માનતા તેઓનો પ્રતિમા નહીં માનવાનો આ પ્રલાપ છે એમ જણાવી, આનો ઉપસંહાર કરી મૂર્તિનીપ્રતિમાની સિદ્ધિ કરવામાં આવેલી છે.

## (૨૧૬) સ્થાપનાસિદ્ધિ યાને ગુરુસ્થાપનાસિદ્ધિ

સં., પ. ૯, ગ્રં. ૯, ર.સં. ૧૯૮૪.

આચાર્યના અંગે અક્ષાદિની જે સ્થાપના કરાય છે તે વ્યાજબી છે. એટલું જ નહિ પણ ગુરૂના વિરહમાં સ્થાપના કરવી જ જોઇએ, એમ આ ગ્રંથ પ્રતિપાદન કરે છે.

## (૨૧૭) સ્થાપનાસિદ્ધિષષ્ટિકા યાને પ્રતિમાપૂજાસિદ્ધિ

સં., પ. ૬૧, ગ્રં. ૬૧, ર.સં. ૧૯૮૪.

જેઓ સ્થાપના નથી માનતા તેઓ મૃત સાધુઓનો મહોત્સવ કઇ રીતે કરે છે ? તેવો આ પ્રકરણમાં તેમને પ્રશ્ન કરાયો છે. તીર્થંકર પરમાત્માના તો નામ વિગેરે ચારે નિક્ષેપા વંદનીય છે અને પ્રતિમા એ તો સ્થાપના નિક્ષેપો છે. તેથી સ્થાપના તો માનવી જ જોઇએ. **દશવૈકાલિકના** કરતા **સંય્યભવસૂરિ**, તેવીજ રીતે **આર્દ્ર**કુમાર પ્રતિમાને જોઇને પ્રતિબોધ પામ્યા છે. આથી સ્થાપના માનવીજ જોઇએ. શાસ્ત્રોમાં પણ જંઘાચારણ મુનિઓ પ્રતિમાના વંદન માટે ગયા છે. તેમજ **દ્રૌ**પદીનો અધિકાર **જ્ઞાતાજીમાં** પ્રતિમા પૂજાને જણાવે છે. તેથી સ્થાપના સિદ્ધ જ થઈ જાય છે. સ્થાપના સિવાય તો અક્ષરનો આકાર પણ માની શકાય તેમ નથી.

## (૨૧૮) સ્થાપનાસિદ્ધિષોડશિકા

સં., પ, ૧૬, ગ્રં. ૧૭, ર.સં. ૧૯૮૩.

આચાર્યની સ્થાપનાની આવશ્યક્તા છે કે નહિ તે વાત આ પ્રકરણમાં જણાવાઈ છે. જો સ્થાપના ન કરાય તો ગુરૂ સ્થળાંતરે હોય તો ક્રિયાનો અભાવ પ્રાપ્ત થાય. ચૂર્ણીકાર વિગેરે શું માને છે એ વિગેરે જણાવીને ગુરૂના અભાવે સ્થાપના કરવીજ જોઇએ, તે વાત આ પ્રકરણમાં સિદ્ધ કરાઈ છે.

## (૨૧૯) સ્યાદ્વાદદ્વાત્રિંશિકા

સં., ૫, ૩૩, ગ્રં. ૩૬, ર.સં. ૧૯૯૩.

નયો જે પરસ્પર મત્સરવાળા છે, તે જો ‘ સ્યાદ્ ’ પદ વડે કરીને મિશ્રતાને ભજે તો તે તીર્થંકર પરમાત્માના માર્ગમાં છે એમ જણાવીને સ્યાદ્વાદશબ્દની વ્યાખ્યામાં બધા નયોનો વિચાર કરવામાં આવ્યોછે. એવી રીતે આમાં સ્યાદ્વાદ ઘટાવવામાં આવ્યો છે.

## (૨૨૦) હરિભદ્રસૂરિસમયદીપિકા

સં., પ્ર, ૧૦ ગ્રં. ૧૦, ર.સં. ૨૦૦૫.

હરિભદ્રસૂરિ મહારાજનો સમય નિર્ણય કરવાવાળાએ કઇ વાતો લક્ષમાં લઈને તેમનો સત્તા સમય નિર્ણય કરવો જોઇએ, તે વાત ટુકામાં આ ગ્રંથમાં જણાવવામાં આવી છે.

## (૨૨૧) હિંસકત્વાહિંસકત્વે યાને અહિંસાવિચાર

સં., લેખ, ગ્રં. ૧૧૭, ર.સં. ૨૦૦૩.

કોણ હિંસક છે? અને કોણ અહિંસક છે? તેની શંકા ઉપાડી પ્રમત્તયોગ હિંસાનું કારણ જણાવી, સાધુ અહિંસક છે એમ જુદાં જુદાં શાસ્ત્રોના પાઠો આપીને સાબીત કરાયું છે.

**ભાષા**—આ ૨૨૧ કૃતિઓમો ભાષાની અપેક્ષાએ ૪ પ્રાકૃત. ૧ હિ. ગુ. સં પા. ને ૨૧૬ સંસ્કૃત છે.

અપૂર્ણ—આમાંની નીચે પ્રમાણે ૨૦ કૃતિઓ 'અપૂર્ણ' છે.

| નંબર | નામ | નંબર | નામ |
|---|---|---|---|
| ૨૭ | આપ્તસ્તુતિવૃત્તિ | ૧૩૧ | પ્રકીર્ણકપદ્યાવલી |
| ૪૦ | ઉપદેશ | ૧૩૫ | પ્રતિમાશતકટીપ્પણ |
| ૪૪ | કલ્પસૂત્રવિવેચન | ૧૪૦ | મહાનિશીથલઘુઅવસૂરિ |
| ૪૫ | કેવલિભુક્તિ | ૧૪૬ | મૂર્તીમીમાંસા |
| ૬૦ | ચૈત્યદ્રવ્યોત્સર્પણ | ૧૫૬ | લુંપકકૌટિલ્ય |
| ૬૨ | જયસોમસિક્ખા | ૧૬૭ | વિંશવિંશિકા દીપીકા ભા. ૩ |
| ૮૧ | તીર્થમાલા | ૧૮૩ | શ્રમણશ્રાદ્ધદિનચર્યા |
| ૯૭ | ધર્મદેશના | ૧૮૫ | શ્રાવકષટ્કર્તવ્યવર્ણન |
| ૧૦૬ | નરતત્ત્વવ્યાખ્યાન | ૨૦૫ | સિદ્ધપ્રાભૃતવ્યાખ્યા |
| ૧૧૮ | પર્યુષણાપ્રભા | ૨૦૭ | સીયવાઓ |

**પદ્યગદ્યાદિ**—ઉપરની ૨૨૧ કૃતિઓમાં ૧૬૬ પદ્ય કૃતિઓ છે અને ૫૫ ગદ્ય કૃતિઓ છે. તેમાં પદ્યકૃતિઓમાં ૧૦૧થી૧૩૮૧ પદ્યોવાળી ૧૬, ૪૧ થી ૧૦૦ પદ્યોવાળી ૨૯, ૩૧થી૪૦ પદ્યોવાળી ૧૯, ૧૭ થી ૨૦ પદ્યો-વાળી ૧૭, ૧૫ પદ્યોવાળી ૯, ૧૨થી૧૫ પદ્યોવાળી ૧૪, ૧૧ પદ્યોવાળી ૧૧, ૯–૧૦ પદ્યોવાળી ૮, ૮ પદ્યોવાળી ૧૩, અને ૫થી૭ પદ્યોવાળી ૪ એમ ૧૬૬ છે. અને ગદ્ય કૃતિઓમાં જુદી જુદી સંજ્ઞા આપેલી આ પ્રમાણે કૃતિઓ છે. લેખ ૩૨, સૂત્રો ૭, દીપિકા ૪, વ્યાકરણ ૩, પ્રશ્નોત્તર ૧, વાર્તિક ૧, વ્યાકયો ૧, તર્કાવતાર ૧, અવચૂરિ ૧, વૃત્તિ ૧, વ્યાખ્યા ૧, ટીપ્પણ ૧ અને યંત્ર ૧ એમ ૫૫ છે.

**ચડતો ઉત્તરતો ક્રમ**—પદ્યકૃતિઓ અને ગદ્યકૃતિઓ ચઢતા ઉત્તરતા ક્રમે નીચે પ્રમાણે છે.

## પદ્યકૃતિઓના પદ્યાગ્ર

| પદ્ય સંખ્યા | નંગ | આકારાદિ નંબર |
|---|---|---|
| ૧૩૮૧ | ૧ | ૬૮ |
| ૧૦૦૩ | ૧ | ૧૮૨ |
| ૯૧૦ | ૧ | ૪૧ |
| ૭૦૦ | ૧ | ૨૧૨ |
| ૪૦૫ | ૧ | ૧૮૩ |
| ૨૪૫ | ૧ | ૧૯ |
| ૨૦૨ | ૧ | ૧૨૬ |
| ૧૮૯ | ૧ | ૧૫૪ |
| ૧૬૧ | ૧ | ૧૩૮ |
| ૧૫૩ | ૧ | ૧૪૬ |
| ૧૫૦ | ૧ | ૮૧ |
| ૧૪૨ | ૧ | ૧૮૭ |
| ૧૨૭ | ૧ | ૧૧ |
| ૧૦૨ | ૧ | ૫૭ |
| ૧૦૧ | ૨ | ૧૦૧, ૧૦૭ |
| ૧૦૦ | ૧ | ૧૫ |
| ૯૬ | ૧ | ૨૦૦ |
| ૯૫ | ૧ | ૧૯૭ |
| ૯૧ | ૧ | ૬૩ |
| ૮૬ | ૨ | ૬૭, ૧૧૨ |
| ૭૫ | ૧ | ૧૮૮ |
| ૭૨ | ૧ | ૪૩ |
| ૭૦ | ૧ | ૧૪૧ |
| ૬૯ | ૧ | ૬૨ |
| ૬૫ | ૧ | ૮૩ |
| ૬૨ | ૧ | ૧૦૨ |
| ૬૧ | ૧ | ૨૧૭ |
| ૫૭ | ૧ | ૬૪ |
| ૫૪ | ૧ | ૮૫ |
| ૫૩ | ૩ | ૫૬, ૧૪૪, ૧૬૪ |
| ૫૨ | ૨ | ૩૨, ૧૫૮ |
| ૫૧ | ૧ | ૫૪ |
| ૫૦ | ૧ | ૧૭૫ |
| ૪૭ | ૧ | ૨૦૭ |
| ૪૬ | ૧ | ૧૮૧ |
| ૪૨ | ૩ | ૮, ૧૮૯, ૨૦૯ |
| ૪૧ | ૨ | ૧૭૧, ૧૭૯ |
| ૪૦ | ૨ | ૪૪, ૧૧૬ |
| ૩૯ | ૧ | ૧૨૨ |
| ૩૮ | ૧ | ૧૯૩ |
| ૩૭ | ૬ | ૨૪, ૫૮, ૮૭, ૧૪૨, ૧૪૯, ૧૭૮ |
| ૩૬ | ૧ | ૨૦૬ |
| ૩૪ | ૨ | ૯, ૧૮૦ |
| ૩૩ | ૬ | ૯૦, ૧૦૩, ૧૩૪, ૧૫૯, ૨૧૪, ૨૧૯ |
| ૩૨ | ૫ | ૧, ૧૬, ૪૯, ૯૧, ૧૩૨ |

| પદ્ય સંખ્યા | નંગ | આકારાદિ નંબર |
|---|---|---|
| ૩૧ | ૨ | ૫, ૫૨ |
| ૩૦ | ૧ | ૧૯૪ |
| ૨૯ | ૨ | ૧૩૬, ૨૦૯ |
| ૨૮ | ૩ | ૧૧૫, ૧૩૭, ૧૪૫ |
| ૨૭ | ૧ | ૧૩૧ |
| ૨૬ | ૪ | ૫૩, ૭૧, ૭૪, ૧૫૧ |
| ૨૫ | ૫ | ૧૭, ૨૯, ૮૯, ૧૪૮, ૨૦૩ |
| ૨૪ | ૧ | ૧૮ |
| ૨૧ | ૨ | ૫૦, ૮૪ |
| ૨૦ | ૪ | ૧૨, ૫૧, ૯૭, ૧૮૫ |
| ૧૯ | ૫ | ૪૬, ૪૭, ૮૬, ૧૬૦, ૧૭૨ |
| ૧૮ | ૨ | ૭૦, ૧૬૮ |
| ૧૭ | ૬ | ૪૦, ૬૧, ૬૬, ૭૫, ૭૫, ૮૮, ૯૫ |
| ૧૬ | ૯ | ૩, ૫૫, ૫૯, ૬૫, ૧૦૪, ૧૫૦, ૧૯૫, ૨૧૧, ૨૧૮ |
| ૧૫ | ૩ | ૭, ૩૧, ૪૮ |
| ૧૩ | ૬ | ૬, ૯૨, ૯૩, ૯૮, ૧૫૭, ૧૯૬ |
| ૧૨ | ૫ | ૩૯, ૮૨, ૯૪, ૧૨૭, ૧૭૬ |
| ૧૧ | ૧૧ | ૨, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૩૫, ૩૭, ૩૮, ૯૬, ૧૧૦, ૧૬૩ |
| ૧૦ | ૨ | ૧૧૧, ૨૨૦ |
| ૯ | ૬ | ૧૦, ૧૪૩, ૧૪૭, ૧૫૨, ૧૬૧, ૨૧૬ |
| ૮ | ૧૩ | ૪, ૧૪, ૭૮, ૧૦૦, ૧૧૪, ૧૨૯, ૧૬૨, ૧૮૮, ૧૯૦, ૧૯૨, ૨૦૧, ૨૦૨, ૨૧૫ |
| ૬ | ૨ | ૧૩, ૯૯ |
| ૫ | ૨ | ૬૯, ૭૩ |
| | ૧૬૬ | |

## ગદ્યકૃતિઓના ગ્રન્થાગ્ર

| ગ્રન્થાગ્ર | અકારાદિ નંબર | પ્રશ્નોત્તરાદિ |
|---|---|---|
| ૯૦૦૦ | ૭૭ | પ્રશ્નોત્તર |
| ૪૨૦૦ | ૧૬૬ | દીપિકા |
| ૩૫૦૦ | ૨૦૪ | વ્યાકરણ |
| ૩૨૧૫ | ૧૧૩ | દીપિકા |
| ૨૯૦૦ | ૧૨૫ | વાર્તિક |
| ૨૫૦૦ | ૧૬૭ | દીપિકા |

| ગ્રન્થાગ્ર | અકારાદિ નંબર | પ્રશ્નોત્તરાદિ | ગ્રન્થાગ્ર | અકારાદિ નંબર | પ્રશ્નોત્તરાદિ |
|---|---|---|---|---|---|
| ૨૪૬૦ | ૧૬૫ | દીપિકા | ૧૧૨ | ૧૦૬ | લેખ |
| ૧૪૦૦ | ૨૮ | વાક્યો | ૧૦૦ | ૭૬ | સૂત્રો |
| ૧૦૦૧ | ૧૨૪ | તર્કાવતાર | ૧૦૦ | ૧૧૭ | લેખ |
| ૧૦૦૦ | ૧૩૯ | વ્યાકરણ | ૯૩ | ૧૭૪ | ,, |
| ૭૦૦ | ૭૯ | લેખ | ૯૦ | ૩૪ | ,, |
| ૬૬૫ | ૧૮૪ | ,, | ૮૫ | ૨૬ | ,, |
| ૫૦૦ | ૧૫૫ | વ્યાકરણ | ૮૦ | ૧૭૭ | સૂત્રો |
| ૩૧૫ | ૧૩૩ | લેખ | ૮૦ | ૨૦૫ | વ્યાખ્યા |
| ૩૧૨ | ૧૯૯ | ,, | ૭૭ | ૧૯૮ | લેખ |
| ૩૦૦ | ૧૨૮ | સૂત્રો | ૭૦ | ૧૨૦ | સૂત્રો |
| ૩૦૦ | ૧૪૦ | અવચૂરિ | ૭૦ | ૧૩૦ | લેખ |
| ૨૯૧ | ૭૨ | લેખ | ૭૦ | ૨૧૦ | ,, |
| ૨૨૩ | ૨૫ | ,, | ૬૬ | ૧૫૩ | ,, |
| ૨૨૦ | ૨૧૭ | વૃત્તિ | ૬૦ | ૧૬૯ | ,, |
| ૨૧૫ | ૬૦ | લેખ | ૫૯ | ૨૧૩ | ,, |
| ૨૦૨ | ૧૨૩ | ,, | ૪૮ | ૩૩ | ,, |
| ૧૬૩ | ૧૦૯ | ,, | ૪૦ | ૧૦૮ | સૂત્રો |
| ૧૪૭ | ૧૦૦ | ,, | ૪૦ | ૧૩૫ | ટીપ્પણ |
| ૧૩૬ | ૧૨૧ | સૂત્રો | ૩૮ | ૧૪૫ | લેખ |
| ૧૩૫ | ૧૮૬ | લેખ | ૨૭ | ૧૫૬ | ,, |
| ૧૨૫ | ૪૨ | સૂત્રો | ૨૫ | ૧૧૯ | ,, |
| ૧૨૦ | ૧૧૮ | લેખ | ૨૩ | ૧૭૦ | ,, |
| ૧૧૭ | ૩૬ | ,, | ૧૨ | ૮૦ | ,, |
| ૧૧૭ | ૨૨૧ | ,, | ૭ | ૧૯૧ | યંત્ર |
| ૧૧૪ | ૩૦ | ,, | | ૫૫ | |

## પ્રકરણ પહેલાનો ઉપસંહાર

ઉપર જણાવેલી આગમોદ્ધારકની ૨૨૧ કૃતિઓનો અતિઅલ્પ સાર મેં મારી અલ્પબુદ્ધિ અને અનાવડતના આધારે લખ્યો છે. આથી ભુલ થવાનો સંભવ તો છે જ. વિદ્વદ્ સજ્જનો પ્રત્યે પ્રાર્થના છે કે આ મારી ભુલ આપ સુધારશો.

**ગોઠવણ**–આ કૃતિઓની ગોઠવણ 'અકારાદિ' ક્રમે મેં તૈયાર કરીને અત્રે આપી છે. આ સિવાયની પણ **તત્ત્વાર્થટીપ્પણ** જેવી બીજી કૃતિઓ પણ મેળવી છે. જેની નોંધ વિગેરે પૂર્તિમાં આપીશું. વળી તે વખતે બીજી પણ જે મળશે તે પણ આપીશું. તેમ હજુ પણ આશા છે કે બીજી કૃતિઓ છે. કારણ કે થોડાં છુટાં છુટાં પાનાં વિગેરે છે. તેમાંથી ધીરે ધીરે પરિશ્રમ કરશું અને કૃતિઓ જરૂર મેળવીશું.

**મુળ વિગેરે**–આ કૃતિઓની 'મૂળ' ભૂત કોપીઓ (આગમોદ્ધારકના હસ્તાક્ષરની) શ્રીજૈનાનંદપુસ્તકાલય(સુરત) માં શુરક્ષિત રખાઇ છે. એની ઉપરથી દરેકની પત્રાકારે એક એક નકલ, આગમોદ્ધારકના અક્ષરો બેસાડવામાં નિપુણ મારા સહસંપાદક સ્વ. મુનિ **શ્રીક્ષેમંકરસાગરજીએ શ્રી-વર્ધમાનજૈનતામ્રપત્રાગમમંદિર(સુરત)**ના કંપાઉન્ડમાં, દક્ષિણ દિશામાં એક મનોહર હોલ છે કે જે 'આગમોદ્ધારકની સાહિત્ય-

१ मार्गशीर्षकृष्णैकादशीतिथौ इत्यर्थः । २ श्रीमद्भिः झवेरसागरपूज्यपादैरन्तिमसमये स्वशिष्यायानन्दसागराय आगमाभ्यासपरतायाः श्रुतप्रचारस्य च भारपूर्वकं शिक्षा दत्ताऽऽसीत् । ३ अहमदावादनगरे शाहपुरमध्ये इत्यर्थः । ४ तृतीयां । ५ गोलवाडीयपंचतीर्थ्याः । ६ पंचमीमित्यर्थः ।

तस्योत्तंसे 'चरुतरभुवो' भूषके 'पेटलादे,'
संजुष्टौ 'जीव-मणिविजयौ' [1]वप्तृबन्धू सुदीक्षौ ॥२७॥

ऐहामुत्रोपकृतिचतुरं रुग्णमायुक्तचेताः,
निर्याम्याप्ताचरितचतुरः षष्ठवर्षामवात्सीत् ।
'संवत्सर्या अवमतिथिजे बुद्धिभेदप्रसङ्गे,
पर्यायाल्पोऽप्यधिगतरहश्शास्त्रमान्यं जुघोष' ॥२८॥

वर्षान्ते 'चारुतर'जनतां बोधयित्वार्यतत्त्वं,
'छाणीग्रामे'ऽवसद[2]षिमितं वृष्टिकालं सुधीरः ।
मूर्त्तिद्वावाञ्जिनमतरिपून् ढुण्ढकान् जोषमाऽऽस्य,
'कल्लोलाख्ये'पुरि विहरता येन दीप्तं सुचारु ॥२९॥

शास्त्रव्याख्याचकितसुबुध'स्स्तम्भने' यो ह्यकार्षी-
च्चातुर्मासं [4]वसुमितमथो कल्पधर्मप्रचारः ।
प्रज्ञोत्कर्षाज्जिनमतहितात् पार्श्वचन्द्रान्यतीर्थ्यान्,
कृत्वा वादे प्रतिहतधियो भासिता जैनदृष्टिः ॥३०॥

वर्षान्ते [5]षड्रियुतभविकं सङ्घमादाय भव्यं,
यात्रां कृत्वा विमलगिरिसत्तीर्थराजस्य सम्यक् ।
भव्योद्बोधं सुविधि विचरन् वर्य'साणंद'पुर्यां',
चातुर्मासं नवममवसच्छास्त्रतत्त्वप्रकाशी ॥३१॥

चातुर्मासत्रय'महमदावाद'माश्रित्य लब्धा,
[6]शाब्दे न्याये रुचिरपटुता येन विद्वत्सुमान्या ।

---

१ पिता ज्येष्टभ्राता चेत्यर्थः । २ सप्तमम् । ३ मूर्त्तेरपलापकारिणः । ४ अष्टमम् । ५ एष हि शब्दः भाषायां 'छरी पालतो संघ' इत्युच्यते । ६ व्याकरणे इत्यर्थः ।

कृत्वा रम्यां सुविधि [१]तमसां नोदिकां तीर्थयात्रां,
दुष्कालार्त्तौ [२]सहकृतिनिधिः कारिता [३]'पट्टणे' यैः ॥३२॥

(८) (५)(९) (१)
नागा-क्षा-ङ्के-न्दुमितशरदो माघराकाह्नि रम्ये,
[४]प्रायच्छद्धर्मजजरणछोडाय दीक्षां सुशिक्षाम् ।
आद्यं शिष्यं 'विजयसहितं सागरा'न्तं विधाय,
(९) (५) (९) (१)
वर्षां ब्रह्मे-षु-निधि-कुभवां [५]'भावपुर्या'मवात्सीत् ॥३३॥

शास्त्रोपज्ञं हितमुपदिशन् भुरिभव्यप्रबोधं,
वर्षाकालं [६]मनुमितमथो [७]'राजपुर्या'मुवास ।
सत्रा श्री'नेमिमुनिपति'नोदूह्य सिद्धान्तयोगान्,
'पन्न्यासाख्यं' पदमलभत ज्येष्ठशुक्ले दशम्याम् ॥३४॥

वषा नीत्वा 'कपडवणजे, धर्मकृत्यैस्सुरम्यै-
र्यात'स्सौराष्ट्र'मथ विचरन् देशनादानदक्षः ।
कृत्वेतस्ता[८]रणवरगिरेस्स्पर्शनां धर्मवाचा,
[९]प्रीतैः 'पेथापुर'परिषदो योजकैस्सत्कृतोऽभूत् ॥३५॥

मज्जद्भव्यान् भवजलनिधौ रक्षिता जैनवाग्भि-
[१०]र्वर्षे नीत्वाऽऽगमविधियुते [११]'भावराजाख्यपुर्योः' ।
'सूर्य्यंद्रङ्गे' विविधसुमहैस्सत्कृतस्सूरतीयै-
श्चातुर्मासीं 'सुरतनगरे' यापयामास रम्याम् ॥३६॥

---

१ पापानामित्यर्थः । २ 'सहायकारी फंड' इति भावः । ३ गूर्जर-देशीयाणहिल्लपुराख्यपट्टणे इति भावः । ४ [पिठलादासन्न]धरमजवासिने रणछोडदासाख्यपाटीदारज्ञातिकाय भव्यायेत्यर्थः । ५ भावनगरे इत्यर्थः । ६ चतुर्दशममित्यर्थः। ७ राजनगरे-अहमदावादपुरे । ८ तारंगातीर्थस्येत्यर्थः। ९ पेथापुरप्रान्तीयपरिषदि गुरुवरस्य जातसत्कृतेस्सूचकोऽयं पादः । १० चातुर्मासद्वयमित्यर्थः । ११ भावनगरे-राजनगरे ।

चैत्यान् सर्वान् सविधि 'सुरते'श्राद्धसङ्घेन नत्वा,
गत्वा 'मुम्बापुरि' भविजनैः प्रार्थितः 'लालबागे' ।
गौराङ्गाणां 'समितशिखरे' हर्म्यसन्निर्मिमीषां,
धैर्यात् सत्ताभियमगणयन् ध्वस्तवान् यः क्षणेन ॥३७॥

'दे×लाभ्रातु'र्निधिमपि वरं स्थापयित्वोपदेशा-
दारेभे सद्विषयखचितग्रन्थरत्नप्रकाशम् ।
सङ्घं [1]नीत्वा'ऽभयविधु'मुखं 'चान्तरीक्षाह्वतीर्थे,'
यात्रां चक्रे [2]रसरिनिरतैः श्राद्धवर्यैस्समेतः ॥३८॥

धाष्टर्यं [3]नग्नैस्सुबहु विहितं तत्र पूजाप्रसङ्गे,
मिथ्याभ्याख्यानमपि च ततो न्यायगेहे प्रयुक्तम् ।
जित्वाऽकार्षुः झगिति गुरवस्सत्यतत्त्वप्रयोगा-
दाङ्ग्लन्यायाधिपतिहृदये जैनधर्मप्रकाशम् ॥३९॥

(५) (६) (९) (१)
बाणा-र्य-ङ्के-न्दुमितसमसि[4] प्रावृषं 'येवलायां,'
स्थित्वोद्वाह्य प्रथममुपधानव्रतं श्रावकाणाम् ।
'सूर्यद्रङ्गे' जलदसमयौ यापितौ धर्मकृत्यै-
[5]र्दीक्षित्वैतर्हितनगणपं 'माणिकं' चान्यभव्यान् ॥४०॥

धर्मक्रान्तिच्छलमुपदधन् लालनाख्यो हि विद्वन्-
मन्य'स्सिद्धाचल'भुवि तदाऽपूजयत्स्वं [6]शिवाद्यैः ।
पाखण्डं तत् भृशमपगतं कर्त्तुकामैर्गणीन्द्रै-

---

१ अभयचंद्रझवेरिणस्संघपतिपदेन नियोजितमित्यर्थः । २ 'छरी पालतो संघ' इतिभावः । ३ दिगम्बरैरित्यर्थः । ४ वर्षे । ५ वर्त्तमान-कालीनगच्छाधिपतिमिति भावः । ६ शिवजीदेवशीप्रभृतिभिः ।

मन्दश्रीः [1]कान्तिविजयमुखैस्सङ्घबाह्यः कृतस्सः ॥४१॥

स्थित्वा[2] वर्षे [3]विषयजिनमौ 'स्तम्भतीर्थे' च 'छाण्यां,'
ज्येष्ठभ्रात्रे 'विजयमणये' वर्यपन्न्यासभूषाम् ।
दत्त्वा तीर्थाणि सविधि नमन् 'पत्तनं चाणहिलं.'
भव्यश्रोतॄन् जिनमतसुधां पाययन्नाप रम्यम् ॥४२॥

तत्राप्याप्य [4]श्रुतवरमुदाप्यायिनीं भव्यवर्षां,
[5]सङ्घस्थित्यां [6]तपसि धवले [7]दिक्तिथौ [8]'मल्लितीर्थे' ।
[9]अज्ञानान्धंतमसमथनायागमोद्धारकर्त्रीं,
श्रीज्यां संस्थाप्य समितिमथो हर्षयामास भव्यान् ॥४३॥

आज्ञप्तं य'त्स्वगुरु'जयवीरा'भिधैरागमाना-
मुद्धारार्थं चरमसमये' पालितुं तद् यथेष्टम् ।
बह्वायासेन च गणिवरस्साधुसङ्घोपकृत्यै,
प्रारेभे मुद्रणमथ महत् स्वाश्रयेणागमानाम् ॥४४॥

वर्षायां 'पाटण'मुपगतैर्वाचनाऽद्या ह्यकारि,
निर्ग्रन्थानां वरमतिमतामागमाभ्यासवृद्ध्यै ।
तस्यां श्री'सूयगडदशवैकालषट्त्रिंशिकादीन्,
व्याख्यायाऽयुः 'कपडवणजे' वाचनायै गणीशाः ॥४५॥

तत्र व्याख्याय पटु [10]'ललिता-वश्यकादी'न् सुयत्नं

---

१ प्रवर्तककान्तिविजयमहाराजमुख्यैः, सूरिभिरित्यध्याहार्यम् । २ चातुर्मासद्वयम् । ३ त्रयोविंशति-चतुर्विंशतितममित्यर्थः । ४ श्रुतज्ञानस्य वरमुदः हर्षस्याप्यायिनीं पोषिकां । ५ चतुर्विधसङ्घस्योपस्थितिसूचकमिदं पदम् । ६ वैशाखमासे । ७ दशम्याम् । ८ भोयणीतीर्थे । ९ आगमोदयसमितिसूचकोऽयं शब्दः । १० ललितविस्तरा-आवश्यकसूत्र(४)-अनुयोगद्वारसूत्र-योगदृष्टिसमुच्चय-उत्तराध्ययनसूत्र(३)ग्रन्थानित्यर्थः ।

जग्मुर्वर्षार्थे[1]'महमदपुर्यां' स्वधर्माभिवृद्ध्यै ।
तत्र'स्थानाङ्ग'मथ [2]सविशेषाकरं वाचयित्वा,
वर्षामस्थुः 'सुरतनगरे' भासयन्तो हि धर्मम् ॥४६॥

तत्राकाषुयुग[3]शरमिते वाचने [4]"चानुयोग-
श्रीनन्द्या-चारमुखमहदावश्यकाद्या'गमानाम् ।
एवङ्कारात् [5]सुयतिसमजे कालदोषात्प्रहीणं,
सच्छास्त्राणां वितत पठनं संततं वृद्धिमाप ॥४७॥

'आनन्दाब्धेः' प्रवरगणिनस्तत्त्वनिष्ठागरिष्ठौ,
भक्त्युत्साहौ श्रुतजिनमतस्फीतिकार्येषु दृष्ट्वा ।
(४)(७)(९)(१)
वर्षेऽया-त्रि-ग्रह-तनुमिते राधशुक्ले दशम्या[6]
माचार्यत्वं कमलविजया'स्सूरयः 'सूरते'ऽदुः ॥४८॥

स्वर्णं माणिक्यमिव खचितं योग्यसाम्यं च सूरे-
र्वीक्ष्य प्रीतस्सुमहमकरोत्'सूर्यपुर्या'स्सुसङ्घः ।
न्यायागारे लल[7]नविषयानिष्टवादं विजित्य,
धर्मभ्राजी मुनिपतिरथो 'मोहमय्यां' समेतः ॥४९॥

(२८) [8]
लब्ध्यङ्कप्रावृषि वृषमहिम्नोऽर्जको नैककार्यै-
र्दुर्भिक्षार्त्तीयनिधिकरणेऽप्रेरयद् दानशौण्डान् ।

---

१ अहमदावादनगरे । २ विशेषावश्यकभाष्यसहितमित्यर्थः । ३ चतुर्थी-पंचमी चेति भावः । ४ ललितविस्तरा-योगदृष्टि० अनुयोग०-आवश्यक०-उत्तराध्ययन० - विशेषावश्यक०-स्थानांग०- सुत्राणामित्यर्थः । ५ साधुसङ्घे इति भावः । ६ वैशाखशुक्ले । ७ लालनशिवजी-प्रकरणं न्यायागारेऽपि विजित्येत्यर्थः । ८ धर्मप्रभावनया इत्यर्थः ।

'कीकाभ्रतु'भवनमुषितस्सूरिराड् 'भायखल्ले,'
स्वागःक्षान्त्यै विहितविनयः प्रार्थितो लालनेन ॥५०॥

(५) (७) (९) (१)
चातुर्मासे शरमुनिनवेन्दौ श्रुतप्रोक्तरीत्या,
[1]देवस्वोत्सर्पणविवदने वादगल्भान् विजेतुः ।
सूरेस्सङ्घार्पितनिखिलसद्ग्रन्थरत्नानि सङ्घो
[2] जैनानन्दश्रुतवरगृहे'ऽस्थापयत्सूरतीयः' ॥५१॥

'सिद्धाद्रेर्जीवणनवलचन्द्रो'हि यत्प्रेरणातो,
यात्रासङ्घं विविधसुमहैः पादचारं निनाय ।
कृत्वा यात्रां सह सुभविकैस्सूरिवर्यश्चकार,
'पालीताणे' [3]गुहमुखमितां वाचनां साधुसङ्घे ॥५२॥

'पिण्ड-प्रज्ञापन-भगवतीनोघनिर्युक्तिका'श्च,
व्याख्यायोद्वाह्य शुभमुपधानव्रतं भाविकानाम् ।
विज्ञप्तिं मालववसिमतां मानयित्वा च सूरि-
श्शिष्यैःसाकं किल [4]"रतिललामाख्यपुर्यां" समेतः ॥५३॥

धर्मोन्नत्या 'ऋषभसहितां केशरीमल्लनाम्नीं,
संस्थां' तत्राखि[5]लजिनमतोद्भासिकां स्थापयित्वा ।
'व्याख्याप्रज्ञप्ति[6]समवयसूत्रादिप्रज्ञापना'नां,
चक्रे व्याख्यां [7]कुलगिरिमितां वाचनां कर्त्तुकामः ॥५४॥

---

१ उत्सर्पण(बोली)स्याशास्त्रीयताया देवद्रव्यस्य च चर्चासूचकमेतत्पदम्। २ श्रीजैनानन्दपुस्तकालये इत्यर्थः । ३ षष्ठीमित्यर्थः । ४ रतलामनगरे इत्यर्थः । ५ खिलशब्दो हि विघ्नापरपर्यायोऽतोऽत्र निर्विघ्नतया जिनमतस्योद्भासकारिणीमित्यर्थो ज्ञेयः। ६ छन्दोभंगभिया विहितः श्रीसमवायाङ्गसूत्रार्थे एतादृशपदप्रयोगः मर्षणीयः धीधनैः विद्वद्भिः। ७ सप्तमीम् ।

'शैलाणाख्यं' पुरमथ यतीन्द्रो हि सङ्घाग्रहेण,
चातुर्मासार्थमुपगमितो धर्ममूढान् प्रबोद्धुम् ।
मत्वा धन्यं नृपतिरपि यच्छास्त्रवाचो निशम्या-
मार्युद्घोषं दयितहृदयस्वीयराज्ये चकार ॥५५॥
पूर्णे 'शैलाणनृपविषये' [1]ह्यष्टमीरुद्रदर्शा-
ऽऽख्याताहःपर्युषणदिवसे मारीचारं न्यषेधीत् ।
प्राच्यं वृत्तं ह्यकबरविबोद्धुः स्मृतिं 'हीरसूरे'-
रानीयायाद्विविधनिगमान् पावयन् [2]'रत्नपुर्याम्' ॥५६॥
प्रेमज्ञप्त्या श्रुतवरतपस्सम्यगुद्वाह्य चान्यैः-
पुण्यैः कृत्यैर्जलदसमये भ्राजयित्वा सुधर्मम् ।
[3]'माण्डूतीर्थ'प्रचलितविधौ बाधकं [4]'धारभूपं,'
[5]हस्तक्षेपोन्निरसविधयेऽबोधयत्तत्र गत्वा ॥५७॥
'माण्डू-भोपावर'लसितसच्चैत्ययोस्स्वोपदेशा-
ज्जीर्णोद्धारं प्रवरभविकैः कारयित्वा यतीन्द्रः ।
बोधं'पञ्चेडपुरपतये' 'सेमलीठक्कुराय,'
प्रादात्ताभ्यां निजभुवि ततो [6]मारयो वारिता वै ॥५८॥
वर्षाकाले जिनमतविभां वर्द्धयन् 'रत्नपुर्यां,'
शास्त्रवादे [7]यतिपविजयं त्रिस्तुतीयं व्यजैषीत् ।
सङ्घस्याभ्यर्थनमथ निशम्योपधानं सुवाह्य,
'सम्मेताद्रिं व्रजितुमभिवङ्ग' प्रतस्थे मुनीन्द्रः ॥५९॥

---

१ अष्टम्यामेकादश्याममावास्यायां पर्युषणासु चेत्यर्थः । २ रतलाम-नगरे । ३ मांडवगढार्थपरकमिदं पदम् । ४ धारसंस्थानाधीशमिति भावः। ५ उत्कर्षेण निरसनार्थमित्यर्थः । ६ हिंसाः । ७ श्रीयतीन्द्रविजयाह्वमितिभावः।

मध्ये मार्गे निजप्रतिभया धर्मभासं वितन्वन्,
लोकं नानाविधमुपदिशन् 'कालिकाता'मयासीत् ।
(४)(३)
चातुर्मासे युगगुणमिते तत्र चैत्यादिधर्म्य-
स्थानस्थित्यै बहुतरनिधिः कारितो देशनातः ॥६०॥
(०)(२)
तीर्थेशानां खयमलमितानां सुनिर्वाणभूमे-
'स्सम्मेताद्रे': प्रथितयशसः पुण्ययात्रामकार्षीत् ।
राज्ञो 'दुद्धेडियविजयसिंह'स्य भक्त्या विहृत्य,
वर्षाहेतोस्सुमुनिपतयो'ऽजीमगञ्जे' न्यवात्सुः ॥६१॥
बाबूलोकं विषयजसुखास्वादलीनं विबोध्य,
संवेगापूरितसुवचनैर्धर्ममार्गे न्ययुङ्क्त ।
दीक्षाब्रह्मव्रतविधियुतानुत्सवान् कारयित्वा,
पावं पावं विविधनिगमान् 'सादडी'ग्राममापुः ॥६२॥
पायं पायं जिनमतसुधां भव्यलोकं यतीन्द्रः,
प्राग्वाटानां मरुजसहजं वैमनस्यं चिरत्नम् ।
कृत्वा दूरे श्रुततपविधिं सोत्सवं कारयित्वा,
बोद्धुं धर्मे शिथिलकृतिकान् 'मेदपाटं' विजह्रे ॥६३॥
(७) (३)
नीत्वा वर्षामुद[1]यनगरे' सम्मितां धातुरवै-
र्जग्मुस्सङ्घेन सह गुरवः 'केशरीया'ख्यतीर्थम् ।
तत्रौद्दण्डयं क्षपणककृतं[2] स्वीयबुद्ध्या व्यपास्या-
ध्यारोप्योच्चैस्सितपटयशोऽवर्धयन् सङ्घवर्जं वै ॥६४॥

---

१ उदयपुरे । २ दिगंबरविहितम् ।

नग्नाटीयैः प्रतिहतमथो धर्मतेजो विवर्द्ध्य,
न्यायागारेऽधिगतविजया आययुर्गूर्जरेत्रान्' ।
चातुर्मासं सुमुनिसहिताहम्मदाबादपुर्यां,'
तस्थुर्भव्यान् त्रिविधममलं जैनतत्त्वं दिशन्तः ॥६५॥

'माकुभ्रातु'विनतिवशगा 'आश्विनीं सैद्धचक्री-
मोलीं' दिव्यां नवपदमहोबोधिकां कारयन्तः ।
[1]संस्थां संस्थाप्य च नवपदाराधिकां स्वोपदेशा-
[2]द्यंगूमेन्सोसार्यटिविनयतश्चख्युराम्तिक्यतत्त्वम् ॥६६॥

तद्व्याख्यानात् क्षुभितमतिकान् [3]शिक्षितान् शास्त्रपाठे-
स्सन्तोष्यार्थं [4]धनवितरणौचित्यतत्त्वं विबोध्य ।
याताः 'श्रीदेशविरतिसमाजं' ततस्स्थापयित्वा,
'श्रीभोयण्या'मतिशुभमहैरा[5]द्यतन्मेलकाय ॥६७॥

(९) (३)
वर्षावासं निधिगुणमितं यापितुं [6]'जामपुर्यां'
यान्तो मार्गे'ऽहमदनगरे' 'तीर्थसिद्धाचलस्य' ।
रक्षाहेतोस्सपदि निधये प्रेरयित्वा सुभव्यान्,
लक्षाधिक्यं द्रविणचयनं कारयामासुराशु[7] ॥६८॥

---

१ श्रीनवपदआराधकसमाजस्थापनायाः सूचक एष पादः । २ विद्याशाला(डोशीवाडानी पोळ)मध्ये आस्तिक–नास्तिक–चर्चा–स्फोटस्वरूप-प्रसिद्धव्याख्यानवार्त्तासूचकोऽयं पादः । ३ आंगलशिक्षाप्रभावितान् नवयुवकानित्यर्थः । ४ धनस्य व्यये दाने वा पात्रापात्रविवेकमित्यर्थः, एतद्धि तस्मिन् समये ज्ञानप्रचारनाम्ना भौतिकवादसमर्थककेलवणीपोषककॉलेज–हाइस्कूल–बोर्डिंगादीनां हिताहितकरत्वमीमांसासूचकं पदमस्ति । ५ श्री–देशविरतिसमाजस्य प्रथमाधिवेशनायेत्यर्थः । ६ जामनगरे । ७ षष्ठिसहस्राणि रूप्यकानां वार्षिकं दत्त्वा तीर्थस्वामित्वनिर्णयस्यानुकूल्याय श्रीसिद्धाचलरखोपार्फडपोषगप्रवृत्तिरेतच्छ्लोके प्रदर्शितास्ति ।

स्थाने स्थाने जिनमतमहं वर्द्धयन्तो गणीन्द्रा-
स्स्थित्वा वर्षा [१]'नवलनगरे' चारुभाग्भिस्स्वकीयैः ।
[२]सत्रश्चामाम्लगृहमथ चास्थापयन् [३]छात्रगेहं,
[४]दान्ताः पूज्यैः धृतिमतिबलात् बालदीक्षाविरुद्धाः ॥६९॥

पश्चादेता'स्सुरतनगरे' [५]जैनसाहित्यवृद्धि-
सत्कोशार्थं [६]धनिक'नगिनं मञ्छुपुत्र'व्यबोधन् ।
'मुर्शीदाबादपविजयसिंह'स्समेतोऽत्र सूरे-
र्भक्तिव्यक्तीकरणपटुको भावतो दर्शनाय ॥७०॥

आसीच्छ्री'देशविरतिसमाजस्य' [७]पर्षत्सुरम्या,
दत्ता तस्यां भविकहितदा देशना सारगर्भा ।
[८]'रत्नाम्भोधेः'पठनसदनस्थायिकोशं विवर्ध्य,
दृब्धा 'तत्त्वप्रसारणकरी बोधमालाख्यसंस्था' ॥७१॥

प्रव्राज्यानेकभविकजनान् पावयन्त'स्सुराष्ट्रान्',
प्रावृट्कालं शुभकृतिभरै'स्स्तम्भतीर्थे' व्यतीयुः ।
विहृत्याहम्मदपुर'मितास्तत्र संस्थाय वर्षां,
श्रुत्वोद्यच्छन् [९]वटपुरनृपाज्ञां सुदीक्षाविरुद्धाम् ॥७२॥

सूरेश्शास्त्राभ्यसनमुदिता जङ्गमज्ञानशाले-
त्येवं चाशंसदतिविदुषी'जार्मनी क्राउझाख्या' ।

---

१ जामनगरमित्यर्थः । २ सत्रं=भोजनशाला, आचाम्लगृहं=आंबिलखातुं । ३ बोर्डिंगाख्यविद्यार्थीगृहमिति भावः । ४ निष्फलप्रवृत्तिमन्तः कृता इत्यर्थः । ५ जैनसाहित्योद्धारकफंडमित्यर्थः । ६ नगीनभाई-मंछुभाई श्रेष्ठिनमित्यर्थः । ७ अधिवेशनमित्यर्थः । ८ श्रीरत्नसागरजैनबोर्डिंगस्थायिफंडमिति भावः। ९ वडोदराराज्यदीक्षाप्रतिबन्धककायदार्थपरकमेतत्पदम् ।

(२) (४)
नेत्राम्भोधिप्रमित[1]जलमुक्कालला भस्पृहावान्-
मुम्बापुर्यागतभविजनप्रार्थनातो विजह्रे ॥७३॥

शास्त्रव्याख्याप्रथितयशसो 'लालबागे' हि सूरे-
र्दीक्षापुष्टिप्रवचनविधेः क्षुब्धयूनां प्रचारैः ।
व्यामूढाया ऋजुजनततेर्मोहहत्यै [2]समित्या,
पत्रं संस्थाप्रथनजनितं चालितं 'सिद्धचक्रम्' ॥७४॥

'माणेकाम्भोनिधि'सदुपदेशात्प्रवृत्तोपधाने,
मालारोपोत्सवमुपगता [3]'घट्टकाह्वे पुरे' वै ।
व्याख्यानैस्स्वैस्समयसहितैस्संय[4]मायोग्यसूचि-
नाट्यं रुद्ध्वा युवजनमतं भासितं शासनं हि ॥७५॥

पश्चाद्याता'स्सुरतनगरं' शिष्यवृन्दैस्समेता-
स्संवत्सर्यास्तिथिगतविसंवादमुन्मुच्य शास्त्रैः ।
भाव्युत्सूत्राध्वगविषमता याञ्जसा व्यञ्जिता सा,
किन्नोऽद्यापि प्रकटविदिता वर्त्तते पर्वतिथ्याः? ॥७६॥

नानाप्रश्नोत्थितमतिगतभ्रान्तिशान्त्यै [5]सुपर्षत्,
सङ्घायासात् सितपटमतालम्बिनां सद्यतीनाम् ।
(०) (९) (९) (१)
'आकाशा-ङ्का-ङ्क-शशिपहिते वत्सरे [6]'राजपुर्यां',
जाता यस्यां यतिपतिवरास्सम्यगामन्त्रिता वै ॥७७॥

---

१ चातुर्मासवाची अयं शब्दः। २ श्रीसिद्धचक्रसाहित्यप्रचारकसमितिः स्थापनं सिद्धचक्राख्यपाक्षिकप्रारंभश्चेत्यर्थः । ३ घाटकोपरे इत्यर्थः । ४ दीक्षाया अयोगयताप्रदर्शकं युवकसंघप्रेरितं नाटकमित्यर्थः । ५ संमेलनमित्यर्थः । ६ राजनगरे–अहमदावादे ।

शङ्कापङ्कं भविकमनसो क्षालितुं दत्तचित्ताः,
गत्वा तत्र स्वकमतिभराच्छास्त्रपाठैश्च सर्वान् ।
सन्तोष्यैता भविकविनयाम्नीरदैस्साकमेवा-
सेक्तुं सांसारिकजनगणं सूरयो 'मेहसाणाम्' ॥७८॥

[1]मध्येवर्षं सुबहु [2]विहितश्शासनोन्नायिकार्यै-
[3]रन्तःक्षेत्रे सुभविकनृणां धर्मपीयूषसेकः ।
यूरोपीयः श्रुतिपटपुटै'ब्रौउनः सूरिशंसां,
पीत्वाऽत्रैतो ह्यमृतवचनैर्वीततृड्कः शशंस ॥७९॥

काले काले पुनरपि पुनः सूरयः पालितेभ्यः,
शिक्षा-दीक्षा-वितरणमपि प्रायशो योग्यमेव ।
तस्मात् पादार्पणकरुणया [4]पावयन्त्वेषमोऽस्मा-
नेवंसङ्घादरभरमृतः संययुः 'पालीताणाम्' ॥८०॥

चातुर्मासे गतवति यथा भ्राजते शारदो श्रीः,
पद्मव्याजैस्सरसि सरसा सन्ततं तद्वदेव ।
सज्ज्ञानश्रीरपि गुरुवराणां च सन्तन्यमाना,
नानारूपैर्नवनवभहैर्धर्मकृत्यैश्च रेजे ॥८१॥

[5]'श्रीमाणिक्यः' 'कुमुदविजय'श्चेत्युपाध्यायवर्यौ,
पन्न्यासौ द्वौ बहुगुणयुतौ 'भक्ति'-'पद्मा'भिधौ च ।
अत्युत्साहैस्सह शुभकृपासिन्धुवद्भ्यो भवद्भ्यो
लब्ध्वाऽऽचार्याह्वयसुपदवीं धर्मभ्राजो विरेजुः ॥८२॥

---

१ चातुर्माससमध्ये इत्यर्थः । २ शासनप्रभावककार्यैरिति भावः । ३ अन्तःकरणरूपक्षेत्रे इति भावः ४ आगामिकाले । ५ श्रीमाणिक्यसागरोपाध्याय-श्रीकुमुदविजयोपाध्याय-श्रीभक्तिविजयपंन्यास-श्रीपद्मविजयपंन्यासेभ्य आचार्यपदप्रदानसूचकमिदं पूर्वार्द्धम् ।

'आनन्दस्याम्बुनिधि'रिति यद् वर्त्तते नाम सत्यं,
प्रत्यक्षन्तत् भुवि विदधती किं न जैनी प्रजाऽभूत् ।
तस्मात् सूरीन् झगिति [1]'नगरे जामपूर्वे'ऽपि सङ्घः,
प्रार्थं प्रार्थं कथमपि चतुर्मासवासाय निन्ये ॥८३॥

अज्ञैः कैश्चित् श्रुतकथितसिद्धान्तवाचा विरुद्धं,
प्रोक्तं वृद्धिक्षयविषयकं पर्वतिथ्याः मतं यत् ।
उग्रं तत्खण्डनमथ कृतं शास्त्रदृष्ट्यापि लोकं
बोधित्वाऽरं नवमतवतो लज्जितास्यान् प्रचक्रुः ॥८४॥

तत्रैवाग्र्ये जलदसमये स्थापितो 'देवबाग-
लक्ष्म्या'नाम्नाऽऽश्रमवर उपादिश्य लोकः सुखेन ।
पश्चाद् भक्तो 'नगरधनपः पोपटाह्व'स्सुभक्त्या,
सौराष्ट्रीयाखिलजिनपसत्तीर्थसंस्पर्शनाय ॥८५॥

सङ्घं नीत्वा चरणचलनं षड्रिसम्पालनोक्तं,
[2]सानन्दोऽगात्, सकलमपि तद्वर्णनं चारुरीत्या ।
[3]'तीर्थाः सौराष्ट्रविषयभवाः सङ्घयात्रा च' नाम्ना-
ख्याते ग्रन्थे लसति तदिवाऽऽयोकुमाकेतयन्तॄन् ॥८६॥
(संदानितकम्)

(८) (४)
एवं वस्त्रब्धिमितमथ ये वृष्टिवासं जनानां,
पुण्याढ्यानामतिविनयतः'सिद्धक्षेत्रे' हि कृत्वा ।

---

१ जामनगरे । २ आनन्दसागरसूरीश्वरेण सहेत्यर्थः । ३ 'सौराष्ट्रनां तीर्थो अने संघयात्रा' इत्याख्यग्रन्थे इति भावः ।

[1]'खातारम्भं चरमजिनपस्याज्ञया ह्यागमानां,
रक्षागेहस्य च' सुभविकैः कारयामासुरत्र ॥८७॥
अन्यत्तत्र [2]'श्रमणनिकरग्रन्थसंग्राहि सद्म',
संस्थाप्यारं शुभ'महमदाबादपुर्यां' यतीन्द्राः ।
[3]भक्त'श्रीमोहन'इति महच्छ्रेष्ठिना सद्व्रतानां,
रम्ये ह्युद्यापनविधिमखेऽभ्यर्थ्यमानाः प्रजग्मुः ॥८८॥
सिद्धं शास्त्रैरुपकृतिकरं लक्षशो रुप्यकैस्तं,
सम्पाद्योद्यापनविधिमलं 'झाम्पडापोल'मध्ये ।
(५) (५) (९) (१)
तत्रावात्सुः शर-नव-नवै-काश्चितेऽब्देऽ[4]ब्दकाले,
चार्व्यां[5]वीथ्यां सुगुरुचरणाः 'नागजिद् भूधराणाम्'॥८९॥
पश्चादेताः [6]क्षरणसमयं यापयित्वाऽऽ[7]गमाना-
मागारस्य प्रचलितविधिं वीक्षितुं 'पालीताणाम्' ।
साङ्गोपाङ्गं त्रुटिविरहितं सत्यमारब्धकृत्यं,
त्यक्त्वा सर्वस्वमपि सततं साधयन्त्येव सन्तः ॥९०॥
कृत्वा लोकोत्तरसुचरितं ये तरन्तीह लोकं,
धन्यास्ते वै सफलजनना भूभराः सन्ति चान्ये ।
सत्यामेतां भणितीमथ ते कर्तुकामा यतीन्द्रा-
स्तत्रातिष्ठन् [8]वरसलिलदाऽऽसेककालत्रयीं ते ॥९१॥

---

१ श्रीवर्धमानजैनागममंदिरस्य खातमुहूर्त्तमिति भावः । २ श्रमण-संघपुस्तकालयाख्यज्ञानालयस्थापनामित्यर्थः । ३ श्रेष्ठिवर्यश्रीमोहनलाल-छोटालाल इति भावः । ४ वृष्टिकाले । ५ पोलवाची अयं शब्दो ज्ञेयः। ६ चातुर्मासमिति भावः । ७ शिलोत्कीर्णागममंदिरस्येत्यर्थः । ८ चातु-र्माससत्रयमित्यर्थः ।

दीर्घायासैर्गणधरवरप्रोक्तजैनागमानां,
पाठं शुद्धं दृषदुदरगं शिल्पविद्याप्रवीणैः ।
कारं कारं किमु न कलितं सूरिभि कर्म चित्रं,
यस्माज्जातो ह्युपलनिकरोऽप्यागमज्ञः(प्राट्) परे के ?॥९२॥

रम्योपाध्यायकपदमदुः श्रीक्षमासागरेभ्यः,
श्रीमच्चन्द्रेभ्य उचितपदं चारु पन्यासकाह्वम् ।
वर्षे चाग्रे [1]गणधरगृहं सिद्धचक्राह्वपूर्वं,
संस्थाप्यैवं [2]जिनमतविभासकं सत्समाजम् ॥९३॥

(९) (९) (९) (१)
अङ्का-ङ्का-ङ्का-ब्जमितशरदि ह्यागमानां गृहस्य,
सत्यां पूर्त्तावभिनवप्रतिष्ठाविधिं माघमासे ।
पञ्चम्यामञ्जनशुभशलाकोत्सवेनापि सत्रा,
सन्मूर्त्तीनां श्रुतविधियुतं कारयामासुरत्र ॥९४॥

सम्पाद्यैवं कपडवणजश्रेष्ठिचीमन्नलाल-
डाह्याभाईत्यभिधपरमश्रावकप्रार्थनातः ।
निश्रायां सूरिवरसुगुरोश्चारु संयोजितायाः
एताश्चैत्या नवपदसमाराधनायाः सुसिद्ध्यै ॥९५॥

चातुर्मासं भविकहितकृच्चापि तत्रैव कृत्वा,
श्रीसङ्घस्यानुनयसहितप्रार्थना'न्मोहमय्याः' ।
धर्मोल्लासं विहृतिममलां कुर्वतां भक्तवृन्द-
स्स्थाने स्थाने मुदितमनसा स्वागतं सुष्ठु चक्रे ॥९६॥

---

१ श्रीसिद्धचक्रगणधरमन्दिरमित्यर्थः । २ श्रीजैनधर्मप्रभावकसमाजाह्वयसंस्थास्थापनसूचकोऽयं पदसमूहः ।

शामं शामं चिरसमयजां सद्दिदृक्षापिपासां,
व्याख्यानैः स्वैरपि च जनता अभ्यषिञ्चन् प्रकामम् ।
सम्प्राप्ताः 'श्रीसुरतनगरं' यत्र चाभूतपूर्वं,
भव्यं भव्यैः कृतमतितमां स्वागतं भासमानम् ॥९७॥

अर्धक्रोशादपि [1]चलसमारोह आसीद् दवीयान्,
यस्मिन् [2]केतुप्रवरलसितप्राग्रहस्ताश्च केचित् ।

(५७)

[3]सुप्रेष्ठास्संवरगुणमिताः बेण्डवाद्यीयसङ्घाः
वादं वादं शुभततघनानद्धवाद्यान् विरेजुः ॥९८॥

लक्षाधिक्या नगरजनता राजमार्गेऽभिसूरिं,
शीर्षाण्युच्चैर्गुणरतिभरान्नम्रयन्ती बभूव ।
मार्गे मार्गे वसन-कुसुम-स्वर्ण-रूप्यादिपात्रै-
श्चालं द्वाराण्यति विरचितान्यार्यसद्भक्तिभावैः ॥९९॥

गिन्नी-मुक्ताप्रभृति सुमहर्घैश्च रत्नैर्गहुंल्यः
बह्वयोजातारशुचिगुणलसद्रागदाढ्याद् यतीशे ।
स्वर्णैः [4]रौप्यैर्वरसुमभरैस्स[5]त्यमुक्तासुलाजैः
प्रोद्यद्रङ्गं विविधसुमहैस्सत्कृत'स्सूरतीयैः' ॥१००॥

(७) (५)

साम्बेलानां भयशरमितानां मुदापादिदीप्ति
स्सूरेर्नानासुगुणमहिमाख्यायकास्सा[6]धुवादाः ।
इत्यादिस्वागत-विधिकथा वर्णितुञ्चाप्यशक्या
ग्रन्थाज्ज्ञेया सुमहिमकथा सागरस्वागताख्यात् ॥१०१॥

---

१ स्वागतयात्रा (सामैयुं)। २ झंडा-निशानधारिणः । ३ उत्तमाः । ४ श्रेष्ठकुसुमसमूहैः। ५ सत्यमुक्ताफलानां वर्धापनैरितिभावः । ६ व्यवहारे हि एतच्छब्दार्थः साइन बॉर्डो' इतिपदेन वक्ष्यते ।

वक्खारीयाकुलजसुजनैः क्षत्रियैः [1]मीलपैर्वै,
एकाद्विर्विंशतिमितसहस्राधिकं राध्र्ययित्वा ।
सूरेः पादार्पणमुदितया कारयित्वा सुभक्त्या,
पायं पायं जिनमतसुधां सूरिवक्त्राज्जहृषुः ॥१०२॥

सत्रा सङ्घेन च विधियुता [2]चैत्ययात्रा सुरम्या-
ऽकार्यास्ते यद् समविवरणं मुद्रितं [3]पुस्तके वै ।
सोत्साहं विंशतिमणमितान् मोदकान् संवितीर्य,
धन्या जाता 'सुरत'-जनता देशनादर्शनाभ्याम् ॥१०३॥

चातुर्मासं तदनु विहितं [4]'मोहमय्यां' प्रशस्तं,
यस्मिन् धर्मोन्नतितति[5]कृतीः कारयित्वा सुबह्व्यः ।
भूयोऽप्येतास्सुरतनगरं श्रावकाभ्यर्थनात-
स्तत्राभूवन् रुचिरचरमाः वृष्टिवासाश्च पञ्च ॥१०४॥

(२) (०) (०) (२)
द्व्या-काशा-भ्र-द्विमितशरदो [6]माधवे मासि शुक्ले,
ह्येकादश्यां शुभशनिदिने [7]श्रावकेभ्यः सुशास्ता ।
संस्थाऽस्थापि प्रयतमनसा ताम्रपत्रागमानां,
भव्यादर्शस्थितिकरमहन्मन्दिरस्थापनायै ॥१०५॥

[8]वर्षे चाग्रेऽ[9]हमदवरपूःश्रेष्ठिनो [10]माकुनाम्नः
हस्ताभ्यामागमवरगृहस्यादिमं खातकर्म ।

१ यन्त्रालयपतिभिरिति । २ चैत्यपरिपाटीत्यर्थः । ३ 'सूर्यपुरनुं स्वागत' इत्याह्वे इति शेषः । ४ मुंबाईनगरे । ५ धर्मस्योन्नतिविस्तारकारिकायाणीत्यर्थः । ६ वैशाखे इत्यर्थः । ७ श्रावकद्वारेत्यर्थः । ७ २००३ वर्षे इत्यर्थः । ९ अहमदावादनगरवासिन इत्यर्थः । १० माकुभाईत्यभिधया प्रसिद्धस्य माणेकलाल–मनसुखलालाह्वश्रेष्ठिन इत्यर्थः ।

संस्कार्यारं तदनु च शिलारोपणं [1]बाडीलाले-
त्याख्यश्रेष्ठिप्रवरकरतः कारितं मोदपूर्वम् ॥१०६॥

(३) (०) (०) (२)
वर्षे रुद्राक्ष-ख-ख मिथुने ह्याश्विने शुक्लपक्षे,
[2]आशातिथ्यां सुजिनप्रतिमाः पालिताणात इद्धाः ।
[3]सद्विशत्युत्तरशतमिता आगमागारहेतो-
रानाय्याकारि च सुविधिना तत्र भव्यप्रवेशः ॥१०७॥

(४) (०) (०) (२)
'तुर्योद्र्वे-द्व्यभ्र-नयन-मिते हायने माघशुक्ले,
शुक्रे श्रेष्ठे [4]क्षणतिथियुते सन्मुहूर्त्ते समासाम् ।
सन्मूर्त्तीनामपग्गिगणिनोत्साहयुक्तैर्जनौघै-
रम्ये तस्मिन् श्रुतवरगृहे कारिता सुप्रतिष्ठा ॥१०८॥

संवत्सर्यास्तिथिवरसमाराधनायाः प्रसङ्गे-
ऽस्मिन्नेवाब्दे समुदितविसंवादनिर्यासकार्ये ॥
नैकैर्वर्षैः प्रचलितविधेर्यै श्रुतप्रोक्ततां वै,
संसाध्यान्यानपि जिनपथः पोषणोत्कान् प्रचक्रुः ॥१०९॥

काले गच्छत्यविरतमितो ह्यग्रिमे पौषमासे,
कृष्णे पक्षे [5]शरतिथिगतेऽचिन्तिता वायुरोगः ।
वृद्धि यातो बहुतरचिकित्साविधिज्ञैः सुयत्नान्,
सज्जाः जातास्समुपचरिताः किन्तु शान्तो न जातः ॥११०॥

---

१ मुबंपुरीयस्य तव्यापारि-श्रीवाडीलाल-चत्रभुजाह्वश्रेष्ठिकरत इत्यर्थः। २ दशमीदिने । ३ १२०संख्याकाः । ४ क्षणशब्दस्य कालवाचित्वमत्र ज्ञेयं कालस्य च भूतवर्तमानभाविरूपेण त्रैविध्यस्य विदितत्वात् तृतीयायामित्यर्थो बोध्यः । ५ पंचमीतिथौ ।

सैवाऽपूर्वा स्थितिरथ तदाऽऽसीन्न चाल्पाप्यशान्ति-
श्चेतोऽस्प्राक्षीज्जिनपतिपदेऽभूदपूर्वोऽनुरागः ।
स्थित्यां तस्यामपि नवनवश्लोकनिर्माणकार्यं,
ज्ञानध्यानादिकमपि मनाङ्नावरुद्धं कदाचित् ॥१११॥

(६) (०) (०) (२)
षड्-खा-काश-द्वि-मितपर[1]वाणौ पुनर्वायुवेगो
वारंवारं प्रबलरभसा पीडयामास देहम् ।
मध्ये यस्य स्थितिपरवशाच्छ्रीनमस्कारमन्त्र-
स्याऽयातोऽभूदहह ! सततं श्रावणस्य प्रसङ्गः ॥११२॥

आदेः स्वभ्यस्तमथ च तथा देहस्थित्यादि सम्यग्-
दार्ढ्यं येनेतरजनगणासह्यरोगेऽपि शान्त्या ।
ये स्तम्भाद्याश्रयविरहिताश्चारु पद्मासनेन,
स्वेष्टस्मृत्यामथ निजमनो योजयामासुरारात् ॥११३॥

दृष्ट्वाऽऽश्चर्यं भृशमुपगता डॉक्टरा अप्यवोचन्,
धन्या एते यदिह विषमस्थेऽपि रोगे सुशान्ताः ।
अन्यः कश्चिद् यदि गदहतोऽस्यां स्थितौ स्यात्तदा तु,
स्वान्तर्भीतः स खलु सहसान्यां दशामेव यायात् ॥११४॥

एवं रुग्णां स्थितिमथ निजां वीक्ष्य विज्ञाय चास्या-
ऽनित्यत्वं वै सपदि वपुषो [2]माधवे शुक्लषष्ठ्याम् ।
सर्वानाहूय च निजशरीरं ततो व्युत्सृजन्तो-
ऽस्मार्षुर्भक्त्या जिनपतिवरान् ह्यर्धपद्मासनस्थाः॥११५॥

---

१ अयंशब्दः संवत्सरापरपर्याय इति हैमलिङ्गानुशासने । २ वैशाख-
मासे ।

एकादश्यां निशि कथिदिनेऽप्येकवारं त्वतीव-
वेगादाक्रान्तिरभवदहा ! येन सर्वेऽप्यचेष्टाः ।
सन्त्यक्ताशाः जिनवरवचः श्रावयामासुराशु,
सत्पुण्यानामतिबलतया [1]किन्त्वितं दुर्दिनं तत् ॥११६॥

[2]वैशाखस्यासितदलगते पञ्चमेऽह्न्यस्तकाले,
सूर्यस्याभूत् त्रिदशनिलये श्रीगुरूणां प्रयाणम् ।
हन्ताकस्माद् सुरतजनताऽचिन्त्यदम्भोलिपाताद् ,
भीता व्यग्रा प्रकृतिविधुरा कृत्यशून्या बभूव ॥११७॥

सद्भिर्नोच्चैस्तरशिखरिता चारु दोला ह्यकारि,
प्रासादस्यानुकरणकरी सत्कलाभिश्च युक्ता ।
[3]विद्युत्पत्रैरधिगतसमाचारवन्तश्च भक्ताः
ग्रामाद् [4]ग्रामादरमुपगता अन्त्ययात्रार्थमाशु ॥११८॥

दोलोत्थानाय च कृतपहस्तादिमुद्रापणा वै,
भक्ताः स्वीयं मनुजजननं सार्थकीचक्रुरेव ।
अन्ये प्रादुर्द्रविणनिचयं वह्निसंस्कारकार्ये,
भव्या यात्रा निखिलनगरे भ्रामिता भक्तिभावैः ॥११९॥

पश्चाद् गोपीपुरपरिसरे स्वागमौकः[5]समीपं,
संस्थित्यां चापरिमितजनानां गुरूणां सुभव्यम् ।
नानाकाष्ठैर्मलयगिरिजैर्दाहसंस्कारकृत्यं,
नाभूत् पूर्वं न च परमितो भावि तादृग् बभूव ॥१२०॥

---

१ किंतु इतं=गतम् इति पदच्छेदोऽत्र बोध्यः । २ गूर्जरदेशीय-पद्धत्येदं ज्ञेयं, पूर्णिमान्तमास(शास्त्रीय)पद्धत्या तु ज्येष्ठस्येति बोध्यम् । ३ तार–टेलिग्रामाख्याधुनिकशीघ्रसंदेशावहपत्रैरित्यर्थः । ४ अरम्=शीघ्रम् । ५ सुंदरागममंदिरपार्श्वम् ।

(१२५) (३८)
शिष्याः पादोत्तरशतमिताः अष्टत्रिंशत् सुसंस्थाः,
(१२)
ज्ञानागारा मुनिगितमताः सन्ति यत्कीर्त्तिदीपाः ।
यैश्चाकारि श्रुतहितकरीर्वाचनाः सप्त यासु,
ग्रन्थाः [1]लक्षद्वयधिकगणितश्लोकमाना ह्यवाचि ॥१२१॥
[2]सप्तत्रिंशत्सुरपनयनाङ्काधिकानां नवीन-
श्लोकानां ते भुवि रचयितारः कथं स्युर्न नम्याः! ।
(१७९)
ऊनाशीत्युत्तरगतशतग्रन्थसम्पादकास्ते,
(५०)
धन्याः पञ्चाशदधिकशुभग्रन्थसङ्ग्राहकाश्च ॥१२२॥
व्याख्यानानामपि कतिपये ग्रन्थवर्याः प्रसिद्धाः,
येषां सन्ति प्रथितविभवा [3]भूमिकाः प्राथमिक्यः ।
(७८)
द्व्यूनाशीतिप्रमितरुचिरग्रन्थरत्नेषु येषां,
मार्गं लोकान् जनिहितकरं बोधयन्त्यो लसन्ति ॥१२३॥
(१२)
आदित्याङ्काः सुततमुपधानव्रताः कारिताः यैः,
शोधं शोधं सकलसुजिनोक्तागमानां सुपाठान् ।
सल्लोकानामुपकृतिहितं मञ्जु मुद्रापयित्वा,
नैकान् योग्यानभ्यसकृतिनोऽधीतयेऽयूयुजँश्च ॥१२४॥
एवं नानाव्रतजपतपोध्यानदीक्षाप्रतिष्ठा-
यात्रास्नात्रादिकबहुविधोद्यापनैश्चोपधानैः ।

---

१. २३३३४२ श्लोकप्रमाणग्रन्था वाचनासु वाचिताः । २ सप्त-त्रिंशत्सहस्रमितानामित्यर्थः । ३ प्रस्तावना इत्यर्थः ।

भव्यान् जीवान् जिनपगदिते रम्यमार्गे नियुज्य,
त्यक्त्वा देहं सुरपतिगृहं संययुः सूरिवर्याः ॥१२५॥
येषां कीर्त्तिं विमलविमलामश्मताम्रागमाना-
मागारस्था दिशि दिशि दिशन्त्यः पताका नितान्तम्
[1]यावच्चन्द्रारुणकिरणवन्तौ दिवि द्योतमानौ,
गायं गायं तदवधि मुदा रञ्जयिष्यन्ति लोकम् ॥१२६॥

॥ अन्त्यमङ्गलम् ॥

(शिखरिणी)

कृतं यैर्लोकानामुपकृतिहितं वाचनिकया,
श्रुतानामभ्यासस्त्रुटिविरहितः सम्प्रचलितः ।
सुपूज्यांस्तान् 'श्रीसागर'इति शुभाख्याप्रथितकान्,
नमामः सूरीन्द्रान् श्रुतवरसमुद्धारनिरतान् ॥१२७॥

चित्र–हार--बन्ध*

( शार्दूलविक्रीडितम् )

शश्वच्छान्तिमयान् महामतिमतः [2]कल्यङ्करान् [3]कर्मठान्,
भव्यापत्तिभरापहान् जलजवज्जन्तुभ्य आनन्ददान् ।
दान्तान् नौमितमां विभावितविधीन् [4]व्याख्यानलब्धासनान्,
प्रौढान् सत्यसखान् सदा नतधियाऽऽनन्दाब्धिसूरीश्वरान् १२८

१ यावच्चन्द्रार्कावित्यर्थः । २ कल्यशब्दो हि कल्याणापरपर्यायभद्रवाचकस्ततः भद्रङ्करानित्यर्थोऽत्र ज्ञेयः । ३ क्रियाकुशलान् । ४ व्याख्यानलब्धप्रतिष्ठानित्यर्थः ।

* अयं हि श्लोकः आधुनिकभूषणपरिभाषया नेकलेसेत्याख्यस्वर्णमयरत्नहाररूपेण संयोजितोऽस्ति, एतत्प्रतिकृति-रेकत्रिंशतमे पत्रेऽस्ति ।


ॐ
।।आगमोद्धारक-
ध्यानस्थस्वर्गताचार्यवर्याणां
-चित्रहारबंधगर्भा स्तुतिः।।

(स्रग्धराच्छन्दः)

धन्या मान्या वदान्याः गुणिगणगणनास्वग्रगण्या महान्तो,
विद्वद्गोष्ठीगरिष्ठाः [1]जिनपतिचरणेन्दीवरेन्दिन्वराश्च ।
वादीन्द्रा देशकेन्द्रा [2]अविकलनिगमज्ञाततत्त्वा [3]महिष्ठा-
'आचार्यानन्दवर्याः' प्रथितगुणगणाः 'सागरान्ता' जयन्ति १२९

॥ आगमपर्यालोचनप्राणः आगमोपजीवी च श्रमणः
श्रामण्यसारमवाप्नोति, लभते च निर्वृतिम् ॥

॥ जीयासुरागमोद्धारकाः सद्गुरवः ।

१ तीर्थकृच्चरणकमलभ्रमरा इत्यर्थः। २ शास्त्रपरपर्यायोऽयम्। ३ पूज्याः ।

# આગમોદ્ધારક
# શ્રીના
# જીવનદૃશ્યો

૧ આગમોદ્ધારકશ્રીના ગુરુદેવ



પ. પૂ. શ્રીઝવેરસાગરજી મહારાજ

૨ આગમોદ્ધારક




સં. ૧૯૬૪ સુરત પ્રથમ શહેર યાત્રા



૩ સં. ૧૯૭૭ રતલામ



૪ સં. ૨૦૦૩ સુરત ૨૦૦૬
નેમુભાઈની વાડી. મં. હી. ધર્મશાળા



૫ સં. ૨૦૦૪ સુરત

૬ સં. ૧૯૯૨ સિદ્ધક્ષેત્ર, પાલીતાણા



આ. શ્રુ. ઉપા. ચાર આચાર્ય પદ્દવી ૪



૭ અંજનશલાકા સં. ૧૯૯૯ મ. વ. ૨ સિદ્ધક્ષેત્ર–પાલીતાણા.



૮ શ્રીવર્ધમાનજૈનાગમમંદિર, સિદ્ધક્ષેત્ર–પાલીતાણા.



૯ સં. ૧૯૯૯ આગમમંદિરપ્રતિષ્ઠા વરઘોડો (પાલીતાણા)





૧૦ શ્રીવર્ધમાનજૈનતામ્રપત્ર
આગમમંદિર–સુરત
સં. ૨૦૦૪ મ. સુ. ૩

૧૧ આગમોદ્ધારક ગુરૂમંદિર
સુરત
સં. ૨૦૦૭ મ. સુ. ૩



૧૨
શ્રી-
જૈનાનંદ-
પુસ્તકાલય
સુરત
સં.
૧૯૭૫

१३ १४

श्री आगममंदिर मूळनायकजी



પાલીતાણા



સુરત

૧૫ શ્રી આગમપુરુષ સં. ૧૯૯૯ પાલીતાણા






॥ શ્રી તામ્રપત્રાગમ મંદીર - સુરતના ભૂમિગૃહમાં ઉત્કૃષ્ટ
॥ ૐ હ્રીં ॥ - શ્રુતમંદીરમાં સ્થિત સ્વર્ણાક્ષરી આગમ પુરૂષ ॥

૧૬ સં. ૨૦૦૫

॥ तीर्थंकर भगवान्नी लोकोत्तर उपमाओ ॥




॥ जीवनिकाया गावो, जं ते पालेंति महागोवा ।
मरणाइभया हि जिणा, निव्वाणवणं च पावेंति ॥

- श्रीआव० नि० गा० ९१६



॥ तीर्थंकर भगवान्नी लोकोत्तर उपमाओ ॥




॥ सव्वे पाणा ४ न हंतव्वा न अज्जावेयव्वा न परि-
घित्तव्वा न परियावेयव्वा न उद्दवेयव्वा ॥ ५ ॥

- श्री आचारांग श्रु० ४ उ० १ सू० १

॥तीर्थंकर भगवान्‌नी लोकोत्तर उपमाओ॥

॥श्रीतीर्थकृतामर्हतां लोकोत्तराद्भुततरव्यक्तित्वपरिचायिका शास्त्रप्रसिद्धा उपमा॥



अर्हन्तो हि महानिर्यामकाः

॥भिज्जामगरयणाणं, अमूढनाणमईकण्णधाराणं।
वंदामि विणयपणओ, तिविहेण तिदंडविरयाणं॥

– श्री आव. नि. गा. ९१४



॥तीर्थंकर भगवान्‌नी लोकोत्तर उपमाओ॥

॥श्रीतीर्थकृतामर्हतां लोकोत्तराद्भुततरव्यक्तित्वपरिचायिका शास्त्रप्रसिद्धा उपमा॥



अर्हन्तो हि महासार्थवाहाः

॥पावंति निव्वुइपुरं, जिणोवइट्ठेणं चेव मग्गेणं।
अडवीइ देसिअत्तं, एवं नेयं जिणिंदाणं॥

– श्री आव. नि. गा. ९०६



૨૧ સં. ૧૯૯૯ મ. વ. પાલીતાણા



૨૨ શિલાસ્થાપના–સુરત સં. ૨૦૦૩



૨૩ સં. ૧૯૯૮ પાલીતાણા, મોતીશુખીયા ધર્મશાળા

૨૪ શ્રીસિદ્ધચક્રગણધરમંદિર
દ્વારોદ્ઘાટન સં. ૧૯૯૯ પાલીતાણા



૨૬ સં. ૧૯૯૯ ફા. વ.



૨૫ સં. ૨૦૦૧ સુરત નેમુભાઇની વાડી





કપડવંજ પ્રવેશ ૧૫



૨૭, સં. ૨૦૧૪ મા. સુ. ૪ સુરત
આગમમંદિરદ્વારોદ્ઘાટન પ્રતિનિવર્ત્ત



૮ સં. ૨૦૦૩ રાંદેર

આ. શ્રુ. ઉપા.



૨૯ સં. ૨૦૦૩ સુરત



૩૦ સં. ૨૦૦૩ રાંદેર



૩૧ સં. ૨૦૦૪ ન. ખે. ધર્મશાળા

## ધ્યાનસ્થ આગમોદ્ધારક



૩૨ સં. ૨૦૦૩ રાંદેર



૩૩ સં. ૨૦૦૬ વૈ. સુ.



૩૪ સં. ૧૯૯૮ પાલીતાણા

૩૫ આગમોદ્ધારકશ્રીના



અનન્યપટ્ટધર આ. મ.
શ્રીમાણેક્યસાગરસુરીશ્વરજી

૩૬ આગમોદ્ધારકશ્રીના



પ્રથમ શિષ્ય
પં. વિજયસાગરજી



૩૭ સ્વર્ગવાસ પછી
૨૦૦૬ વૈ. વ. ૫
રાત્રી

ધ્યાનસ્થ
૩૮ આગમોદ્ધારક
સં. ૨૦૦૬ વૈં. સુ.





૩૯ સ્વર્ગવાસ પછી
૨૦૦૬ વૈ. વ. ૫
રાત્રી



૪૦ સ્મશાનયાત્રા

સં. ૨૦૦૬ વૈ. વ. ૬



૪૧ અગ્નિસંસ્કારના સ્થાન પર

૪૨ [illegible]

પ. [illegible]

પૂ. [illegible]

ઝવેરસાગરજી [illegible]

મ. [illegible]

[illegible]

[illegible]

૪૩ [illegible]

હસ્તાક્ષર [illegible]

સં. [illegible]

૧૯૪૬ [illegible]

જે. સુ. ૫ [illegible]

[illegible]



૪૪

હસ્તાક્ષર

સં. ૧૯૪૭

મહા સુ. ૧૨



૪૫

હસ્તાક્ષર

સં. ૧૯૭૦

પૂર્વે

આ. શ્રી. ઉપા.

पधर्मोपदेशा, आज्ञाऽभ्यंतरोपध्योः, उत्तमसंहननस्यैकाग्रचिंतानिरोधो
ध्यानमंतर्मुहूर्तात्, आर्तरौद्रधर्म्यशुक्लानि, आर्त्तममनोज्ञस्यसंप्रयो
गे तद्विप्रयोगायस्मृतिसमन्वाहारः, विपरीतंमनोज्ञस्य, वेदनायाश्च, नि
दानं च, तदविरतदेशविरतप्रमत्तसंयतानां, हिंसानृतस्ते
यविषयसंरक्षणेभ्यो रौद्रमविरतदेशविरतयोः, आज्ञापायविपाक
संस्थानविचयायधर्म, शुक्ले चाद्ये पूर्वविदः, परे केवलिनः, पृथक्त्वैक
त्वविचारसूक्ष्मक्रियाप्रतिपातिव्युपरतक्रियानिवर्तीनि, तत्त्र्येकयो
गकाययोगायोगानां, एकाश्रये सवितर्कविचारे पूर्वे, अविचारं
द्वितीयं, वितर्कः श्रुतं, विचारोऽर्थव्यंजनयोगसंक्रांतिः, सम्यग्दृष्टि
श्रावकविरतानंतवियोजकदर्शनमोहक्षपकोपशमकोपशां
तमोहक्षपकक्षीणमोहजिनाः क्रमशोऽसंख्येयगुणनिर्जराः, पुला
कबकुशकुशीलनिर्ग्रंथस्नातकाः, संयमश्रुतप्रतिसेवनातीर्थलिंग
लेश्योपपातस्थानविकल्पतः साध्याः ~

॥ १० मोहक्षयाज्ज्ञानदर्शनावरणांतरायक्षयाच्च केवलं, बंधहेत्व
भावनिर्जराभ्यां कृत्स्नकर्मविप्रमोक्षो मोक्षः, औपशमिकादि
भव्यत्वानां च, अन्यत्र केवलसम्यक्त्वज्ञानदर्शनसिद्धत्वेभ्यः
, तदनंतरमूर्ध्वं गच्छत्यालोकांतात्, पूर्वप्रयोगादसंगत्वाद्बंधच्छे
दात्तथागतिपरिणामाच्च, आविद्धकुलालचक्रवद्व्यपगतले
पालाबुवदेरंडबीजवदग्निशिखावच्च, धर्मास्तिकायाभावात्
, क्षेत्रकालगतिलिंगतीर्थचारित्रप्रत्येकबुद्धबोधितज्ञाना
वगाहनांतरसंख्याल्पबहुत्वतः साध्याः ~

इति श्रीतत्त्वार्थमूलव्याख्यानुपातिन्यनुक्रमणिका श्री १९५
२ श्री सोजलीतरे रे आस्तातीना थ० ५ सादार सी.मु. आ. सा

૪૭ સં. ૧૯૭૦ પૂર્વના હસ્તાક્ષરો





૪૮ સં. ૧૯૯૮ પાલીતાણા



૪૯ સં. ૨૦૦૨ સુરત





૫૦ સં. ૨૦૦૪ સુરત

सिद्ध
लघुप्रभाव्याकरणस्य
लघुशब्दकोशस्य च
उपोद्घातः

इदं व्याकरणं बृहन्मध्यप्रभाव्याकरणं
स्वालोचयमतिलघुतमं तत्प्रथमतो व्याकर-
णमधिजिगांसवो बालाः सामान्यमर्थमनुसन्-
धानां सुखपाठकमलं तत्परास्तेषामध्ययनाय इद-
मं स्वसुहृदयितत्वोऽयं निर्मापितं अधीते चास्मिन्
प्रारम्भतः श्रीसिद्धहैमव्याकरणानामिद-
नुशासनानां चान्येषां व्याकरणानामप्य-
ध्ययनं सुगमतरं स्यादित्यस्य रचनामुद्रणं च
प्रकारेण पत्रे एव मुद्रितौ भागौ विशेषेण समये वेला-
लायां नियान्युदाहरणान्यवबुध्यन्ते तानि ता-
न्युल्लिखितं यथा बोधसमर्थमानसैस्तु चोपयुक्तो
यतो न स्यात् दूषणमस्माकं मन्तव्यमपीयं चेति
प्रार्थितमिति लघुतमः कोशश्च प्रागेव विशेषव्याक-
रणाध्ययनादुपयोगकथानकप्रायाग्रन्थानन्त-
राध्ययनसौकर्याय योग्योऽस्मिन्नेवतुल्यकोशः सुखे-
मध्ययनाय इदं योगमुद्रितस्य आशास्ते चोपयुज्य
इयमेतत् सफलयिष्यन्तीति प्रातरार्थ श्रमणादिवर्गाः

इति

२००५ मार्गशीर्षशुक्लद्वितीया
श्रमणसंघसेवक आनन्दसा-
गरः सुरतगोपीपुरस्थे
मंछुभाईदीपचंदधर्मशाला

५२ श्रीउपदेशमालाकरोऽयं ते समोहन्ते फलेषु रतिसमागः



૫૩ હસ્તાક્ષર સં. ૧૯૯૩



હસ્તાક્ષર સં. ૨૦૦૫ સુરત મ. દી. ધર્મશાલા

## આગમોદ્ધારકશ્રીના જીવનદૃશ્યનો

# પરિચય

**દૃશ્ય ૧**:–આગમોદ્ધારકશ્રીને દીક્ષા આપનાર, શાશન માટે જહેમત ઉઠાવનાર પરમ પૂ. **શ્રીઝવેરસાગરજી** મહારાજ. જેમનો સ્વર્ગવાસ ૧૯૪૮ના માગસર સુદિ ૧૧ના દિવસે **લીંબડી** મુકામે થયો હતો. ઉદેપુર **લીંબડી** વિગેરે સ્થળો એમના ગુણોથી રંગાયેલાં છે.

**દૃશ્ય ૨**:–આગમોદ્ધારકશ્રીના ઉપદેશથી સં. ૧૯૬૪માં **સુરતમાં વડાચૌટેથી** જે શહેર યાત્રા નીકળી હતી. અને તે વખતે ભાગ્યશાળી **ચીમનલાલ** શહેર યાત્રાના સંઘવી થયા હતા. તે વખતનું આ દૃશ્ય છે. આગમોદ્ધારકશ્રી અને તેમની બાજુમાં તે શહેર યાત્રાનો લાભ લેનાર સુશ્રાવક ઉભેલા દેખાય છે.

**દૃશ્ય ૩**:–સં. ૧૯૭૭માં રતલામમાં કોઈ તેવા ગ્રહસ્થોના દુરાગ્રહના કારણે એક ફોટો પડાવ્યો હતો. ફોટો પાડીને નેગેટીવ ખલાસ કરવાની શરતે આ ફોટો પાડવા દેવામાં આવ્યો હતો. (વાચકે એટલું શરત રાખવાનું છે કે આગમોદ્ધારકશ્રી ફોટાના કટ્ટર વિરોધી હતા. આમાં જે ફોટાઓ આપવામાં આવેલા છે, તેમાના આ અને નં. ૬ ના ફોટાને છોડીને બાકીના બધાય ફોટાઓ ઝડપી લીધેલા છે.)

**દૃશ્ય ૪**:–**સુરતમાં નેમુભાઈ**ની વાડીમાં તેવે જ વખતે બેઠેલાનો છે. અને બીજો **સુરતમાં મંછુભાઈ દીપચંદ**ની ધર્મશાળામાં છેલ્લે પોતે ધ્યાનસ્થમુદ્રા સ્વીકારી તે વખતનો છે. (આગમોદ્ધારકશ્રીના પરમ રાગી શેઠ **મોહનલાલ છોટાલાલ અ**મદાવાદવાળાએ ચીતરાવીને આ બન્ને ફોટાઓ ભેગા બનાવ્યા છે.)

**દૃશ્ય ૫**:–સં. ૨૦૦૪માં શ્રીવર્ધમાનજૈનતામ્રપત્રાગમમંદિર **સુરત**ની પ્રતિષ્ઠા કરીને પાછા ફરતાં આશીર્વાદ દેતો આ ફોટો છે.

**દૃશ્ય ૬**:–સં. ૧૯૯૨ માં **શ્રીસિદ્ધક્ષેત્ર પા**લીતાણામાં આચાર્ય પદવીઓ આપવાનો આગ્રહ કરતાં આપવાનું વિચાર્યું અને **વૈ**શાખ સુદિ ૪ના દિવસે મંગળ મુહૂર્તે ઉપાધ્યાય શ્રી**મા**ણેક્યસાગરજી મ., ઉ. શ્રીકુમુદવિજયજી મહારાજ, પં. **ભ**ક્તિવિજયજી ગણિ, પં. **પ**દ્મવિજયજી ગણિને આચાર્ય પદવી આપિ. તે પછીથી **પ**ન્નાલબાબુની **ધ**ર્મશાળાના ચોકમાં **પાંચ આચાર્યો** અને **જા**મનગર વાલા શેઠ **પો**પટલાલ **ધાર**શીભાઈ વિગેરે સદ્ગૃહસ્થો આ દૃશ્યમાં દેખાય છે.

**દૃશ્ય ૭**:–સં. ૧૯૯૯માં શ્રીવર્ધમાનજૈનાગમમંદિરની **અં**જનશલાકા વખતે **મ**હા વદિ ૨ના રોજ ૨૦૦૦ પ્રતિમાજી મહારાજની અંજનશલાકા કરી હતી, તે વખતે ગોઠવેલા **પ્રતિમાજી** મહારાજનો આ દેખાવ છે.

**દૃશ્ય ૮**:–શ્રી**સિદ્ધક્ષેત્ર પા**લીતાણાની જયતલાટીમાં (ગિરિરાજની શિત્તલ છાયામાં તલાટીમાં) આગમોદ્ધારકશ્રીના ઉપદેશ અને સલાહ અનુસાર બંધાવાયેલ **શ્રીવર્ધમાનજૈનાગમમંદિર** છે. આનો પ્રતિષ્ઠા સં. ૧૯૯૯ મહા વદ ૫ છે. જેની અંદર આગમોને શિલાઓમાં કોતરી સ્થાપન કરવામાં આવ્યા છે. ૪૦ સમવસરણ, ૫ મેરૂ, ૪૦ દેવકુલિકાઓ, ૪ લઘુપ્રાસાદ અને ૧ બૃહત્પ્રાસાદ એમ ૪૫ માં થઈને ૧૮૦ પ્રતિમાજી મહારાજ છે. એની બાજુમાં **શ્રીસિદ્ધચક્રગણધરમંદિર** આવેલું છે. જેમાં સિદ્ધચક્રનું માંડલું ૨૪ તીર્થંકરો અને તેના

ગણધરો અને એક સ્થવીર પટ એમ ૨૫ પટો છે. **તત્ત્વાર્થ** તેમજ **આચારંગ** વિગેરે પાંચ નિર્યુક્તિઓ અને **સિદ્ધપ્રાભૃત** શિલામાં કોતરેલાં સ્થાપન કર્યાં છે. મેડા પર ચાર પ્રતિમાજી મહારાજ છે અને ભોયરામાં પરુણા દાખલ પ્રતિમાજી મહારાજ બિરાજમાન કરવામાં આવેલાં છે. પાછલી બાજુએ શ્રમણ સંઘ પુસ્તક સંગ્રહ બંધાવવામાં આવ્યું છે. જેમાં સાધુઓનાં પુસ્તકો મુકવા માટેના કબાટો છે અને શ્રમણ ભગવંતોનો પુસ્તક સંગ્રહ છે. તેના ચાર ખંડમાંના છેલ્લા ખંડમાં આંયબિલ ખાતુ ચાલે છે.

**દૃશ્ય ૯:**–સં. ૧૯૯૯ની આગમમંદિરની પ્રતિષ્ઠામાં નીકળેલા ભવ્ય વરઘોડાનુ આ દૃશ્ય છે. પાછલી બાજુએ **અયોધ્યા** નગરીનો દેખાવ છે.

**દૃશ્ય ૧૦:**–જેમ શિલોત્કીર્ણ આગમોનું **પાલીતાણા** આગમ-મંદિર છે, તેમ આ **શ્રીવર્ધમાનજૈનતામપત્રાગમમંદિર** છે. આ મંદિરમાં તામપત્રના આગમો દિવાળો ઉપર સ્થાપન કરવામાં આવ્યા છે.

ખરી રીતે તો તામપત્રના માટે જ આ મંદિર બંધાવાયું છે. એમાં ૧૨૦ પ્રતિમાજી મહારાજ બિરાજમાન કરવામાં આવ્યાં છે. તિર્ચ્છાલોકના શાશ્વતાચૈત્યમાં ૧૨૦ પ્રતિમાજી મહારાજ છે. અહિં ત્રણ માળ (ભોયરૂં, મુખ્ય મંદિર, અને ઉપલાં માળ) છે. આ મંદિરના કમ્પાઉન્ડની અંદર દક્ષિણ બાજુમાં આગમોદ્ધારકની **સાહિત્ય-સેવાની** નાનકડી રૂમ આવેલી છે. જેમાં આગમોદ્ધારકની સંપાદિત કૃતિઓ, મુદ્રિત કૃતિઓ અને રચિત રચનાઓ ગોઠવવામાં આવેલી છે. તેમજ આગમોદ્ધારકનો ફોટો અને બે આગમમંદિરનાં દૃશ્યો મુકવામાં આવેલાં છે. (આ આગમમંદિરની પ્રતિષ્ઠા સંવત ૨૦૦૪ના મહા સુદિ ૩ના થઈ છે.)

આ આગમમંદિરમાં ભોંયરામાં **શ્રીપાર્શ્વનાથ**ભગવાનના જીવન દૃશ્યો, મુખ્યમાળમાં **શ્રીમહાવીર** ભગવાનના દૃશ્યો અને ઉપલે માળે

**શ્રીઆદીશ્વર** ભગવાનના જીવન દશ્યો આપવામાં આવ્યા છે. કારણ કે **શ્રીપાર્શ્વનાથ** ભગવાન, **શ્રીમહાવીર** મહારાજા અને **શ્રીઆદીશ્વર** ભગવાન ક્રમે મુળનાયકજી છે. એટલે તે દશ્યો આપવામાં આવ્યો છે.

**દશ્ય ૧૧:-શ્રીઆગમોદ્ધારક ગુરુમંદિર (સુરત)** સં. ૧૯૯૯ના વૈશાખ વદિ ૫ નિ બપોરે ૪॥ વાગે આગમોદ્ધારકશ્રી કાળધર્મ (સ્વર્ગવાસ) પામ્યા. તેઓશ્રીને જે સ્થળમાં (જુની અદાલતમાં આગમ મંદિરની સામે) અગ્નિ સંસ્કાર કર્યો હતો, તે સ્થળ ઉપર આ ગુરુમંદિર બાંધવામાં આવેલું છે. તેમાં આગમોદ્ધારકશ્રીની પ્રતિમા, શૈલાના નરેશનો અમારી પટક, **માથુરી** અને **વલભી** વાંચનાઓ, આગમોદ્ધારકશ્રીની વાચના, ધ્યાનસ્થ, આગમોદ્ધારકશ્રીના રચેલા ગ્રંથોની નામાવલી અને સંકલનાની નામાવલી, આગમોદ્ધારકશ્રીની દીક્ષાથી સ્વર્ગવાસ સુધિની કાર્યકીર્તિ, પ્રતિષ્ઠા સુધિના મુનિ ભગવંતોની નામાવલી અને ગુરુ મંદિરમાં પૈસા આપનારની નામાવલી આપવામાં આવેલી છે. તેની પ્રતિષ્ઠા સં. ૨૦૦૭ ના મહા સુદ ૩ને દિવસે થઈ છે.

**દશ્ય ૧૨:-શ્રીજૈનાનંદપુસ્તકાલય** (સુરત). સુરતના-ગોપીપુરાના ઓસવાલ મહોલ્લાના નાકા ઉપર આવેલ આગમોદ્ધારકના અક્ષર દેહાત્મક આ પુસ્તકાલય છે. એની અંદર હજારો હસ્ત લેખીત પ્રતો, હજારો છાપેલી પ્રતો, અને હજારો ચોપડીઓ છે. આગમોદ્ધારકનો અપૂર્વ અક્ષર દેહ આ સંગ્રહમાં છે. અમરચંદભાઇ અને જેચંદભાઇએ દેખરેખ રાખીને આ મકાન બંધાવ્યું છે.

**દશ્ય ૧૩:**-સં. ૧૯૯૯ ના મહા વદિ ૫ના દિવસે શ્રીવર્ધમાન-જૈનાગમમંદિર(**સિદ્ધક્ષેત્ર**)ના મૂળ નાયક તરીકે બિરાજમાન થયેલ શાશ્વતા **શ્રીઋષભદેવજી** ભગવાનની આ છબી છે.

**દશ્ય ૧૪**:-સુરત શ્રીવર્ધમાનજૈનતામ્રપત્રાગમમંદિરના મૂળ-નાયક શ્રમણ ભગવાન **શ્રીમહાવીર** મહારાજાની આ છબી છે. ભગવાનની પીઠે જે ડીઝાઇન દેખાય છે, તે ડીઝાઇનમાં સોનાના

વરખ વિગેરે પુરીને કારીગરી કરવામાં આવી છે. તેની પછાળ આખા મંદિરમાં ૪૦ હજાર રૂપીઆ ખર્ચાયા છે.

**દૃશ્ય ૧૫:-શ્રીઆગમપુરુષ** (પાલીતાણા, **સિદ્ધક્ષેત્ર**). સં. ૧૯૯૯માં શ્રીવર્ધમાનજૈનગમમંદિર(**સિદ્ધક્ષેત્ર**)ની પ્રતિષ્ઠા વખતે ૫×૩ ના ટીબોર્ડ ઉપર **શ્રીનંદીસુત્રચુર્ણી**ના આધારે આ **શ્રીઆગમપુરુષ** આલેખવામાં આવ્યો હતો. આ કલ્પના આગમો-દ્ધારકશ્રીએ કરીને આ દૃશ્ય પેઇન્ટર પાસે ચિત્રાવ્યું હતું.

**દૃશ્ય ૧૬:- સુવર્ણાક્ષરી શ્રીઆગમપુરુષ** (સુરત) સંવત ૨૦૦૫માં શ્રીવર્ધમાનજૈનતામપત્રાગમમંદિરના ભોંયરામાં **શ્રીઉત્કૃષ્ટ-શ્રુતમંદિર**માં દિવાલ પર અર્ધવર્તુળ આકારે આ **શ્રીઆગમપુરુષ** બનાવવામાં આવ્યો છે. તેમાં સિમેન્ટના પાટીયાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આગમોના નામો પાટિયું કોરી કાચ બેસાડી તેની ઉપર સુવર્ણાક્ષરે લખવામાં આવ્યાં છે. તે આ પ્રમાણે- અંગ, ઉપાંગ અને પયન્નના નામો કાચની ઉપર-લખેલાં છે. જેથી પાછળ લાઇટ થતાં તે વાંચી શકાય છે. છેદ સૂત્રનું મસ્તકની, પુંઠે રહેલું ચક્કર ફરી શકે છે. એ રીતે આની મનોહરતા વધે છે.

**દૃશ્ય ૧૭:-મહાગોપ**-સુરતના શ્રીઆગમમંદિરના ભોંયરામાં અરિહંત પરમાત્માને આપેલી **મહાગોપ** વગેરે જે ઉપમા ચિતરાઇ છે, તે પૈકી **મહાગોપ** ઉપમાની આમાં તાદૃશ્યતા ચિતરાઈ છે.

**દૃશ્ય ૧૮:-મહામાહણ**-તીર્થંકર પરમાત્માને આપેલી આ ઉપમા છે. જેમાં કોઈ પણ પ્રકારના આરંભમાં કોઈ પણ જીવની વિરાધના થાય તે માટે, "આરંભ ન કરો" એમ નિષેધ જે કરવામાં આવ્યો છે, તે જણાવતું આ ચિત્ર છે.

**દૃશ્ય ૧૯:-મહાનિર્યામક**-અરિહંતપરમાત્માને આપેલી આ ઉપમા છે. સંસાર સમુદ્રમાંથી પાર ઉતારનારા અરિહંત-પરમાત્મા છે, તે જણાવનાર આ ચિત્ર છે.

**દશ્ય ૨૦ઃ–મહાસાર્થવાહ**–અરિહંત પરમાત્માને આપેલી આ ઉપમા છે. જેમ અટવીમાંથી સાર્થવાહ પાર ઉતારે છે, તેમ તીર્થંકર પરમાત્મા ભવાટવીમાંથી પાર ઉતારનારા છે. તે વાત આમાં દેખાડાઇ છે.

આગમપુરૂષ, મહાગોપ, મહામાહણ, મહાનિર્યામક અને મહાસાર્થવાહકની ચિત્ર કલ્પનાઓ આગમોદ્ધારકશ્રીની છે. તેને તેઓશ્રીએ ચિત્રરૂપે જગતની આગળ મુકી છે. તે પછીથી તો આ દશ્યો જુદી જુદી જગો ઉપર થયાં છે. શ્રીઆગમપુરૂષ કેટલી જગો ઉપર છે તેની નોંધ, મારા જ્ઞાનમિત્ર મુનીશ્રી**અ**ભયસાગરજીએ લખેલ **આગમપુરૂષ રહસ્ય**માં આપી છે. તદુપરાંત કપડવંજના **શ્રીચિંતામણીપાર્શ્વનાથજી**ના મંદિરમાં આગમપુરૂષ મકરાણા આરસમાં કોતરવામાં આવ્યો છે. મહાગોપ વગેરે ચાર ચિત્રોનાં દશ્યો **પૂના** ખિડકી, કપડવંજ **શાંતીનાથજી** મંદિરમાં કાચ ઉપર ચિતરવામાં આવ્યાં છે.

**દશ્ય ૨૧ઃ**–શ્રીવર્ધમાનજૈનાગમમંદિર (**પા**લીતાણા)ની પ્રતિષ્ઠાના પ્રસંગ પર શ્રીઆગમોદ્ધારક ભાવિકોને વાસક્ષેપ નાંખી રહ્યાં છે, તે પ્રસંગ જણાવનાર આ દશ્ય છે.

**દશ્ય ૨૨ઃ**–સં. ૨૦૦૩માં **સુ**રતમાં શ્રીવ**ર્ધ**માન**જૈ**નતામપત્રાગમમંદિરના શિલાસ્થાપન વખતે વાસક્ષેપ નાંખવાની તૈયારીવાળું વાસક્ષેપ મંતરતું આ દશ્ય છે.

**દશ્ય ૨૩ઃ**–સં. ૧૯૯૮માં **પાલીતાણાની મોતી**સુખીયાની ધર્મશાળામાં વ્યાખ્યાન પીઠે પોરસિ ભણાવતી વખતનું ઝડપી લીધેલું આ દશ્ય છે.

**દશ્ય ૨૪ઃ–શ્રીસિદ્ધક્ષેત્ર, પા**લીતાણા આગમમંદિરમાં પ્રતિષ્ઠા થયા બાદ બીજે દિવસે પ્રભુદર્શન માટે શ્રીસિદ્ધચક્રગણધરમંદિરના દ્વારને ખોલી, પ્રભુદર્શન કરી, પાછા ફરતાં લેવાયેલો, તેજ મંદિરના ઓટલા ઉપરનો, સંવત્ ૧૯૯૯ મહા વદિ ૬ નો આ ફોટો છે.

**દૃશ્ય ૨૫**:–સં. ૨૦૦૧ માં સુરતમાં **નેમુભાઈની** વાડીના ઉપાશ્રયમાં ત્ર્યંબકલાલ સંઘવીને શાસ્ત્રના પાઠો દેખાડવાપૂર્વક વસ્તુ સમજાવે છે.

**દૃશ્ય ૨૬**:–શ્રીવર્ધમાનજૈનાગમમંદિરની પ્રતિષ્ઠા કરીને ધી જયંત મેટલ તરફથી **ચીમનલાલ** ડાહ્યાભાઈએ ચૈત્રી શાશ્વતિ ઓલીનું આરાધન કરાવવાનું આમંત્રણ મળતાં કપડવંજ પધાર્યા. ત્યારે સં. ૧૯૯૯ ફાગણ વદમાં પ્રવેશ વખતે, મંગળ ગહુલી કરતી વખતે સમુદાય સાથે ઉભા રહેલા, તેમાંથી આ દૃશ્ય લેવાયું છે.

**દૃશ્ય ૨૭**:–શ્રીવર્ધમાનજૈનતામપત્રાગમમંદિરની પ્રતિષ્ઠા થયા બાદ સંવત્ ૨૦૦૪ ના મહા સુદિ ૪ના પ્રભાતે આગમમંદિરનું દ્વાર ઉદ્ઘાટન કરીને પાછા ફરતાં પોતાના અદ્વિતીય પટ્ટધર આ. શ્રી**માણેક્ય**-સાગરસુરિજી મહારાજ સાથેનું આ દૃશ્ય છે.

**દૃશ્ય ૨૮**:–સં. ૨૦૦૩માં **રાંદેર**માં પૂ. આચાર્ય શ્રી**વિજય**પ્રિતિ-ચન્દ્રસુરિજીએ જ્ઞાનમંદિર બંધાવ્યું ત્યારે ત્યાં પધારેલા અને તે વખતે ત્યાં **સાકળ**ચંદ ખુશાલચંદ ઝવેરી અને **મોતી**ચંદ કસ્તુરચંદ ચોકસી-ની સાથે વાતચિત કરતું આ દૃશ્ય છે.

**દૃશ્ય ૨૯**:–સં. ૨૦૦૩ માં સુરત **નેમ**ચંદ **મેળાપ**ચંદ ઝવેરીની વાડીમાં કોક પદાર્થને જોતું આ દૃશ્ય છે.

**દૃશ્ય ૩૦**:–સંવત ૨૦૦૩ માં **રાંદેર** પધાર્યા ત્યારે પ્રસન્ન મુદ્રાએ છીંકણીની ચપટી ભરતું આ દૃશ્ય છે.

**દૃશ્ય ૩૧**:–સં. ૨૦૦૪માં **નવલ**ચંદ ખેમચંદ ઝવેરીની ધર્મશાળામાં શિયાળામાં કાંઇક જોતું આ દૃશ્ય છે.

**દૃશ્ય ૩૨**:–સંવત ૨૦૦૩ માં રાંદેરના ઉપાશ્રયમાં આનંદથી કાંઇક જોઈ રહ્યા હોય તેવું આ દૃશ્ય છે.

**દૃશ્ય ૩૩**:–સં. ૨૦૦૬ના વૈશાખ સુદ ૫ના જે તબીયત બગડી અને ત્યાર પછીથી જે શરીરની મમતાને છોડી દઈને મૌન અને ધ્યાન મુદ્રા જે અંગીકાર કરીને રહ્યા અને તે જ આવસ્થાએ કાળ કર્યો. તે ધ્યાનસ્થ મુદ્રાને બતાવનાર આ દૃશ્ય છે.

**દૃશ્ય ૩૪**:-સં. ૧૯૯૮માં **પાલીતાણામાં પન્નાલાલ** બાબુની **ધર્મ**શાળામાં ખભા ઉપર કપડું રાખીને હાથમાં છીંકણીની ડબ્બી રાખીને આનંદમાં બેઠેલી મુદ્રાવાળો આ સીન છે.

**દૃશ્ય ૩૫**:–આગમોદ્ધારકશ્રીએ **પાલીતાણામાં** ૧૯૯૨માં ચાર આચાર્ય પદવીઓ આપી તેમાં પોતાના અનન્ય પટ્ટધર આ. મ. શ્રી **માણેકચસાગરસૂરિજી** મ.ને સ્થાપ્યા તે ગચ્છાધિપતિ શાંતમૂર્તિ વિદ્યાવારિધિ આ. **શ્રીમાણેકચસાગરસૂરિજી મહારાજ** આ દૃશ્યમાં દેખાય છે.

**દૃશ્ય ૩૬**:–આગમોદ્ધારકશ્રીના પ્રથમ શિષ્ય સ્થવીર પંન્યાસ **શ્રીવિજયસાગરજી** મહારાજની આ તસ્વીર છે.

**દૃશ્ય ૩૭**:–સુરત મુકામે સંવત ૨૦૦૬ ના વૈશાખ વદ ૫ ના દિવસે બપોરના ૪–૩૨ મિનીટે શુભ મુહૂર્તે, સ્વર્ગવાસ થયા પછીથી, નવડાવી–કપડા પહેરાવી થાંભલા સાથે બેસાડેલા. તે સ્વર્ગવાસના દિવસની રાત્રીનું આ તેઓશ્રીનું દૃશ્ય છે.

**દૃશ્ય ૩૮**:–ધ્યાનસ્થમુદ્રાનો ચિતાર બતાવતું એક બાજુનું આ દૃશ્ય છે.

**દૃશ્ય ૩૯**:–સંવત ૨૦૦૬ના વૈ. વદ ૫ ના સ્વર્ગવાસ પછીથી રાત્રીએ થાંભલા આગળ બેસાડેલા અને સળગતા ધૂપ–દીપવાળું અને વાસક્ષેપ ચઢાવેલું આ દૃશ્ય છે. જાણે કોઈ સાધના કરવાને માટે ધૂપ-દીપ કરીને કોઈ તમન્ના કરીને બેઠું હોય તેવું આ દેખાય છે.

દૃશ્ય ૪૦:–સંવત ૨૦૦૬ના વૈશાખ વદિ ૬ના દિવસે સવારે શ્રીઆગમોદ્ધારકની સ્મશાન યાત્રા ગામમાં ફરીને અગ્નિ સંસ્કારના સ્થાન ઉપર આવતી દેખાય છે. તેમાં ૧૬ સ્થંભવાલી, ઝરીથી મઢેલી, શિખરવાલી પાલખી દેખાય છે, કે જેમાં તેઓશ્રીના દેહને બેસાડેલો છે.

દૃશ્ય ૪૧:–દૃશ્ય નં. ૪૦માં જણાવેલી પાલખી અગ્નિ-સંસ્કારના સ્થાન ઉપર આવતી મનુષ્યોની મેદનીવાલી દેખાય છે.

## અક્ષર આત્માક દેહ

દૃશ્ય ૪૨:–આગમોદ્ધારશ્રીના ગુરૂજીએ તેમને દીક્ષા આપ્યા પછી જે છુપા રાખેલા તે વખતે લખેલા [1]પત્રનો આ ભાગ છે.

દૃશ્ય ૪૩:–આગમોદ્ધારકશ્રીએ પ્રથમ દીક્ષા લીધેલી અને છૂપા રાખવા પડેલા અને અમદાવાદ લાવવા પડેલા તે વખતે જે એમના માતા–પિતાને જવાબ દેવા માટે ગુરૂજી ઉપર પત્ર લખેલો તે આ [2]પત્ર છે.

---

૧ મુનિરાજ શ્રીદોલતસાગરજીએ સંવત ૨૦૧૩માં ઉદેપુર(મેવાડ)માં ચાતુર્માસ કરેલું તે દરમ્યાન બાજુની ધર્મશાળાની ઓરડીમાંથી તેમને ઘણા પત્રો મલી આવ્યા હતા. તે પૈકીના પચ્ચીસેક પત્રો મેં જોયાં છે. જેની નકલ પણ મે કરાવી છે. બીજા કેટલાક પત્રો તેમણે શાસનકંટકોદ્ધારક ગણિ-વર્ય શ્રીહંસસાગરજી મહારાજને આપ્યા છે. આ પત્રોમાં શ્રીઝવેરસાગરજી મહારાજના લખેલા, આગમોદ્ધારકશ્રીના પોતાના લખેલા, તેમના પિતાશ્રીના લખેલા અને તેઓશ્રીના ભાઇએ લખેલા પત્રો છે. આની મુળ કોપીઓ તેમની પાસે છે. આ અંગેનો તેમનો પત્ર આગળ આપીશું.

૨ પ્રથમ દીક્ષા લીધા પછીથી તેમના સાસરીયા પક્ષે કેસ કર્યો હતો, અને તે કેસમાં કોર્ટે તેમણે વાલીની પાસે રહેવું પડેલું અને ઘરમાં સાધુ વેષમાં રહેતા હતા. એવા જ કોઈ સંજોગોમાં સહલાકારોએ વેષ મુકવાનું કહ્યું અને તેથી વેષ મુકવો પડયો. પછીથી થોડા જ મહિનામાં ૧૯૪૭ના મહા સુદ ૫ના ફરીથી સંયમ અંગીકાર કર્યું.

**દૃશ્ય ૪૪:**–આગમોદ્ધારકશ્રીએ બીજી વખતે ૧૯૪૭ના મહા સુદ ૫ના દીક્ષા લીધી હતી અને મુનિ **આનંદસાગરજી** નામ રાખવામાં આવ્યું હતું. (પ્રથમની દીક્ષામાં મુનિ કનકસાગરજી નામ રાખવામાં આવ્યું હતું) આ વખતે પણ ગુપ્ત રાખવા પડયા હતા અને **આત્માનંદી** એવા નામથી વ્યવહાર ચાલું રાખવો પડયો હતો. તે જણાવનાર આ પત્ર છે.

**દૃશ્ય ૪૫:**–સંવત ૧૯૭૦ની પહેલાં લખેલ આ ષોડશક છે. મરોડદાર અને પદ્ધતિસરના આ અક્ષરો છે.

**દૃશ્ય ૪૬:**–તેઓ પોતે જે ગ્રંથો વાંચતા હતા. તે ગ્રંથોનો તેઓશ્રી વિષયાનુંક્રમ કરતા હતા. તે વિષયાનુક્રમ પૈકી ૧૯૫૨ માં **સોજતમાં તત્ત્વાર્થ**ના મૂળ ભાષ્યનો કરેલો આ વિષયાનુક્રમ છે. તે પણ સંસ્કૃત ભાષામાં કરેલો છે. જે સાઇજનો આ બ્લોક છાપેલાં તે જ સાઇજની બાંધેલાં પાનાની નોટ બુક છે. આ નોટ બુકમાં ક્રમે **લોકપ્રકાશ** સ. ૩૬, **સભાષ્ય તત્ત્વાર્થસૂત્ર** અ. ૧–૧૦, **દર્શનસપ્તતિ, વિચારરત્નાકર** અને **ગણધરસાર્દ્ધશતક**નો વિષયાનુ–ક્રમ છે. આ પુસ્તિકાનાં પાનાં ૧૪ છે.

**દૃશ્ય ૪૭:**–આગમોદ્ધારકશ્રીએ લઘુ, મધ્યમ અને બૃહદ્ એમ **સિદ્ધહેમ વ્યાકરણ** ઉપરથી ત્રણ વ્યાકરણ બનાવ્યાં છે. પરંતુ આ તો પાકૃત વ્યાકરણને પદ્યમાં બનાવવાનો આ ઉદ્યમ કરેલો છે. આ પેનશીલના અક્ષરનું લખાણ છે.

**દૃશ્ય ૪૮:**–**શ્રીસિદ્ધક્ષેત્ર**, શ્રીવર્ધમાનજૈનાગમમંદિરની પ્રતિમા-ઓની અંજનશલાકા કરવા માટે પ્રતિમા ઉપર અમુક લખાવી મુકયું હોય તો બાકીનું પછીથી કોરી શકાય. તે મુદ્દાએ એક કાપલી તૈયાર કરવામાં આવી હતી. તે આ કાપલી છે (આગમોદ્ધારકશ્રી પોતાના હાથે આચાર્ય લખવાનુ ઇષ્ટ ગણતા ન હતા, પણ શિલાલેખ

જેવા ભાવીને માટે અતિ ઉપયોગી એવામાં તપગચ્છ અને આચાર્ય લખતા હતા. તે વાત આમાં દેખાય છે. કારણ કે આમાં **"तपाचार्यानन्दसागरेण"** એમ દેખાય છે.)

**દૃશ્ય ૪૯:**–તામ્રપત્રના આગમો માટે પૈસા આપનારના નામો, તે તે આગમોના છેડે આવે તે રીતે દરેક આગમમાં નામ કોરાયેલાં છે તે રીતે પયન્નાની અંદર લેવાને માટે આ કાપલી લખી આપેલી છે.

**દૃશ્ય ૫૦:**–એ આગમમંદિરની પ્રતિષ્ઠા કયારે કયારે થઈ તે જણાવનારા આ અક્ષરો છે. જે **સુરત**માં આગમમંદિરમાં આરસમાં કોતરવામાં આવ્યા છે.

**દૃશ્ય ૫૧:**–આગમોદ્ધારકશ્રીએ છેલ્લામાં છેલ્લી પ્રસ્તાવના **લઘુસિદ્ધવ્યાકરણ** અને **લઘુતમશબ્દકોશ** પોતાના રચેલાની સં. ૨૦૦૫ ના માગસર સુદ ૨ના લખી છે. તેનો આ હસ્તાક્ષરનો બ્લોક છે.

**દૃશ્ય ૫૨:**–**ઉપદેશરત્નાકર** જે અપરતટ સહિત મૂળ મલી આવ્યો, તે વખતે શું મલ્યું તે જણાવનાર આ વાક્ય તે વખતે સં. ૨૦૦૫ માં લખી આપેલું છે.

**દૃશ્ય ૫૩:**–જેમ આરાધના માટે **પંચસૂત્ર** છે. તેમ તેને અનુલક્ષીને એક નવો ગ્રંથ બનાવ્યો છે. તે **પંચસૂત્રી** નામનો છે. તે ૧૯૮૩ પહેલા ગમે ત્યારે રચેલો છે.

**દૃશ્ય ૫૪:**–**પંચસૂત્ર** ઉપર **વાર્તિક** નામની ટીકા આગમોદ્ધારકશ્રીએ રચી છે. તે લગભગ ૨૯૦૦ શ્લોક જેટલી છે. તેનો આ અંત્ય ભાગ છે. આ પત્રાઆકારે લખેલો ગ્રંથ છે. આગમોદ્ધારકશ્રીની આ છેલ્લામાં છેલ્લી ટીકા છે.

(જો કે છેલ્લામાં છેલ્લી રચના **આરાધના માર્ગની** છે, પણ તેની મુળ નકલ ન મેળવી શકવાથી અત્રે એ બ્લોક આપી શકયો નથી.

**આરાધનામાર્ગ**ના હસ્તાક્ષરો **આરાધનામાર્ગ** ભા. ૧ સભાષાંતરમાં આપવામાં આવ્યા છે.)

૧-૭-૮-૧૦-૧૧-૧૨-૧૩-૧૪-૧૫-૧૬-૧૭-૧૮-૧૯-૨૦ ૩૫-૩૬ સિવાયનાં ૪૧ સુધીનાં દશ્યો આગમોદ્ધારકશ્રીનાં છે. નંબર ૪૨ના હસ્તાક્ષરો આગમોદ્ધારકશ્રીના ગુરૂજીના છે. નંબર ૪૩થી ૫૪ સુધીના હસ્તાક્ષરો આગમોદ્ધારકશ્રીના છે.

તે રીતે આગમોદ્ધારશ્રીના જીવનને વર્ણન કરતું, તેઓશ્રીની કારકિર્દિ જણાવતું **આગમોદ્ધારકશ્રીનું દશ્યમયજીવનચિત્ર** આ રીતે સંપૂર્ણ થાય છે. અને આગમોદ્ધારકશ્રીના જીવનદશ્યોનો પરિચય પણ સંપૂર્ણ થાય છે.

★

શેઠદેવચંદ્રલાલભાઈજૈનપુસ્તકોદ્ધારકફંડ વિગેરે અનેક
સંસ્થાઓ, શ્રીજૈનાનંદપુસ્તકાલય, શ્રીવર્ધમાનજૈના-
ગમમંદિર(સિદ્ધક્ષેત્ર),શ્રીવર્ધમાનજૈનતામ્રપાગમ-
મંદિર(સુરત)વગેરેના સંસ્થાપક અને ઉપદેશક
આગમપુરૂષના સંસ્થાપક, દેવસૂરતપાગચ્છ
સંરક્ષક, ધ્યાનસ્થસ્વર્ગત
આગમોદ્ધારક

## આચાર્યશ્રીઆનંદસાગરસૂરિશ્વરજી

# જીવન ઝાંખી

### જન્મ

ભરતખંડના મધ્યભાગમાં આવેલા ગુજરાત દેશમાં ખેડા જીલ્લામાં કાપડના વહેપારથી પૂર્વકાળે જગ મશહુર બનેલું એવું, નવાંગીટીકાકાર શ્રીઅભયદેવસૂરિજી મ., શ્રીવિજયસેનસુરિજી મ., ઉપાધ્યાય શ્રીસકળચંદજી મ. વગેરેના પુનિત પગલાથી પાવન થયેલા કર્પટવાણિજય (કપડવંજ) નગરમાં ગાંધી કુટુંબના

મગનભાઈ ભાયચંદના સુપત્નિ રત્નકુક્ષી જમનામાતાની કુક્ષિએ મણીભાઈના લઘુ બંધુ આ ચરિત્રનાયકનો જન્મ* સંવત ૧૯૩૧ ના દિવાસાના દિવસે (અષાડ વદિ ૦))ના થયો હતો. તેમણાં લગ્ન માણેકબાઈની સાથે થયાં હતાં. જેમ તેમની (સોનાની) ઉત્તમતા ગણાય છે તેમ તેઓશ્રીનું નામ હેમચંદભાઈ રાખવામાં આવ્યું હતું.

સંસારમાં બાલ્યપણાથી જ તે હિંમતવાલા, સત્યની-ચાહનાવાલા, અને નિડર હતા. તે પોતાના નિર્ણય ઉપર નિર્ભર રહેતા હતા. ગમે તેવા પ્રસંગે જવાબ દેવામાં નિડર રહેતા હતા. માતપિતાના પાડેલા ધર્મના સંસ્કારો અને કુદરતિ પૂર્વભવની આરાધનાથી તેઓશ્રીના જીવનમાં ધર્મના સંસ્કારો સારા ઉતર્યા હત્તા.

અ. સૌ. માણેકબાઈએ ચરિત્રનાયકના દીક્ષા લીધા પછીથી સં. ૧૯૪૭માં પુત્ર રત્નને જન્મ આપ્યો હતો. થોડા જ દિવસો બાદ તે મરણ પામ્યો હતો.

## સંયમ

શાસન માટે નિડર જવાબ દેનારા, વાદ કરવામાં તત્પર રહેનારાં અને સ્થાનકવાસીઓને ધ્રુજાવનારા મુનિ મહારાજ શ્રીઝવેરસાગરજી મહારાજ પાસે આ ચરિત્ર નાયક હેમચંદ-ભાઇએ ૧૯૪૬ માં દીક્ષા અંગીકાર કરી હતી. તે વખતે તેઓ-શ્રીનું નામ કનકસાગરજી રાખવામાં આવ્યું હતું. પરંતુ સસરાની દખલગીરીને લીધે તેમણે છૂપા રાખવામાં આવ્યાં હતા. અને તેવા પ્રસંગપર અમદાવાદમાં લાવવામાં આવ્યા હતા. કોર્ટમાં

* આગમોદ્ધારકશ્રીની જન્મકુંડલી આ પુસ્તકમાં આગમોદ્ધારક સ્તોત્ર પત્ર ૬ મો આપવામાં આવી છે.

કેસ ચાલ્યો હતો અને તેમણે નિડરપણે જવાબો દીધા હતા. છેવટે કોર્ટના ચુકાદાના આધારે તેમને સાધુ વેષમાં વાલીની પાસે કપડવંજમાં રહેવું પડયું હતું. અન્તે તથાવિધ સંજોગોને આધારે વેષ મુકવો પડયો હતો, પણ ૧૯૪૭ ના મહા સુદિ ૫ ના દિવસે ૧૩ વર્ષ ૪ માસ ૫ દિવસની ઉંમરે લીંમડી મુકામે મુનિમહારાજ શ્રીઝવેરસાગરજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. અને **'આનંદસાગર'**જી એવું નામ રાખ્યું હતું. તે વખતે માતાના કકળાટની ખાતર તેમણે છુપા રાખવામાં આવ્યાં હતા અને તેમનું **'આત્માનંદી'** એવું નામ બહારના વ્યવહારની ખાતર રાખવામાં આવ્યું હતુ. (આ વાત જણાવનારા પત્રો તે સમયના હજુ વિદ્યમાન છે.) જેનો અમુક ભાગનો બ્લોક આ પુસ્તિકામાં આપવામાં આવ્યો છે.

## ગુરુ વિયોગ

અમુક મહિનાઓ ગુરૂમહરાજે મુનિકમળવિજયજી મ. લબ્ધિવિજયજી મ. વગેરેઓની સાથે રાખ્યા હતા. પછીથી ધીરે ધીરે વાતાવરણ શાંત બનતાં ગુરૂમહરાજે તેમને પોતાની પાસે રાખ્યા હતા. વ્યાકરણ વિગેરેનો અભ્યાસ પહેલી દીક્ષાથી જ ચાલુ કર્યો હતો. ચાતુર્માસ ગુરૂમહરાજની સાથે જ રહ્યા હતા. ગુરૂમહારાજની તબીયત ધીરે ધીરે બગડતી ગઈ હતી. સંવત ૧૯૪૮ના માગસર સુદ ૧૧ના દિવસે ગુરુ મહરાજ સ્વર્ગવાસ થયા હતા. એટલે તેમણે દીક્ષાના ૯ મહિનાની અંદર ગુરૂમહરાજનો વિયોગ થયો પણ ગુરૂમહારાજની હિત શિક્ષા અંતરમાં ઘણી જ ઉતરી હતી.

પોતાની ભણવાની ખંત અને ઉદ્યમના પ્રતાપે અભ્યાસ સારો કરતા હતા. ૩ વર્ષના થોડા જ દીક્ષા પર્યાયમાં તેમણે વાંચનકળા સારી વધારી હતી.

## નિત્યક્રમ

આગમોદ્ધારકશ્રીનો એવો ક્રમ હતો કે ઉંઘમાંથી ઉઠતાં 'નમોજીણાણું'' કહેવા પૂર્વક ઉઠવું, મનમાં પોતાનું ધારેલું નિત્ય-નિયમ પ્રમાણે મૌનપણે ગણવું, ત્યાર પછીથી ચાલતાં ચાલતાં ઉચ્ચારપૂર્વક ગણવું, પછી માત્રાની બાધા ટાળવી. ત્યાર પછીથી બાકીનું ગણવું. રાત્રિક પ્રતિક્રમણ કરવું. પડિલેહણ કરવું. ત્યાર પછીથી વાંચવા બેસવું. ઓછામાં ઓછા રોજ ૫૦૦ શ્લોકો વાંચવા. બેસે કે ન બેસે પણ વાંચવું તે તો સાચું. દેશનાના અવસરે વ્યાખ્યાન આપવું. પછી પાત્રાં વગેરેથી પડિલેહણની આવશ્યક વિધિ કરવી. અને દેહરાસર જવું. ગોચરી પાણી લાવવાનું તેજ વખતે થતું હતું. સુતા પહેલાં ચર્ચાના ગ્રંથોમાંથી વાંચવું. પછી આરામ માટે સંથારો કરવો. પાછું વાંચન કરવું. ગોચરીનો સમય હોય તો ગોચરી કરવી. દેવસિક પ્રતિક્રમણ વગેરેની ક્રિયાઓ કરતા હતા. ક્રિયાના સમયે બીજી કોઈ પણ જાતની ગરબડ તેઓશ્રીને ઈષ્ટ નહોતી. અને કહેતા કે " આ કાળની ક્રિયા અને તેમાં વળી વાત ચીત ! ! !

## મુનિ શ્રીઆલમચંદજીનું મલવું

ત્રણ વર્ષના દીક્ષા પર્યાયે ઉદેપુર (મેવાડ) ગયા હતા. ઉદેપુરની અંદર મુનિ શ્રીઆલમચંદજી મલ્યા હુતા. આ ઉદેપુરમાં આગમોદ્ધારકશ્રીના ગુરૂદેવ શ્રીઝવેરસાગરજી મહારાજે અનહદ ઉપકાર કરેલો છે. આજે પણ ઉદેપુર તેમનાં ગુણોને સંભાળે છે. ઉદેપુરનો ભંડાર તેમણે વ્યવસ્થિત કરી આપેલો છે. ત્યાં તેમને મુનિ શ્રીઆલમચંદજી મહરાજ મળતાં, એકબીજાને વાત-ચિત થતાં, 'આ પણ એક અભ્યાસી અને વિદ્વાન સાધુ છે.' તેવી તેમને છાપ પડી હતી. ત્યારે મુનિશ્રીઆલમચંદજી એમ બોલેલા કે કોઈ વખત 'પાલી' જોવા જવું છે. કારણ કે પાલીમાં શ્રાવકો વિદ્વાન છે.

# પાલીનું ચાતુર્માસ

મુનિશ્રીઆલમચંદજી મહારાજે પાલીના સંઘને જણાવ્યું હશે તેથી પાલીનો સંઘ આગમોદ્ધારકશ્રીને વિનંતિ કરવા આવ્યો અને વિનંતિ કરી, ત્યારે કહ્યું કે મને વિનંતિ કરવા નહિ આવ્યા હો, પણ બીજાને કરવા આવ્યા હશો. ત્યારે પાલીના સંઘે કહ્યું કે અમને મુનિશ્રીઆલમચંદજી મહારાજે ભલામણ કરી છે. તેથી વિનંતિનો દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવે સ્વીકાર થયો. આથી પાલી તરફ વિહાર કર્યો. નગર પ્રવેશ વખતે નીચી ઘડીના અને ઠિંગણા દેખાતા મહારાજને જોઇને ગામના બુઝર્ગો વિચાર કરવા લાગ્યા કે આપની આવડી મોટી વસ્તિ અને સ્થાનકવાસીના સામા ઉભા રહેવું, એ બે વાત આ મહારાજથી કેવી રીતે બનશે ! તેઓ મનની અંદર ઘણા ક્ષોભ પામ્યાં, પણ શું થાય. 'સાકરના હિરા ગલ્યા તે ગલ્યા.' ઠાઠમાઠથી નગર પ્રવેશ થયો. વ્યાખ્યાન પીઠે બેઠા. મંગલાચરણ કર્યું અને પ્રવચન ચાલુ કર્યું. તે સાંભળતાં તે જ બુઝર્ગો આનંદમાં આવી ગયા અને તેઓ ગુરૂદેવશ્રીને એકાંતમાં આવીને ઉપલી વાત કહી ગયા.

ત્યાં ચાતુર્માસમાં શ્રીઠાણાંગસૂત્રની દેશના દેવાઈ. કોઈ અવસરે પાલીના શ્રાવકો બહાર ગયા હશે. ત્યારે અમુક સમુદાયના સાધુઓની સાથે વાતચીત થતાં કહ્યું કે "અમારે ત્યાં શ્રીઠાણાંગસૂત્ર વંચાય છે." ત્યારે સાધુઓએ કહ્યું કે "તમે સાંભળનારા અને તે વાંચનારા, બન્ને સરખા." પછી જયારે અમુક સ્થળ ઉપર તે જ મુનિરાજો વિહારમાં આગમોદ્ધારકશ્રીને મલ્યા, ત્યારે તે મુનિરાજોએ ચોકખા શબ્દોમાં કહ્યું કે અમે તમારા માટે આ રીતે બોલ્યા હતા. " ખરેખર તમે વિદ્વાન્ છો."

આવી રીતે જ્ઞાન-અભ્યાસ ધીરે ધીરે વધતો ચાલ્યો હતો.

## પદવીઓ

આગમોદ્ધારકશ્રીનો જન્મ મગનલાલ ભાઈના પત્ની જમનાબાઈની કુક્ષીએ સં. ૧૯૩૧ના અષાઢ વદિ ०)) કપડવંજ મુકામે થયો હતો. લીંમડી મુકામે શાસન સંરક્ષક મુનિશ્રી ઝવેરસાગરજી મહારાજ પાસે સં. ૧૯૪૭ ના મહા સુદિ ૫ ના દીક્ષા અંગીકાર કરી હતી. મુનિમહારાજ શ્રીનેમવિજયજી મ. અને આ ચરિત્રનાયકે પંન્યાસ શ્રીગંભીરવિજયજી મહારાજ પાસે યોગવહન કર્યા હતા. ભગવતીજીના યોગવહન પણ તેઓશ્રીની પાસે જ કર્યા હતા. અમદાવાદ મુકામે સં. ૧૯૬૦ ના જેઠ સુદ ૧૦ના દિવસે પંન્યાસ પદવી થઇ હતી. (મુનિશ્રીનેમવિજયજી મ. તથા મુનિશ્રીમણિવિજયજી મ. અને આ ચરિત્ર નાયકની ત્રિપુટી કહેવાતી હતી.)

સુરત મુકામે આ. વિજયકમળસુરીશ્વરજી મહારાજે ૨૭ વર્ષના દીક્ષા પર્યાયે ૧૯૭૪ ના વૈશાખ સુદ ૧૦ ના દિવસે આચાર્ય પદવી આપી હતી. (અને સુરતમાં સં. ૨૦૦૬ ના વૈશાખ વદિ ૫ નો દિવસે બપોરે ૪–૩૨ મિનિટે સ્વર્ગવાસ થયો હતો.)

## સંપાદન

તેઓશ્રીને શાસનની એટલી બધી ધગશ હતી કે પૂર્વાચાર્યોના ગ્રંથો સાધુ સાધ્વીઓના વાચનના ઉપયોગમાં કઈ રીતે આવે અને વધારેમાં વધારે કઇ રીતે વાંચી શકે અને વાંચન કઈ રીતે સુલભ પડે? આ વિચારોથી તેઓશ્રી સંપાદન કાર્યમાં જોડાયા. શરૂઆતમાં શ્રીજૈનધર્મપ્રસારકસંસ્થા દ્વારા સંપાદન કાર્ય ચાલુ થયુ. ૧૯૬૪માં શેઠદેવચંદલાલભાઈજૈનપુસ્તકોદ્ધારક ફંડની સુરતમાં સ્થાપના કરી અને તે દ્વારા પૂર્વાચાર્યોના ગ્રંથોનુ સંપાદન કાર્ય શરૂ કર્યું. તે સંસ્થા આજે પણ નવા નવા ગ્રંથો

છપાવી રહી છે. આજે એ સંસ્થાએ ૧૦૯ નંબર બહાર પાડચા છે. એજ ક્રમે શ્રીઆગમોદયસમિતિ, શેઠઋષભદેવકેશરીમલજીની પેઢી વિગેરે સંસ્થાઓ દ્વારા સંપાદન કાર્ય કર્યું હતું.

## આગમ સંપાદન

આગળ જણાવી ગયા તેમ આગમોદ્ધારકશ્રી સમાજમાં સાધુ-સાધ્વીઓ વિગેરે શ્રુતજ્ઞાનનો લાભ કઈ રીતે ઉઠાવે તેની તમન્નામાં હતા. તેમજ ભણવા આવનારને ભણાવવામાં તલ્લીન રહેતા હતા. આથી જ તે જ સંસ્થાઓની સ્થાપના થઈ હતી અને પુસ્તકોનું સંપાદન થતું હતું. પત્રાકાર માટે સુપર-રોયલ ૧૨ પેજની ગોઠવણી પણ તેમણે જ કરી હતી. આગમની વાચના આપવામાં હસ્તલિખિત પ્રતો મેળવવી એ મહામુશ્કેલીનું કામ હતું. તેમાં વળી તેના અક્ષરો બેસાડવા એ તેથી પણ અઘરૂં કામ હતું. તેથી આગમોદ્ધારકશ્રીએ પ્રતો છપાવવાનું કાર્ય શરૂ કર્યું હતુ અને આગમોને છપાવવાને માટે અને વાચના આપવા માટે ભોયણી મુકામે વિ. સં. ૧૯૭૧માં મહા સુદિ ૧૦ સોમવાર તા. ૨૫-૧-૧૯૧૫ના સમિતિ નીમાઈ હતી. તેનું નામ શ્રી-આગમોદયસમિતિ રાખવામાં આવ્યું. તે દ્વારા આગમો છપાતા ગયાં અને પાટણ વિગેરે સ્થળે થઇને ૭ વાચનાઓ અપાઇ. જેની નોંધ શ્રુતઉપાસના પ્રકરણ ૮ માં આપી છે.

## આગમોદ્ધારક

આગમોનું વાંચન કઇ રીતે વધે તે તેમનો મુખ્ય મુદ્દો હતો. તેથી આગમો છપાયાં, અને આગમોની વાચનાઓ આપી. અથી ભુતકાળના શ્રીદેવર્ધિગણી ક્ષમાશ્રમણ વિગેરેની સ્મૃતિ તાજી થતી હતી. તેઓ આ કાળમાં આગમોનુ જબ્બર જ્ઞાન ધરાવતા હતા, તેથી તેઓશ્રીનુ શ્રીઆગમોદ્ધારક એવું બિરૂદ રૂઢ થઇ ગયું હતું. આથી તેઓશ્રીને આગમોદ્ધારક નામથી અત્રે સંબોધીએ છીએ.

## પ્રવચન

ધાર્મિક યા કોઈ પણ વિષયનું પ્રવચન કરવું તે એમને મન સહેલ હતુ. તેથી ગમે તેવી કોઈ પણ સભામાં પ્રવચન કરી શકતા હતા, ભાષણ આપી શકતા હતા. સભાની અંદરથી ગમે તે પ્રશ્ન પુછે તો પણ તેને શાંતિથી ઉત્તર દેવાની તેઓશ્રીની રીતિ હતી અને એ ઉત્તરથી સમજવા આવેલાને સારી રીતે પદાર્થ સમજાતો હતો. એટલી વાત ચોક્કસ છે કે જેવું તેમનું જ્ઞાન હતું, તેવું જ તેઓશ્રીનું પ્રવચન હતુ. અર્થાત્ પ્રવચન પંડિતાઈ ભર્યું હતુ. સંસ્કૃત, હિન્દિ કે ગુજરાતીમાં પ્રવચન કરી શકતા હતા.

## પઠન–પાઠન

અભ્યાસકો અભ્યાસ સારી રીતે કરી શકે તે માટે જાતે જ ભણાવવાનો ઉદ્યમ કરતા. ૧૯૮૭ સુધી તો સમુદાયમાં પંડિતનું નામ નિશાન પણ ન હતું. ભણવાવાલાને પુસ્તકો સહેલાઇથી મળી શકે આ માટે શ્રીજૈનાનંદપુસ્તકાલય(સુરત)ની સ્થાપના કરી હતી અને બીજા પણ ઘણા ગામોમાં નાના નાના ભંડારો પણ ગોઠવ્યા હતા.

એવી રીતે પાલીતાણામાં શ્રીશ્રમણસંઘપુસ્તકસંગ્રહની સ્થાપના કરવામાં આવી હતી. જેની અંદર સાધુઓના પુસ્તકો ગોઠવવાને માટે ૪૫ સટોની ગણત્રી મુકી હતી. અત્યારે ૨૨ સટ મુકાય તેટલાં કબાટો છે. તેમાં પણ ૧૫ થી ૧૭ સટો ગોઠવેલા છે. જુદી જુદી જગો ઉપર આજ મુદ્દાએ પાઠશાળાઓ સ્થપાઈ છે.

## તીર્થરક્ષા

તીર્થરક્ષામાં સદા તૈયાર જ રહેતા હતા અને જીવનના ભોગે પણ રક્ષણ કરતા હતા. **શ્રીસમ્મેતશિખરજી, શ્રીઅંતરીક્ષજી,**

આરૂપજી, ભોપાવલજી, શ્રીકેશરીયાજી વિગેરે તીર્થો બચાવી શકયા હતા. શ્રીસમ્મેતશિખરજી પાહડ પર બ્રિટીશ ગવરમેન્ટ બંગલા બાંધવાની હતી. તેમાં પ્રચંડ વિરોધ જગાવીને ગવરમેન્ટને હંફાવી હતી. અંતે તે પહાડ ખરીદી લીધો હતો. શ્રીશત્રુંજય ગિરિરાજના રખોપાના પ્રસંગમાં ૬૦ હજાર રૂપીયા વાર્ષિક ભરવાના હોવાથી રૂા ૧૧) લાખની ટીપ કરાવી આપી હતી.

## જીવરક્ષા

જીવરક્ષાનો સચોટ ઉપદેશ આપવા વાલા હતા અને એના માટે કટિબદ્ધ રહેનારા હતા. માળવામાં શૈલાણા નરેશને પ્રતિબોધ કરી તેની પાસેથી જીવરક્ષાનું ફરમાન+ લીધું હતું. બીજા પણ સેમલિયા અને પંચેડના ઠાકોરને તેવી રીતે જીવદયાનો પ્રતિબોધ કર્યો હતો.

## વર્ચસ્વ

તેઓશ્રીનુ વર્ચસ્વ એવુ હતુ કે તેઓશ્રીને હરાવવાની બુદ્ધિએ આવ્યો હોય કે ચહાય તેવી બુદ્ધિએ આવ્યો હોય પણ તેઓશ્રીના વાર્તાલાપની અંદર તે ઠરી જતો હતો. એક પ્રસંગ એવો બન્યો હતો કે અજીમગજમાં એક જાણીતી વ્યક્તિ આવી, વાતચીત થઇ અને જવાબમાં હવે પછી તેનો ઉત્તર આપવા આવીશ. પછી તે વ્યક્તિ ગઇ તે ગઇ. એવું તેમનુ વર્ચસ્વ હતું.

## વાદવિવાદ

કેટલાકો વાદવિવાદને ઝગડો કહે છે અને ખરેખરો જવાબ દેનારને ઝગડાખોર કહે છે. આ મનુષ્યો ખરેખર વસ્તુને સમજતા જ નથી. વાદવિવાદ એ ઝગડો નથી, પણ શાસનની રક્ષા છે. આટલા જ માટે તીર્થંકર પરમાત્માનો પરિવાર ગણાવતા

+ આજે પણ આ ફરમાન અમલમાં છે.

વાદિઓનો પરિવાર ગણાવવામાં આવે છે. એટલે. વાદવિવાદ એ ઝઘડો નથી, એમ સિદ્ધ થાય છે. આપણા ચરિત્ર નાયકે ખરતરોની સાથે હેન્ડબીલો બહાર પાડવા પૂર્વક, લાલન-શિવજીની સાથે, ત્રણ થોઈ વાલા સાથે, દેવદ્રવ્યવૃદ્ધિની બોલી ઉઠાવનાર સાથે અને તિથિલોપકની સાથે અનેક પ્રકારે વાદ-વિવાદોમાં તલ્લીનતા બતાવી હતી. એવી તેઓશ્રીની નિડરપણે વાદ કરવાની તાકાત હતી.

## શિલાના આગમો

આગમોની વાચના આપવી, આગમોને છપાવવા, એ જેમ આગમોદ્ધારકનું કૃત્ય હતુ. તેમ આ પણ તેઓશ્રીની ફરજ હતી. દિગંબરો આગમો નાશ થઇ ગયા કહે. ઢુંઢીયા અમુક આગમો નાશ થઈ ગયાં કહે અને કેટલાક પાઠો ફેરવી નાંખે. આથી જો આગમો શિલામાં કોરાવવામાં આવ્યા હોય તો એવું બધું કહેવા-વાળાનું મુખ જ બંધ થઈ જાય. વળી વર્તમાન કાળમાં, બોમ્બા-ટીંગના જમાનામાં, કાગળ હોય તો નાશ થઈ જાય, પણ શિલામાં કોરેલું હોય તો તુટી જાય તોયે કાળાંતરે અશોકના શિલાલેખોની માફક જમીનમાંથી દટાયેલુ પણ નીકળે અને ભવિષ્યમાં જવાબ દેતુ થાય. આથી આગમો શિલામાં કોરાવવાં એમ તેઓશ્રીને મન નક્કી થયું. તે અંગે મંદિર બંધાવવું એમ તેઓશ્રીએ વિચાર્યું. અને તે કાર્યનો ઉદ્યમ કરીને આગમોને શીલામાં કોરાવાયાં. આ અંગે શ્રુતઉપાસનાના પરિશિષ્ટ ૭માં કોરેલા આગમોની નોંધ આપી છે.

## તામ્રપત્ર આગમો

શિલામાં કોરાવેલા આગમો એક જ સ્થળ ઉપર રાખી શકાય. તે દિવાલોમાં ફીટ કરેલા અને મહાકાય હોવાથી તેને સ્થળાંતર કરવું બની શકે નહિ. આથી જો તામ્રપત્રમાં આગમો કોરવામાં આવે તો કોઇ તેવા સંજોગોમાં સ્થળાંતર કરવું હોય તો થઈ શકે. આથી

૧૯૯૭ માં તે બનાવવાનું નક્કી થયું અને બનાવાયાં. તેવી જ રીતે સચિત્ર **શ્રીકલ્પસુત્ર** મૂળ પણ તામ્રપત્રમાં કોરાવાયું છે (જે **શ્રીકલ્પસુત્રને** બારે મહિને સંવત્સરીના પર્વના દિવસે કલ્યાણના માટે સંભાળીએ છીએ.

## આગમ મંદિરો

આગમોદ્ધારકશ્રીએ પોતાનું જે નામ આગમોદ્ધારક એવું લોકોએ જે રૂઢ કર્યું છે તે નામને જાણે સાર્થક જ કરવું ન હોય તેમ શિલાના આગમોને કોરાવીને સ્થાપન કરવાને માટે ઉપદેશ આપીને **શ્રીસિદ્ધક્ષેત્રની** જયતલાટીમાં **શ્રીવર્ધમાનજૈનાગમ-મંદિરની** ૧૯૯૪ માં સ્થાપના કરાવી અને ૧૯૯૯ ના મહા વદ ૫ ના તેની પ્રતિષ્ઠા કરી.

તે આગમમંદિરની અંદર ૫ મેરૂ, ૪૦ સમવસરણ એમ ૪૫ છે. તેમાં એક મોટું મંદિર, ૪ દિશા મંદિર અને ૪૦ દેરીઓ મળીને ૪૫ છે. આગમને તે મંદિરની દિવાલો ઉપર શિલાઓમાં સ્થાપન કરવામાં આવ્યા છે. **નંદીસૂત્રમાં** જણાવેલો મેરૂનો અધિકાર અને **જંબુદ્વીપપ્રજ્ઞપ્તિમાં** જણાવેલો મેરૂનો અધિકાર લઇને અત્રે આગમમંદિરમાં મેરુ બનાવવામાં આવ્યો છે. સમવસરણોમાં ચતુષ્કોણ લેવામાં આવ્યાં છે. મેરૂમાં અને સમવસરણમાં જે જે રંગો જોઈએ તે તે રંગોના આરસ તેમાં લેવામાં આવ્યા છે.

આ આગમમંદિરની બાજુમાં **શ્રીસિદ્ધચક્રગણધરમંદિર** આવેલું છે. જેમાં મધ્યે ૯ પદનું મંડળ તમામ વલયોવાળું લેવામાં આવ્યું છે. અરિહંત પરમાત્મા ચતુર્મુખ છે અને સિદ્ધ વિગેરેની પ્રતિમાઓ તે તે પદોમાં છે. પંચપરમેષ્ઠીના ગુણોને જણાવનાર ચિહ્નો તેમાં લેવામાં આવ્યાં છે. બાકીના ચાર પદોના

અક્ષરો કાળા આરસથી પુરવામાં આપ્યા છે. દિવાલો ઉપર **તત્ત્વાર્થસૂત્ર, આચારંગ** વિગેરેની પાંચ નિર્યુક્તિઓ અને **સિદ્ધપ્રાભૃત** શિલામાં કોરાવેલાં છુટા છુટા સ્થાપન કરવામાં આવ્યાં છે. વળી દિવાલો ઉપર ૨૪ તીર્થંકરોના પોતાના ગણધરો સાથેના પટો સ્થાપન કરવામાં આવ્યા છે અને ૨૫મો પટ સુધર્માસ્વામિથી **દેવર્ધિગણિ ક્ષમશ્રમણ** સુધીના સ્થવીરોનો સ્થાપન કરવામાં આવ્યો છે. તેમાં ભોયરામાં પરોણા દાખલ પ્રતિમાજીઓ છે અને મેડા ઉપર ચતુર્મુખ પ્રતિમાજી મહારાજ પ્રતિષ્ઠિત છે. આગમમંદિરના મૂળ ૪ ભગવાન શાશ્વતા નામે છે. ૨૪ દેરીઓ ૨૪ તીર્થંકર ચતુર્મુખ છે. અને બાકીની ૨૦ માં ૨૦ વિહરમાન ચતુર્મુખ છે. આ બધું આગમોદ્ધારકશ્રીની બુદ્ધિ અને ઉપદેશનું પરિણામ છે. એટલે આગમમંદિરને જોનારો આગમોદ્ધારકશ્રીને જ યાદ કરે છે.

## તામ્રપત્રાગમમંદિર

તામ્રપત્રોના આગમો માટે સંવત્ ૨૦૦૨ ના વૈ. સુદ ૧૧ ના **શ્રીઆગમોદ્ધારક** સંસ્થાની નિભાવ ફંડ સાથે ગુરૂમહારાજના ઉપદેશથી સુરતમાં સ્થાપના થઈ અને તામ્રપત્ર આગમો માટે સુરતમાં શ્રીવર્ધમાનજૈનતામ્રપત્રાગમમંદિર બાંધવાનું નક્કી થયુ. જુની અદાલતના નામે ઓળખાતી ગોપીપુરામાં આવેલી જગાની સામેની *જગા તેને માટે સુશ્રાવિકા રતનબેને ભેટ આપી.

આ આગમમંદિરમાં ભુમિગૃહ, મધ્યભાગ અને ઉપલો માળ એમ ત્રણ ભાગ છે. મધ્યમાળ અને ભુમિગૃહમાં થઈને તામ્રપત્રમાં

* આ જગા ત્રિવેણી સંગમવાલી છે. કારણ કે તે જગામાં સં. ૧૯૮૬માં ગુરુદેવશ્રીના ઉપદેશથી (નવપદ આરાધક સમાજ, દેશવિરતિધર્મ-આરાધકસમાજ અને જૈનસોસાયટી) ત્રણનાં સમ્મેલનો એકી સાથે ભરવામાં આવ્યાં હતાં.

૪૫સે. આગમો સ્થાપન કરવામાં આવ્યા છે. આ મંદિરની અંદર ૧૨૦ પ્રતિમાજી મહારાજ છે. ભુમિગૃહમાં **શ્રીપાર્શ્વનાથ** ભગવાન મુખ્ય છે, મધ્યમાળમાં **શ્રીમહાવીર** સ્વામી મુખ્ય છે, અને ઉપલામાળમાં **શ્રીઆદીશ્વર** ભગવાન મુખ્ય છે. ક્રમે ત્રણે સ્થાનોમાં **શ્રીપાર્શ્વનાથ** ભગવાન **શ્રીમહાવીર** ભગવાન અને **શ્રીઆદીશ્વર** ભગવાનનાં જીવન દશ્યો આપવામાં આવ્યાં છે. ભુમિગૃહમાં પ્રભુજી સન્મુખ રૂમમાં છેદ સૂત્ર વિગેરેના તામ્રપત્રો છે. આથી તે ઉત્કૃષ્ટશ્રુતમંદિર છે. તેમાં દિવાલ ઉપર આગમોના ઉપલા ભાગમાં **શ્રીઆગમપુરૂષને** સ્થાપન કરવામાં આવ્યો છે. જેનું વર્ણન દશ્ય પરિચયમાં આવી ગયું છે. તેના મધ્યભાગે કૃમિયમ કરેલા સમવસરણ ઉપર **શ્રીઆગમરત્નમંજૂષા** સ્થાપન કરવામાં આવી છે. આગમરત્નમંજૂષાનો વિષય પ્રકરણ ૭ પૃ. ૧૧૫ માં આવેલો છે.

તામ્રપત્રાગમમંદિરની બાજુમાં આગમોદ્ધારકશ્રીની સાહિત્યસેવાનું નાજુક મંદિર છે. તેની અંદર મધ્યભાગે આગમદ્ધારકશ્રીની પ્રતિકૃતિ છે. બે બાજુ બે આગમ મંદિરો છે. ખુણા ઉપર કબાટોમાં આગમદ્ધારકશ્રીના સંપાદિત ગ્રંથો, ગુજરાતી સાહિત્ય, અને આગમોદ્ધારકની કૃતિઓ છે. (આ સાહિત્યસેવા મંદિરની રચનાનો ફાળો આગમોદ્ધારક સંસ્થાના ટ્રસ્ટીઓ વિગેરેના ફાળે થોડો ઘણો જઈ શકે તેવો છે.)

## ભાષાનું જ્ઞાન

આગમોદ્ધારકશ્રી હિંદી–ગુજરાતી–અર્ધમાગધી અને સંસ્કૃત ભાષાનું સારૂં જ્ઞાન ધરાવતા હતા. તે તે ભાષાની અંદર બોલવું યા લખવુ યા કાવ્ય રચવું તે તેમણે મન સહેલ જ હતુ. આ વાત આ પુસ્તિકાની **શ્રુતઉપાસના** ઉપરથી જાણી શકાશે.

## શ્રીઆગમપુરુષ

શ્રીઆગમપુરુષનો પરિચય પૂર્વે દૃશ્યપરિચયમાં આપી ગયા છીએ. આગમોદ્ધારકશ્રીએ શ્રીઆગમપુરુષની સ્થાપના કર્યા પછીથી જુદી જુદી જગો ઉપર શ્રીઆગમપુરુષ થયા છે. નંદી-ચુર્ણીનો પાઠ સુરતના આગમપુરુષમાં અર્ધ વર્તુલાકારે લખવામાં આવ્યો છે અને બે બાજુની દિવાલ ઉપર તે અંગેના જુદા જુદા આગમપાઠો આપવામાં આવ્યા છે.

## ચાતુર્માસો

દીક્ષા દિવસથી માંડીને સ્વર્ગવાસ સુધીનાં ચાતુર્માસ ૫૯ થયાં છે. જેમાં પહેલું ચાતુર્માસ લીંમડી મુકામે ગુરૂજીની નિશ્રામાં થયું હતું અને છેલ્લુ ચાતુર્માસ ઝવેરી મંછુભાઇ દીપચંદની ધર્મશાળા ગોપીપુરા સુરત મુકામે થયું હતું. તે આ પ્રમાણે છે–

## ચાતુર્માસોની સંક્ષિપ્ત નોંધ

| અનુક્રમ નંબર | અકારાદિક્રમે ગામ | ચાતુર્માસ સંવત | ચાતુર્માસ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અજીમગંજ | ૧૯૮૧ ... ... ... | ૧ |
| ૨ | અમદાવાદ | ૧૯૪૮, ૫૬, ૫૭, ૫૮, ૬૦, ૬૩, ૭૨, ૮૪, ૮૭, ૯૫ ... | ૧૦ |
| ૩ | ઉદયપુર | ૧૯૪૯, ૮૩ ... ... | ૨ |
| ૪ | કપડવંજ | ૧૯૬૧, ૯૯ ... ... | ૨ |
| ૫ | કલકત્તા | ૧૯૮૦ ... ... ... | ૧ |
| ૬ | ખંભાત | ૧૯૫૪, ૬૮, ૮૬ ... | ૩ |
| ૭ | છાણી | ૧૯૫૩, ૬૯ ... ... | ૨ |
| ૮ | જામનગર | ૧૯૮૫, ૯૨, ૯૩ ... | ૩ |
| ૯ | પાટણ | ૧૯૭૦, ૭૧ ... ... | ૨ |
| ૧૦ | પાલી | ૧૯૫૦ ... ... ... | ૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૧ | પાલીતાણા | ૧૯૭૬, | ૯૧, | ૯૪ | ૯૬, ૯૭, ૯૮ | ૬ |
| ૧૨ | પેટલાદ | ૧૯૫૨, | ... | ... | ... | ૧ |
| ૧૩ | ભાવનગર | ૧૯૫૯, | ૬૨ | ... | ... | ૨ |
| ૧૪ | મુંબઈ | ૧૯૬૪, | ૭૪, | ૮૮, | ૨૦૦૦ | ૪ |
| ૧૫ | મહેસાણા | ૧૯૯૦ | ... | ... | ... | ૧ |
| ૧૬ | યેવલા | ૧૯૬૫ | ... | ... | ... | ૧ |
| ૧૭ | રતલામ | ૧૯૭૮, | ૭૯ | ... | ... | ૨ |
| ૧૮ | લીંબડી | ૧૯૪૭ | ... | ... | ... | ૧ |
| ૧૯ | શૈલાણા | ૧૯૭૭ | ... | ... | ... | ૧ |
| ૨૦ | સાણંદ | ૧૯૫૫ | ... | ... | ... | ૧ |
| ૨૧ | સાદડી | ૧૯૮૨ | ... | ... | ... | ૧ |
| ૨૨ | સુરત | ૧૯૬૬, | ૬૭, | ૭૩, | ૭૫, ૮૯, | |
| | | ૨૦૦૧, | ૦૨, | ૦૩, | ૦૪, ૦૫ | ૧૦ |
| ૨૩ | સોજત | ૧૯૫૧ | ... | ... | ... | ૧ |
| | | | | | | ૫૯ |

## ઉપધાન

જ્ઞાનની આરાધના કરાવવાને માટે શ્રાવક–શ્રાવિકાઓને અનેક જગો ઉપર ઉપધાનો કરાવાયાં છે. **શ્રીપંચમંગળમહાશ્રુતસ્કંધ** વિગેરેનાં ધામધૂમપૂર્વક ઉપધાનો થયાં હતાં. તે આ પ્રમાણે—

| | |
|---|---|
| ૧૯૬૫ યેવલા | ૧૯૮૮ મુંબાઈ |
| ૧૯૬૬ સુરત | ૧૯૮૯ સુરત |
| ૧૯૭૫ સુરત | ૧૯૯૧ પાલીતાણા |
| ૧૯૭૬ પાલીતાણા (સિદ્ધક્ષેત્ર) | ૧૯૯૪ પાલીતાણા |
| ૧૯૭૮ રતલામ | ૧૦૯૬ પાલીતાણા |
| ૧૯૭૯ રતલામ | ૧૯૯૭ પાલીતાણા |
| ૧૯૮૨ સાદડી | ૧૯૯૮ પાલીતાણા |

## પદવીપ્રદાન

પોતાના પ્રથમ શિષ્ય વિગેરે ૪ મૂનિરાજોને શ્રીભગવતિજીના યોગોદ્વહન કરાવવાપૂર્વક પંન્યાસ પદવીઓ આપી હતી. તેઓશ્રીનાં શુભ નામોઃ-(૧) શ્રીવિજયસાગરજી મહરાજ (૨) શ્રીમતિસાગરજી મહરાજ (૩) શ્રીઆનંદવિજયજી મહરાજ (૪) શ્રીપદ્મવિજયજી મહારાજ.

વળી બીજી વખતે શ્રીમાણિક્યસાગરજી મહરાજ અને શ્રીમનોહરવિજયજી મહરાજને ભગવતીજીના યોગોદ્વહન કરાવીને પંન્યાસ પદવી આપી હતી.

ભોયણી મુકામે પંન્યાસ માણેકચસાગરજી મહરાજ પંન્યાસ મનોહરવિજયજી મહરાજ વિગેરેને ઉપાધ્યાય પદવી આપી હતી.

પાલીતાણા (સિદ્ધક્ષેત્ર) મુકામે સં. ૧૯૯૨ માં વૈશાખ સુદ ૪ના દિવસે ઉપાધ્યાય માણેકચસાગરજી મહરાજ, ઉપાધ્યાય કુમુદવિજયજી મહરાજ, પંન્યાસ ભક્તિવિજયજી મહરાજ અને પંન્યાસ પદ્મવિજયજી મહરાજને આચાર્ય પદવી-પ્રદાન કર્યું હતું અને પોતાના પટ્ટધર તરીકે આ. શ્રીમાણેકચસાગરસુરિજી મહરાજને સ્થાપ્યા હતા.

અમદાવાદ મુકામે સં. ૧૯૯૬ માં ગણિ શ્રીક્ષમાસાગરજી મહરાજને પંન્યાસ પદવી આપી હતી.

સં. ૧૯૯૭માં પાલીતાણા મુકામે પંન્યાસ ક્ષમાસાગરજી મહરાજને ઉપાધ્યાય પદવી તથા મુનિશ્રીચન્દ્રસાગરજીમહરાજને ગણિ તથા પંન્યાસ પદવી આપી હતી.

સંવત ૧૯૯૯માં કપડવંજ મુકામે મુનિહેમસાગરજીમહરાજને શ્રીભગવતીજીના યોગોદ્વહન કરાવવા પૂર્વક ગણિ અને પંન્યાસ પદવી આપી હતી.

આગમોદ્ધારક ગુરુમંદિરની પ્રતિષ્ઠા સુધીમાં આચાર્ય ઉપાધ્યાય, પં. મુનિ ભગવંતો મળી ૮૯ નો પરિવાર વિદ્યમાન હતો. ૨૫ મુનિ ભગવંતો વિગેરે કાળધર્મ પામ્યા હતા. એમ ૧૧૪ મુનિ ભગવંતોનો પરિવાર આગમોદ્ધારશ્રીનો હતો.

ક્રમે ૨૦૦૦નું ચાતુર્માસ મુંબઇમાં કર્યું હતું.

## સ્થિરતા

ચરિત્ર નાયકને કાનની રસીનો વ્યાધિ ગૃહસ્થપણાથી હતો અને તે આખર સુધી ઓછાવત્તા પ્રમાણમાં હતો. ગેસની તકલીફ તે પણ ઘણા વર્ષોથી ચાલી આવતી હતી. સંવત ૨૦૦૦નું ચાતુર્માસ મુંબાઈમાં કર્યા પછીથી સુરતના સંઘની વિનંતિથી સં. ૨૦૦૧માં સુરત પધાર્યા હતા.

આ સુરત ખરેખર એમના ગુણોથી રંગાયેલું હતું. સુરતે મહરાજના ઉપદેશથી દાન–દયા–અને ભક્તિ સારી રીતે અંગીકાર કર્યાં હતાં. તે રીતે આગમોદ્ધારકશ્રીએ પણ સુરતમાં ખજાને ઠાલવ્યો હતો. આગમોદ્ધારકશ્રીએ પુસ્તકપ્રકાશન માટે શેઠ દેવચંદ લાલભાઈજૈનપુસ્તકોદ્ધારક સંસ્થા, વળી શ્રીજૈનાનંદપુસ્તકાલય, શ્રીતત્ત્વબોધપાઠશાળા, શ્રીરત્નસાગરવિદ્યાલય કાયમી ફંડ વિગેરે કરાવ્યાં હતાં. તેવા સુરત શહેરમાં ઝવેરી નગીનભાઈ મછુંભાઈ સાહિત્યઉદ્ધારકફંડ (જેના તરફથી પ્રથમ શ્રીપંચપ્રતિક્રમણસૂત્ર વિધિપૂર્વક હિંદિમાં રતલામમાં છપાવવામાં આવ્યું હતું.)

આવા સુરત શહેરમાં સં. ૨૦૦૧માં ચાતુર્માસ માટે પધાર્યા અને ગોપીપુરા–નેમુભાઈ શેઠની વાડીમાં ચાતુર્માસ કર્યું. સં. ૨૦૦૨, ૩, ૪ અને સં. ૨૦૦૫નું ચાતુર્માસ સુરતમાં કર્યું.

સં. ૨૦૦૨ ના વૈશાખ સુદ ૧૧ ના શેઠ નેમુભાઈની વાડીમાં શ્રીઆમોદ્ધારક સંસ્થાની સ્થાપના કરી હતી.

## મં. દી. ધર્મશાળામાં સ્થિરતા

તે પછીથી બાજીપુરામાં પ્રતિષ્ઠા પર પધારવા માટે વિનંતિ હતી. આથી શરીર અસ્વસ્થ આવી હોવા છતાં પણ ત્યાં જવાનો ઉદ્યમ કરાયો હતો અને ગયા હતા. ત્યાંથી પ્રતિષ્ઠા કરીને સુરત આવ્યા. ચાતુર્માસ સંવત ૨૦૦૨ અને ૨૦૦૩ માં નેમુભાઇની વાડીમાં કર્યું હતું. સંવત ૨૦૦૪માં ખેમચંદ મેલાચંદની ધર્મશાળામાં કર્યું હતું. સંવત ૨૦૦૫ ના કારતક વદિ ૩ના દિવસથી ઝવેરી મંછુભાઇ દીપચંદની ધર્મશાળામાં (લિંબડાવાળા ઉપાશ્રયે) સ્થિરતા કરી હતી.

### શ્વાસના હલ્લા

સંવત ૨૦૦૨ની સાલથી શરીર પોતાનો ધર્મ વધારેને વધારે બજાવતું હતું. દિનપ્રતિદિન શરીરની તાકાત ઘટતી જતી હતી. ગેસનું દર્દ વધતું જતું હતું. અને શ્વાસનું દર્દ પણ વધતું જતું હતું. સંવત ૨૦૦૫માં ઉપરાઉપરી અવારનવાર શ્વાસનો હુમલો થતો હતો. ઘડીઓ પણ ગણાતી જતી હતી, પણ ધ્યેય તો એક જ રાખતા હતા કે મારી આરાધના ન બગડો. ડૉક્ટરને પણ તેજ વાત જણાવતા હતા ' કે તેવે અવસરે મને સાવચેત કરી દેજો'. સાધુઓને તેમજ ગૃહસ્થોને પણ એજ સુચના આપતા હતા.

સંવત ૨૦૦૫ ના પોષ વદિ-૫ ના દિવસે જીવલેણ હુમલો થયો હતો. તે પછીથી તેવા પર્વના દિવસો, તેવી આરાધનાની તિથિઓ હાર્દિક હુમલાથી વ્યાપ્ત રહેતી હતી. તે પછીથી તેઓ સંથારાને આધીન થયા હતા, પણ જીદંગી સુધી વગર ટેકે કડક બેસવાની આદત જે હતી તે એમણે અત્યારે પણ કામ લાગતી હતી. બેઠા બેઠા શ્વાસના હુમલામાં શ્વાસ પસાર થતો હતો. હૃદયના એવા હુમલાની અંદર પણ બેઠા જ રહેતા હતા. હુમલો શાંત પડે કે પાછું સવારે ટેબલ ઉપર છાપું મુકીએ તો છાપું

વાંચતા દેખાય. રાત્રે બહારગામ સમાચાર આપ્યા હોય અને સવારના આવે તો, જરાક તબીયત ઠીક થતાં છાપું વાંચતા દેખાય, આવી રીતે આ દર્દ વધતું જતું હતું.

## આરાધના

આત્માનું કલ્યાણ કરવાને માટે સદાય એમણો ઉદ્યમ હતો. સંથારાથી ઉઠવાની તાકાત ન રહેતાં અરાધનાને લક્ષમાં રાખીને આગમોદ્ધારકશ્રીએ 'અરે કે ઓ' શબ્દોને દેશવટો આપી દીધેલો હતો. વ્યાધિ તો એટલો બધો થતો હતો કે તેમનો આત્મા જાણે કે ડૉક્ટર તેને સમજે. આથી જ સં. ૨૦૦૫ ના આસો સુદિ ૧૩થી પત્થરપાટી (સ્લેટ) ઉપર આરાધનાના વાકયો રચવાનું શરૂ કર્યું હતું. તેના ઓર્ડો પણ બનાવાયાં હતાં. કંઈક ઇન્ડીપેનથી લખવાની તાકાત આવતાં **આરાધનામાર્ગ**નાં વાકયો કાગળની પટીઓ ઉપર વાકયોમાં, અર્ધા શ્લોકમાં કે આખા શ્લોકમાં રચતાં હતાં. ક્રમે ૨૦૦૬ ના પોષ સુદિ ૬ સુધી **આરાધનામાર્ગ**ની રચના કરી હતી. પોષ સુદિ ૬ એટલે છેલ્લામાં છેલ્લું એમનું અક્ષર દર્શન. તે પછીથી આગમોદ્ધારકશ્રી એક વાકય પણ લખી શકયા નથી.

## સાવચેતી

અવારનવાર હલ્લાઓના પ્રસંગમાં આરાધનાનું લક્ષ રાખતા હતા. આટલાજ માટે કોઇપણ પ્રસંગમાં મોરફીયાનું(ઘેનનું)ઇન્જેકશન આપવાની સખ્ત મનાઈ હતી. કોઈ વખત મોરફીયાના ઇન્જંકશન બાબતમાં બીજા ડૉક્ટરોને ગરમ પણ થવાનો પ્રસંગ આવતો.

હોમીયોપેથીક ડૅાક્ટર, એલોપેથીક ડૅાક્ટર, અને આયુર્વેદિક વૈદ્ય એમ ત્રણેનો સુમેળ ગુરુમહરાજની સેવામાં રહેતો હતો. ત્રણે સારી રીતે ગુરુમહારાજની સેવા કરતા હતા.

## આરાધના માટે નવકાર

સંવત ૨૦૦૬ના વૈશાખ સુદ ૫ની રાત્રીએ હલ્લો થતાં, જાણે પોતાને પોતાના અંત સમયનું જ્ઞાન થયું હોય તેમ પોતે જણાવતાં કે "મને પાનાભાઇ કે બીજા કોઈ ડૉક્ટરની કે કોઇની જરૂર નથી. મારે મારો **નવકાર** મંત્ર જ બસ છે. સવારે ડૉક્ટર વિગેરે આવ્યા. ઠાકોરભાઈ વિગેરે આવ્યા અને પુછયું, "સાહેબ કંઇ કહેવું છે." તો જણાવ્યું કે "**ધર્મધ્યાન કરો**" ત્યારથી તેઓશ્રીએ સમુદાયની, સંઘની કે પોતાનાં શરીરની પરવા રાખી ન હતી. એટલે બધાની મમતા મુકી દઇને પોતે એકજ નવકારની ધૂનવાલા આરાધનામાંજ મશગુલ હતા. કંઇ આપીએ તો, "**મડદા ને શું આપો છો. ?**" એ વિગેરે બોલતા. પછીથી બોલવાનું પણ બંધ કરી દીધું. ડોકટરી તપાસથી એ નક્કી હતું કે ગળામાં કોઇ પણ જાતનું દર્દ નથી, પોતાને બોલવું નથી. તેથી જ બોલતા નથી. વૈશાખ સુદ ૫ પહેલાં જયારે શરીરને જરા આઘુપછું કરીએ તો કહેતા " ભાઇ હવે તે સહન કરે તેવું નથી". અને વૈ. સુદ ૫ થી તો શરીરને ગમે તેમ કરો તો પણ અક્ષરે બોલતા ન હતા. ટટાર બેસવાનો એ જીંદગીનો સ્વભાવ તે તેમની આરાધના માટે સદા ઉપયોગમાં આવતો હતો.

## ધ્યાનસ્થમુદ્રા

ક્રમે સંથારામાં બેસીને ટેકાને પણ છોડી દીધો (અમે ભલે પાછળ ટેકો રાખીએ પણ તેઓ ટેકાનો ઉપયોગ કરતા ન હતા.) અને પદ્માસન સ્વીકારી ધ્યાનસ્થમુદ્રા સ્વીકારી લીધી. તે જ અવસ્થાએ બેઠા રહ્યા અને પોતાની સાવચેતી કાયમ રાખી હતી.

વૈશાખ સુદ ૫ ના હલ્લો થયો, ૧૦નો હલ્લો થયો, પુર્ણિમાના દિવસે પણ હલ્લો થયો. છતાં જેટલું આયુષ્ય ભોગવવાનું બાકી હતું તેટલું આયુષ્ય કોઇપણ હિસાબે ભોગવ્યા સિવાય છુટકો નહિ. એટલે હલ્લાઓ છતાં પણ આયુષ્ય અખંડ રહ્યું.

## સ્વર્ગવાસ

**સંવત ૨૦૦૬**ના વૈશાખ વદ ૫ના શનીવારના દિવસે બપોર પડતાં તબીયતનો બગાડો શરૂ થયો. ડૉક્ટરો આવ્યા, **નમસ્કાર મહામંત્ર** સંભળાવવા શરૂ થયા. પોતાના અનન્ય પટ્ટધર આ. શ્રી **માણેકયસાગરસૂરિજી** મહરાજ ત્યાંજ બેઠેલા હતા. સાધુ-સાધ્વીઓ–શ્રાવક–શ્રાવિકાઓનો વર્ગ પણ હાજર થઇ ગયો હતો. ડૉક્ટરો પણ હાજર થઇ ગયા હતા. **નમસ્કાર મહામંત્ર** સંભળાવતા હતા. તબીયત અત્યંત બગડવા લાગી. પરંતુ તેઓ-શ્રીનો આત્મા અરે કે એ કશુંય કર્યા વગર ધ્યાનસ્થ મુદ્રાએ બેઠા બેઠાજ સ્ટાન્ડર્ડ ટાઇમ ૪–૩૨ મીનીટે સમાધિપૂર્વક નશ્વર દેહમાંથી છુટો પડી ગયો. તે કાયામાંથી પ્રાણ પંખેરૂ ઉડી ગયું. એ રીતે એ કાયાની સાથે એ આત્માનો વિયોગ થયો. સ્વર્ગવાસ થયો.

## વિયોગ

ગુરૂદેવશ્રી તો અહિં પણ પોતાના આત્માનું કલ્યાણ કરી રહ્યા હતા, પણ નિર્ભાગી એવા આપણે તો તેમનાં વગર કલ્યાણનો માર્ગ કોનાથી મેળવવાના ? ગુરૂદેવશ્રી તો આત્માનો ઉદ્ધાર કરી આગમોદ્ધારક થઈ ગયા, પણ તેમના આપેલા આગમને વાંચવામાં પણ નિર્ભાગી એવા આપણે હવે કોનો આશ્રય કરીશું ? ગુરુદેવ તમને તો દેવતાઈ સાહ્યબીની ખોટ નથી, પણ અમને તો આપની ખોટ પડી. શાસન રક્ષણ વગરનું થયું. આ કલિકાળમાં પાકતા કુતર્કોના આપ સિવાય કોની પાસેથી સમાધાનો મેળવીશું ! અરે તીર્થની રક્ષામાં કે શાસન પર આવતા પ્રત્યાઘાતોમાં આપની જે બાહોશીથી શાસન ચાલતું હતું, તે શાસનનું અને હમારૂં હવે શું થશે ? ગૌતમસ્વામી મહરાજ વિલાપ કરતાં પણ કેવળજ્ઞાન પામી ગયા પણ બહુલકર્મી એવા અમે તો વિલાપમાં પણ જ્ઞાનના છાંટાને પણ પામશુ નહિ ! હે ગુરુદેવ ! આ કલિકાળમાં અમને

તમારા વગર કોનો આસરો છે? ભાવિ આગળ કોઇનું ચાલતું નથી. ચહાય તેમ કરો, પણ આપનો વિરહ અગ્નિ (વિયોગ) અમારા અંતરમાંથી બુઝાયો નથી અને બુઝાશે નહિ. આપનો વિયોગ સદા શુલની માફક શાલ્યા જ કરવાનો.

## તાર ટપાલ

આગમોદ્ધારકશ્રીના સ્વર્ગવાસના સમાચાર તાર-ટેલીફોન-પેપર દ્વારા ગામે-ગામે પહોંચાડવામાં આવ્યા અને ગામે-ગામેથી તેમની સ્મશાન યાત્રામાં ભાગ લેવા માટે અનેક ભાગ્યશાળીઓ ટ્રેનદ્વારા દોડી આવ્યા. ગુરુદેવશ્રીનો સ્વર્ગવાસ એવા અનુકુળ વખતે થયો હતો કે ભાગ લેવા માટે ભાગ્યશાળીઓને રવીવાર હોવાથી આવવામાં વધારે અનુકુળતા આવી ને આવી શકયા. સુરતની માનવમેદની તેમના દર્શનને માટે સાંજના ૪ાા થી બપોરના અગ્નિ-સંસ્કાર સુધી ટોળાબંધ ઉભરાઈ હતી.

આગમોદ્ધારક સંસ્થાની માલીકીની જૂની અદાલતના નામથી ઓળખાતી જમીનપર તેઓશ્રીનો અગ્નિસંસ્કાર કરવા માટે કલેકટરે પરવાનગી આપી હતી. ઝવેરી મંચ્છુભાઈ દીપચંદની ધર્મશાળામાંથી રવીવારે સવારે ૯ાા વાગે જરી મઢેલી ૧૨ સ્થંભને શીખરવાળી પાલખીમાં તેમના દેહને સ્થાપન કરવામાં આવ્યો, અને સ્મશાન-યાત્રા નીકળી. સુરત શહેરના મુખ્ય લત્તાઓમાં ફરી બપોરે ૧ વાગે સ્મશાનયાત્રા જૂની અદાલતમાં ઉતરી. ત્યાં સુખડની ચિતા ઉપર પાલખી સ્થાપન કરી અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. આ રીતે નિર્ભાગી એવા આપણા હાથમાંથી તેમના દેહની પણ રાખ થઈ ગઈ.

## ટીપ

સ્મશાનયાત્રા અને ઓચ્છવ નિમિતે એક ટીપ થઈ અને

એક ટીપ ગુરુમંદિર માટે થઈ. તેમાં તે ખર્ચને પહોંચી વળવા માટે હજારો રૂપીયા ભાગ્યવાનોએ ભરાવ્યા.

## ઓચ્છવ

ગુરુદેવશ્રીના કાળધર્મ નિમિતે શ્રીવર્ધમાનજૈનત્તામ્રપત્રાગમ-મંદિરમાં જેઠ સુદ ૬ થી જેઠ સુદ ૧૫ સુધી ઓચ્છવ કરવામાં આવ્યો હતો અને **શ્રીસિદ્ધિગિરિની** રચના કરવામાં આવી હતી. **છેલ્લે** દિવસે **અષ્ટોત્તરી** સ્નાત્ર ભણાવાયું હતું. પ્રભુજીને ઝવેરાતની અંગ રચના રચાઈ હતી. લોકોનાં મ્હોં મીઠા કરવામાં આવ્યાં હતાં અડધો લાખથી પોણો લાખ મનુષ્યોએ પ્રભુદર્શનનો લાભ લીધો હતો.

## પ્રતિઉત્તર

ગુરુદેવશ્રીના કાળધર્મના સમાચાર મળતાં શાસનમાં ન પુરાય તેવી ખોટ પડી, એ વગેરે ખેદજનક તાર–ટપાલો જુદા જુદા ગામોથી આચાર્ય, ઉપાધ્યાય–પંન્યાસ–સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકા વગેરેના આવી હતિ. દેવવંદન–પૂજા–ઓચ્છવ વગેરેના પણ સમાચાર આવ્યા હતા અને તેનો પ્રતિઉત્તર ગુરુદેવશ્રીના અદ્વિતીય પટ્ટધર આચાર્ય **શ્રીમાણેકયસાગરસુરિજી** મહારાજે છાપાદ્વારા સૌને જણાવ્યો હતો.

## ગુરુમંદિર

જે જગો ઉપર અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. તે તે સ્થળ ઉપર રમ્ય **આગમોદ્ધારક ગુરુમંદિર** બંધાવવામાં આવ્યું છે. જેનું વર્ણન આગમોદ્ધારક જીવનદશ્ય પરિચયમાં દશ્ય નં. ૧૧થી આપવામાં આવેલ છે. તે ગુરુમંદિર આપની આગળ તેમના જીવનને ખડું કરી દે છે. ગુરુમંદિરના ઘુમટમાં **આગમોદ્ધારકશ્રીની સ્મશાન યાત્રાનો આબેહુબ ચિતાર ચિતરવામાં**

આવ્યો છે. સુર્યપુર(સુરત)ને તેમણે વારસો આપ્યો છે અને સુરતે તેમણા બોલ ઝીલ્યા છે.

## અભ્યર્થના

મને મારી અનઆવડતથી પણ જેટલું સમજાયું છે, તેનો અંશ અત્રે આપ્યો છે. શ્રુતઉપાસના, દૃશ્યપરિચય, વિશિષ્ટ પ્રસંગો અને ધાર્મિકસંસ્થાઓ તે વડે કરીને આગમોદ્ધારક-શ્રીની જીવનઝાંખીમાં અનેરો ઉમેરો થયો છે, પણ મોટાના ચરિત્રો લખવાં કે મોટાનો પરિચય આપવા એ નાનાનું કામ નથી. છતાં અંતર વસેલો એક ગુરુભક્તિનો રાગ તે તરફ મને દોરે છે. તેથી આ જીવનઝાંખી મેં લખી છે. આની અંદર જે કાંઇ ક્ષતિ આવી હોય તેને વિદ્વજ્જનોને પ્રત્યે ક્ષંતવ્ય માટે અભ્યર્થના.

इतिशम्

લે. વિરહી કથીર.

★

# આગમોદ્ધારકશ્રીના દીક્ષાપર્યાયથી
# વિશિષ્ટ પ્રસંગો અને ચાતુર્માસ

સં. ૧૯૪૭માં **લીં**મડી મુકામે પૂજ્યશ્રીઝવેરસાગરજી મહારાજ **પાસે** દીક્ષા ચાતુર્માસ (૧).

સં. ૧૯૪૮માં કારતક વદ ૧૧ના ગુરુદેવનો વિરહ. **અમદાવાદમાં** ચાતુર્માસ (૨).

સં. ૧૯૪૯માં ઉદેપુરમાં **ગો**વર્ધનવિલાસમાં ચાતુર્માસ (૩), અભ્યાસ અને મુનિશ્રી**આ**લમચંદજીનું મલવું.

સં. ૧૯૫૦માં **પા**લીમાં ચાતુર્માસ (૪), શ્રી**ઠાણાંગ**નું સભામાં વાંચવું.

સં. ૧૯૫૧માં **સો**જતમાં ચાતુર્માસ (૫).

સં. ૧૯૫૨માં દીક્ષિત* પિતાની વૈયાવચ્ચ અને અંત સમયે કરાવેલી આરાધના, પેટલાદમાં ચાતુર્માસ (૬), સંવત્સરી પર્વની શાસ્ત્ર અને પરંપરાને આધારે સંઘ સહિત કરેલી આરાધના, તપસ્વીઓને શેઠ મનસુખભાઈ ભગુભાગ તરફથી કરેલી સોનાના વેઢની પ્રભાવના.

સં. ૧૯૫૩માં **છાણી**માં ચાતુર્માસ (૭), ન્યાય શાસ્ત્રનો અભ્યાસ, ત્રીપુટી.

સં. ૧૯૫૪માં **પાર્શ્વ**ચન્દ્ર ગચ્છવાલા સાથે અને જૈનેત્તર આચાર્યો

---

* આગમોદ્ધારકશ્રીના પિતાજીએ અને વડિલબંધુએ દીક્ષા લીધી હતી. ક્રમે મુનિશ્રીજીવવિજયજી અને મુનિશ્રીમણીવિજયજી એવાં નામ હતાં.

**સાથે** થયેલો શાસ્ત્રાર્થ, **કલોલ** ગામે **સ્થાનકવાસી સાથે** થયેલો શાસ્ત્રાર્થ, **ખંભાતમાં** ચાતુર્માસ (૮).

શં. ૧૯૫૫માં **સાણંદમાં** ચાતુર્માસ (૯).

સં. ૧૯૫૬માં **અમદાવાદમાં** ચાતુર્માસ (૧૦).

સં. ૧૯૫૭માં ,, ,, (૧૧).

સં. ૧૯૫૮માં **પાટણ** દુષ્કાળ ફંડના ઉપદેશની સફળતા, **અમદાવાદમાં** ચાતુર્માસ (૧૨).

સં. ૧૯૫૯માં **ભાવનગરમાં** ચાતુર્માસ (૧૩).

સં. ૧૯૬૦માં **શ્રીભગવતિજી**ના યોગોદ્વહન, પંન્યાસ પદવી, **અમદાવાદમાં** ચાતુર્માસ (૧૪).

સં. ૧૯૬૧માં **પેથાપુરમાં** પ્રાંતિક પરિષદ્‌માં પ્રવચન, **કપડવંજમાં** ચાતુર્માસ (૧૫).

સં. ૧૯૬૨માં **ભાવનગરમાં** ચાતુર્માસ (૧૬).

સં. ૧૯૬૩માં **સુરતમાં** ચાતુર્માસ (૧૭).

સં. ૧૯૬૪માં **સુરતમાં** વડાચૌટાના **ચીમનલાલભાઇને** ઉપદેશ આપી શહેરયાત્રા પ્રથમ કઢાવી. લાખ રૂપીયાથી શેઠદેવચંદ**લાલ**લભાઈજૈનપુસ્તકોદ્ધારકફંડની સ્થાપના, **શ્રીસંમેતશિખરજી** તીર્થ ઉપર થતા બંગલા માટે મુંબેશ, **શ્રીસંમેતશિખરજી** પહાડનું ખરીદાવવું, **મુંબઇ** લાલબાગમાં ચાતુર્માસ (૧૮).

સં. ૧૯૬૫માં મુંબઈથી ઝવેરી **અભેસિંગ લીલાભાઈ** પાસે **શ્રીઅંતરિક્ષ-પાર્શ્વનાથજી**નો છરી પાલતો સંઘ કઢાવ્યો. **અંતરિક્ષજી**ના કેસમાં વિજય મેળવ્યો, **યુરોપીયન** મેજીસ્ટ્રેટે પણ મહારાજશ્રીની પ્રશંસા કરી, **યેવલામાં** ચાતુર્માસ (૧૯), અને ઉપધાન.

સં. ૧૯૬૬માં **સુરતમાં** શાસન પ્રત્યનિકોને યોગ્ય શિક્ષાનો ઉપદેશ, ચાતુર્માસ (૨૦), તથા ઉપધાન.

સં. ૧૯૬૭માં **સુરતમાં** ચાતુર્માસ (૨૧).

સં. ૧૯૬૮માં **ખંભાતમાં** ચાતુર્માસ (૨૨).

સં. ૧૯૬૯માં **છાણી**માં ચાતુર્માસ (૨૩).

સં. ૧૯૭૦માં **પાટણ**માં ચાતુર્માસ (૨૪).

સં. ૧૯૭૧માં **ભિલડીયાજી** તીર્થનો છરી પાલતો સંઘ, **ભોયણીજી** તીર્થમાં શ્રી**આ**ગમોદયસમિતિની સ્થાપના, ઉપાધ્યાય પદપ્રદાન, સમિતિદ્વારા આગમોનું પ્રકાશન કરવાનો પ્રારંભ, **પાટણ**માં ચાતુર્માસ (૨૫), **આગમ વાચના નં. ૧.**

સં. ૧૯૭૨માં **ક**પડવંજમાં **આગમ વાચના નં. ૨, અ**મદાવાદમાં ચાતુર્માસ (૨૬), **આગમ વાચના નં. ૩.**

સં. ૧૯૭૩માં **અ**મદાવાદમાં શ્રી**રા**જનગરજૈનધાર્મિકહરિફાઈપરિક્ષાની સ્થાપના, શેષકાળમાં **સુ**રતમાં **આગમ વાચના નં. ૪,** ચાતુર્માસ (૨૭), **આગમ વાચના નં. ૫.**

સં. ૧૯૭૪ માં **સુ**રતના સંઘની એકતા, આચાર્યપદ **મું**બઈ ચાતુર્માસ (૨૮), દુષ્કાળ રાહત ફંડના ઉપદેશની સફળતા.

સં. ૧૯૭૫માં **સુ**રતમાં ચાતુર્માસ (૨૯), શ્રી**જૈ**નાનંદપુસ્તકાલયની સ્થાપના, ઉપધાન, ૪ મુનિવરોને ગણીપદ પ્રદાન.

સં. ૧૯૭૬માં **સુ**રતથી **જી**વનચંદ **ન**વલચંદ **ઝ**વેરી પાસે **સિદ્ધ-ગિરિ**રાજના છરી પાલતા સંઘનું કઢાવવું. **પા**લીતાણા ચાતુર્માસ (૩૦), **આગમ વાચના નં.** ૬, ઉપધાન.

સં. ૧૯૭૭માં **ર**તલામમાં **આગમ વાચના નં.** ૭, **શૈ**લાણા નરેશને પ્રતિબોધ, **શૈ**લાણા ચાતુર્માસ (૩૧), અમારી પટક.

સં. ૧૯૭૮માં **ર**તલામમાં ચાતુર્માસ (૩૨), શેઠ **ઋ**ષભદેવજી **કે**શરીમલજીની પેઢીની સ્થાપના, ઉપધાન.

સં. ૧૯૭૯માં **ભો**પાવળ તીર્થનો ઉદ્ધાર, **માં**ડવગઢ તીર્થનું સ્ટેટ સાથે સમાધાન, **સે**મલીયા, **પં**ચેડના ઠાકોરને પ્રતિબોધ, ત્રિસ્તુતિક **ય**તીન્દ્રવિજય સાથે ચર્ચા, **ર**તલામ ચાતુર્માસ (૩૩).

સં. ૧૯૮૦માં શ્રી**સંમેતશિખરજી** તરફ વિહાર અને યાત્રા, **ક**લકત્તામાં ચાતુર્માસ (૩૪), જૈન ઉપાશ્રય, જ્ઞાનમંદિર માટે મોટું ફંડ.

સં. ૧૯૮૧માં **શ્રીસંમેતશિખરજી** તથા કલ્યાણક ભુમિઓની યાત્રા, **અં**જીમગંજ ચાતુર્માસ (૩૫), જૈનહિંદીસાહિત્યફંડના અંગે ભંડોળ.

સં. ૧૯૮૨માં **સા**દડી ચાતુર્માસ (૩૬), પોરવાડ સંઘનું સમાધાન, ઉપધાન.

સં. ૧૯૮૩માં **શ્રીકેશરીયાજી** તીર્થમાં ધ્વજદંડ આરોપણ પ્રતિષ્ઠા, ઉદેપુર ચાતુર્માસ (૩૭), શ્રીજૈનામૃતસમિતિની સ્થાપના.

સં. ૧૯૮૪માં **શ્રીતારંગાજી** તીર્થ ઉપર બગીચામાં શ્રી**અજીતનાથ** ભગવાનની પાદુકાની પ્રતિષ્ઠા, **અ**મદાવાદ ચાતુર્માસ (૩૮), શેઠ **મા**ણેકલાલ **મ**નસુખભાઈ તરફથી નવપદની શાશ્વતિઓલીની આરાધના, ૪૫ આગમોનું મહાન તપ, આસ્તિકનાસ્તિકની ચર્ચા. દેશવિરતિધર્મારાધક સમાજની સ્થાપના.

સં. ૧૯૮૫માં મુનિવર્યોને ગણીપદ, પંન્યાસપદ, ઉપાધ્યાયપદ પ્રદાન, શ્રી**શંત્રુજય** તીર્થના રક્ષણ અર્થે લાખોનું કરાવાયેલું ફંડ, શ્રી**શંત્રુજય**-તીર્થની છાયામાં નવપદનું આરાધન, **જા**મનગર ચાતુર્માસ (૩૯), વર્ધમાન તપખાતું અને શ્રીજૈનબોર્ડીંગની સ્થાપના.

સં. ૧૯૮૬માં **સુ**રતમાં શ્રીનવપદઆરાધક સમાજ, ધીયંગમેનજૈન-સોસાયટી અને શ્રીદેશવિરતિધર્મારાધકસમાજ, એમ ત્રણનું સંમેલન શ્રીનવપદજીની આરાધના, શ્રીરત્નસાગરજી વિદ્યાશાળાનું કાયમી ફંડ,* ઝવેરી **ન**ગીનભાઈ **મં**છુભાઈજૈન સાહિત્યોદ્ધારક ફંડની સ્થાપના, **ખં**ભાત ચાતુર્માસ (૪૦)

સં. ૧૯૨૮ માં **અ**મદાવાદમાં પ્રેરણા ઉપદેશ અને પ્રયત્નથી શ્રીજૈન-સાહિત્યપ્રદર્શન, **અ**મદાવમાં ચાતુર્માસ (૪૧), **જ**ર્મની લેડી ડૉકટર **ક્રાં**ઉઝે "પૂર્વે નહિ સાંભળેલ તેમજ જોયેલ જૈનોની જંગમ લાયબ્રેરી" તરીકે સંબોધ્યા.

સં. ૧૯૮૮માં **મું**બઈ ચાતુર્માસ (૪૨), શ્રી**સિદ્ધ**ચક્રસાહિત્યપ્રચારક સમિતિની સ્થાપના, ઉપધાન.

સં. ૧૯૮૯માં બાલદીક્ષા નાટકના વિરોધની સફળતા, **સુ**રત ચાતુર્માસ (૪૩), સંવત્સરી પર્વની શાસ્ત્રને પરંપરાને આધારે સંઘ સહિત કરેલી આરાધના, ઉપધાન.

*(આ ફંડ પહેલાં પણ રતલામ પેઢીને વિધિયુક્ત પંચ પ્રતિક્રમણ હિન્દીમાં છપાવી આપ્યું હતું.)

સં. ૧૯૯૦માં અમદાવાદમાં ભગીરથ પ્રયાસે મુનિ સમ્મેલનની કરાવાએલી સફળતા, સંન્યાસ દીક્ષા પ્રતિબંધક બિલ (વડોદરા) અંગે જહેમત, મહેસાણા ચાતુર્માસ (૪૪).

સં. ૧૯૯૧માં જામનગરમાં ભવ્ય ઉદ્યાપન. પાલીતણામાં ચાતુર્માસ (૪૫), ઉપધાન.

સં. ૧૯૯૨માં પાલીતણામાં ઉપાધ્યાય માણેકયસાગરજી મહરાજ વિગેરે મુનિમહરાજોને આચાર્યપદ પ્રદાન, જામનગરમાં શ્રીલક્ષ્મીઆશ્રમ, શ્રીજૈનાનંદજ્ઞાનમંદિરની સ્થાપના, જામનગરમાં ચાતુર્માસ (૪૬), સંવત્સરી પર્વની શાસ્ત્રને પરંપરાને આધારે સંઘસહિત કરેલી આરાધના.

સં. ૧૯૯૩માં જામનગરમાં શ્રીદેવબાગનું નિર્માણ, ભવ્ય ઉદ્યાપન, જામનગરમાં ચાતુર્માસ(૪૭), શ્રીઆયંબીલશાળા અને ભોજનશાળાની સ્થાપના, સંવત્સરી પર્વની શાસ્ત્રને પરંપરાને આરાધે સંઘસહિત કરેલી આરાધના.

સં. ૧૯૯૪માં જામનગરથી શેઠ પોપટલાલ ધારસીભાઈ અને ચુનીલાલ લક્ષ્મીચંદે મહરાજના ઉપદેશથી **સૌરાષ્ટ્રતીર્થ યાત્રા**નો છરી પાલતો સંઘ કાઢયો, **શ્રીસિદ્ધગિરિરાજ**ની જયતળાટીમાં શ્રીવર્ધમાનજૈનાગમમંદિરસંસ્થાની સ્થાપના, શ્રીવર્ધમાનજૈનાગમમંદિરની શરૂઆત, શિલોત્કીર્ણ આગમોનો પ્રારંભ, પાલીતણામાં ચાતુર્માસ (૪૮), ઉપધાન.

સં. ૧૯૯૫માં અમદાવાદમાં શેઠ મોહનલાલ છોટાલાલે ગુરૂમહરાજના ઉપદેશથી કરાવેલ ભવ્ય ઉદ્યાપન, અમદાવાદમાં ચાતુર્માસ (૪૯), શ્રીશ્રમણસંઘ પુસ્તકસંગ્રહ પાલીતણાની સ્થાપના,

સં. ૧૯૯૬માં અમદાવાદમાં ગણી શ્રીક્ષમાસાગરજી મહરાજને પંન્યાસપદ પ્રદાન પાલીતાણા ચાતુર્માસ (૫૦), ઉપધાન.

સં. ૧૯૯૭માં પાલીતણામાં પંન્યાસ ક્ષમાસાગરજી મહરાજને ઉપાધ્યાય પદ અને મુનિ શ્રીચન્દ્રસાગરજી મહરાજને ગણી તથા પંન્યાસપદ પ્રદાન, શ્રીસિદ્ધચક્રગણધરમંદિરનો પ્રારંભ, પાલીતણામાં ચાતુર્માસ (૫૧), ઉપધાન.

સં. ૧૯૯૮માં પાલીતણામાં ચાતુર્માસ (૫૨).

સં. ૧૯૯૯માં પાલીતણામાં ઉપધાન. શ્રી**સિદ્ધગિરિરાજ**ની તળેટીમાં આગમમંદિરમાં હજારો જીન બિંબોની મહાવદિ ૨ અંજનશલાકા, શ્રીવર્ધમાનજૈનાગમમંદિર તથા શ્રી**સિદ્ધ**ચક્રગણધરમંદિરની મહા વદિ ૫ના પ્રતિષ્ઠા, કપડવંજ શ્રી નવપદની આરાધના, શ્રીદેશવિરતિધર્મારાધકસમાજ

**સમ્મેલન, કપડવંજ**માં ચાતુર્માસ (૫૩), મુનિ શ્રી હેમસાગરજી મહરાજને ગણી તથા પંન્યાસપદ પ્રદાન.

સં. ૨૦૦૦માં **કપડવંજ**થી **મુંબઈ** તરફના પ્રયાણમાં જગો જગો ઉપર ભવ્ય સ્વાગત, **સુરત**માં શહેર યાત્રા, **મુંબઈ**માં ચાતુર્માસ (૫૫).

સં. ૨૦૦૧માં **સુરત**માં ચાતુર્માસ (૫૫). (સં. ૨૦૦૧ થી **સુરત**માં સ્થિરતા)

સં. ૨૦૦૨માં **સુરત**માં શ્રીવર્ધમાનજૈનતામ્રપાત્રાગામમંદિર માટે ગુરુદેવશ્રીના ઉપદેશથી **વૈ**શાખ સુદ ૧૧ના દિવસે શ્રી**આ**ગમોદ્ધારક **સંસ્થાની સ્થાપના, આ**જીપુરા પ્રતિષ્ઠા, **સુરત**માં ચાતુર્માસ (૫૬).

સં. ૨૦૦૩ના ફાગણ વદિ ૬ના દિવસે શેઠ **મા**ણેકભાઈ **મ**નસુખભાઇના હાથે શ્રીઆગમમંદિરનું ખાત મુહૂર્ત, વૈશાખ વદિ ૨ ના દિવસે **વા**ડીલાલ **ચ**ત્રભુજ ગાંધીનાં હાથે આગમ મંદિરનું શિલા સ્થાપન, **સુરત**માં ચાતુર્માસ (૫૭), આસો સુદ ૧૦ આગમમંદિર માટે **પા**લીતણા આગમમંદિરમાં થયેલી અંજનશલાકાવાલા ૧૨૦ **જીન બિંબો**નો પ્રવેશ, ગુરુદેવશ્રીના ઉપદેશથી **પં**જાબ નિરાશ્રિત ફંડ.

સં. ૨૦૦૪માં મહા સુદ ૩ શુક્રવાર સ્ટાન્ડર્ડ ટાઇમ ૯ કલાક ૨૯ મિનિટે શ્રીવર્ધમાનજૈનતામ્રપત્રાગમમંદિરમાં શ્રી**મહાવીર** મહરાજ વિગેરે ૧૨૦ પ્રતિમાજી મહરાજની પ્રતિષ્ઠા, **સુરત**માં ચાતુર્માસ (૫૮), સંવત્સરી પર્વની શાસ્ત્રને પરંપરાના આધારે સંઘ સહિત કરેલી આરાધના.

સં. ૨૦૦૫માં પોષ વદિ ૫ની રાત્રે તબીયતનું અતિશય કથળવું, સંથારાને આધીન, અનુકુળતાએ નવીન રચના, ધર્મધ્યાનમાં મગ્નતા, ચાતુર્માસ (૫૯).

સં. ૨૦૦૬માં આરાધના માટે **આરાધના માર્ગ**ની રચના, આરાધના માટે રચેલો **આરાધના માર્ગ** અંતિમ ગ્રન્થ. વૈશાખ સુદ ૫ ની રાત એટલે વૈશાખ સુદ ૬ ના વહાણાથી ક્ષણ ભંગુર દેહથી વિખુટા થવાની જાણ થઈ હોય તેમ વર્તના, ક્રમે મૌનપણું, અર્ધપદ્માસન અને કાયોત્સર્ગ દશામાં રહેવું, **સંવત ૨૦૦૬ નાં વૈશાખ સુદ ૫ના શનિવારના નમતે પહોરે, સ્ટાન્ડર્ડ ટાઈમ ૪ કલાક ૩૨ મિનિટે, ૭૫ વર્ષની વયે, પોતાના અનન્ય પટ્ટધર શ્રીમાણેકયસાગરસૂરિજી મહરાજ**

**વિગેરે, શ્રીચતુર્વિધ સંઘના પાસેથી નમસ્કાર મહામંત્રને સાંભળતાં અર્ધપદ્માસને સમાધિપૂર્વક સુરત શહેરમાં ઝવેરી મંછુભાઇ દીપચંદની ધર્મશાળામાં** (લીંમડાવાલા ઉપાશ્રયમાં) **ઔદારિક કાયાથી તેમના આત્માનું છુટા પડવું.** અર્થાત્ સ્વર્ગગમન.

---

## આગમોદ્ધારકશ્રીના ઉપદેશથી સ્થાપાયેલ સંસ્થાઓ

સં. ૧૯૬૪ શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધારક ફંડ, સુરત.
૧૯૭૦ શ્રીઆગમોદયસમિતિ.
૧૯૭૫ શ્રીજૈનાનંદપુસ્તકાલય, સુરત.
૧૯૭૭ શેઠ ઋષભદેવજીકેશરીમલજીની પેઢી, રતલામ.
૧૯૮૦ ઉપાશ્રય અને જ્ઞાનમંદિર, કલકત્તા.
,, શ્રીહિન્દી સાહિત્યપ્રચારકફંડ, અજીમગંજ.
૧૯૮૧ જૈનબોર્ડિંગ, રતલામ.
૧૯૮૩ શ્રીજૈનામૃતસમિતિ, ઉદયપુર.
૧૯૮૪ શ્રીનવપદ–આધારકસમાજ.
૧૯૮૫ શ્રીવર્ધમાનતપઆયંબિલખાતુ, જામનગર.
૧૯૮૫ શ્રીશ્વેતાંબરમૂર્તિપૂજક જૈનબોર્ડિંગ, જામનગર.
૧૯૮૭ શ્રીજૈનતત્ત્વબોધપાઠશાળા. સુરત.
,, શ્રીરત્નસાગરજીજૈનવિદ્યાશાળા કાયમી ફંડ, સુરત.
,, શ્રીનગીનભાઈ મંછુભાઈ જૈનસાહિત્યોદ્ધારક ફંડ, સુરત.
૧૯૮૮ શ્રીસિદ્ધચક્રસાહિત્યપ્રચારકસમિતિ.
૧૯૯૨ શ્રીલક્ષ્મીઆશ્રમ તથા શ્રીજૈનાનંદજ્ઞાનમંદિર જામનગર.
૧૯૯૩ શ્રીદેવબાગ, જામનગર.
૧૯૯૩ શ્રીઆયંબિલખાતું અને જૈનભોજનશાલા, જામનગર.
૧૯૯૪ શ્રીવર્ધમાનજૈન આગમમંદિર, પાલીતાણા પાલીતાણા.
૧૯૯૫ શ્રીશ્રમણસંઘપુસ્તકસંગ્રહ.
૧૯૯૮ શ્રીજૈન ધર્મપ્રભાવકસમાજ, અમદાવાદ.
૧૯૯૮ શ્રીસિદ્ધચક્રગણધરમંદિર, પાલીતાણા.
૨૦૦૦ શ્રીશાંતિનાથજી જૈનપેઢી, ગોધરા.
૨૦૦૨ શ્રીઆગમોદ્ધારકસંસ્થા, સુરત.
૨૦૦૩ શ્રીવર્ધમાનજૈનતામ્રપત્રાગમમંદિર, સુરત.

## હસ્તાક્ષરના બ્લોકમાં આવેલા ત્રણ પત્રના બ્લોકવાળા પત્રો નં. ૧૮ વાળા કવરનો કાગળ*

શ્રીવઢવાણ મુની**આ**તમાનંદી જોગ માલુમ થાય જે તેરી ચીઠી આવી નહી તેનું શું કારણ છે. મેં જે માણસ ભેજાથા તેની સાથે પણ ચીઠી નહી લીખી. વાસ્તે કાંઈ મનમાં દીલગીરી થઇ હોય તો તે રાખવી નહી. **ચંદ્રીકા**કી પરત હજુ સુધી આવી નથી. આવેથી મોકલવામાં આવશે. મુ. **લ**બધીવીજેજી વદ ૨ તીહાં આવશે તે જાણસો, જોર ભણવાનો ચાલે છે કે નહી તે લીખો. મેરી તરફથી મુ. ઉમેદવીજેજી વીગેરે સરવેને સુખ સાતા કહેણી. ઉમેદવિજેજીને માલમ થાથ જે **આ**તમાનંદીને રૂડીરીતથી સાચવજો. **આ**તમાનંદીને માલમ થાય જે દિવસે દિવસે પરીણામકી વ્રધી રખણી. **ક**પડવણથી હાલમાં કોઇ ચીઠી આવી નથી તે જાણજો. તેમના મનમાં સું છે તે કાંઈ સમજાતુ નથી. તુમારે તીહાં **ક**પડવણકી ચીઠી આવી હો તો લીખજો. ઓર તુમો ભણવા બાબત દીલગીરી કરવી નહી. **લ**બધીવીજેજી આવશે તારે પંડીતનો બંદોબસ કરી આપશે. ઓર પંડીત **નરમદાશં**કર તીહા છે કે નહી. જો હોય તો મેરી તરફથી તેમનેં કહેવું કે મુને ભણાવશોજી. [ના આવો] **ન**રમદાશંકરજીને **માલમ** થાઅ જે તુમો **આ**તમાનંદીને જે કહે તે ભણાવજો ને તેનો સતકાર મેં કરી દેઇશું તે જાણજો.

આ ચીઠીનો ઉત્તર તથા આ ચીઠી પાછી જલદી મોકલજો. દેર કરસો નહિ. કેમ કે ચીઠી નહી આવી તેનું કાંઈ કારણ સમજાયું નહિ તેથીxxxxx ધરમ કરણીમેં ઉદમ કરણો. મેરા શરીરમે વાઉનું કાંઇક દરદ છે. મનુસભવ સફલતાનું કારણ એ છે કે સ્વગુણમેં રમણ કરવો, ઓર તુમારે કાંને સીરીતી છે તે લખજો. કામકાજ હોવે તો લખજો.

**શ્રીઆ**ત્માનંદીને પોચે. સુદ ૧૪ દ. પોતે મુ. જ. સા.

*જે પત્રો હાલમાં મુનિશ્રી દોલતસાગરજી પાસે છે, તેની ઉપર ૨૯ નંબરો પાડયા છે તે પૈકીના નં. ૧૮, ૪ ને ૨ ના આ ત્રણ પત્રો છે. ક્રમ બ્લોક નંબર ૪૨–૪૩–૪૪ છે.

## નંબર ૪ વાળા કવરમાંનો કાગળ

શ્રી **કેસરીયાજી** મહરાજની કીરપા હજો.

સવાસતી **શ્રીપાર્શ્વજીના** પ્રણમ્ય **શ્રીલી**મડી નગરે પરમ ઉપગારી બુદ્ધીદાયક કુમતાંધકારતરણી શ્રીશ્રીશ્રીશ્રીશ્રી મુનિ મહરાજ **જ**વેરસાગરજી સાહેબજી વીગેરે સર્વે મુની મહરાજ જોગ શ્રીરાજનગરથી લી. મુનિકનકસાગરજીની વંદના ૧૦૦૮ વાર ત્રીકાળ અવધારશોજી. વીશેશ વિનતીપુર્વક લખવાનું કે આપની કીરપાથી હું મારા સંસારીપણાની માતા પીતા જોગુ પબ્લીક રીતે મુની મહારાજ સાહેબજી **સી**ધીવીજેજી સાહેબજીની સેવામાં હાજર થયો છું. તે આવી રીતે કે પ્રથમ **મ**ગનલાલે જમનાને કહ્યું કે આવી રીતે આપણે પાંચ વરસ ખોલ કરસુ તો પણ પતો લાગવા દેનાર નથી. વળી મને ત્રીજા માણસ પાસે એકાંતે કહેવરાવ્યું છે કે જો તમે દિક્ષા ન મુકાવો તો અમારે કંઈ અમારો ચેલો કરવાની ગરજ નથી. તમારે ગમે તેને સુપો તો અમો બતાવીએ. તેવી રીતે કહું છે ત્યારે **જ**મનાએ કહ્યું કે અમે વ્રત નહી મુકાવીએ. અમો **સી**ધાવિજેજી મહારાજજીને સોપીએ. તેવી રીતે પહેલેથી સભાવચે વખાણમાં બન્ને જણે **સી**ધીવીજે મહરાજજીને સોપવાનું કબુલ કર્યું. ત્યારબાદ **મ**ગનલાલ તથા સાહેબજી **સી**ધીવીજેજી તરફનો સાવક બન્ને જણ તમારી આગળ આવા મહારાજ સાહેબજીનો કાગળ લઇ × × × તારે તમોએ **ખો**રજ આંગણામાં ઢુઢીયાના ઘરો છે. તેમાં એક ઢુંઢીયાના સુના ઘરમાં બાર તાળુ અટકાવી રાખેલા તમારા માણસે સાથે આવીને **સી**ધીવીજેજી મહારાજને માણસને સાથે તેડીને અત્રે આવીને સભાવચે આજદીને વખાણ વચે સોપી તે વખત **જ**મના પણ વીદ્યાશાળામાં હતાં. **મ**ગનલાલ જેઠ સુદ ૩ ના નીકલા ત્યાં આવ્યા હતા. એવી રીયે જુગતી કરીને આજદીને ભેગો થવો છું. તે આપણો ઉપગાર મારા જીવતા સુધી ભુલવા જેવો નથી કે આપણી કીરપાથી સંસારની તૃષ્ણાના દાવાનળમાંથી નીકળ્યો. વળી સર્વે વાતે શાંતી થઇ. તે સર્વ આપણો ઉપગાર મારા માથા ઉપર છે. વળી વિશેશે સદાય ઉપગાર કરસો. આપણું હેત ઘડી એક વીસરે તેવું નથી. જે જે કલાણ થયું તે સર્વ આપણી કીરપાથી થયું છે. વળી **જ**મનાએ તથા **મ**ગનલાલે કહ્યુ છે કે રૂપીયા અગીયાર મુંબઇગરા લહીયા **પો**પટને આપા છે તે લખામણીમાં વારી લેજો. મફતના રૂપીયા ખાઇ જાય તેમ થવુ જોઇએ નહી. **અ**મદાવાદથી ઉપર લખેલુ ગામ

બોરજ ગાઉ ૧૫ થાય છે. આપ તો કંઈ ભુલો તેમ તો છો નહી. ને કદાપી કોઇના પુછવાથી કદી બોલવું પડે તો ઉપરની જુગતીથી ફેરફાર થાય નહિ એટલામાં જાણજો.

સંવત ૧૯૪૬ ના જેઠ સુદ ૫ લી. પોતે.

## નંબર ૨ વાળા કવરનો કાગળ

શ્રી મુનીઆતમાનંદી. તમારી ચીઠી આવી તે પહોંચી છે. સમાચાર જાણ્યા અહીઆ સરવે સુખશાતામાં છે. તમો ભણવા બાબત લખ્યુ તેનો ઉત્તર કે મારાથી અવાસે તો થોડા દિવસમાં આવીશ. કદાચીત નહી અવાય તો ભણવા વાસતે બંદોબસ્ત કરવામાં આવશે. વાસ્તે ફીકર રાખશો નહી. થીરતા પરણામથી ધર્મકરણી કરવી. વારંવાર સામગ્રી પામવી મહાદુકર છે દરેક રીતેથી ભણવામાં ઉદ્દમ રાખવો. આતમાને વેરાગ દશામાં પ્રવરતાવવો મુની ઉમેદવિજય તથા મુની શીવવિજયને સુખશાતા કહેજો ને જેમ તેઓ કહે તે પ્રમાણે ચાલજો મુની ઉમેદવિજયને માલુમ થાય જે આત્માનંદીને ભણાવજો. તથા સાર સંભાળ રૂડી રીતે રાખજો. જેમ પ્રણામની વૃધી થાય તેમ કરવું તે જાણજો. આ ચીઠીની પહોચ લખી આપજો મીતી મહા સુદ ૧૨ શુકરવાર દા. મનેસુખના વંદના વાંચજો. આ ચીઠી વાંચીને આવેલા માણસ સાથે પાછી મોકલાવશો.

---

મહા મુની મહારાજ જવેરસાગરજી અનેક સુભગુણોએ કરી સુસોભત મુનીમહારાજ જવેરસાગરજી લી. આત્માનંદીના વંદના દીન પ્રત્યે ત્રીકાળ ૧૦૦૮ વાર અવધારસોજી. બીજું આપની તરફથી માણસ આવ્યું તેની પાસેથી ચીઠી વાંચી. સમાચાર જાણ્યા. વળી મહેરબાની કરી ફરીને લખસો. બીજું આપે આજ્ઞા કરી તે હું માથે ચઢાવુ છું. આપને કાંઈ વધારે લખવું પડે તેમ નથી બીજુ કપડવણજની ચીઠીઓ જે જે આવે તે મહેરબાની કરી અત્રે મોકલાવસો. બીજુ મારૂ નમ્રતાપુર્વક એટલુ કહેવું છે કે આપ મને ભણાવવાને વાસ્તે જલદી જોગ કરસો. મુની ઉમેદવીજેની વતી તથા મુની શીવવીજેજીની વતી વંદના ૧૦૦૮ વાર દીન પ્રત્યે અવધારસોજી. આપ જે હુકુમ આતમાનંદીની તરફનો કર્યો તે અંગી-કાર કરૂ છુ જી, મારાથી વેયાવચ થશે તે કરીશજી. ભણવામાં બીજને

દીવસથી પૂર્વાર્ધ આગળ ચાલુ કરાવીશ. ત્રણેની વતી મુની મહારાજ લબ્ધી-વીજયજી વંદના કહેશોજી બીજુ લી. આત્માનંદી મારા વતી ત્યાં સરવે મુની મહરાજાઓ વંદના કહેસો. ત્થા સુખ શાતા પુછશોજી. સં. ૧૯૪૭ના મહા સુદ ૧૨. ભણવામાં કાન્ડ પ્રથમ પડવે પુરો થશે. પાણીમાં નાખવા ચુનો સારો મોકલાવસોજી.

શ્રી મુનીજવરસાગરજીને પોચે.

---

## કાગળની મુળ નકલો અંગે મુનિ શ્રીદોલતસાગરજીનો આવેલો પત્ર (કચાડ)

પૂ. શાંત દાંત ત્યાગી વૈરાગી મુનિશ્રીકંચનવિજયજી આદિ યોગ્ય દોલતસા.ના વંદના. એક પત્ર લખ્યો છે તે મલ્યો આજે તમારો કાર્ડ મલ્યો. તેમ સોબત જોગ ચીઠી મોકલેલ તે પણ મલી છે. પૂજ્યશ્રીના પત્રો ૧-ઉદેપુરમાં માલદાસ સ્ટ્રીટમાં આવેલ ગોડીજીનો ઉપાશ્રય છે. તે ઉપાશ્રય સાગર સમુદાયના મુનિશ્રીના ઉપદેશથી થયેલ છે. જેમાં પૂ. ઝવેરસાગરજી મ. ઘણુ રહ્યા છે. તેમ હાલ તેઓશ્રીનાં પગલાં તથા ફોટો પણ ત્યાં વિદ્યમાન છે. તે ઉપાશ્રયની બાજુમાં ગોડીજીનું મંદિર છે. તેની બાજુમાં પુજારી વિગેરેને રહેવાની ઓરડી છે, તે ઓરડીમાં હાલમાં બેંડ વિગેરે રહે છે. તેમાં પણ એક નાની ઓરડી છે તે ઓરડીમાં એક ડબો ભરીને ટપાલ હતી. તેમાં ઘણા પત્રોને ઉધેઇ લાગી હતી અને ઘણા સારા પણ હતા. તે સારા પત્ર બધા હું અમદાવાદ લાવ્યો. તેમાંથી ઘણા પત્રો મુનિશ્રીહંસસાગરજીને મેં આપી દીધા અને થોડા મારી પાસે રાખ્યા છે. હવે તે પત્રો કોને આપ્યા તે વાત લખું છું. ચા(દ)બાઈના ઉપાશ્રયની બારીમાંથી મેં ગોડીજીના મંદિરની જગામાં જોયું, ત્યાં બેન્ડ વગાડનાર છોકરાઓ કચરો કાઢતા હતા. મેં તે છોકરાઓને કહ્યું કે તમે રોજ બેંડ વગાડો ને આટલો બધો કચરો! તેથી તે છોકરાઓએ કહે કે અહિ બહુ કચરો અને પુરાણ પત્રો વિગેરે છે. મેં કહ્યું કે તે પત્રોમાંથી એક પત્ર લાવો. તેથી તત્કાળ તેમાંથી એક શીરનામાવાળુ કવર લાવ્યા તે પર પૂ. ઝવેરસા.જીમ. નું નામ હતું. તેથી તત્કાળ હું જાતે જઇને બેન્ડવાળા છોકરાઓ દ્વારા ઉપાશ્રયમાં તે પેટી લવાઇ. ત્યાર પછી ત્યાંના સંઘના પ્રમુખને

પુછીને તે પત્રો હું લાવ્યાં. તે પત્રો **વિ. સં. ૨૦૧૪ના પોષ વદ ૦)) રવી વારના ૩ થી ૪ વાગ્યાના ટાઇમે મલ્યા.** ઉદયપુરના સંઘમાંના શ્રાવકો જાણતા ન હતા કે અહિ આ પત્રો છે. તેમાં ૧૯૮૩માં પૂ. આ. મ. જે ચાતુર્માસ કરેલ, ત્યાર પછી **ધર્મ**સા.જી **અભયસા.**જી બે ચોમાસાં કર્યાં અને **શાં**તિસા.જી બે ચોમાસાં કર્યાં. પૂ. **અભયસા.**જીએ ગોડીજીનો ભંડાર જોએલ છે. આ પત્રો તો ભવિતવ્યતાના યોગે મલ્યા કહેવાય. **જનકસા. પ્ર**મોદસા.જીને વંદના. પત્ર લખવામાં ટાઈમના અભાવે વિલંબ થયો છે તે ક્ષમા.

દા. વં. **ગોડીજી**ના ઉપાશ્રયને મંદિરની માહિતીવાલી એક નાના બુક **સ**જ્જનલાલે તમોને લુણાવાડે મોકલી હતી. પૂ. ઝવેરસા.જીનો ઉપકાર મેવાડ ભરમાં બહુ છે.

સરનામું:—

**ગોધરાનો** સિક્કો
7. 1. 59

**સુરતનો** સિક્કો
6. 1. 59

મુ. **ગોધરા**
મુનિશ્રી કંચનવિજયજી મહરાજ
c/o **મ**ણીલાલ **પા**નાચંદ દોસી
ઠે. ટાંકીવાળો કુવો
**ગોધરા**
**પં**ચમહાલ જીલ્લો.

★

## શ્રીઆગમોદ્ધારક ગ્રંથમાળાનાં રત્નો


૧ સર્વજ્ઞશતક
૨ તાત્ત્વિક પ્રશ્નોત્તર સં.
૩ આગમોદ્ધારક કૃતિ સંદોહ ભા. ૧
૪ ,, ભા. ૨
૫ ,, ભા. ૩ પ્રેસમાં
૬ ,, ભા. ૪ ,,
૭ ષોડશક વ્યા. ભા. ૨ ગુ.
૮ કુલકસંદોહ
૯ સન્દેહસમુચ્ચય
૧૦ જૈનસ્તોત્રસંચય ભા. ૧
૧૧ ,, ભા. ૨ પ્રેસમાં
૧૨ ,, ભા. ૩ ,,
૧૩ આગમોદ્ધારકશ્રીની શ્રતઉપાસના



પ્રાપ્તિસ્થાન :

જૈનાનંદ પુસ્તકાલય
ગોપીપુરા, સુરત

સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ, અમદાવાદ



# શ્રીઆગમોદ્ધારકની શ્રુતઉપાસના




જૅકેટ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ